# આશુરાનો ઈતિહાસ

https://downloadshiabooks.com/

# આશુરાનો ઈતિહાસ

## વાંચો – વંચાવો – વકફ કરો

★ ઈસ્લામ શું છે, વિષે તમે સંપૂર્ણપણે જાણ્યું છે ?

★ ખરેખર ઈસ્લામ સચ્ચાઈ પર, સત્ય પર સર્જાએલો મઝહબ છે.

★ ઈસ્લામ, જ્ઞાનનું એક એવું ઝરણું છે, એવો ફુવારો છે કે જેનાં મુળમાંથી ઈલ્મ તથા ડહાપણની કેટલીયે સરવાણીઓ, કેટલાંય પ્રવાહો વહે છે.

★ ઈસ્લામ એક એવો દાવો છે, એક એવો ચીરાગ છે, જેમાંથી અનેક ચીરાગો જલાવવામાં આવે છે.

★ એ એવો એક પ્રકાશ છે, જે દ્વારા અલ્લાહનો માર્ગ દેખાય છે.

★ સૌ કોઈ જાણી લે કે અલ્લાહે પોતાની સર્વોચ્ચ ઈબાદત ફરમાબરદારી માટે અને તેની ખુશી હાંસિલ કરવા માટે સર્વશ્રેષ્ઠ ઉચ્ચત્તમપંથ સર્જયો છે તે પંથને ઉમદા ધર્મોપદેશ, ઉમદા જીવન, સિદ્ધાંતો, શંકારહિત દલીલો પડકારી ન શકાય એવી શ્રેષ્ઠતાઓ અને નકારી ના શકાય તેવી બુદ્ધિમતાથી સજજ સુશોભિત કર્યો છે.

હવે એ તમારા ઉપર છે કે તે માર્ગને અલ્લાહ તરફથી અપાયેલ, ......વ્યતા, પ્રતિષ્ઠાનાં ગૌરવને તમે જાળવો ! તેને નિષ્ઠાપુર્વક અનુસરો ...... માન્યતાઓ અકીદાઓને સંપૂર્ણપણે ન્યાય આપો તેના હુકમની ...........રદારી કરો અને તમારા જીવનમાં તેને સ્થાન આપો.

.......... અલી (અ. સ.)

https://downloadshiabooks.com/

૭૮૬–૧૧૦

# આશુરાનો ઈતિહાસ

**–: મૂળ લેખક :–**
મરહુમ ડો. મોહંમદ ઈબ્રાહીમ આયતી સાહેબ

**–: અનુવાદક :–**
જનાબ યુસુફભાઈ જીગર (મુંબઈ)

**–: પ્રકાશક :–**
ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી
મુ. પો. મેતા, જિ. બનાસકાંઠા
પિન–૩૮૫૫૨૫, ઉત્તર ગુજરાત (ઈન્ડિયા)

પ્રત – ૧૦૦૦ તા. ૧૦ મોહર્રમ ૧૪૧૧
હીજરી
ગુજરાતી આવૃત્તિ ૨ જી ઓગસ્ટ ૧૯૯૦.
ઈ.સ. ૧૯૯૦.

https://downloadshiabooks.com/

૭૮૬-૧૧૦

# પ્રસ્તાવના

## ● અલ્હમ્દો લીલ્લાહેરબ્બીલ આલમીન ●

સરવરે કાએનાત હ. મહંમદ મુસ્તફા (સ.)ના નવાસા હ. ઈમામ હુસૈન (અ.સ.) બોંતેર શહીદો સાથે કરબલામાં આપેલી સર્વ શ્રેષ્ઠ કુરબાનીઓનાં નોંધપાત્ર ઐતિહાસિક પ્રસંગને ચાલુ સાલે (૧૪૧૧ હીજરીમાં) ૧૩૫૦ વર્ષ પુરા થયા. આજેય મુસલમાનો કરબલાની કુરબાનીઓમાંથી બહાદુરી, ઉદારતા, સહનશિલતા, ધીરજ અને સભ્યતાના સબકો મેળવે છે અને ઈજજતથી જીંદગી જીવે છે.

આમ, છતાં ઈર્ષા જેના દિલોમાં ઘર કરી ગઈ છે તેઓ લેવા દેવા વગર બોંતેર શહીદોની કુરબાનીઓનો વિરોધ કરી રહયા છે અને તેનાં વિષે અર્થહીન, પાયાવગરનાં પ્રશ્નો પણ કરે છે. આવા હસદખોરોને જડબાતોડ જવાબો આ પુસ્તકમાં છે.

કરબલાની કરૂણ કહાનીની વાસ્તવિકતા, ઈ.હુસૈને (અ.) યઝીદની બયઅત ન કરી તેનું કારણ પોતાના દોસ્તો, સગા-વહાલાઓ, કુટુંબીજનોને મદીનાથી કરબલા સુધી સાથે લઈ જવા અને જાન માલની કુરબાની આપવા પાછળનો હેતુ, મોઆવિયાની કુનિતિ, યઝીદનાં ઝૂલ્મો વિગેરેનું વર્ણન ટૂંકમાં રસુલે અકરમ (સ.) થી લઈને યઝીદ સુધીનો ક્રમવાર આશુરાનો ઈતિહાસ મર્હુમ મોહતરમ ડો. મહંમદ ઈબ્રાહીમ આયતી સાહેબે લખેલ. જેને ઈસ્લામીક સેમીનરી (પાકિસ્તાન) અને ત્યારબાદ જ. યુસુફભાઈ જીગરે અલમદાર માસિકમાં કુલ-૩૨ હપ્તામાં, હપ્તાવાર પ્રગટ કરેલ. જે અમો સાભાર આ પુસ્તક દ્વારા આપના સુધી પહોંચાડવાની કોશિષ કરેલ છે.

કરબલાની કુરબાનીઓ સબંધે અનેક પ્રશ્નોનાં સચોટ જવાબો આ પુસ્તકમાં છે. તત્વચિંતક અને જિજ્ઞાસુ વાંચકો માટે આ પુસ્તક ઘણું ઉદ્યાયોગી

https://downloadshiabooks.com/

બની રહેશે અને ઈર્ષાળુઓનાં દિલોમાં ભભૂકેલી આગ પણ આ પુસ્તકનાં વાંચનથી (ઈ.અ.) શમી જશે.

આ પુસ્તક પ્રકાશનમાં ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા, એ માત્ર નિમિત્ત છે. મુળ લેખક, ઈસ્લામી સેમીનરી (પાકિસ્તાન) અનુવાદક જ. યુસુફભાઈ જીગર તથા પુસ્તક પ્રકાશન માટે સમય વકફ કરનાર જ. ગુલામ અબ્બાસભાઈ એમ. પંજવાણી (ગાંધીનગર), જ. શૌકતઅલીભાઈ શાહુ (કાણોદર) તથા ઉદાર હાથે ડોનેશન આપનાર દાતાશ્રીઓ, સુંદર અને સમયસર છપાઈ કામ કરી આપનાર મે. ટોપસ્ટાઈલ પ્રિન્ટીંગ પ્રેસ, શાહપુર, અમદાવાદ અને નામી-અનામી બિરાદરો જેઓ આ પુસ્તક પ્રકાશનમાં સાથ અને સહકાર આપ્યો છે તે સૌનો અંતઃકરણથી અમો આભાર માનીએ છીએ. ખુદા પાક એ સૌને નેક કામ માટે વધુ અને વધુ તૌફીક આપે તેવી દુઆ. (આમીન)

આ પુસ્તકમાં શરતચૂકથી રહી ગયેલ છપાઈની ભૂલો-ખામીઓને સુધારીને વાંચવા વિનંતી.

મેતા, જિ. બનાસકાંઠા (ગુજરાત) — મોહતાજે દુઆ,
તા. ૧૦ મી મોહર્રમ ૧૪૧૧ — વ્યવસ્થાપક,
૨ જી ઓગસ્ટ ૧૯૯૦. — ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી, મેતા.

https://downloadshiabooks.com/

# હજરત રસૂલ (સ.) થી યઝીદ સુધી

ઈસ્લામ અનેક કષ્ટો સહન કરતાં કરતાં હજી ફેલાઈ રહયો હતો, ત્યારે તેનો સામનો કરનારા હતાં, રૂઢિચુસ્તો, જૂનમતવાદીઓ, અધર્મીઓ, ઈન્સાનોમાં મર્દોને ગુલામ તરીકે અને ઔરતોને લોંડીઓ (દાસીઓ) તરીકે ખરીદનારા વેચનારા વેપારીઓ, માલદારો, ઐયાશો, શરાબખોરો, છોકરીઓને જન્મતા જ મારી નાંખનારા ક્રુર કાતિલ કસાઈઓ.

અને જયારે ઈસ્લામ ફેલાઈ ગયો ત્યારે તેનાથી પ્રભાવિત થઈને મુસલમાન થનારાઓમાં કેટલાંક જે સાચા અલ્લાહવાળાઓ, ઈબાદત ગુઝારો, મુજારો, મુજાહિદો હતાં, તેમાં કેટલાંક ચતૂર રાજકારણીઓ, ચાલાક તકવાદીઓ, પહેરવેશમાં પાઘડી-ઝભ્ભો પહેરીને પોતાને ઈસ્લામી નમાઝી બતાવનારા, પણ દિલોમાં ઈર્ષા, હસદ અને ઈસ્લામ દુશ્મનીનાં ખંજરો, તલવારો, રાખનારાઓ હતાં. નામથી મુસલમાનો, ચહેરાથી ઈન્સાનો, પણ કામથી અધર્મી બેઈમાનો, પાશવીઓ હતાં.

રસુલે ખુદા (સ.) ની આંખો મીચાઈ અને એ ઈસ્લામ દુશ્મનોનાં બચ્ચાઓએ આંખો ઉઘાડી.

પછી તો "એહલેબૈત" વાળા "અલી" સામે, "એહલે દુનિયા" – મોઆવિયા આવી ગયા.

અને નબીના નવાસા હુસૈન સામે અબૂસૂફીયાનનો પૌત્ર અને મોઆવિયાનો લાડલો યઝીદ આવી ગયો.

અને પછી સર્જાઈ ગઈ કરબલાની કહાની એટલે કે – આશૂરા.

https://downloadshiabooks.com/

"આશૂરા" નો ઈતિહાસ, શરૂઆતથી અંત સુધી, નબી સાહેબ (સ.) થી યઝીદ સુધીનો સળંગ ઈતિહાસ, મર્હુમ મોહતરમ - **ડૉકટર મહંમદ ઈબ્રાહીમ આયતી** સાહેબે લખ્યો છે. એ પુસ્તકને ઈસ્લામીક સેમીનરી (પાકિસ્તાન) એ પ્રગટ કર્યો છે.

'તારીખે આશૂરા' ને માટે, **જ. અલી અકબર ગફ્ફારી** સાહેબે, જે મુકદ્દમો લખ્યો છે તે મુકદ્દમો કિતાબનાં પ્રાણરૂપે છે, જેમાંથી અનેક પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા છે, જેમાંનો એક છે – **હુસૈન, શા માટે હજારોનાં લશ્કર સામે લડવાનો દુરાગ્રહ કરીને, તેને સત્યાગ્રહનું નામ આપવું જોઈએ ?**

'તારીખે આશૂરા' નો મુકદ્દમો વાંચતા પહેલા એક વાત એ પણ જાણી લેવી જેવી છે કે જેમ અમુક પુસ્તક કોઈને અર્પણ કરવામાં આવતું હોય છે, તેમ આ પુસ્તક - 'તારીખે આશૂરા' માં '**અર્પણ**' ના શબ્દો છે.

**ઉન મર્દાને હકૂક કે નામ**
**જો હકૂક કે લીયે આવાઝ બુલંદ કરતે હૈં**

● ● ● ●

## ● "તારીખે આશુરા" વિષે શરૂઆત ના બે શબ્દો ●

**અલી અકબર ગફ્ફારી**

કરબલા, ઈન્સાની ઈતિહાસનો એક અજોડ બનાવ છે.

હીજરી સન ૬૧ ના મોહર્રમુલ હરામની દશમી તારીખે, ઈમામ હુસૈન (અ.) એ જે અઝીમુશ્શાન કુરબાની પેશ કરી છે અને જે ધીરજ અને ઠરેલતા પ્રદર્શિત કરી છે, તે દરેક તે શખ્સ માટે મશાલ રૂપ છે કે જે આ ચળવળ પર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતો હોય.

https://downloadshiabooks.com/

સફળતા ઈચ્છવી અને અમુક બાબત પર વિચાર કરી, તેનાં પ્રત્યાઘાતો પર ચિંતન કરી, પોતાના તમામ સગાસબંધીઓને સાથે લઈને, પોતાના જાન-માલને દાવ પર લગાડી દેવા, એ નિશ્ચય, મનોબળ અને અડગતાને સમગ્ર માનવજાત આજ સુધી આશ્ચર્યચકિત થઈને નિહાળતી રહી છે.

જયારે પણ એ કરબલાનાં જંગની આશ્ચર્યકારક ઘટના કોઈ ઈન્સાન વાંચે છે, તો તેનાં દિલમાં અનેક પ્રકારનાં સવાલો ઉપસ્થિત થાય છે.

આ સવાલોનાં અમુક નમૂના રહયા !

એમાંનો પ્રથમ અગત્યનો સવાલ તો એ છે કે, હ. ઈમામ હુસૈન (અ.) એ એવું ગેર મામુલી, સામાન્ય-અસાધારણ પગલું શા માટે લીધું ? તેમનો મુળ ઉદ્દેશ શો હતો ?

શું તેઓ યઝીદની ‘બયઅત’ કરવાથી ડરી રહ્યા હતાં ?

શું તેઓને કૂફીઓનાં કહેવાથી આ પગલું ભર્યું હતું ?

શું તેઓએ કૂફીઓનાં કૂફીઓનાં કહેવાથી આ પગલું ભર્યુ હતું ?

અથવા તો ત્યાં તેમનો જવાનો મકસદ, જેને આજકાલની પરિભાષામાં **“ઈન્કિલાબ લાવવા માટે”**એમ કહેવામાં આવે છે, તે મકસદ હતો ?

શું તેઓ જાણતા નહીં હતાં કે તેમને મારી નાંખવામાં આવશે ?

શું તેમનાં દિમાગમાં અગાઉથી કોઈ નક્કી કરેલો પોગ્રામ હતો ? અને તે મુજબ તે પર તેઓ અમલ કરતાં હતાં ?

https://downloadshiabooks.com/

દરેક પરિસ્થિતી વેળા તેઓ તેને તે જ સમયે તરત નિર્ણય કરી લેતાં હતાં ?

મુસાફરી દરમ્યાન રસ્તામાં તેમને **"મુસ્લિમ બિન અકીલ"** ની શહાદત વિષેનાં સમાચાર મળ્યા ત્યારે પોતાનાં સાથીદારોને એમ શા માટે કહ્યું કે તમે બધા ચાલ્યા જાવ ! મને એકલો રહેવા દો ! અને પછી મદદની માંગણી શા માટે કરી ?

આશુરાની રાત્રે બધાને ચાલ્યા જવા માટે શા માટે કહયું ?

**"હબીબ ઈબ્ને મઝાહિર"** ને – 'બની અસદ' કબીલા પાસેથી મદદ માંગવા શા માટે મોકલ્યા ?

ઉબૈદુલ્લાહ બિન હુર જઅફીની હવેલીમાં 'બની મુકાતિલ' પાસેથી કુમક શા માટે માંગી ?

આશુરાની રાત્રે 'મુસ્લિમ' નાં ફરઝંદોને એવું શા માટે કહયું કે – તમે ચાલ્યા જાવ ! તમારા પિતાજી માર્યા ગયા, એટલું જ પુરતું છે !

ઝહહાક બિન અબ્દુલ્લાહ મશરેકી અને ઝોહેર બિન કૈનને મદદ કરવા માટે આગ્રહ કર્યો અને કહયું કે – તમે છેલ્લા દમ સુધી મારી સાથે રહેજો ! શા માટે ?

શું આ બધી વાતો પરથી એમ લાગે છે કે ઈમામ આલી મકામ, અંજામથી અજાણ હતાં ?

શું અગાઉથી તેઓએ પોતાનાંમગજમાં કોઈ નકશો બનાવ્યો નહી હતો ?

શું તેમનું એ પગલું પોતાના પ્રાણને વિનાશ પંથે ધકેલવાનું નહીં હતું ?

https://downloadshiabooks.com/

જે શખ્સ એમ જાણતો હોય કે પોતે પોતાનું માથું કપાવવા જઈ રહયો છે, તો પોતાની સાથે પોતાના બાલ-બચ્ચા, ત્યાં સુધી કે દૂધ પીતાં બાળકને પણ પોતાની સાથે મરવા માટે લઈ જાય ?

આ સવાલો છે ...... જે સવાલોનાં જવાબો રૂપે ઘણી અર્થહિણ, વાતો પણ કહેવામાં આવી છે.

કોઈ કે કહયું – ઈમામ હુસૈન (અ.) યઝીદની બયઅત કરવા માટે તૈયાર નહીં હતાં તેથી તેઓ ડરી જઈને મદીનાથી મક્કા ચાલ્યા ગયા. તેઓ એમ માનતા હતાં કે મક્કામાં અમાન છે પણ, સંજોગ એવા બન્યા કે કૂફાવાળાઓએ તેમને કહેણ પર કહેણ મોકલ્યા, આમંત્રણો પર આમંત્રણો મોકલતાં રહયા અને ભરપૂર મદદ માટે તેમને યકીન અપાવ્યું, તે ઉપરાંત ઈમામને એવો પણ આદેશ હતો કે કઅબાની હુરમતની પરવાહ કર્યા  વગર કયાંક કોઈ હુમ્લો કરી બેસે નહીં. તેથી તેઓએ કૂફા વાસીઓનાં આમંત્રણને સ્વીકારી લીધું અને કરબલા તરફ રવાના થઈ ગયા.

પણ પરિસ્થિતીએ એવો પલ્ટો ખાધો કે પોતે પણ કતલ થયા તેમના ફરઝન્દો પણ માર્યા ગયા અને એહલૈબૈત – કુટુંબીજનો પણ કેદ થઈ ગયા.

મુળ વાત એ છે કે ઈમામ હુસૈન (અ.) ને એ ખબર જ ન હતી કે અંજામ એવો  આવશે. નહીતર તેઓ હરગીઝ એવું પગલું ભરતે નહીં.

અમુકનું માનવું છે કે, ઈમામ હુસૈન (અ.) ને એવો વિશ્વાસ હતો કે રસૂલે ખુદા (સ.) સાથે તેમને ખુબ નજીકનું સગપણ હોવાથી  તેમને ઈજા પહોંચાડવાની હિંમત કોઈ પણ કરશે નહીં અને એવા વિશ્વાસ પર તેઓએ આ ખતરનાર જોખમ ખેડયું હતું.

https://downloadshiabooks.com/

અને પછી તેમને એવો પણ મજબૂત વહેમ હતો કે જો તેઓ કોઈ પગલું નહીં પણ ભરે તો **ઈબ્ને ઝિયાદ** અથવા બીજો કોઈ તેમને જરૂર કતલ કરી નાંખશે. તેથી તેઓએ ઝિલ્લતની મૌત કરતાં 'જિહાદ' ને વધુ મહત્વ આપ્યું ?

કેટલાંક કહે છે કે તેમનું આ પગલું પોતાના જાનને વિનાશમાં નાંખવાનું તો હતું જ, પણ જયારે ખુદાનો હુકમ હતો એટલે તેનો સ્વીકાર કરી લેવા સિવાય, બીજો કોઈ રસ્તો નહીં હતો.

કેટલાંક વિરોધીઓ, જેઓ ગંમે તેવાને પોતાનાં 'ઉલિલ અમ્ર' ઉપરીઓ સમજી લે છે, તેમનું કહેવું છે કે ઈમામે હકુમતની ખ્વાહિશ અને રિયાસતની લાલચમાં આ જોખમ ખેડી નાંખ્યું પણ હા, તે સમયનાં સત્તાધિશોને માટે આ કાર્ય યોગ્ય કહેવાય નહીં કે તેમને બેદર્દિથી કતલ કરી નાંખે, તેમને સમજાવી મનાવી લે તે તો ઠીક થાતે !

ખરી રીતે તો આ તમામ સવાલોનો સાચો જવાબ એ છે કે, અમીર મોઆવિયાનાં હકુમત કાળની શરૂઆતમાં જ કંઈક એવા કારણો ઉપસ્થિત થઈ ગયા કે આ તેહરિક – આ ચળવળની આવશ્યકતા જણાવા લાગી હતી.

સમય જેમ જેમ પસાર થતો ગયો તેમ તેમ પરિસ્થિતીની સખ્તાઈમાં વધુ અને વધુ ઉમેરો થતો ગયો.

ત્યારે, નોબત ત્યાં સુધી પહોંચી ગઈ હતી કે ઈમામ હુસૈન (અ) એવું પગલું ન ભરતે તો એવી ધાસ્તી હતી કે દીને ઈસ્લામ પોતે જોખમમાં આવી પડત.

આ કારણોથી સૌથી વધીને કારણ તો ખલીફાની ચુંટણી વિષેની તે અનોખી પદ્ધતિ હતી કે જેની અગાઉ એવી કોઈ પદ્ધતિ કદી સર્જાઈ ન હતી.

https://downloadshiabooks.com/

આમીર મોઆવિયાએ જે સુલેહનામું ઈમામ હસન (અ.) સાથે કર્યુ હતું અને જેની શરતો માન્ય રાખી હતી. તે શરતોને ઉડાવી નાંખીને – તેને બાજુએ મુકી દઈને પોતાના પુત્ર યઝીદને માટે બેયઅત લીધી હતી.

યઝીદ માટે બયઅત લેવા ઉપરાંત, અમીર મોઆવિયાએ પોતાનો આમીલો, અધિકારીઓને નામે જે ફરમાનો કર્યા હતાં. તેમાં એવું જણાવ્યું હતું કે, - ...... જેમનાં વિષે એવું જાણવામાં, એમ ખબર પડે કે અલી (અ.) નો દોસ્ત છે અને **"અહલેબૈત"** નો ચાહક છે, તેમનાં વઝીફાઓ બંધ કરી દેવામાં આવે, એટલું જ નહીં પણ લશ્કરી કે શહેરી વઝીફો મેળવનારાઓમાંની નામાવલિમાંથી તેમનાં નામો કાઢી નાંખવામાં આવે."

બીજું ફરમાન એવું જારી કરવામાં આવ્યું કે "જેની પર એવી શંકા જાય કે,**તે અલી (અ.) નો ચાહક – તરફદાર છે તો તેને સજા કરવામાં આવે તેનું ઘર જમીનદોસ્ત કરી નાંખવામાં આવે."**

**'ઈબ્ને અબિલ હદીદ'** (અહલે સુન્નતનાં વિદ્વાન) નાં કહેવા અનુસાર –

"..... આ હુકમ એટલો સખ્ત હતો કે 'શિઆઓ' પોતાનાં ઓળખીતાઓ કે મિત્રો-સગાઓને ત્યાં જઈને પનાહ લેવા મજબૂર થઈ ગયા. તે ઉપરાંત તેઓ તેમનાં નોકર ચાકરોથી પણ ડરીને રહેતાં હતાં કે કયાંક કોઈ જઈને ચુગલી - ચાડી ખાય નહીં ! કોઈ જો કોઈથી નારાજ થઈ જતું, અથવા તેનાથી કંઈ વેર લેવા ઈચ્છતું હોય તો તે જઈને ફરિયાદ કરી દેતો કે ફલાણો શખ્સ અલી (અ.) નો દોસ્ત - ચાહક છે અને પછી તે શખ્સની દુર્ગત થઈ જતી.

આ હુકમનો વધુમાં વધુ સખ્તાઈથી અમલ ઈરાક ખાતે થતો, જયાંનો વાલી "ઝિયાદ બિન સમીય્યહ" હતો.

આ બધી વાતમાં પણ સિતમ પર વધુ સિતમ એ હતો કે,

https://downloadshiabooks.com/

... દરેક જગ્યાએ જુમ્માનાં ખુત્બાઓ અને અન્ય મૌકાઓ પર હઝરત અલી (અ.સ.) પર તેમની ઝગમગતી ઈસ્લામી ખિદમતો છતાં તેમને ભૂંડા શબ્દોથી, ગાલી ગલોચ કરીને તેમનું નામ લેવાતું અને મોઆવિયા અને યઝીદની તારીફ વખાણ ગુણગાન ગાવામાં આવતાં.

ઈરાકનાં હાકેમ, 'ઝિયાદ બિન સમીય્યહ' ને એવો પણ હુકમ મોકલવામાં આવ્યો કે, ''જે શખ્સને વિષે એવું જાણી લેવામાં આવે કે તે શિયા છે, તો તેની સાક્ષી કબુલ કરવામાં, સ્વીકારવામાં આવે નહીં અને જો એવો શખ્સ કોઈને પનાહ આપે, તો તેનો એઅતિબાર કરવામાં આવે નહીં, તે પર ભરોસો કરવામાં આવે નહીં.''

હજરત નબી સાહેબ (સ.) નાં સમયનાં જૂના સહાબીઓ, જેઓ હજરત અલી (અ.) ની મહાનતા વિષે જાણતા હતાં, તેમને ચાહતા હતાં, તેમનાં પક્ષમાં હતાં.

**હજર બિન અદી,** રશીદ હુજરી અને તેમનાં સાથેનાં બીજા અગિયાર સાથીદારો પર કેવા કેવા સિતમો વિતાવવામાં આવ્યા હતાં. તેમનાં પર ક્રુરતા કરી, જે પીડાઓ આપવામાં આવી હતી તેનું વર્ણન અત્રે નથી કરવું પણ એમાનાં છ (૬) જેટલા શ્રેષ્ઠ સહાયબીઓને એવી રીતે કતલ કરવામાં આવ્યા હતાં કે તેમનાં હાથ પગ કાપી નાંખવામાં આવ્યા હતાં અને તેમની આંખોમાં અણીવાળા સળીયા ઘોંચવામાં (નાંખવામાં) આવ્યા હતાં. કેટલાંકને તો જીવતા જ દાટી દેવામાં આવ્યા હતાં.

જો કોઈ જરા જોરથી શ્વાસ પણ લેતું, તો તેને ખલીફા ઉસમાનની કતલનાં આરોપી તરીકે ભેરવી દેવામાં આવતો.

જેઓ કશું જ જાણતા નથી હોતા એવા સીધા સાદા લોકો દરેક ઝમાનમાં હોય છે. એવાઓને જયારે આવી બાબતો જોવા-જાણવા મળતી ત્યારે તેઓ પણ

https://downloadshiabooks.com/

યકીન કરી લેતાં કે, ''જેઓ એવા ખૂને નાહકમાં સંડોવાયેલા હોય, તેમની તો એવી જ હાલત કરવી જોઈએ. તેઓ એવી જ સજાને લાયક છે !''

**'બની ઉમૈયા'** ના હિમાયતીઓ એક બાજુ ઝેર ફેલાવી રહયા હતાં તો, બીજી બાજુ **'ખારજી'** હતાં. તેઓ જેમ મોઆવિયા સાથે દુશ્મની રાખતા હતાં, તેમ અલી (અ.) સાથે પણ દુશ્મની ધરાવતાં હતાં – પણ ડરને લીધે મોઆવિયા વિષે બોલવામાં ચુપ રહેતાં. જયારે અલી (અ.) ને માટે અલી (અ.) ના વિરૂધ્ધમાં બેધડક નિડરતાથી ઝેર ઓકયા કરતાં હતાં.

આ બધી વાતો, એવી બાબતોને કારણે હ. અલી (અ.) અને તેમનાં અનુયાયીઓ વિરૂધ્ધ તિરસ્કાર, ધિકકાર, નફરતની એવી હવા ફેલાઈ ગઈ હતી કે –

જયારે હ. સૈયેદુશ શોહદા (અ.) એ આશુરાનાં દિવસે કુફા તરફ આવવાનો પોતાનો મકસદ દર્શાવતાં અને પોતાના તરફથી તમામ હુજજત અને દલીલો પછી વિરોધીઓને એમ પુછયું કે - ''તમે લોકો શા માટે મને કતલ કરી નાંખવા માટે એટલા તત્પર ગઈ ગયા છો ?''

ત્યારે ઈમામને જવાબ મળ્યો હતો કે –

''અમને તમારા વાલિદ માટે નફરત – તિરસ્કાર છે !''

એટલી મુસિબત કંઈ નહીં હતી, પણ આમ જનતાનો મોટો ભાગ – નવા નવા મુસલમાન થયેલાઓનો હતો. એ લોકો બહુ સરળતાથી વિરોધી પ્રચારનો શિકાર થઈ જતાં, જો કે માહિતીનાં અભાવનાં કારણે એ લોકોને સાચી પરિસ્થિતી વિષેનો કંઈ ખ્યાલ જ નહીં હતો.

આ નવા નવા મુસલમાન થયેલા માત્ર એટલું જ જાણતા હતાં કે –

https://downloadshiabooks.com/

અમીર મોઆવિયા એક બુઝુર્ગ **'સહાબી'** અને **કાતિબે** **'વહય'**(વહય લખનારા) છે.

('અબુ સુફિયાન' ની જ એ ચાલાક રાજનિતિ હતી કે, તેમનો પુત્ર પયગંબર (સ.) પાસે રહે તે માટેની પરવાનગી તેઓએ મેળવી લીધી હતી.)

અને એ જ કારણે **'સિફ્ફિન'** ની લડાઈનાં મોકા પર લોકોએ અમીર મોઆવિયા વિરૂધ્ધ લડવાનું ટાળ્યું હતું. બલ્કે હ. ઈમામ હસને મુજતબા (અ.) ને સુલેહ કરવા માટે મજબુર કર્યા હતાં.

**'કિતાબે સિફ્ફિન'** માં તેનાં લેખક નસ્રબિન મઝાહિમે, પોતાની સાથે અસ્માઅ બિન હકમ ફિઝારીથી રિવાયત કરી છે કે –

'સિફ્ફિન'માં અમે હ. **અમ્માર બિન યાસિર** નાં લશ્કરમાં શામિલ હતાં. તેવામાં એક દિવસે ઝોહરનો સમય હતો. અમે ભાલાઓ પર એક ચાદર તાણીને તડકાથી બચવા બેઠા હતાં. તેવામાં એક શખ્સ લશ્કરની હરોળો વચ્ચેથી અમારી પાસે આવતો દેખાયો. અમારી નજીક આવીને એણે પુછયું - 'તમારામાં અમ્માર બિન યાસિર કોણ છે ?'

હ. અમ્મારે પોતાનો પરિચય આપ્યો, ત્યારે પેલાએ કહયું –

મારે તમને એક વાત પુછવી છે. સૌની સામે પુછું કે એકાન્તમાં ?

હ. અમ્મારે કહયું : સૌની સામે કહો તો સારૂ !

પેલાએ કહયું : હું જયારે ઘરેથી નિકળ્યો હતો ત્યારે મને વિશ્વાસ હતો કે મોઆવિયા અને તેનાં સાથીઓ ગુમરાહીનાં રસ્તા પર છે, પણ અહીં આવીને

https://downloadshiabooks.com/

જોયું તો તે લોકો પણ આપણી જેમ અઝાન આપે છે, તેમનો મોઅઝઝિન (બાંગી) પણ –

અશહદો અન લા ઈલાહ ઈલ્લલ્લા હો, વ અશહદો અન્ન મોહમ્મદન રસુલ્લાહો, કહે છે. તે લોકો પણ આપણી જેમ નમાઝ પઢે છે, આપણી જેમ દુઆ માંગે છે, તેમની પણ કિતાબ કુર્આન છે. તેમનાં અને આપણા રસૂલ એક જ છે. જયારે મેં બધું જોયું, ત્યારે મને અજાયબી થઈ અને બેચેની થવા લાગી. સવારે હું અમીરૂલ મુમેનીન (અ.) ની ખિદમતમાં હાજર થયો અને તેમની પરિસ્થીતી વર્ણવી ત્યારે તેઓએ મને ફરમાવ્યું કે - "તમે અમ્માર બિન યાસિરને મળ્યા છો ?" મેં કહયું કે ના. ત્યારે મને તેઓને કહયું કે તમે જરૂર તેમની મુલાકાત કરો અને જે કંઈ કહે તેને માની લ્યો ! હવે હું તમારી પાસે આવ્યો છું. જોઉં કે તમે શું કહો છો ?

અમ્માર બિન યાસિરે કહયું કે તમને સામે પેલી કાળી ધજા દેખાય છે ? એ કાળી ધજાવાળા "ઉમરૂ બિનલ આસ" છે. મેં રસૂલે ખુદા (સ.) નાં સથવારામાં એ માણસની સામે "બદ્ર, ઓહદ અને હુનૈન" માં એમ ત્રણ વખત એની વિરૂદ્ધની જંગમાં લડયો છું અને આ ચોથી વખત લડી રહયો છું, એની હાલત અગાઉ કરતાં વધુ ખરાબ છે.

એ જ કિતાબમાં "નસ્ર બિન મુઝાહિમ" ની રિવાયત છે કે –

અબ્દુલ્લાહ બિન મસઉદનાં કેટલાંક સાથી જેમાં ઉબૈદા સલમાની વિગેરે શામેલ હતાં. તેઓ અમીરૂલ મુમેનીન અલી (અ.) ની સેવામાં તે સમયે હાજર થયા. જયારે હ. અલી (સ.) 'સિફ્ફિન' તશરીફ લઈ જઈ રહયા હતાં ત્યારે આવીને બોલ્યા :

https://downloadshiabooks.com/

અમે આપની સાથે "સિફ્ફિન, આવવા માટે તૈયાર છીએ, પણ આપના લશ્કરમાં ત્યાં સુધી શામીલ નહીં થઈએ, જયાં સુધી અમને યકીન થઈ ના જાય કે કઈ જમાઅત હકક પર છે.

એવા જ પ્રકારનાં બીજા લોકો હ. અલી (અ.) સાથે આવવા માટે તૈયાર નહીં હતાં અને કહેતાં હતાં કે તેઓને એ યુદ્ધ વિષે શંકા હતી.

આ બધી વાતો પરથી જાણી શકાય છે કે મુસલમાનોની ઘણી મોટી સંખ્યા આ રીતે મુંઝવણથી પિડાતી હતી અને અમીર મોઆવિયાને બુઝુર્ગ સહાબી સમજીને તેમની વિરૂધ્ધ જંગ કરવા માટે અચકાતી હતી.

મોઆવિયા પછી સિફ્ફિનનાં બનાવને તો હવે વીસ વર્ષ જેટલો સમય વીતી ચુકયો હતો. સતામણી-હેરાનગતી કરવાનું જોર ઉપર હતું. હ. અલી બિન અલી તાલિબ (અ.) જેઓ શિઆ  અને સુન્ની ફિર્કાઓની માન્યતા અનુસાર સૌથી પહેલા ઈસ્લામ સ્વીકારનારાઓમાં હતાં. તે અલી (અ.) ને ગાળો ભાંડવાનું બજાર ગરમા ગરમ હતું. કેટલાંક લોકો તો હ. અલી (સ.) ને ગાળો આપવાનું એટલું ફરજરૂપ સમજતાં થઈ ગયા હતાં કે નમાઝ પઢનારની નમાઝ ભલે છૂટી જાય, પણ તેમને ગાળો દેવાનું કયાંક કઝા ના થઈ જાય !

રસૂલે ખુદા (સ.) તેમની મુબારક ઝીંદગીમાં 'ફરમાવતા' હતાં કે :

જયારે બિદઅત ફેલાઈ જાય અને આ ઉમ્મતમાં પછીથી આવનારા, જયારે પહેલા આવી ગયેલાઓ ઉપર લઅનત બોલવા લાગે, તો જેની પાસે ઈલ્મ જાણકારી (લઅનત અને બિદઅતમાં તફાવત કરી શકતો હોય) તેવાએ પોતાના ઈલ્મને જરૂર ફેલાવવું જોઈએ. ઈલ્મને છુપાવનારો એવો જ છે, જેવો તે ચીજને છુપાવનાર કે જેને મોહમ્મદ (સ.) પર અલ્લાહે નાઝીલ કરી છે.

https://downloadshiabooks.com/

આવી બાબતોમાં દરગુઝર કરવાનું હ. ઈમામ હુસૈન (અ.) જાએઝ સમજતાં નહીં હતાં. તેઓ દીનની હિફાઝત માટે પોતાને અલ્લાહ તરફથી આજ્ઞાંકિત માનતા હતાં અને એટલા માટે જ પોતાનાં દશ વર્ષનાં ઈમામતનાં યુગમાં કદી બિલકુલ ખામોશ બેઠા નહીં.

અમીર મોઆવિયા અને તેમની વચ્ચે પત્ર વ્યવહાર થતો રહેતો હતો અને બને ત્યાં સુધી હુસૈન (અ.) પોતાનાં લખાણોમાં; હજજનાં મોકા પર અને મદીનાનાં લોકોને આગ્રહ કરતાં રહેતાં હતાં.

એક વખતે અમુક 'સરકારી' કહેવાતો માલ, યમનથી શામ તરફ લઈ જવામાં આવી રહયો હતો. ઈમામ હુસૈન (અ.) એ રસ્તામાં જ તેને જપ્ત કરી લઈને 'બની હાશિમ' માં વહેંચી દીધો અને પછી એક ઠપકાભર્યો પત્ર અમીર મોઆવિયાને લખીને તે વિષેની જાણ પણ કરી  દીધી હતી.

એવા બનાવ બન્યા પછી તેની માહિતી પહોંચાડવી એ પરથી જણાય છે કે તેમનો ઈરાદો ઈન્કિલાબ લાવવાનો હતો. નહીતર એવી વાત ઈમામની શાનને લાયક નહીં હતી. તેઓ બરાબર પોતાનાં મિશનને બરાબર આગળ વધારવાની કોશીષ કરતાં હતા અને તેને ''ફર્ઝે મનસબી'' પદ પરની ફરજરૂપ સમજતાં હતાં. જેથી બને ત્યાં  સુધી ઈન્કિલાબ લાવવા માટેનો માર્ગ મોકળો કરી શકાય. આ મકસદની પ્રાપ્તી માટે તેઓ પત્ર વ્યવહાર ખુત્બાઓ અને તબ્લીગનાં જુદા જુદા સાધનો કામમાં લેતાં હતાં.

આ એટલા માટે કે ખુદા અને રસૂલ (અ.) તરફથી જે ફરજ તેમને સોંપવામાં આવી હતી, તેને પુર્ણ કરવા અને ''અમ્ર બિલ મઅદૂફ અને નહ્ય અનિલ મુન્કર'' ના મકસદને માટે સાચું પગલું ભરવા માટેનો સમય આવી લાગ્યો હતો.

https://downloadshiabooks.com/

અમે કહયું છે તેમ આ ઈકદામ માટે અલ્લાહ તરફથી ઈમામ હુસૈન (અ.) નીમાયેલા હતાં. તેની તાઈદ આ રિવાયતથી થાય છે કે જેને (વિદ્વાન લેખક) યઅકૂબ કુલૈનીએ પોતાનાં પુસ્તક ''અલકાફી'' માં મોઅતબર સનદથી ઝરીસ કિનાસીના હવાલાથી ઉતારો કર્યો છે.

''ઝરીસ'' કહે છે કે, ''હિમરાન બિન અઅયન શયબાનીએ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.) ની ખિદરતમાં અરઝ કરી કે, મારા પ્રાણ આપ પર નિછાવર હો. આપે જોયું કે, અમીરૂલ મોઅમેનીન અલી (અ.) અને હુસનૈન (અ.મુ.સ.) ની ઝિંદગીઓમાં કેવા કેવા બનાવો બન્યા ? એ લોકોએ જિહાદ કર્યો પણ છેવટે નિષ્ફળતા મળી અને ઝાલિમોનાં હાથે તેઓ શહીદ થઈ ગયા.

હઝરતે ફરમાવ્યું : અલ્લાહ તરફથી એ જ મુકદ્દર હતું. તેઓએ જે કાંઈ કર્યુ તે અલ્લાહનાં હુકમથી જ કર્યું. હ. અલી (અ.) અને હસનૈન (અ.મુ.સ.) ને અગાઉથી જ જે ઈલ્મ રસૂલે ખુદા (સ.) તરફથી મળ્યું હતું તે અને રસૂલે ખુદાનાં ઈરશાદે ગિરામી મુજબ જિહાદ કર્યો અને જે ઈમામોએ ચુપકીદી અખત્યાર કરી, તે પણ અગાઉનાં ઈલ્મ અને અમ્રે રબ્બાની મુજબ હતી.

આ હદીસથી જણાય છે કે રસુલે ખુદા (સ.) એ અગાઉથી દરેક ઈમામની ફરજો, ઈલાહી હુકમની બિના પર નકકી કરી હતી  અને દરેક ઈમામે પોતાનાં ઝમાનામાં એ જ પ્રમાણે અમલ કર્યો.

બનવા જોગ છે કે આ પ્રકારની હદીસોની સેહહત (સાચાપણા) અંગે કોઈને વહેમ જેવું આવે, કે તેને અખબારે આહાદ (બિન સત્તાવાર કથન) કલ્પે, અથવા તેનાં અર્થ વિષે કોઈ શંકા જેવું હોય, તો પણ અકલની રીતે સ્પષ્ટ છે કે મુસલમાનોનાં રેહબર – પેશવા તે જ  થઈ શકે છે જે પોતે મોમીન શરીઅતનાં હુકમોનો પાબંદ હોય.

'યાકૂબી' ઉપરાંત બીજા પણ ઈતિહાસકારોએ લખ્યું છે કે –

https://downloadshiabooks.com/

અમીર મોઆવિયાએ યઝીદને 'રૂમ' દેશની ફતેહ કરવા માટે મોકલ્યો હતો, ત્યારે ઈસ્લામી લશ્કરે 'ગઝકઝુના' નામનાં સ્થળે પડાવ નાંખ્યો હતો, ત્યાં ઈસાઈઓની ખાનકાહ (આશ્રમ) હતી, જેનું નામ 'દયરેમરાન' હતું.

યઝીદ, આ 'ખાનકાહ' માં 'ઉમ્મે કુલસુમ' નામની એક ઔરત સાથે ઐયાશીમાં મશ્ગૂલ રહેતો હતો.

તે સમય દરમિયાન એકાએક ચેચક-શિતળાનો રોગ ફાટી નિકળ્યો અને મુસલમાન સૈનિકો પાનખરમાં પાંદડા ખરે તેમ ટપોટપ મરવા લાગ્યા. લોકોએ શોર બકોર કર્યો. ખુબ આગ્રહ કર્યો કે એ સ્થળેથી કૂચ કરી જવામાં આવે, પણ યઝીદે કોઈની પણ વાત કાન પર ધરી નહીં. ઉલ્ટાનું મસ્તીમાં એવા પ્રકારી શાએરી બોલ્યો, જેનો ભાવાર્થ એવો થતો હતો કે - ''જયાં સુધી મારા બાહુઓમાં ઉમ્મે કુલસુમ છે, ત્યાં સુધી કોઈની મને પર્વાહ નથી. ભલેને ગંમે તે થાય તેની મને શી ચિંતા.

શરાબનાં વખાણમાં યઝીદનાં બેહુદા કાવ્યો નકલ કરવામાં આવ્યા છે.

યઝીદને ઐયાશી સિવાય – મોજમજાહ, આનંદ મસ્તી સિવાય બીજી કોઈ બાબત સાથે સબંધ નહીં હતો. પોતાના મોટા ભાગનો સમય તે ઈસાઈઓનાં આશ્રમમાં વીતાવતો. રમતગમતમાં તે એટલો તલ્લીન રહેતો કે ખુદ અમીર મોઆવિયાએ તેને તે માટે ઠપકો આપ્યો હતો.

પુસ્તક ''સુબ્હુલ અઅશા'' (ભાગ છઠ્ઠા) માં કલકશંદી લખે છે કે, જયારે વારંવાર એ સમાચાર અમીર મોઆવિયાને મળતા ગયા કે, યઝીદની ઐયાશી – મોજમજાહ હવે માઝા મૂકી રહી છે ત્યારે અમીર મોઆવિયાએ તેને લખ્યું કે –

https://downloadshiabooks.com/

તારા વિષે જાણવા – સાંભળવા, મારા કાન સદા ઉત્સુક રહયા છે, પણ જે કંઈ ખબરો તારા વિષે સ્પષ્ટપણે મને મળી રહી છે, તે ખૂબ જ નિરાશાજનક છે, તેથી મને આઘાત પહોંચ્યો છે, તુ સદગુણો અપનાવવાને બદલે દુર્ગુણોમાં - ખરાબ કાર્યોમાં ફસાઈ ગયેલો છે, તુ જયારે જન્મયો ત્યારે જ જો જન્મયો નહીં હોત તો ઘણું સારૂ થતે. તું નાનો હતો, ત્યારે બાળપણમાં તને જોઈને ઘણી ખુશી થતી હતી. તારા પર મેં ઘણી ઉમ્મીદો, આશાઓ રાખી હતી., પણ અફસોસ, યુવાન થયા પછી મને, તેં રડાવી દીધો છે.

યઝીદનું ચરિત્ર તેનાં પરના તેના પિતાનાં પત્રથી સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે. એની કારકીર્દિ પર તેનાથી પ્રકાશ પડે છે.

એવા યઝીદની બયઅત કરવા ઈમામ હુસૈન જ તૈયાર નહીં હતાં, એટલું જ નહીં પણ જેટલાં મુસલમાનો જેઓ કુર્આન, ઈલ્મ અને ખુદા પર યકીન ધરાવતા હતાં. તેઓ પણ તૈયાર થતાં નહીં હતાં. એ જ કારણે કુફા અને બસરાના સંખ્યાબંધ લોકો તેમ મદીનાના લોકો શરૂઆતથી જ વિરોધી હતાં.

એ દિવસોમાં ઈસ્લામી ખિલાફતે જાણે “કયસર” અને “કિસરા” સલતનતનો રંગ અપનાવ્યો હતો.

અમીર મોઅવિયા સલતનતને પોતાનાં ખાનદાનમાં વારસારૂપ બનાવવા ઈચ્છતા હતાં. પણ તેમાં નડતર રૂપ બે મુખ્ય કારણો હતાં. જેમાંનું એક મુખ્ય કારણ બદનામ શખ્સ યઝીદની નાલાયકી હતી અને બીજું કારણ તે ઝમાનાનાં અગ્રણીઓ અગ્રેસરો હતાં. જેઓ તેમને સાથ આપવા તૈયાર નહીં હતાં. એક વધુ મુખ્ય કારણ હતું, ઈમામ હસન (અ.) નું અસ્તિત્વ, જેમની સાથે સુલેહની શરતોમાં એવું નકકી થયું હતું કે અમીર મોઆવિયા પોતાના પછી કોઈને પણ ખિલાફત માટે નિમશે નહીં.

https://downloadshiabooks.com/

પ્રથમ રૂકાવટનો તોડ એવી રીતે વિચારી લેવામાં આવ્યો હતો કે લોકોને મીઠાં મોઢા કરીને કાબૂમાં લઈ શકાશે અને જયાં શકય નહીં હોય ત્યાં તેમને ડરાવી – ધમકાવીને પગાર – વઝીફાઓ બંધ કરીને કે નોકરીમાંથી કાઢી મૂકીને વિરોધનાં અવાજને દબાવી દેવામાં આવશે અને તે કાર્ય ખુબ જલ્દીથી પતાવી લેવામાં આવ્યું.

હ. ઈમામ હસને મુજતબા (અ.) ની વફાત પછી અમીર મોઆવિયાએ એવો નકકી ઈરાદો કરી લીધો કે યઝીદને જ પોતાનાં ‘‘વલી અહદ’’ તરીકે નીમી દેવામાં આવે ! અને તેને માટે લોકો પાસેથી બયઅત માંગવામાં આવે.

આથી તમામ ઈસ્લામી ઈલાકાઓનાં ગવર્નરોને કાગળો લખી મોકલવામાં આવ્યા.

એમાં મદીના ખાતેનાં **‘‘ઉમવી’’** વાલી તરીકે સઈદ બિન આસને લખવામાં આવ્યું કેઃ-

‘‘.... તમામ મોહાજિરીન અને અનસારો અને તેમનાં સંતાનો જેઓ મદીનામાં હાજર છે તે સૌ પાસેથી **યઝીદ માટે સખ્તાઈ પુર્વક બયઅત લેવામાં આવે ....’’** અને કોઈની સાથે કશી જ રિઆયત રાખવામાં આવે નહીં.

‘‘..... અને હા આટલા શખ્સો પર જરૂર દબાણ લાવવામાં આવે, પણ બહુ ઝબરદસ્તી કરવામાં આવે નહીં. તેમના નામો છે : અબ્દુલ્લાહ બિન ઉંમર, અબ્દુલ્લાહ બિન ઝુબૈર, અબ્દુર રહેમાન બિન અબીબક્ર અને હુસૈન ઈબ્ને અલી ....’’

અસીર મોઅવિયાનો પત્ર મળતાં જ વાલી સઈદ બિન આસે મદીનાવાળાઓને બયઅત લેવા માટે બોલાવ્યા, પણ બધાએ જ ઈન્કાર કરી દીધો

https://downloadshiabooks.com/

અને કહયું કે ..... જયાં સુધી આ અમૂક શખ્સો બયઅત માટે તૈયાર નહીં થાય . અમે પણ યઝીદને બયઅત આપવા તૈયાર નથી.

વાલી સઈદે અમીર મોઆવિયાને લખ્યું કે, મદીનાવાસીઓ પેલા અમૂક શખ્સોની અસર હેઠળ છે અને જયાં સુધી એ લોકો બયઅત આપશે નહીં, ત્યાં સુધી ગમે તેટલી કોશિષ કરવામાં આવે, તો પણ આ મદીનાવાસીઓથી બયઅત લેવાનું અશક્ય છે.

અમીર મોઆવિયાએ જવાબ લખ્યો, જેનો ભાવાર્થ એવો હતો કે, અત્યારે કોઈ સામે ઝઘડો કરવા જેવું નથી. હું પોતે આ બાબત પર વિચાર કરી રહયો છું ! અને પછી તે જ વર્ષે બયતુલ્લાહની હજ માટે જવાનું અમીર મોઆવિયાએ નકકી કર્યુ અને પોતાની સાથે સામાવાળાઓનો એક ઘણો મોટો સમૂહ લઈને મદીના પહોંચ્યા.

જયારે પેલાઓ (યઝીદની બયઅતને ઈન્કારનારાઓ) સાથે મુલાકાત થઈ ત્યારે તે સાહેબો પ્રત્યે પોતાનો અણગમો વ્યકત કર્યો અને ઠપકા સાથે ગુસ્સાભરી વાતો એ બધા સાથે કરી.

એ લોકોએ અમીર મોઆવિયાની જયારે આવી વર્તણૂંક જોઈ તો બધા અલગ અલગ ''ઉંમરહ'' કરવા માટે મકકા રવાના થઈ ગયા, પણ અમીર મોઆવિયાએ હજની મૌસમ સુધી મદીનામાં જ નિવાસ કાયમ રાખ્યો અને તે સમય દરમ્યાન, ત્યાંનાં મદીનાવાસીઓને નરમ કરવા માટે ભેટ સોગાદોની વર્ષા વરસાવવા માંડી ...

તે પછી તે પોતે પણ બયતુલ્લાહ જવા માટે રવાના થઈ ગયા, ત્યાં જયારે લોકો મળવા આવ્યા, ત્યારે અબ્દુલ્લાહ બિન ઉંમર, અબ્દુલ્લાહ બિન ઝુબૈર, અબ્દુર રહેમાન બિન અબીબક્ર અને હ. સય્યેદુશ શોહદા (અ.સ.) સાથે અમીર મોઆવિયાએ ખુબ જ વિનયપુર્વક માનપુર્વક મુલાકાત કરી. તેમને રાજી રાખવા

https://downloadshiabooks.com/

માટેની કોઈપણ યુકિત બાકી રાખી નહીં. એવો હુકમ કર્યો કે સૌને માટે સવારી હાજર કરો. પછી દરેકને તેમનાં નામ અને વ્યકિતત્વને અનુરૂપ ઈલ્કાબો - વિશેષણો સાથે સંબોધન કર્યુ. હુસૈન બિન અલી (અ.) ને ''શાબાનુલ મુસ્લેમીન'' કહયા. અબ્દુલ્લાહ બિન ઝુબૈરને ''ઈબ્ને અમ્મે રસુલુલ્લાહ'' કહયા અને અબ્દુર રહેમાનને ''મવલાએ કુરયશ'' કહીને સંબોધ્યા.

હજની ક્રિયાઓ પતાવી લીધા પછી એ બધાને એક જગ્યાએ બોલાવી મંગાવ્યા. બધાઓએ હ. ઈમામ હુસૈન (અ.) ને કહયું કે, ''તમે મોઆવિયા સાથે વાત કરો !'' પણ હઝરત તૈયાર થયા નહીં. જયારે અબ્દુલ્લાહ બિન ઝુબૈરને કહેવામાં આવ્યું, તો એ માની ગયા.

બધા અમીર મોઆવિયા પાસે પહોંચ્યા એ બધાને યોગ્ય માન આપવાનો દેખાવ કરીને અમીર મોઆવિયાએ કહયું : તમે જોયું કે હું તમારા સૌ પર કેટલો મહેરબાન છું તમે તો મારા લોહી અને જિગર છો, તેથી હું તમારા સાથે લુત્ફ ઈનાયતનો વર્તાવ કરૂ છું. હવે યઝીદ તમારો નાનો ભાઈ અને 'ઈબ્ને અમ્મ' (કાકાનો પુત્ર) છે. હું ફકત એટલું ઈચ્છું છું કે ખિલાફત પર તેનું નામ થઈ જાય. બાકી બધા મામલઓ તમારા હાથમાં  જ રહે, તમે જે ઈચ્છો તે જ થાય, એટલે કે 'અમ્ર' અને 'નહય' નો બધો જ અખત્યાર તમને જ રહેશે.

આ સાંભળીને બધા ચુપ રહયા. મોઆવિયાએ ફરીથી કહયું : જવાબ આપો. તો પણ કોઈ કશું બોલ્યું નહીં. ત્રીજી વખતે મોઆવિયાએ 'ઈબ્ને ઝુબૈર' તરફ ખાસ મોઢું કરીને કહયું : તમે તો કંઈ બોલો !

અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહયું : ''મોઆવિયા તમે ત્રણમાંથી એક કામ કરી શકો છો. કાં તો, લોકો જેવી રીતે કહે તેમ, કે રસુલે ખુદા (સ.) કોઈને પણ પોતાના 'જાનશીન' તરીકે નિમ્યા વગર દુનિયાથી તશરીફ લઈ ગયા. તમે પણ એમ જ કરો. લોકો પોતે જ કોઈને ખલીફા મુકરર કરી લેશે. અથવા તો, કોઈ

https://downloadshiabooks.com/

સગપણ ના હોય તો પણ તે આ કામ માટે લાયક હોય, તેને ખલીફા તરીકે હ. અબૂબક્રની જેમ નીમો અથવા તો પછી હ. ઉંમરની જેમ 'શૂરા' પર છોડી દ્યો.''

અમીર મોઆવિયાએ પુછયું : આ ત્રણ સિવાય બીજી પણ કોઈ પધ્ધતિ છે ?

અબ્દુલ્લા બિન ઝુબૈરે કહયું : ના.

અમીર મોઆવિયાએ બીજાઓ સામે જોઈને તેમને સંબોધીને પુછયું : ''તમારો શો મત છે !''

બધા એ એક જ મતે કહયું, એજ જે તજવીઝ અબ્દુલ્લાહ બિન ઝુબૈરે રજૂ કરી છે.

મોઆવિયા એ કીધું : ''બહુ સારૂ. કાલે હું વાત કરીશ. પણ કોઈને પણ વચ્ચેથી ટોકવાનો અધિકાર નહીં હોય. જો હું સાચું બોલીશ, તો તેમાં મારો જ ફાયદો છે, જો જુઠ્ઠું બોલીશ તો પોતે જ ભોગવીશ. પણ જો કોઈ વિરોધ કરશે તો પોતાનો જીવ ખોઈ બેસશે. જાનથી હાથ ધોઈ લેશે.''

બીજે દિવસે આમ જલ્સો થયો, જેમાં આ બધા લોકોએ પણ ભાગ લીધો. જેઓ દરેકે દરેક ઈસ્લામી દેશોમાંથી હજજ માટે આવ્યા હતાં અને એ સાથે કેટલાંક સાહેબોને પણ હાજર રહેવા માટે બોલાવવામાં આવ્યા. આ બધા જ સાહેબો પર બબ્બે હથિયારબદ્ધ સૈનિકોને ઉભા કરી દેવામાં આવ્યા.

મોઆવિયા મિમ્બર પર ગયા, શામનાં રહેવાસીઓ તેમની આસપાસ ભેગા થઈ ગયા.

અમીર મોઆવિયાએ ''ખુત્બો'' આપ્યો અને કહયું : મેં જોયું છે કે લોકો ધડ-માથા વિનાની ઘણી વાતો કરે છે. લોકો કહે છે કે, હુસૈન બિન અલી, અબ્દુલ

https://downloadshiabooks.com/

રહેમાન બિન અબીબક્ર, અબ્દુલ્લા બિન ઝુબૈર અને અબ્દુલ્લાહ બિન ઉંમરે યઝીદની બઅયત નથી કરી ! આ હઝરાત અહીં મૌજૂદ છે. આ લોકો આગળ પડતા છે, અગ્રણીઓ છે – મોખરે છે, તેમનાં વિના કોઈ કામ મજબૂત થઈ શકતું નથી. તેમ એ લોકોની સલાહ-સૂચના વિના કોઈ ફેંસલો થઈ શકતો નથી. મેં પોતે તેઓને બયઅત માટે કહયું અને જોયું કે કોઈએ પણ વિરોધ કર્યો નથી. સૌએ યઝીદ માટે બયઅત કરી લીધી.

આ પ્રસંગે તરત જ શામના રહેવાસીઓએ એક સાથે શોર મચાવી ઘાંટા પાડીને ઘોંઘાટ કરતાં કહયું : "એ લોકો કોણ છે ? કોણ છે ? જેઓ વિરોધ કરે છે ? જો આ લોકો વિરોધ કરતાં હોય, તો તેમને હુકમ આપો તો અમે અત્યારે જ એમની ગરદનો ઉડાડી દઈશું !"

અમીર મોઆવિયાએ કહયું : અજાયબીની વાત છે ! લોકો, કુરયશવાળાઓનાં આટલા બધા વિરોધીઓ કેમ થઈ ગયા ? એ લોકોનાં લોહીના તરસ્યા કેમ થઈ ગયા ? ચુપ રહો, ફરી કદી એવી વાત કરશો નહીં.

આટલું કહીને મોઆવિયા, મિમ્બર પરથી નીચે ઉતરી આવ્યા અને તેમનાં કારભારીઓએ લોકો પાસેથી બઅયત લેવાનું શરૂ કરી દીધું. તે પછી તો અમીર મોઆવિયા સવાર થઈને મક્કાથી બહાર ચાલ્યા ગયા.

તેમનાં જવા પછી લોકો ટોળેબંધ હ. હુસૈન બિન અલી (અ.સ.) અને બીજાઓ પાસે આવવા માંડયા અને બધા વિરોધ કરતાં કહેવા લાગ્યા –

આપ તો કહેતા હતાં કે આપ બયઅત નહીં કરો. તો પછી આપ કેવી રીતે રાજી થઈ ગયા ?

તેઓએ બધાને ઘણું કહયું કે અમે બયઅત કરી નથી, મોઆવિયાએ ખોટું કહયું છે. થાપ આપી છે, ઠગ્યા છે.

https://downloadshiabooks.com/

પણ લોકોએ આ સાહેબોને કહયું, આપ જુઠ્ઠુ બોલી રહયા છો ! જો એવી જ વાત હતી, તો તે જ જલ્સામાં તેનો વિરોધ શા માટે નહીં કર્યો ?

એ બધાને લોકોને ઘણાં સમજાવ્યા કે, જો તેઓ વિરોધ કરવા જતે તો માર્યા જતે, પણ તેની કશી અસર થઈ નહીં.

ઉપર વર્ણવેલો બનાવ જે કિતાબોમાં છે, તેનાં નામો આ મુજબ છે – ઈબ્ને અબ્દુલ બર્ર ઉન્દુ લૂસીની **'અકદુલફરીદ'** (જિલ્દ બીજી), ઈબ્ને કુતયબાની **'અલ ઈમામહ વસ સિયાસહ'** (જિલ્દ પહેલી) અને **'ઝયલે અમાલી કાલી.'**

ઈતિહાસકાર **'યઅકૂબી'**એ વાર્તાલાપ કે જે અબ્દુલ્લાહ બિન ઉમર અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર વચ્ચે થયો હતો, તેનો ઉતારો આપ્યો છે, આ વાર્તાલાપ ત્યારે થયો હતો જયારે મદીનાના વાલી સઈદ બિન આસે બયઅત માટેની તજવીઝ પેશ કરી હતી.

'યઅકૂબી' લખે છે કે : "બઅયત માટેની તજવીજ જયારે સઈદ બિનલ આસે એ બન્ને સાહેબો (અબ્દુલ્લાહ બિન ઉમર અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર) ને કરી ત્યારે તેઓએ વિરોધ કરતાં કહયું" :

"....... અમે એવા શખ્સની બયઅત કરીએ કે જે વાંદરાઓ અને કૂતરાઓ સાથે રમ્યા કરે છે, જે શરાબી છે, અય્યાશ છે, તો અમે ખુદાને શો જવાબ આપીશું ......"

"ઈબ્ને જયઝી" લખે છે કે –

મદીનાના અમુક લોકો યઝીદની ચાલ ચલગત, તેની રોજીંદી કામગીરી જોવા માટે શામ ગયા. તે પછી તેઓએ પાછા આવીને જે કહયું તેનાં શબ્દો આ હતાં –

https://downloadshiabooks.com/

“....... અમે, એવા શખ્સ પાસે જઈને આવી રહયા છીએ કે જે બેદીન (અધર્મી) છે, શરાબી છે, ‘સાઝ’ (વાજિંત્રો) વગાડે છે અને કૂતરાઓ સાથે રમતા રહે છે ......”

પુસ્તક **‘મુરવ્વજાુઝ ઝહબ’** માં તેનાં લેખક ‘મસઉદી’ લખે છે કે, “મોઢુ કાળુ કરનારો” મશદૂર હતો. એવી પરિસ્થિતીમાં, સ્પષ્ટ છે કે સૌ મુસલમાનોની ફરજ હતી કે તેની બયઅત કરવાથી દૂર રહે, કારણ કે બઅયતનો અર્થ, તેની બધી હરકતોની તાઈદ, તેની તમામ વર્તણુંકોને માન્ય રાખવી અને તેની બધી જ ક્રિયા પ્રક્રિયામાં સાથ આપવા, ભાગીદાર બનવા સમાન હતું. ઈસ્લામ એ વાતની પરવાનગી નથી આપતો કે કોઈ ગંમે તેવો વર્તાવ કરે, તો મુસલમાનનો હાથ પર રાખીને ચુપચાપ બેસી રહે ! અને ઈસ્લામનો નાશ થતો જાય. અલ્લાહનો દિન મજાકરૂપ બની જાય !.

હ. ઈમામ હુસૈન (અ.) એવા પ્રસંગો પર ચુપ રહેવાનું હરામ સમજતા હતાં.

એક હદીસ છે. જે તેઓએ કુફાને રસ્તે જતાં હુરનાં લશ્કરને ફરમાવી હતી. તેઓએ પોતાનાં નાના રસૂલે ખુદા (સ.) થી આ વાકયને નકલ કરતાં જણાવ્યું હતું કે —

એજ કારણે હ. સૈયદુશ શોહદા (અ.) એ અમીર મોઆવિયાની ઝીંદગીનાં આખરી વર્ષોમાં જે સહાબાઓ ઈસ્લામી દેશોમાં જયાં જયાં ફેલાએલા હતાં તેમને અને તેમનાં સંતાનોનાં પત્રો લખીને બોલાવ્યા હતાં. લગભગ હજારેક જેટલા ‘સહાબા’ અને ‘તાબેઈન’ ‘મિના’ ના સ્થળે એકત્ર થયા હતાં.

તે સમયે તકરીર કરી હતી, તેમાં આ પ્રમાણે ફરમાવ્યું હતું :-

https://downloadshiabooks.com/

''..... તમે સૌ જોઈ રહયા છો કે અમારી સાથે અને અમારા હિમાયતીઓ સાથે શું થઈ રહયું છે. તમારે માટે એ જરૂરી છે કે અહીં આ મજલિસમાં જે વાતચિત થઈ છે, તે તમે પાછા જાવ ત્યારે તમારા દેશવાસીઓને કહી સંભળાવજો.''

આપે તે પછી આપના બુઝુર્ગવાર વાલિદની ફઝીલતો અને મનકેબતો એક એક કરીને બયાન કરી અને લોકોને ''અમ્ર બિલ અમરૂફ'' અને ''નહય અનિલ મુન્કર'' ની સમજૂતી આપી હતી.

''તોહફુલ ઉકૂલ'' માં જે ખુત્બો લેવામાં આવ્યો છે, તેનાં સંબોધનની ઢબથી જે અંદાઝો આવે છે, તે આ પ્રસંગ પરનો જ છે અને અહીંથી જ આ પછી જ ઈન્કિલાબનાં બીજ રોપાવાની શરૂઆત થઈ હતી. એ વાતને વધુ સ્પષ્ટ કરવા ખુત્બાનાં અમુક ફકરાઓ છે. જેને ઈમામે ''અમ્ર બિલ અમરૂફ'' અને ''નહય અનિલ મુન્કર'' ના ટેકામાં અયાતે ઈલાહીમાં સંભળાવ્યા હતાં, તે અત્રે આપ્યા છે :-

સાથીઓ ! તમે ઈલ્મ, ભલાઈ અને ખેરખ્વાહી માટે મશહૂર છો. લોકોનાં દિલમાં તમારી અઝમત છે. શરીફો, તમારો એહતરામ કરે છે અને કમજોરો તમારી ઈઝઝત કરે છે અને તેઓ પણ, જેમનાં પર તમારો કોઈ અહેસાન નથી, તેઓ તમને પોતાનાં કરતાં સારા અને બેહતર સમજે છે.

..... તમે સૌ અલ્લાહથી ભલાઈ ઈચ્છનારાઓ છો, પણ હું ડરૂ છું કે કયાંક અલ્લાહનાં ગઝબમાં તમે લોકો ગિરફતાર થઈ જાઓ નહીં, તમે લોકો જો કે ખુદાનાં ફઝલથી એવા દરજજે છો કે જે બીજાઓને પ્રાપ્ત થયો નથી. લોકોમાં તમારી ઈઝઝત છે, પણ તમે જોઈ રહયા છો કે ખુદા સાથે કરવામાં આવેલા વાયદાઓને તોડી નાંખવામાં આવી રહયા છે. પણ તેમને કંઈ પણ ગભરાટ જેવું નથી ! જો કે તમારા બાપ દાદાઓ સામે કરવામાં આવેલા વાયદાઓનો કોઈ જો વિરોધ કરે, તો તમે બેચેન થઈ જાવ છો ! રસુલુલ્લાહ (સ.અ.વ.) ની અમાનતને

https://downloadshiabooks.com/

કોઈ પુછતું નથી ? વસ્તીઓમાં આંધળા, મુંગા, અપંગો ફરતાં રહયા છે, પણ તેમનાં પર કોઈ દયા ખાતું નથી ? તમે તમારી જવાબદારી વિષેની દરકાર રાખતાં નથી. ! અને જેઓ જવાબદારી જાળવવા માટેની કોશિશ કરી રહયા છે, તેમની તરફ તમે કશું ધ્યાન આપતાં નથી.

..... ઝુલ્મને નઝર અંદાજ કરીને, અને ઝાલિમોને સહાય કરીને પોતનાં બચાવ માટેની ચિંતા કરતાં રહો છો. એવી જ વાતોની તો અલ્લાહે મનાઈ ફરમાવી છે અને બીજાઓને પણ મનાઈ કરવા માટે ફરમાવ્યું છે. પણ તમે સૌ ગફલતમાં પડયા છો. સૌથી મોટી મુસિબત તો તમારે જ માટે છે. કારણ કે જે મરતબો તમને મળવો જોઈતો હતો અને આલિમો માટેનો જે હકક હતો, તેનાથી તમને જબરજસ્ત વંચિત રાખવામાં આવી રહયા છે. કાશ ! તમે સમજી શકતા હોત ... સમજવાની કોશીશ કરતાં હોતે .....!

● ● ● ●

તે પછી આપે ફરમાવ્યું :-

ખરૂ જોતાં એહકામો ચાલુ કરાવવા અને તેનાં પર અમલ કરવા – કરાવવાનું કાર્ય આલિમોનાં હાથમાં હોવું જોઈએ, જેઓ હલાલ હરામથી વાકેફ હોય છે, અને અલ્લાહ તરફથી તે કાર્યો પર દેખરેખ રાખનારા હોય છે ... પણ, તમારી પાસેથી તમારો મરતબો છીનવી લેવામાં આવ્યો છે અને તે એટલા માટે કે તમે હકકથી દૂર થઈ ગયા અને સ્પષ્ટ દલીલો છતાં સુન્નતની બાબતમાં તમારામાં ઈત્તેફાક નથી. જો તમે પોતાની ઝિમ્મેદારીને સમજી જાણી લીધી હોત અને તકલીફોને સહન કરી લીધી હોત, તો બધા જ ઈખ્તિયારો તમારા જ હાથમાં હોતે પણ તમે તમારી જગ્યા ઝાલીમોને આપી દીધી – બધા ઈખ્તિયાર તેઓને સોંપી દીધા, જેઓ શંકાસ્પદ તરીકાઓ પર ચાલીને પોતાની બેહૂદી ખ્વાહિશોની પયરવી કરીને તમારા પર છવાઈ ગયા. આ એટલા માટે જ કે તમે મૌતથી ભાગતા હતાં.

https://downloadshiabooks.com/

તમને ઝિંદગી વહાલી હતી કે જે ઝિંદગી નાશ પામવાની છે. તમે તેમનાં હાથોમાં કમઝોરોને સોંપી દીધા, જેઓ ગુલામ બનીને પીસાઈ ગયા. કેટલાય લોકો જવના રોટલા માટે પણ વખખા મારવા લાગ્યા. એ ઝૂલ્મ કરનારા, સમગ્ર દેશમાં મનગમતું કરી રહયા છે અને પોતાની ખ્વાહિશો પર ચાલીને રૂસ્વાઈ મેળવે છે. બુરા લોકોની પધ્ધતિઓ અપનાવે છે અને અલ્લાહની પરવાહ કરતાં નથી. દરેક વસ્તીમાં તેમનો પ્રવચનકાર (ખાતીબ) મીમ્બર પરથી ઘોષણાઓ કરે છે, બરાડે છે, તેઓ અલ્લાહની ઝમીનમાં એકલા માલિક બની બેઠા છે, કોઈ તેમનાં હાથ રોકનારૂ નથી. બધા જ તેમનાં હાથ નીચે થઈ ગયા છે, તેઓ જેમને ચાહે તેમ તેમનાં પર હાથ નાંખે, પણ કોઈ કશું કરી શકતું નથી. લોકો આટલા બધા અલ્લાહથી દૂર કેમ થતાં જાય છે ? કેવી અજાયબીની વાત છે કે મુલ્ક એવા ઝાલિમોનાં હાથોમાં છે કે જેમનું કામ માત્ર લુંટફાટ છે અને એવા જ લોકો હાકેમો બની બેઠા છે ! એવા લોકોને મોમેનીન પર દયા જેવું નથી. હવે આપણો એને એવાઓને ફેંસલો અલ્લાહનાં જ હાથમાં છે.''

જે લોકો આમ જનતામાં અગ્રણીઓ અને લોકપ્રિય જેવા ગણાતા હતાં, તેમની સમક્ષ આ પ્રવચન કરવામાં આવ્યું હતું, કારણ કે બીજાઓ કરતાં એવાઓની ઝિમ્મેદારી જવાબદારી વધુ હતી — પણ તેઓ તેમની ફરજો બજાવવામાં સુસ્તી કરી રહયા હતાં, તેથી ઠપકાને પાત્ર હતાં.

ઈમામે આ ખુત્બો એ સૌને ''મિના'' ખાતે કે જેનો ''હરમ'' માં સમાવેશ થાય છે, - આપ્યો હતો, કે જે અમ્નની જગ્યા છે. એવા સ્થળે કોઈ હાકેમ કશો વિરોધ કરી શકે નહીં, મદીનામાં બાકી છુટા છવાયા મોહાજેરીન — અનસારને આ 'ખુત્બો' સંબોધવામાં આવ્યો હોવો જોઈએ.

આ 'ખુત્બા' પરથી જાણી શકાય કે યઝીદની બયઅતનો કઝિયો શરૂ થવા પહેલા આપે ઈન્કિલાબ લાવવા માટેનો ખ્યાલ કર્યો હોવો જોઈએ. આપ યોગ્ય તકનાં ઈન્તેઝારમાં હોવા જોઈએ. તેથી આપે આ રીતે સૌને આમંત્રણ આપી 'ખુત્બો' આપ્યો હોવો જોઈએ.

https://downloadshiabooks.com/

તે ઝમાનાની પરિસ્થિતીને જોતાં મુસલમાનોમાં બેદારી લાવવી, લોકોને સચ્ચાઈ તરફ બોલાવવા, એ કાર્ય કંઈ આસાન નહી હતું – અને આ કાર્ય માત્ર કાગળો લખીને સંદેશાઓ મોકલીને કે તકરીરો કરીને પણ પાર પાડી શકાય એમ નહીં હતું.

જે સાચી વાત છે તે સમગ્ર ઈસ્લામી દેશોનાં લોકો પર જાહેર થઈ જાય, તેમ ઈમામ હુસૈન (અ.સ.) ઈચ્છતા હતાં અને તે રીતે પરિવર્તન ઈચ્છતા હતાં કે યઝીદ જો સત્તાનાં આસન પર રહે, તો તેથી ઈસ્લામની ઝિંદગી માટે ભયંકર જોખમ ઉભું થાય તેમ હતું તે સમયે શહેરે શહેર અને ગામે ગામમાં વિરોધ અને સતામણીઓ શરૂ થઈ ગઈ હતી. તે સમયમાં જાણીતા મહાન ઈસ્લામીઓ હજૂર બિન અદી, રશીદ હુજરી, ઉમરૂ બિન હિમ્ક ખઝાઈ જેવા લોકોને મારી નાંખવામાં આવ્યા હતાં અને કોઈને કશું બોલવા દેવામાં આવતાં નહીં હતાં – કોઈ સત્તાધિશોનો વિરોધ કરી શકવાની હિંમત ધરાવતું નહી હતું. આ લોકોનાં વિરોધી પ્રોપેગન્ડા અને પ્રચાર તો એવી કક્ષાએ પહોંચ્યો હતો કે "બની ઉમૈયા" ના વિરોધીઓને જ ગુનેહગારો ગણવામાં આવી રહયા હતાં. આવી જોરદાર વિરોધી હવા સામે સચ્ચાઈની ચળવળ અસરકારક રીતે ચલાવવી, લોકોને સમજાવવાનું કામ પણ કપરૂં થઈ ગયું હતું. બની ઉમૈયાની હકુમતે પોતાનુ વર્ચસ્વ એવું જમાવ્યું હતું કે તેનો કોઈ સામનો કે વિરોધ કરી શકે તેમ નહી હતું. તેથી જ ઈમામે (અ.સ.) "અમ્ર બિલ મઅરૂફ" અને "નહ્ય અનિલ મુન્કર" થી પોતાની ચળવળની શરૂઆત કરી.

મદીનાથી રવાનગી વખતે જે વસિયતનામું ઈમામ (અ.) એ મોહમ્મદ બિન હનફીયહને લખી આપ્યું હતું – તેમાં તેઓએ તવહીદ – રિસાલત, હશ્ર અને નશ્રના ઈકરાર પછી લખ્યું હતું કે :-

"...... હું અહીંથી નિકળી રહયો છું. – જઈ રહયો છું, તે સરકશીથી નહીં – જંગ જદલનાં ઈરાદાથી નહીં – મારો મકસદ ફસાદ ફેલાવવાનો, તોફાન

https://downloadshiabooks.com/

કરવાનો કે કોઈ પર ઝુલ્મ કરવાનો નથી. હું તો મારા નાનાની ઉમ્મતની સુધારણા માટે બહાર પડયો છું ... મારો ઉદ્દેશ મારો હેતું ફકત "અમ્ર બિલ મઅરૂફ — નહ્ય અનિલ મુન્કર" અને મારા નાનાજાન, અબ્બાજાનનું અનુકરણ છે."

જયારે ઈમામે રવાનગીની તૈયારી કરી ત્યારે કેટલીય વખત તેમનાં નાના નાં રોઝા પર ગયા અને આ વાકય બોલતા સંભ્ળાયા :-

**"... હે અલ્લાહ મને નેકી પસંદ છે અને બુરાઈથી નફરત છે."**

હ. ઈમામ હુસૈન (અ.) પોતે જરૂર કતલ થઈ જવાનાં છે, તે જાણીને જ જિહાદ શરૂ કર્યો હતો. તેઓ ચોકકસ જાણતા હતાં કે તેમનાં ઘરવાળાઓ ઓરતો બચ્ચાઓને કેદ કરી લેવામાં આવશે. પણ તેઓ એ જાણતાં હતાં કે તેમની આ મહેનત પછી તેમની શહાદત પછી, પરિણામે ઈસ્લામ બાકી રહેશે. ઈસ્લામ જીવી જશે. ઈસ્લામનાં એહકામો અનંતકાળ જીવંત રહેશે અને બાતિલની અસત્યની ખોટી શકિતઓનાં વિનાશ થશે.

અગાઉના  ખલીફાઓની રિતિ નિતિ વિરૂધ્ધ લોકો પર યઝિદ જેવાનું વર્ચસ્વ જમાવી દેવાનાંકાર્યને ફરીથી દોહરાવવામાં નહીં આવે. હવે પછીથી એવું નહીં થવું જોઈએ કે યઝીદ પછી તેનો બેટો સત્તાધિશ તરીકે લોકો પર સત્તા જમાવે. લોકો બેદાર થઈ જશે. તેમનાંમાં ઈસ્લામી જાગૃતિ, સમજ આવી જશે, અને હુસૈન (અ.) ની લાશ હંમેશા ઝુલ્મ અને સિતમનાં દિવાન ખાનાઓમાં ધરતીકંપ જન્માવતી રહેશે !

બનવા જોગ છે, કે આની સામે એવી કોઈ દલીલ કરે કે, ..... અલ્લાહ તઆલા તો ફરમાવે છે કે, **"પોતાના પ્રાણોને પોતે જ પોતાના હાથે વિનાશમાં નાંખો નહીં ?"** તે સિવાય "અમ્ર બિવ મઅરૂક" અને "નહ્ય અનિલ મુન્કર" ની પણ અમુક શરતો છે !

આપણે કહીશું કે ઈમામ (અ.) થી વધીને એ વાતોને કોણ સમજી શકે છે ? તેમનું એ કાર્ય એ પોતે જ એક હુજજત છે. રહી એ વાત કે પોતાને માટે વિનાશ

https://downloadshiabooks.com/

નોતરવા જેવું છે, તો તે હરગિઝ થઈ શકે એમ નથી. જો કોઈ એમ ધારતું હોય કે ખુદાની રાહમાં માર્યા જવું પણ પોતાને વિનાશમાં નાંખવા સમાન છે, તો પછી રસૂલે ખુદા (સ.) ની અનેક લડાઈઓ પણ એવી જ ગણતરીમાં આવી જાય છે. ઈસ્લામની શરૂઆતની જંગોમાં, કે જયારે મુસલમાનો હજી ઘણાં કમજોર હતાં. એવો હુકમ હતો કે, ''વીસ માણસો બસ્સોનો મુકાબલો કરે.'' તો એ દ્રષ્ટિએ આ પણ પોતાને વિનાશમાં નાંખવા જેવું ગણાવું જોઈએ. જો કે કોઈપણ મુસલમાન એવું સમજતો નથી.

આ આયતનો આશય એવો નથી કે ખુદાની રાહમાં જેહાદ કરો નહીં. કેમકે જો માર્યા જશો તો પોતાને વિનાશમાં નાંખ્યા એવું કહેવાશે ! આ આયત તો એ મોકા પર નાઝિલ થઈ હતી કે જયારે મુસલમાનોને હુકમ હતો કે જંગને સમયે પોતાની હેસિયત અનુસાર સાઝસામાન, હથિયાર, ખોરાક, સવારી તૈયાર કરવામાં આવે. જાહેર રીતે તો અમુક લોકો એ બાબતમાં ટાલ-મટોલથી કામ લઈ રહયા હતાં અને જેટલો માલ ખર્ચવો જોઈએ તેટલો ખર્ચતા નહીં હતાં. તેથી તે મોકા પર આ આયત ઉતરી –

(સારાંશ) ''.... રાહે ખુદામાં ખર્ચ કરો અને પોતાને સુસ્તી કે કંજૂસાઈનાં કારણે, હલાકતમાં વિનાશ નાંખો નહીં. ...''

આ અર્થ એ રિવાયતથી જાહેર થાય છે કે જે એક બુઝુર્ગ સહાબી, હુઝૈફા બિનયમાનીથી રિવાયત થયેલી છે. તેઓ ફરમાવે છે કે આ આયત, ''નઝલત ફિન ન-ફ-કતે ..'' ઈત્તિફાકનાં વિષયમાં નાઝિલ થએલી છે. અ. રિવાયતને ઈબ્ને અબી હાતિમ અને બુખારીને હુઝફા અને અકરમહ, સઈદ બિન હબીહ, અતાઅ, ઝહહાક, હસન બસરી, કતાદહ, સદદી અને મુકાતિલ બિન હૈયાનથી નકલ કરવામાં આવી છે. આ સૌ 'સહાબા' અને 'તાબેઈન' માંથી છે.

એક બીજી રિવાયતમાં અસલમ બિન યઝીદ અબુ ઈમરાન કહે છે કે, ''કુસતનતીયહને ઘેરો ઘાલ્યો તે વખતે અમારા લશ્કરને એક શખ્સે દુશ્મનની

https://downloadshiabooks.com/

હરોળો પર બહાદુરી પુર્વકનો અદ્‌ભૂત હુમલો કરીને હરોળમાં ગાબડું પાડી દીધું હતું. – અમારા લોકોમાંથી કેટલાંકે ચીશો પાડતા કહયું : એ માણસ પોતાનો વિનાશ નોતરી રહયો છે. ... આ સાંભળીને જેઓ અમારી સાથે હતાં તે હ. અબુ અય્યૂબ અન્સારીએ કહયું કે તેઓ એ આયતનો અર્થ સારી રીતે જાણે છે. અમે તો માત્ર એમ જ કહી દીધું હતું કે પેલો શખ્સ પોતાનો વિનાશ નોતરી રહયો છે. પછી હ. અબૂ અય્યૂબ અન્સારીએ (જેઓને રસૂલે ખુદા (સ.અ.) ની મહેમાનદારી કરવાનું અને સથવારાનું માન મળી ચુકયું હતું.) કહયું :-

"…. જયારે ઈસ્લામે તરકકી કરી લીધી, તો અમે રસૂલે ખુદા (સ.) ને અમારી મદદની સેવા આપવામાં સુસ્તી કરવા લાગ્યા કે હવે ઈસ્લામનો વિકાસ તો થઈ જ ચુકયો છે. હવે અમારે અમારા બાળ બચ્ચાઓની ફિકર કરવી જોઈએ …. એમ એવું વિચાર્યું અને એ આયત નાઝીલ થઈ હતી કે …. (સારાંશ)

"અલ્લાહનાં રાહમાં ખર્ચ કરો, અને પોતાનાં વિનાશ નોતરો નહીં, બાળ-બચ્ચામાં પોતાનો માલ ખર્ચ ન કરવો અને જિહાદને છોડી દેવામાં વિનાશ હતો – **એટલે કે વિનાશ જિહાદ નહીં કરવામાં છે, જિહાદ કરવામાં નહીં …..**"

આ રિવાયત; અબૂ દાઉદ સજિસતાની, તિરમિઝી, નિસાઈ, અબ્દ બિન હમીદ, ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને જરીર તીબરી, ઈબ્ને મરદવિયહ, અબૂ યઅલી અને ઈબ્ને હય્યાને "સહીહ" માં અને હાકેમ નિશાપુરીએ 'મુસ્તદરક' માં, યઝીદ બિન અબી હબીબ અન અસલમની રૂ એ ઉતારી છે. 'તિરમીઝી' એ કહયું કે, આ હદીસ અહસન અને સહીહ છે.

એક વધુ રિવાયત અબૂ ઈસ્હાક સબીઈથી મનકૂલ છે. તેઓ કહે છે કે, કોઈ શખ્સે બરાઅ બિન આઝીબને પુછયું કે, "જો લડાઈ દરમ્યિાન એકલો જ દુશ્મન પર હુમ્લો કરી દઉં અને માર્યો જાઉં તો તે શું તે મારા માટે વિનાશ નોતરવા સમાન ગણાય ?" બરાએ કહયું : "નહીં – કારણ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે (સારાંશ) અલ્લાહની રાહમાં લડો. તમે માત્ર તમારા જ નફસ (જીવ) નાં

https://downloadshiabooks.com/

ઝિમ્મેદાર છો.'' તે પછી બરાએ કહયું કે : ''આ આયત, જંગનાં મૌકા પર ઈત્તેફાકની બાબતમાં છે.''

આ રિવાયત ઈબ્ને મર્દવીયહ અને હાકિમ નિશાપુરીએ ''મુસ્તદરક'' માં બયાન કરી છે. 'હાકેમ' કહે છે કે, આ હદીસ 'શયખૈન' નાં ધોરણ અનુસાર છે.

એજ પ્રકારનું કથન 'તફસીરે બુરહાન' માં 'તફસીરે અય્યાશી' ના હવાલાથી હુઝયફા બિન યમાનીની રિવાયતમાં નકલ થયેલ છે. સૈયદ બિન તાઉસે પણ 'લોહુફ' માં આ આયતનો એ જ અર્થ બયાન કર્યો છે, અને આજ રિવાયયતોથી સનદ લીધી છે.

તે ઉપરાંત આ આયત જેમાં 'હલાકત' વિનાશ વિષે છે, તેનાં 'સિયાક' અને 'સિબાક' થી પણ સ્પષ્ટ થાય છે કે 'દિફાઈ જિહાદ' (રક્ષણાત્મક યુધ્ધ) નાં વિષયમાં છે. 'સિયાક' અને 'સિબાક' પર એક નજર નાંખવાથી અર્થ સ્પષ્ટ થઈ જાય છે.

બુનિયાદી બાબત એ છે કે અલ્લાહની રાહમાં જાન આપવાને શરિઅતની પરિભાષામાં ''હલાકત'' (વિનાશ) તરીકે ઓળખવામાં નથી આવતું.

કુરઆને પાક. ઈસ્લામનાં શહીદો બાબત ફરમાવે છે. (સારાંશ) તમે એવું ધારશો નહી કે ખુદાના રાહમાં શહીદ થનારાઓ મુર્દા-મરેલા છે તેઓ જીવતાં છે અને પોતાનાં રબ તરફથી રિઝક મેળવે છે.

''નહજુલ બલાગર'' નાં એક ખુત્બામાં જે ખુત્બો અમીરૂલ મોઅમેનીન (અ.) એ 'સિફ્ફિન' ના બનાવ વખતે પોતાનાં સાથીઓ સામે ફરમાવ્યો હતો તેમાં કહયું હતું : ''મગલૂબ (પરાજીત) થઈને જીવતા રહેવામાં તમારી મૌત છે, અને 'ગાલિબ' (વિજયી) બનીને મરી જવામાં ઝિંદગી છે.

https://downloadshiabooks.com/

... પણ ઈમામ હુસૈન (અ.) પોતાનાં પિદરે બુઝુર્ગ વાર અને માનવંતા ભાઈ (ઈમામ હસન (અ.)) ની જેમ સાદગીથી શાહીદ થઈ જવા માટે તૈયાર નહીં હતાં. કારણ કે એ રીતે જે તેઓ ઈચ્છતા હતાં તે પરિણામો આવી શકે એમ નહીં હતાં. બનવા જોગ હતું કે, એવી શહાદત પર કોઈ ધ્યાન આપતે નહીં અને ઈમામનું ખૂન નિષ્ફળ જતે !

એવા લોકો ભારે ગેરસમજમાં છે, જેઓ એમ સમજે છે કે ઈમામ આલી મુકામ (અ.) પોતાનાં અંજામથી આગ્રહ નહીં હતાં. એ રીવાયતોને બાજુએ રાખીએ કે જેમાં આવ્યું છે કે ઈમામ એ વિષેની જાણ નથી કે તેમનું થવાનું છે, તેઓ હુજજત થઈ શકતા નથી અને આ વાત સૌ ઈમામો જાણતા હોય છે કે તમને મૌત કયારે આવવાનું છે અને તેમનું મરણ તેમનાં અખત્યારમાં હોય છે.

ખુદ સૈયેદુશ શોહદા (અ.) ની શહાદતનો મસ્અલો ‘બની હાશિમ’ નાં ખાનદાનમાં ખાસ કરીને અમીરુલ મુમેનીનનાં ઘરણામાં જાણીતો હતો. ‘ઉમ્મે સલમા’ , ‘ઉમ્મે અયમન’ વિગેરેએ ખુદ રસૂલે ખુદા (સ.) પાસેથી સાંભળ્યું હતું કે હુસૈન (અ.) કરબલામાં શહીદ થશે...

આ ઉપરાંત ઈમામે રવાનગીની રાત અગાઉ કઅબાના હરામમાં જે કુત્બો આપ્યો હતો, તેમાં તેઓએ ફરમાવ્યું હતું – (સારાંશ) **“મૌત આદમનાં ફરઝંદોનું મુકદદર છે ...”**

જો તમને શહાદતની જાણ નહીં હોતે તો એવું તેઓ ફરમાવતે નહીં કે, “હું જોઈ રહયો છું કે જાણે સહરાનાં વરૂઓ કરબલા અને નવાલિસ સ્થળોની વચ્ચે, મારા શરીરનાં ટુકડાઓ કરી રહયા છે.

આ રીતે બીજી અનેક જગ્યાઓની વાતચિત પરથી સ્પષ્ટ થાય છે કે સમય મામલો ઝળહળતા દિવસની જેમ ઈમામ (અ.) ની જાણમાં હતો. એ વાતથી

https://downloadshiabooks.com/

ઈન્કાર કરવો 'સુખન સાઝી' અને 'કટ હુજ્જતી' (શબ્દાળુતા મિથ્યા દલીલ) સિવાય કશું જ નથી.

● ● ● ●

મોહમ્મદ બિન હસન બિન ફરૂખ સફ્ફારે, ''બસાએરૂદ દરજાત' ની શરૂઆતમાં અને એ જ રીતે 'કુલૈની' એ 'અલકાફી' માં બયાન કર્યુ છે કે, 'સઅલબીયહ' નામક સ્થળે એક કુફાવાસી શખ્સ હ. ઈમામ હુસૈન (અ.) ની ખીદમતમાં હાઝિર થયો ( આ શખ્સે હઝરતને કુફા નહીં જવા માટે આગ્રહ કર્યો હતો અને બીક પણ દેખાડી હતી) ત્યારે તેને ઈમામે હુસૈનએ ફરમાવ્યું : ''જો મદીનામાં તમારી સાથે મુલાકાત થઈ હોતે તો મારા નાનાજાન પાસે જિબ્રઈલ 'વહ્ય' લઈને આવતા હતાં, તેની અસરો મારા પોતાનાં ઘરમાં દેખાડતે. કૂફે કુફી ભાઈ ! ઉલૂમનાં ઝરણાં તો અમારી પાસે છે, પછી એ કેવી રીતે બને કે, બીજા બધા તો શું થવાનું છે તે જાણતાં હોય અને અમે જ અજાણ હોઈએ ! !'' તે ઉપરાંત ઈમામે મદીનાથી રવાનગી સમયે ફરમાવ્યું હતું :- ''મારી સાથે જે ચાલશે તે શહીદ થશે અને જે પાછળ રહી જશે, તેને કામીયાબીમાં હિસ્સો નહી મળે.''

જો એવો એઅતેરાઝ કરવામાં આવે કે, જયારે તેમને ખબર હતી કે તેઓ માર્યા જશે, તો પછી પોતાનાં બાલ-બચ્ચાને શા માટે લઈ ગયા ? અને શા માટે તેમને કેદ કરાવ્યા ?

તેનો જવાબ એ જ છે કે જે આપણે અગાઉ જોઈ ગયા કે તેમનો મકસદ, પોતાની તેહરિક તરફ લોકોનું ધ્યાન ખેંચવાનો હતો અને ''બની ઉમૈયા'' ની ખરાબ રિતિનિતિને લોકો સમક્ષ ઉઘાડી પાડવાનો હતો. તેઓ દુનિયાને દેખાડવા ઈચ્છતા હતાં કે એ લોકો 'બની હાશિમ' સાથે કેવો વર્તાવ કરી રહયા છે. ત્યાં સુધી કે દૂધ પીતા બાળકને પણ તીરનું નિશાન બનાવી દેતાં અચકાતા નથી અને

https://downloadshiabooks.com/

પેગમ્બરનાં ''અહલેબૈત'' સાથે 'તુર્કી' અને 'દયમલ' ના મુશરિક કેદીઓથી પણ ખરાબ સખ્તાઈઓ કરે છે.

આ અગાઉ કહેવાઈ ચુકયું છે કે લોકો ''બની ઉમૈયા'' ની ખરાબ રિતિ-નિતિઓથી માહિતગાર નહીં હતાં.

રૂબીઅ બિન ખસીમ નામે એક મશહૂર અને અગ્રણી 'તાબેઈ' હતાં. તેમની ગણના ''ઝોહહાદે સમાનિયહ'' (આઠ પવિત્ર ભક્તો) માં થતી હતી. 'સિફ્ફિન' ના યુદ્ધ વખતે તેઓ અમીરૂલ મોમેનીન પાસે ગયા હતાં અને કહયું હતું : ''હે મૌલા અમે આપના મર્તબા અને ફઝલ અને કમાલથી તો વાકેફ છીએ, પણ આ યુધ્ધ (સિફ્ફિન) વિષે અમને શંકા છે કે હકક કઈ તરફ છે ?''

એવા માણસોનાં આવા સવાલો પરથી તે વખતનું વાતાવરણ જાણી શકાય છે. આવા તાબેઈન જેવા પણ બીજા અનેક શખ્સો હતાં. લોકોની નજર એવા તાબેઈનો પર પણ રહેતી. લોકો તેમનું અનુકરણ કરતાં હતાં.

આના પરથી સમજી શકાશે કે સમસ્ત આમજનતા વિચારોને ભયંકર રીતે ગુમરાહ કરી નાંખવામાં આવ્યા હતાં. તેમાંય ખાસ કરીને શામનાં રહેવાસીઓ અને એ લોકો, જેઓ અમીર મોઆવિયાની અસર હેઠળ હતાં તેઓ ચિત્રવિચિત્ર ગેર સમજૂતીઓમાં પિડાતા હતાં.

નસર બિન મુઝાહિમનું બયાન છે કે હાશિમ મિરકાલ અને કૂફાનાં કારીઓની એક જમાઅત દુશ્મન સામે જંગમાં મશગુલ હતી, તેવામાં એક ''ગસ્સાની'' જવાન મેદાનમાં આવ્યો અને ''રજઝ'' પઢીને (યુધ્ધ ગીતો ગાતો ગાતો) હઝરત અલી (અ.) પર લઅનત બોલવા લાગ્યો .... ! તેને હાશિમ મિરકાલે કહયું : ''ઓ જવાન ! ખુદાથી ડર ... ! અંતે ખુદાને તારે મોઢું બતાવવાનું છે ત્યાં તને દરેક વાતનો જવાબ દેવો પડશે. ....''

https://downloadshiabooks.com/

એ શખ્સે આ સાંભળી પાછા ફરીને જોયું અને બોલ્યો : ''હા, હા .. હું જરૂર તમારા લોકો સામે લડાઈ કરીશ. કારણ કે મને કહેવામાં આવ્યું છે કે તમારો સાહેબ નમાઝ નથી પઢતો અને તમે બધા પણ પઢતા નથી ...! હાશિમે તેને વાર્યો અને ઘણો સમજાવ્યો. પછી જયારે વાત એના ધ્યાનમાં ઉતરી ત્યારે એ પાછો ચાલ્યો ગયો.

કહેવાનો આશય એ જ છે કે હ. ઈમામ હુસૈન (અ.) ની તેહરીકની શરુઆતથી વીસેક વરસ અગાઉથી લોકો અમીરુલ મુમેનીન હઝરત અલી (અ.સ.) ની ફઝીલતો – મરતબાઓ વિષે આટઆટલી હદીસો હોવા છતાં તેમનાં દરજ્જાથી અજાણ હતાં. વીસેક વરસ પછી તો હાલત તદ્દન બદલાઈ ગઈ હતી. ભયંકર વિરોધી અને બળવાન પ્રચારથી પરિસ્થિતી એવી પલટાઈ ગઈ હતી કે નવી પેઢીને સાચી વાતની કશી માહિતિ જ નહીં હતી. ઈમામ હુસૈન (અ.) ને ફરમાવવું પડયું હતું કે જયારે ઉમ્મત પર યઝીદ જેવા શાસકો વર્ચસ્વ જમાવી લે તો પછી ઈસ્લામનો નો તો ખુદા જ હાફિઝ છે .... !

અને જે લોકો એમ કહે છે કે, ઈમામે આલી મુકામ (અ.) ને કૂફીઓએ દઅવત આપી હતી અને જયારે તેમને એવો અન્દેશો હતો કે કયાંક આ લોકો હરમમાં જ ઈમામને કતલ કરી નાંખે અને હરમની બેહુરમતી થાય, તેથી તેઓએ કુફીઓની દઅવત કબુલ કરી, અને ત્યાંથી જ તેઓએ તેમની તેહરીકની શરૂઆત કરી હતી .... જો કોઈ દઅવત આપતેનહીં અને આપ કદાચ આ ઈકદામ નહીં કરતે – પગલું લેતે નહી, તો તેનો અર્થ એવો થતે કે ખરૂ જોતાં કંઈ તેહરિક જેવું હતું જ નહીં, બલ્કે એક મજબૂરીનો ફેંસલો હતો.

આ સિલસિલામાં આપણો જવાબ એવો છે કે જો એ વાત સાચી છે, તો પછી ''મુસ્લિમ બિન અકીલ'' ની શહાદતની ખબર મળ્યા પછી તો યકીન થઈ ગયું હતું કે, ત્યાં (કુફા) માં કોઈ વફાદાર નથી – અને તેમની મદદ મળી શકે એવી કોઈ આશા નથી, તો પછી ત્યાંથી પાછા ફરીને તેઓ રણમાં કયાંક છુપાઈ કેમ ગયા નહી ? ત્યાં સુધી તે સમયે 'હૂર' નું લશ્કર પણ પહોંચ્યું નહીં ? અને એ

https://downloadshiabooks.com/

લશ્કર સાથે અથડામણ પછી પણ પાછા ફરી શકાતું હતું. ઈમામ તે લશ્કરનો સામનો પણ કરી શકતાં હતાં. તે ઉપરાંત તેઓએ પેલો આગ ઝરતો ખુત્બો કેમ ફરમાવ્યો, જેનો ઉતારો "તિબરી" વિગેરેએ પણ કર્યો છે. જેમાં આપે કહયું હતું કે, "જે શખ્સ ઝાલિમ બાદશાહને હરામ ચીજોને હલાલ કરતો જુએ અને અલ્લાહનાં કોલ કરનારને તોડતો જુએ તો ...." (છેવટ સુધી)

જો કુફા વાસીઓની દઅવત સ્વીકારવાનો જ સવાલ હતો તે પછી આપ મકકાથી રવાના થયા પહેલા, બસરાનાં પાંચ સરદારો, યઝીદ બિન મસઉદ નેહશલી માલિક બિન મસ્મઅ, અહનફ બિન કૈસ, મુન્ઝર બિન જારૂદ, અને મસ્ઊદ બિન ઉમરૂને કાગળો શા માટે લખ્યા ? અને તેમની પાસે મદદ શા માટે માંગી ?

લાગે છે એવું જ કે ઈમામ એવો ઈન્કિલાબી કદમ ઉઠાવવા ઈચ્છતાં હતાં કે જેનાં પડઘાં સમગ્ર ઈસ્લામી આલમમાં સંભળાય અને મગરૂર દુશ્મન પોતાની કામિયાબીનાં નશામાં ખુદ, પેગંમ્બરનાં 'એહલેબૈત' ને જુદા જુદા સ્થળો – શહેરોમાં ફેરવે. જેથી લોકો તે જુએ અને 'એહલેબૈત ' ની મઝલમીયત જગજાહેર જઈ જાય. કારણ કે વીસેક વર્ષ જેટલા સમયમાં સતત એકપક્ષી પ્રચાર – જુઠ્ઠા પ્રોપેગેન્ડાઓ પછી તેમને 'હકક' અને 'બાતિલ' માં સરખામણી કરવાની તક કયાં મળતે. રૂરે શામીઓએ તો કદાચ **"હસનૈન"** નાં નામો પણ માનથી આદરપુર્વક – અદબપુર્વક બોલાતાં સાંભળ્યાં નહી હોય. તેથી જ આમ જનતાને જાગૃત કરવા માટે, આ સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં હતો કે, હ. હુસૈન ઈબ્ને અલી (અ.) એ જ મિમ્બર પરથી (કે જે મિમ્બર પરથી હ. અલી ઈબ્ને અબીતાલિબ (અ.) વિરૂધ્ધ પ્રચાર કરવામાં આવતો હતો.) હઝરત અલી (અ.) નાં ફઝાઈલ અને મનાકિબ પ્રશંસાઓનું વર્ણન કરે અને શામનાં લોકોમાં યઝીદ વિરૂધ્ધ નાદ નજવવામાં આવે, જેથી પોતાનાં પિતા અને ભાઈની કતલ વિષેનાં કિસ્સા વર્ષો સુધી દરેક મહેફિલ અને દરેક મજલિસમાં મુળ વિષયરૂપે ચર્ચાતો રહે.

https://downloadshiabooks.com/

મસ્જિદની મેહરાબમાં જયારે અમીરૂલ મોમેનીન (અ.) ને શહીદ કરવામાં આવ્યા, ત્યારે શામનાં લોકોને અજાયબી થતી હતી., તેઓ કહેતાં હતાં કે, ''અચ્છા ! શું અલી પણ નમાઝ પઢતા હતાં ! ત્યારે જ તો મસ્જિદમાં આવ્યા હશે અને મેહરાબમાં માર્યા ગયા હશે !''

આવી હકીકત હતી છતાં બનવા જોગ છે કે કોઈ એવી દલીલ કરે કે હુસૈન (અ.) ને જો ખરેખર ચળવળ ચલાવવાનો વિચાર હતો, તો પછી તેઓએ આશૂરાને દિવસે એવું શા માટે કહયું કે, ''મને જવા દો. હું કોઈ અમ્નની જગ્યાએ ચાલ્યો જઈશ.''

અમે પણ એ સ્વીકારીએ છીએ કે આ વાત સાચી છે ''તિબરી'' માં એ પ્રકારની એ રિવાયત જરુર લખાએલી છે, પણ એનો અર્થ એવો થતો નથી કે, ઈમામ (અ.) એ એવું ફરમાવ્યું હતું કે પોતે ચળવળમાંથી પોતાનાં હાથ ઉંચકી લે છે અને હવે પછી તેઓ ''અમ્ર બિલ મઅરૂફ'' અને ''નહય અનિલ મુન્કર'' ની ચળવળ ચાલુ નહીં રાખે.

તેમનો મકસદ માત્ર એ જ હતો કે કુફીઓએ તેમને દઅવત આપીને બોલાવ્યા હતાં અને હવે તેઓ બધા ફરી ગયા હતાં. એટલે કે એ કુફીઓ જો તેમનાં લખેલા કાગળો અને કબુલ કરેલી વાતો પર પસ્તાતા હોય, તો ઈમામ પાછા ચાલ્યા જવા તૈયાર હતાં પણ એ અર્થમાં નહીં કે ઈમામ ચળવળ કરવાનું તજી દેવા ઈચ્છતા હતાં.

હવે રહી એ વાત કે તેઓએ જુદા જુદા લોકો પાસેથી મદદ શા માટે માંગી ? તો તેનું કારણ એ હતું કે જેઓની પાસે મદદ માટે માંગણી કરવામાં આવી હતી તેઓ મોટે ભાગે એવા ઈરાકીઓ હતાં કે જેઓ તેમનાં દેશમાં ખાસ લાગવગ ધરાવનારાઓ હતાં. પછી તેઓ મદદ કરવા હાજર થયા હોય કે ના થયા હોય, જેમ કે, જેઓ હાજર થયા, તેઓમાં ઝોહેર બિન કેન, ઝુહહાક વિગેરે હતાં, તેઓ ઈન્કિલાબની મશાલને જલતી રાખવામાં અસરપુર્ણ રહયા.

https://downloadshiabooks.com/

'ઝુહહાક 'મશરિકાએ તો આશૂરાનાં બનાવોને પોતાની સગી આંખે જોયા હતાં અને પછી કુફા ખાતે દરેક શખ્સ સામે તે બનાવોનું વર્ણન કરતાં રહયા હતાં.

આશૂરાનાં ઘણાં બધા બનાવોનો ઉલ્લેખ 'ઝુહહાક' દ્વારા જ થએલો છે, તેઓ ખરા અર્થમાં સંવાદદાતા હતાં. નહીં તો ઈમામ કે જેમને ચોકકસ યકીન હતું કે તેઓ મરવા માટે જઈ રહયા છે, તેમને કોઈ સાથેની અમૂક સમય માટેથી મિત્રતાથી શો લાભ થવાનો હતો ?

બીજા એક સાહેબ, ઉબૈદુલ્લાહ બિન હુર જઅફી હતાં. જેઓ સિફ્ફિનમાં મોઆવિયાની સાથે હતાં અને હ. ઉસ્માનનાં ખૂનનો બદલો માંગવામાં મોખરે પણ હતાં. તેઓ જો કે ઈમામની મદદ માટે આવ્યા નહીં અને પોતાની અશકિતનો એકરાર કર્યો. પણ જયારે કુફાથી અહલેબૈત શામ જવા માટે રવાના થયા, તો ઈબ્ને ઝિયાકે કૂફાનાં અશરાફોને એક એક કરીને બોલાવ્યા અને તેમનાં વિષે માહિતી મેળવવા માંડી, ત્યારે એ ઉબૈદુલ્લાહ બિન હુર દેખાયા નહી, થોડા દિવસ પછી કુફા આવ્યા ત્યારે ઈબ્ને ઝિયાદને મળ્યા, તેને ઈબ્ને ઝિયાદે પુછયું : "તમે કયાં હતાં ? તમે અમારી મદદ શા માટે કરી નહીં ?"

એમણે કહયું : હું બિમાર હતો.

ઈબ્ને ઝિયાદે પુછયું : તમારૂ દિલ બિમાર હતું કે જિસ્મ ?

તેઓએ કહયું : ના, દિલ તો બિમાર બિલકુલ નહીં હતું, હા, હું પોતે જરૂર બિમાર પડી ગયો હતો. થોડા જ દિવસમાં અલ્લાહે મને શિફા આપી .... !

ઈબ્ને ઝિયાદે કહયું : તું જુઠ્ઠ બોલે છે ! તુ અમારા દુશ્મનની સાથે હતો.

https://downloadshiabooks.com/

ઉબૈદુલ્લાહે કહયું : જો તમારા દુશ્મનની સાથે હું હતો, તો તેમને જાણ હશે જ, છુપી શકતો નહીં હતો.

રાવી કહે છે કે, ઉબૈદુલ્લાહ બિન હુર, ઈબ્ને ઝિયાદથી આંખ બચાવીને બહાર છટકી ગયા. હજી ઘોડા પર બેસવા જતાં હતાં ત્યાં તો ઈબ્ને ઝિયાદને તેમનો ખ્યાલ આવી ગયો અને પુછવા લાગ્યો : કયાં ગયો ઉબૈદુલ્લાહ ? બોલાવો એને .... !

માણસો તેને શોધવા બહાર નિકળ્યા અને કહયું કે, અમીર તમને બોલાવે છે, ચાલો તેમની પાસે.

ઉબૈદુલ્લાહે ઘોડાને એડી મારીને ભગાવતાં કહયું : અમીરને કહેજો કે હવે એની પાસે મારી ખુશીથી નહીં આવું.

ત્યાંથી નિકળીને ઉબૈદુલ્લા, અહમદ બિન ઝિયાદ તાઈના ઘરે આવ્યા. આ સ્થળે તેમનાં બીજા દોસ્તો - સાથીઓ એકત્ર થઈ ગયા અને બધા એકત્ર થઈ કરબલા જઈ પહોંચ્યા. ત્યાં તેઓએ શહીદોની કબરોની ઝિયારત કરી અને સૌએ રંજ - ગમ  જાહેર કર્યો. ઈમામ માટે ‘મરસિયા’ રૂપે કેટલાંક અશઆર પણ કહયા. કદાચ તેઓ જ પહેલા શખ્સ હતાં કે જેઓ ઈમામની કબરની જીયારતે ગયા અને મરસિયો પણ પઢયો. પછી તે જ ઉબૈદુલ્લાહ, ‘મુખ્તાર’ ની સાથે ઈમામનાં ખુનનાં બદલા માટે નિકળ્યા અને છેવટ સુધી શાશકોનો ઉગ્રતાથી વિરોધ કર્યો.

તેમનાં વિષે લખતાં સાહેબે રિજાલે નજાશીએ તેમની ગણના ‘સલફે સાલેહીન’ (પાછળ રહી જનારા નેક લોકો) માં કરી છે અને તેમનાં વિષે લખ્યું છે કે તેઓએ એક કિતાબમાં અમીરૂલ મોમેનીન (અ.) નાં ખુત્બાઓને એકત્ર કર્યા હતાં.

https://downloadshiabooks.com/

ઝોહૈર બિન કૌન, અગાઉ જેમનું નામ આવી ગયું છે અને ઈમામે જેમની પાસે મદદ માંગી હતી, તેઓ કૂફાનાં શરીફ લોકોમાં ગણાતા હતાં અને પોતાનાં કબીલા પર તેમનો પ્રભાવ હતો, જો કે તેઓ પણ 'સિફ્ફીન' નાં જંગમાં હ. ઉસમાનનો કિકાસ માંગનારાઓમાં હતાં અને કૂફા ખાતે હકુમતનાં તરફદારોમાં હતાં, પણ જયારે તેઓ પાછળથી ઈમામ સાથે જઈને મળી ગયા, તો બીજાઓ પર તેની ઘણી સારી અસર પડી હતી, તદુપરાંત, તેમનાં માર્યા જવાથી કુફાનાં અનેક કબીલાઓને આઘાત પહોંચ્યો હતો અને તેનાં પરિણામે લોકોએ હકુમતની હિમાયત કરવામાં પોતાનાં હાથ પાછા ખેંચ્યા હતાં અને ઈન્તકામ લેવા માટેની તકની રાહ જોઈ રહયા.

ઝોહૈર બિન કૌન ની કતલથી તેનો જ કબીલો ''સજૈલીયહ'' માત્ર નહીં, પણ તેની સાથે જોડાયેલા બીજા કબીલાઓનાં લોકોને પણ આઘાત પહોંચ્યો હતો. બલ્કે કુફા અને બશરા ખાતેનાં કેટલા લોકો ઈમામની સાથે માર્યા ગયા, તેઓનાં કારણે મોટા ભાગનાં કબીલાઓને આઘાત પહોંચ્યો હતો, કારણ કે તે બધા શરીફ લોકોમાં ગણાતા હતાં. તેમનાં મૌતથી બન્ને શહેરોનાં મોટા ભાગનાં કબીલાઓ ગમગીન થઈ ગયા, તેઓએ શોક પાળ્યો અને એવાઓનું ખૂન હકુમતને ઘણું મોંઘું પડી ગયું – તે જ દિવસથી કૂફાનાં શિયાઓની સરગર્મી શરૂ થઈ ગઈ, તેઓએ એક ખાનગી પાર્ટી બનાવી લીધી. રોજ રાત્રે તેઓ કોઈ એકાદનાં ઘરમાં ભેગા થઈને શહીદોને યાદ કરતાં અને રૂદન કરતાં. એ લોકો હકુમતનાં વિરુધ્ધમાં હુસૈન (અ.) નાં ખૂનનો બદલો લેવાનો 'અહદ' લેતાં, દિવસે દિવસે તેમની સંખ્યા વધવા લાગી અને ઈરાકને રાજકીય પરિસ્થિતી ખતરનાક થવા માંડી. તે એટલે સુધી કે ત્રણ વર્ષ પછી યઝીદ જયારે હલાક થયો, તો એ ચળવળ ઉઘાડી રીતે લોકોની આંખો સામે આવી ગઈ.

કુફાનાં માટે જે આમિલ હતો, ઉમરૂ બિન હરીસ, તેને ગિરફતાર કરીને બહાર કાઢી મૂકવામાં આવ્યો, લોકોએ કૂફાની મસ્જિદમાં એક સભા બોલાવી, જેમાં બધા જ કબીલાઓનાં સરદારોએ ભાગ લીધો અને આરઝી હકૂમત માટે અમુક લોકોનાં નામો સૂચવવામાં આવ્યા. જેમાંનું એક નામ 'તિબરો' નાં કથન

https://downloadshiabooks.com/

અનુસાર **"ઉમરૂ બિન સઈદ"** અથવા તો "કમકામ" નાં લેખક હાજી ફરહાદનાં લખ્યા મુજબ, તેનું નામ **"ઉમર બિન સાદ"** હતું. (ઘણું કરીને આ બીજું નામ જ સાચું છે, તિબરીની શરતચૂક થઈ છે અથવા 'કિતાબત' (લેખન) ની ભૂલ છે. કારણ કે, "ઉમરૂ બિન સઈદ" નામનો કોઈ શખ્સ સૈયદુસ્શોહદા (અ.) ની કતલમાં સાથે નહીં હતો.) એનું નામ સાંભળીને હમદાન કબીલની ઓરતો બહાર નિકળી પડી અને માતમ, રડારોળનાં અવાજો સંભળાયા. તે પછી 'રબીઆ' કબીલો અને 'કેહલાન'ની ઓરતો પણ તેમની સાથે સામેલ થઈ ગઈ, પુરૂષો ખુલ્લી તલવારો સાથે તેમની આસપાસ પહેરો ભરતાં હતાં. ઓરતો મિમ્બરની આસપાસ એકત્ર થઈને રડારોળ કરવા લાગી અને કહેવા લાગી કે શું એ પુરતું નહીં હતું કે, ફાતેમા ઝેહરા (અ.) ના લાલને ઉમર બિન સઅદે કતલ કરી નાંખ્યાં ! હવે એવો માણસ અમારે માથે સવાર થઈને અમારો અમીર બનવા ઈચ્છે છે ? એવાને અમે શું સરદાર બનાવીશું ! ! ?

કુફામાં એ ખાતૂનોએ સૈયેદુસ્શોહદા (અ.) પરની મુસિબતોની યાદને તાઝી કરી. તે અગાઉ કુફાની જામેઅ મસ્જિદમાં કરબલાનાં શહીદોની યાદમાં 'મજલીસે અઝા' યોજવામાં આવી ન હતી.

બસરામા પણ કુફાની જેમ ધાંધલ શરુ થઈ ગઈ. દરેક જગ્યાએથી "ઈબ્ને ઝિયાદ" નો વિરોધ શરૂ થઈ ગયો અને તેને વેશ બદલીને શામ તરફ ભાગી જવું પડયું.

મકકામાં અબ્દુલ્લાહ બિન ઝુબેરે પોતાનાં માટે 'બયઅત' લેવાનું શરૂ કરી દીધું.

શામમાં એવા વિચિત્ર પરિવર્તનો થયા કે અમીર મોઆવિયાએ કરેલી બધી મહેનત પર પાણી ફરી વળ્યુ. પોતાનાં ખાનદાનમાં ખિલાફત ટકી રહે, તે માટેનાં તેમનાં પ્રયાસો થતાં, ત્રણ ચાર વર્ષની મનહૂસ યઝીદી હકૂમત પછી, 'અબી

https://downloadshiabooks.com/

સુફિયાન' નાં કુટુંબમાંથી કોઈને પણ ખિલાફતની ગાદી પર બેસવાનું નસીબ થયું નહીં !

હવે આપણે એ વાત પર આવીએ કે ઈમામે પોતાનાં સાથીદારોને ચાલ્યા જવાની પરવાનગી શા માટે આપી ? અને તે માટે આગ્રહ શા માટે કર્યો ?

આ વાત સ્પષ્ટ છે કે કોઈ એવો શખ્સ કે જે દુનિયાની લાલચમાં આવીને તેમની સાથે ગયો હોય, તેને ઈમામ ભૂલથાપમાં રાખવા ઈચ્છતાં ન હતાં.

આ બાબત જરૂરી હતી કે જે લોકો ઈમામે સાથે જઈ રહયા હતાં તેઓ તેમની સાથે પોતાનાં જાન દેવા તૈયાર હોવા જોઈએ. તેઓ પોતાનાં અકીદાઓ ઉપર મજબૂત હોવા જોઈએ. જે કંઈ કરે તે નિસ્વાર્થ પણે સચ્ચાઈને દ્રષ્ટિ સામે રાખીને કરે, કોઈ પર કશી ઝબરદસ્તી કરવી નહીં જોઈએ. એ પણ ઈસ્લામની એક વિશિષ્ઠતા છે. - ખુસુસિયત છે. ઈસ્લામનાં બધા સૈનિકો બેદાર અને હોંશિયાર હોય છે, તેઓ જાણતા હોય છે કે તેઓ શું કરી રહયા છે. તેઓ જાણે છે કે હકક અને બાતિલ માં સત્ય અને અસત્યમાં શો તફાવત છે, જુઠ્ઠા દાવેદારો પોતાનાં મુરીદોને સરળતાથી છોડી દેવા તૈયાર હોતાં નથી. તેમનાં કોઈ મુરીદને કોઈપણ ભોગે ચાલ્યો જવા દેતાં નથી. પણ હકકનાં અધિકારીઓ, સચ્ચાઈનાં રક્ષકોને નિ:સ્વાર્થ પ્રાણાર્પણ કરનારા સચ્ચાઈને માટે કુરબાન થનારાઓની જ જરૂર હોય છે, તેમાં પણ તેઓ કદી કોઈ બળજબરી નથી કરતાં, તેઓ તો લોકોને પરવાનગી આપતા હોય છે કે બધા લોકો પોત પોતાની મરજી મુજબ જે રસ્તો લેવા ઈચ્છતા હોય, તે રસ્તો લઈ લે. અલ્લાહવાળાઓ લોકોને માત્ર રસ્તો જ બતાવી દેતાં હોય છે કે આ ભલાઈનો રસ્તો છે અને પેલો બુરાઈનો રસ્તો છે. સત્યને સાચવવા પ્રાણ અર્પણ કરવા પડે છે.

● ● ● ●

https://downloadshiabooks.com/

આ મુસાફરીથી સૈયેદુસ્શોહદાનો મકસદ કંઈ રીયાસત કે સલ્તનત પ્રાપ્ત કરવાનો ન હતો.

બીજું કોઈ હોતે તો એમ જ ઈચ્છત કે તેમની સાથે જે આવેલા છે તેમને ગંમે તે બહાને પોતાની જ સાથે રાખવા જોઈએ. કોઈને પાછા જવા દેવા નહીં જોઈએ.

પરંતું ઈમામે તો સ્પષ્ટ રીતે આ શબ્દોમાં ફરમાવી દીધું હતું કે :-

"મારા મત અનુસાર આવતી કાલે જ હવે દુશ્મન સાથે યુદ્ધ શરૂ થઈ જશે, હું મારી "બયઅત" ની પાબંદી, તમો સૌ પરથી ઉપાડી લઉ છું. તમે બધા છૂટા છો, સ્વતંત્ર છો. મારી તરફથી તમો સૌને સંપૂર્ણ પરવાનગી છે, સંમત્તિ છે કે રાતનાં અંધકારનો લાભ લઈને તમે, તમારામાંથી જે કોઈને ચાલ્યા જવું હોય, તે ચાલ્યા જઈ શકે છે."

પરંતું ઈમામનાં સાથીદારો અને "બની હાશિમ" નાં કુટુંબીજનોએ પણ કેવો સરસ જવાબ આપ્યો ! લગભગ એ બધાઓએ એકી અવાજે કહયું –

"એ અલ્લાહનો શુક્ર છે કે જે અલ્લાહે આપના સથવારામાં, આપના સાન્નિધ્યમાં – શહાદતનું શરફ – સ્વાર્પણ માટેનું માન અર્પણ કર્યુ છે. જો એમ માની પણ લેવામાં આવે કે દુનિયા હંમેશ માટે રહેવાની છે, એમ માની લેવામાં આવે કે આ દુનિયા અમર છે, તો પણ એવી રીતે રહેવા કરતાં આપની સાથે રહીને મરવાનું જ અમે વધુ પસંદ કરતે."

ઈમામ જાણતા હતાં કે સાથીદારોને માહિતગાર કરી દેવામાં આવે, તેમની કસોટી પણ કરી દેવામાં આવે, સાથીઓ પર હુજ્જત પુરી કરી દેવામાં આવે, જેથી ખબર પડી જાય કે કોણ રાજીખુશીથી સાથ આપે છે અને કોણ નારાજગીથી

https://downloadshiabooks.com/

અથવા મજબૂરીથી. જેથી કાલે કોઈને કશો પસ્તાવો કરવા જેવું રહે નહીં, કોઈને એવું કહેવાનો સમય આવે નહીં કે પોતે ફસાઈ ગયો કે પછી દુશ્મનની સામે કમજોરી – નિર્બળતા પણ બતાવે નહીં, તે ઉપરાંત દુશ્મનને પણ એવું કહેવાનો વખત આવે નહીં કે હુસૈન ઈબ્ને અલી એ ''રિયાસત અને દુનિયાદારીની લાલચ માંટે પોતાનાં સાથીદારોને ધોકો આપ્યો !''

એ જ કારણે તેઓએ વધુ સ્પષ્ટપણે ફરીથી સાથીદારોને કહયું હતું કે :-

''તમે લોકો પોત પોતાના ગામો-શહેરોમાં ચાલ્યા જાવ. શત્રુઓતો ફકત મારા પર જ કાબૂ મેળવવા માંગે છે, અને મારા પર જો કાબૂ મેળવી લેશે, તો પછી તમને બીજા કોઈની ગરજ નથી.''

ઈમામે, સાથીઓને એવું પણ ફરમાવ્યું કે - ''સારો રસ્તો કે ખરાબ રસ્તો જે કોઈ રસ્તો લોકો પસંદ કરે, તે સમજી વિચારીને પસંદ કરી લે !''

મતલબ કે ઈમામે જે કંઈ કાર્ય કર્યુ તે એવું હતું કે, તેમની કુરબાની દુનિયાનાં અંત સુધી ઈસ્લામના ફેલાવા અને પ્રચારનું માધ્યમ બની શકે. તેમની કબર, તેમનો મઝાર, ઝુલ્મ અને સિતમની દરેક વ્યવસ્થિત કોશિશ માટે એક સ્થાયી ખતરારૂપ બની રહે.

''બની ઉમૈયા'' અને ''બની અબ્બાસ'' ની હંમેશા એક કોશિશ રહી હતી કે લોકોને હઝરત સૈયેદુસ્શોહદા (અ.) ની ઝિયારત કરવાથી દૂર રાખવામાં આવે – તેથી એ લોકોએ આ ઉદ્દેશનાં ખાતર રોઝાની આસપાસ ચોકીઓ અને કિલ્લાઓ કાયમ કર્યા અને હથિયારબંધ સૈનિકો ગોઠવી દીધા. તકેદારી એટલી સખ્ત હતી કે ભાગ્યે જ કોઈ ઝવ્વાર બચીને નિકળી શકે. મોટે ભાગે ઝિયારત માટે જનારને ત્રાસ આપવામાં આવતો, ઈજાઓ પહોંચાડવામાં આવતી અને મારી નાંખવામાં પણ આવતાં.

https://downloadshiabooks.com/

ખલીફાઓ તરફથી જેટલું દબાણ વધતું જતું, તેટલું જ લોકોને વધુ ઉત્સાહિત કરતું અને ઉશ્કેરતું અને જેમ ઘર્ષણ થતું વધતું જતું – તેમ વ્યવસ્થાપકોની પરેશાનીઓ મુંઝવણો વધતી જતી અને વધુ સખ્ત ચોકી પહેરો રાખવામાં આવતો, આ અંગે કેટલાયનાં હાથોને કાપી નાંખવામાં આવ્યા હતાં અને કેટલાંય માથાઓને જિસ્મથી જુદા કરી નાંખવામાં આવ્યા હતાં. કેટલાંયનાં અંગે અંગનાં કટકા કરી નાંખવામાં આવ્યા હતાં પણ તેનું પરિણામ કશું જ આવી શકયું નહી.

છેવટે અબ્બાસી યુગમાં અનેક વખત હુસૈન બિન અલી (અ.સ.) ની કબ્રને વેરાન કરી નાંખવામાં આવી, ત્યાં પાણી વહવી દેવામાં આવ્યું અને હળ પણ ચલાવી દેવામાં આવ્યા, પણ તે પછી હકુમત તરફથી જરાક ઢીલાશ થતાં કે તે પ્રત્યે ધ્યાન નહીં આપતાં, લોકો તરફથી તે જગ્યાની મરમ્મત કરી લેતાં, ત્યાં નવી ઈમારત ઉભી કરાવી દેતાં અને તે જગ્યાની નિશાની કાયમ રાખતાં.

રોઝ-એ-મુતહહરાના ઈતિહાસનાં અવલોકન પરથી જણાય છે કે રોઝાને તોડી પાડવાનો હુકમ તેને ખેદાન – મેદાન કરી દેવાનો હુકમ કોણે અને કયારે આપ્યો હતો, પણ જાણવા નથી મળતું કે ફરીથી રોઝા ચણવાનું કામ કોણે કર્યુ હતું અને ખર્ચ કોણે આપ્યો હતો, તે ઉપરથી જ લોકોની જાંનિસારી અને નિખાલસતાનો અંદાજ થઈ શકે છે.

હઝરત ઈમામ હુસૈન (અ.) ની ઝિયારત લોકો કરે નહીં, ઝિયારતથી લોકોને રોકવા માટેનું કારણ તે સિવાય બીજું શું હોઈ શકે છે કે ઝાલીમ હકુમતો પોતાના અસ્તિત્વ માટે પોતાની સિયાસત માટે તેને જોખમરૂપ સમજતાં હતાં. ઈમામની કબ્ર પર હુસયનીઓનાં મિલનને તેઓ પોતાની અશક્તિ – નિષ્ફળતાને પોતનાં વિનાશરૂપ લેખતા હતાં.

ઈમામ હુસૈન (અ.) ઝિયારત કરનારો સારી રીતે જાણે છે કે હુસૈન (અ.) અદાલતની રાહ, ન્યાયનાં માર્ગનાં શહીદ છે. હુસૈન (અ.) એ ઝૂલ્મ-સિતમને

https://downloadshiabooks.com/

રોકવા માટે પોતાનાં પ્રાણ આપ્યા છે. 'અમ્ર બિલ મઅરૂફ' અને 'નહય અનિલ મુન્કર' ને માટે તેઓએ માથું કપાવ્યું છે. તેઓએ મરવાનું માન્ય રાખ્યું, પણ અન્યાયી ઝુલ્મ કરનાર હકુમતને સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તેઓએ ક્રુરતા અને ઘાતકીપણાનો સામી છાતીએ મર્દાઈપુર્વક મુકાબલો કર્યો અને તે કારણે કોઈપણ ખલીફો સહન કરવા તૈયાર નહીં હતો કે, હુસૈન ઈબ્ને અલી (અ.) તરફ કોઈ પણ શખ્સ ધ્યાન આપે. હુસૈન (અ.) ની ઝિયારત કરે, તેમની અઝાદારી માટે જાનની બાઝી ખેલે - પ્રાણને હોડમાં મૂકે !

હકુમત તરફથી કડક ચોકી પહેરો હોવા છતાં, રાતના અંધારાનો લાભ લઈને પણ લોકો હુસૈન (અ.) નાં રોઝા પર પહોંચી જતાં અને દિવસ ઉગતાં જ નજીકનાં સ્થળો નયનવા, ગાઝરિયા કે જે કરબલા પાસે આવેલા છે, ત્યાં ભાગી જતાં.

નીચે આપવામાં આવેલા બનાવો પરથી અમારા કથનને ટેકો મળી રહે છે.

"અબુલ ફરજ અસરૂહાની" એ પોતાની કિતાબ "મુકાતિલુત તાલેબિન" માં એક શખ્સ મોહમ્મદ બિન હુસૈન અશનાનીથી રિવાયત કરેલી છે કે :-

".... હું ડરને લીધે હુસૈન બિન અલી (અ.) ની ઝીયારત કરવાથી મેહરૂમ હતો, છેવટે મેં નકકી કર્યુ કે ગંમે તે થઈ જાય. હું જીયારત માટે જરૂર જઈશ". હું અને એક અત્તરવાળો, અમે બન્ને જવા માટે તૈયાર થઈ ઝિયારત કરવા નિકળ્યા. અમે દિવસમાં સમયે છુપીને રહેતા હતાં અને રાતભર ચાલ ચાલ કર્યા કરતાં, ત્યાં સુધી કે અમે 'ગાઝરિયા' નામનાં સ્થળે, કરબલાની નજીક પહોંચ્યા.

રાતને સમયે જયારે ચોકીદારો સુતેલા હતાં ત્યારે અમે જીવનાં જોખમે, જેમ તેમ કરી 'અબુ અબ્દુલ્લાહ' ની કબ્રે પાક સુધી ધીરે ધીરે જઈ પહોંચ્યા. ખુબ શોધ કર્યા પછી કબર મળી, કબરનું તાવીઝ એક તરફ ભાંગેલું પડેલું હતું. તેની ચારે બાજુ ઠેર ઠેર પાણી ભરાએલું હતું. અમૂક ભાગમાં ઝમીન નરમ થઈને નીચે ધસી

https://downloadshiabooks.com/

ગયેલી હતી અને આસપાસ, ઠેરઠેર ખાડાં હતાં. પવિત્ર કબરની પાસે જયારે મહેક ખુશ્બુ સુંઘવા મળી, ત્યારે મેં મારા સાથીદાર અત્તરવાળાને પુછયું – તેં અત્યારે અત્તર કાઢયું છે ? એણે જવાબ આપ્યો - ખુદાની સોગંદ, મારી પાસે અત્યારે કોઈ અત્તર છે જ નહીં ! અમે કબ્રની એ ખુશ્બુથી અમારા શ્વાસોને સુવાસિત કર્યા. મારા સાથીએ કહયું - ‘‘વલ્લાહ એવી ખુશ્બુ હજી સુધી આ અગાઉ મને સુંઘવા પણ મળી નથી.’’ છેવટે કબર પાસેથી રૂખસત થતાં સમયે અમે ઠેર ઠેર કેટલીક નિશાનીઓ મૂકતાં મૂકતાં બહાર નિકળ્યા. જયારે, તે વખતનો ખલીફો ‘મોતવક્કિલ’ માર્યો ગયો, ત્યારે અમે અને ‘‘અબીતાલિબ’’ ના કુટુંબનાં અમૂક સભ્યો કબર શરીફ પર ગયા અને પરસ્પરની મદદથી ફરીથી અગાઉ જેવી કબર બનાવી દીધી.

આ બનાવ પરથી જાણવા મળે છે કે લોકોને ઝિયારત માટે કેટલી ઉત્કંઠા હતી.

હુસૈન (અ.) ને હકક અને બાતિલનાં આ તફાવતના ધોરણરૂપ લેખવામાં આવતાં હતાં.

હુસૈન (અ.) નો જેઓ વિરોધ કરતાં હતાં, પછી તે ગંમે તે પ્રકારનો હોય, અઝાદારી અને ઝિયારતથી રોકવા માટેનો જ કેમ ના હોય, તેને બાતિલ માનવામાં આવતું.

આ વાત પણ ભૂલવા જેવી નથી કે ‘‘સૈયેદુસ્શોહદા’’ પછી હઝરાત અઈમ્માએ હુસૈની કબ્રની ઝિયારત માટે ઘણી ‘તરગીબ’ આપી છે – ઉત્તેજન આપ્યું છે.

**રિવાયતોથી જાણવા મળે છે કે અઈમ્માએ અતહારે (અ.મુ.સ.) સૈય્યેદુસ્શોહાદ (અ.) ની ઝિયારતને,ઈસ્લામનો એક અગત્યનો અંશ કલ્પતા હતાં. હજજની મુસાફરીએ જવા માટે જાનનો ડર નહીં હોવો જોઈએ, એવી અગત્યની શરત છે. લગભગ બધા જ આલિમોએ એવો જ ફતવો આપ્યો છે, પણ**

https://downloadshiabooks.com/

**હુસૈન (અ.) ની ઝિયારતનાં વિષયમાં અઈમ્મા (અ.મુ.સ.) એ કહયું છે કે, જેટલો વધુ ડર હોય, દુશ્મન તરફથી જેટલી વધુ મનાઈ હોય, ઝિયારતનો એટલો જ વધારે સવાબ છે.**

હવે એવું તો નથી થઈ શકતું કે હજજની આટલી બધી અઝમત છતાં જાન જવાની બીકે હજજ કરવા જવાય નહીં અને કરબલાની ઝિયારતની તે સમયે પણ તાકીદ કરવામાં આવે કે જયારે મરી જવાનો નેવું ટકા સુધીનો ડર હોય. એનો અર્થ એવો થાય છે કે એવા મૌકાઓ પર બૈતુલ્લાહની હજજનું કાયમ રહેવું એ હુસૈન બિન અલી (અ.) ની ઝિયારત સાથે સંમિલિત છે – ડર રાખ્યા વિના હજજ કરવી જોઈએ. તેમ ઝિયારતે હુસૈન પણ નિડરતાથી કરવી જોઈએ, આ રિવાયતો માંથી આ અર્થ સિવાય, બીજો શો અર્થ નિકળી શકે એમ છે.

રસૂલે ખુદા (સ.) થી મશહુર રિવાયત છે કે આપે ફરમાવ્યું હતું કે –

**''હુસૈતુમ મિન્ની વ અના મિનલ હુસૈન ...''**

(હુસૈન મારા થી છે અને હું હુસૈનથી છું.)

આનો અર્થ એટલો જ માત્ર નથી કે, હુસૈન મારા જિસ્મનાં ટુકડા છે ... કેમ કે દરેક બચ્ચું પોતાના નાના – દાદાનાં જિગરનો ટુકડો હોય જ છે.

માની લઈએ કે આ વાકયનાં પહેલાં ભાગનો એ જ સામાન્ય અર્થ લઈએ, (હુસૈન મારાથી છે) તો, પછી બીજા ભાગનો કે, ''હું હુસૈનથી છું.'' એનો શો અર્થ થશે ?

આથી જ એ હદીસનો સાચો અર્થ એ જ છે કે રસૂલે ખુદા (સ.) એ ફરમાવ્યું :-

''હુસૈનનું અસ્તિત્વ મારાથી છે અને મારા દીનની હયાતી હુસૈનથી છે.''

https://downloadshiabooks.com/

સય્યૈદુસ્શોહદા (અ.) ની શહાદત પછી ‘‘અલવીઓ’’, ‘‘બની ઉમૈયા’’ અને ‘‘બની અબ્બાસ’’ વિરૂધ્ધ જેટલી લડાઈઓ લડયા. તેમાંની મોટાભાગની લડાઈઓમાં અલવીઓનો ના’રો હુસૈન (અ.) ના ખુનનો બદલો જ હતો.

અલવીઓ મોટે ભાગે પવિત્ર કબ્ર પાસે ભેગા થઈને એકબીજાથી બયઅત લેતાં હતાં, તે જ કારણે ખલીફાઓ એ હઝરતની તુરબતથી ડરતાં રહેતાં હતાં, અને તેમનાં ઝુલ્મ-સિતમવાળા દિવાનખાનાઓમાં, ધ્રુજારીઓ ચાલુ રહેતી. જો એવી બાબત નહીં હોતે, તો પછી ઝિયારત પર પાબંદી લગાડવાની શી જરૂર હતી ?

‘‘બની ઉમૈયા’’ આ હઝરત (સ.) પછી સિત્તેર વર્ષ સુધી સત્તા પર રહયા. આ પુરા સમય દરમ્યાન, તેમનાં આલિમો, ઓધ્ધેદારો, ઝિયારત માટે વિરોધ – અવરોધ કરતાં રહયા હતાં.

બનવા જોગ છે કે એવું કહેવામાં આવ્યું કે ‘‘ઉમવી’’ વ્યવસ્થાપકોએ હુસૈયનને કતલ કર્યા હતાં. તેથી હુસૈનની ઝિયારત, ઉમવીઓ માટે રૂસ્વાઈ અને શરમનાં કારણરૂપ હતી.’’ અમે કહીશું કે એ સાચી વાત છે, પણ ‘‘બની અબ્બાસ’’ પોતે તો ગુનેગારો નહી હતાં, તેઓ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરવામાં આવે, તેઓ એટલો બધો વિરોધ શા માટે કરતાં હતાં ? વધુમાં વધુ સખ્તાઈ તો ‘‘બની અબ્બાસે’’ જ કરી હતી તે અંગે લોકોનાં હાથ કાપ્યા હતાં અને ગરદનો પણ ઉડાવી દીધી હતી.

બની ઉમૈયાને તો સત્તર વર્ષોમાં પણ એવી હિમ્મત થઈ નહીં હતી, પણ બની અબ્બાસે પવિત્ર કબ્રને વેરાન કરવામાં, ત્યાં પાણી નાંખવા અને હળ ફેરવવામાં કોઈ કચાશ નહીં રાખી. એવું શા માટે ? તે એટલા માટે જ કે તેઓ હુસૈન (અ.) ની લાશથી પણ ડરતા રહેતા હતાં – તેઓ સારી રીતે જાણતાં હતાં

https://downloadshiabooks.com/

કે આશૂરાનાં શહીદોની તૂરબતમાંથી, બાહોશ ઝિયારત કરનારાઓનાં કાનોમાં સ્પષ્ટ રીતે એવો અવાજ આવે છે કે :-

“... હે પસાર થનારાઓ ! અમારા સહવિચારવાળાઓ સુધી આ પયગામ પહોંચાડજો કે અમારા ટુકડે ટુકડા એટલા માટે કરવામાં આવ્યા હતાં કે અમે ઝુલ્મ કરનાર હકુમતનો સામનો કર્યો, અમને અન્યાયી ક્રુર વ્યવસ્થાપકોએ ખુનમાં નવડાવ્યા ... અમે સમયનાં હાકેમોને તેમનાં અપકૃત્યો, ખોટા કામોથી રોકવાની કોશીશ કરી, તો અમારા ટુકડે ટુકડા કરી નાંખવામાં આવ્યા .... અમારા જિસ્મોને ઘોડાઓનાં પગો તળે છુંદાવી નાંખવામાં આવ્યા .... પણ અમે સામનો કરતાં જ રહયા અમે કીન્નાખોર દુશ્મનને ઈન્સાનિયતની દુનિયામાં રૂસ્વા કરી નાંખ્યો અને ઈસ્લામી કાનૂનની હિફાજતને જાનનિસારી અને ફિદાકારીનો એક અનોખો દરવાજો, દુનિયાવાળાઓ માટે ખોલી નાંખ્યો.... ! ઓ, આવનારાઓ, અને ઓ પસાર થનારાઓ ... ! હવે તમારા પોતાનાં દીનની કદ્રને જાણો. તમારા પોતાના મઝહબને પાણીનાં ભાવે વેચી નાંખો નહીં. તેની હિફાઝત કરવા અને તેની હિમાયત કરવા અમારા જેવા લાખો ઈન્સાનોનું લોહી વહેલું છે. શહિદોનાં લોહીની અમાન્યા રાખો, તેમનાં ખુનનો એહતરામ કરો. પોતાના દીનની અઝમતને સમજો અને દીનદારીમાં ગફલત ના કરો. ..

ઝિયારત કરવાનો મતલબ એ જ છે કે ઝાએર સમજે કે તે કોની ઝિયારત કરી રહયો છે ? તેનું મુકામ શું છે ? તેનો પૈગામ શું છે ? અને શા માટે આ દરજ્જે પહોંચ્યો છે ... !

હવે આપણે અબુ અબ્દુલ્લાહ અલ-હુસૈન (અ.) ની ચળવળનાં ઈતિહાસ પર કે જે ઈસ્લામનાં ઈતિહાસનું ઝળહળતું પ્રકરણ છે, તેના પર એક નઝર નાંખીએ અને એક વર્ષથી પણ ઓછા સમયમાં જે બનાવો બન્યા હતાં. તેને ટુંકમાં વર્ણવીએ.

https://downloadshiabooks.com/

ઈસ્લામી અને બિન ઈસ્લામી ઈતિહાસનાં દરેક પ્રકરણમાં એવા ફેરફાર થતાં રહયા છે અને થાય છે કે જેનાથી ઐતિહાસિક બનાવોનું સ્વરૂપ જ બદલાઈ જતું હોય છે અને હવે પછી આવનારા સંશોધકો માટે સંશોધનનું કાર્ય પણ અઘરૂ થઈ જાય છે, કયારેક એ ફેરફાર જોશીલા પક્ષપાતિઓ તરફથી થઈ જાય છે અને કયારેક કિનાખોર વિરોધીઓ તરફથી જે કરવામાં આવે છે. ઈતિહાસનું કયું એવું પાનું છે, જે એવા હસ્તક્ષેપથી બચેલું હોય અને ખિયાનત કરનારા હાથોને તેનાં ચહેરાને વિકૃત કરી નાંખ્યો ન હોય.

એક માત્ર અબુ અબ્દુલ્લાહ અલ-હુસૈન (અ.) ની ચળવળનાં ઈતિહાસ વિષે એમ કહી શકાય છે કે કોઈ બદ-બાતિન દુશ્મનને તેમાં ફેરફાર કરવાનો મોકો નથી મળ્યો.

આ ચળવળ એટલી સ્પષ્ટ, ખુલ્લી અને ટીકા કરી નહીં શકાય એવી રહી છે કે તેમનાં વાલિદ અલી (અ.) અને તેમનાં ભાઈ હસન (અ.) નાં દુશ્મનોને પણ તેમની સામે માથું ઝુકાવવું પડયું અને દિલોજાનથી દાદ આપવી પડી.

જે પરિસ્થિતિઓમાં આ ચળવળની શરૂઆત થઈ અને તે સમયે ઈસ્લામી હુકુમતની જે હાલત હતી, તેણે આ ચળવળની જરૂરિયાતને સમજવામાં મદદ કરી છે. જે કોઈએ પણ આ ચળવળ અંગે કંઈ લખ્યું છે, કલમ ઉપાડી છે તેઓએ આ ચળવળનાં રહેનુમાઓની અઝમત, બુઝૂર્ગી, બહાદુરી, સચ્ચાઈ, સ્પષ્ટ વકતવ્ય, મર્દાનગી , સ્વાતંત્ર્ય, હુર્રિયતપસંદીનો સ્વીકાર કર્યો છે. પરંતુ સખ્ત અફસોસની વાત છે કે, જાહિલ તરફદારો, અને જરૂર કરતાં વધુ પુરજોશ દોસ્તો તરફથી ઘણી પાયા વિનાની કઢંગા, ધડમાથા વિનાનાં કિસ્સા, ગુમરાહ કરનાર જુઠ્ઠાણા વિગેરે પણ આ ચળવળ બાબતનાં લખાણો અને વકતવ્યોમાં શામેલ થઈ ગયા છે.

કરબલાનાં ઈતિહાસને દરેક પ્રકારનાં જુઠ્ઠાણાં, કિસ્સા-કહાણી, ધડમાથા વિનાની વાતોથી દૂર અને પવિત્ર રાખવો, એ શહીદોનાં સરદારની મુકદ્દસ બારગાહમાં એક મહાન ખિદમત છે... પરંતુ આવા કાર્યને પાર પાડવાની

https://downloadshiabooks.com/

શકયતા આમ જનતા અને આછકલાઓથી રાખી શકાય એમ નથી... કારણ કે આ મુસિબત ખુદ એવાઓ ધ્વારા જ લાવવામાં આવી છે. એવા જ લોકો આ મુકદ્દસ ઈન્કિલાબની વિરૂધ્ધ કામ કરે છે, અને એવું માનતા હોય છે કે હકકને બાતિલ દ્વારા અને સચ્ચાઈને જુઠ્ઠાણા દ્વારા જ ફેલાવી શકાય છે...! ! અમાનતને ખિયાનત દ્વારા અને તકવા પરહેઝગારીને બિન પરહેઝગારી અને બિન સાચવેતીએ પ્રચલિત કરી શકાય છે...! ! !

આ કાર્ય એટલે કે ઈમામ હુસૈન (અ.) નો સત્યાગ્રહ અને કુચના ઈતિહાસને નર્બળ રિવાયતો, ઉટપટાંગ સિદ્ધાંત વિહોણી વાતોથી દૂર રાખવો અને જે કંઈ ત્રીજી ચોથી સદી હિજરીનાં લેખકોએ લખ્યું છે, તેને જ પુરતું ગણવું તે સમજદારો અને પરહેઝગાર આલિમોનું કાર્ય છે અને આ તેમની ફરજ છે કે પોતાની ઝબાન અને પોતાની કલમથી માત્ર સત્ય બોલે અને પોતાનાં લખવામાં અને બોલવામાં જુઠ્ઠાણા અને કથાનકો ઘડવાથી દૂર રહે.

જો એવું થશે તો ઈસ્લામી ઈતિહાસનાં આ રોશન અને મુકદ્દસ પ્રકરણની બુનિયાદ સત્ય અને સચ્ચાઈ, લખાણ અને વકતવ્યની અમાનત પર કાયમ રહેશે.

આ મહાન બનાવની કદર અને કિંમત અને તેનાં મહાન અગ્રણીની અઝમત, વકાર, ખુલુસ, જાનિસારી જિહાદ, ઠરેલતા અને જવાંમર્દીનાં પ્રભાવો વધુ સ્પષ્ટ થશે.

# આસુરાનો ઈતિહાસ

## શામનાં અમીરનો પ્રભાવ.

અમીર મોઆવિયાએ લગભગ બેતાલીસ વર્ષ સુધી દમિશ્કમાં બાદશાહત અને ખિલાફત કરી.

https://downloadshiabooks.com/

હિજરી સન ૬૦ ના રજબ મહિનાનાં મધ્યમાં હ. રસૂલે ખુદા (સ.અ.) ની વફાતનાં લગભગ  પચાસ વર્ષ, અમીરૂલ મોઅમેનીન હ. અલી (અ.) ની શહાદતનાં વીસ વર્ષ અને હ. ઈમામ હસન (અ.) ની શહાદતથી દસ વર્ષ પછી મોઆવિયા બિન અબી સુફિયાન આ દુનિયાથી કુચ કરી ગયા.

અમીર મોઆવિયા, શામનાં અમીર તરીકે લગભગ પાંચ વર્ષ સુધી ખલીફાએ દૂવમ તરફથી, જયારે બાર વર્ષ સુધી ત્રીજા ખલીફા તરફથી રહયા.

પાંચ વર્ષથી કંઈક ઓછો સમય અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબનાં ખિલાફત યુગમાં અને લગભગ છ મહિના હઝરત ઈમામ હસન (અ.) ની ખિલાફતનાં સમય દરમ્યાન શામની હકુમત પર કબજો રહયો અને હઝરત અલી (અ.) તેમ હસન ઈબ્ને અલી (અ.સ.) સાથે ઘર્ષણ ચાલુ રહયું.

વીસ વર્ષથી કંઈક ઓછો સમય ઈસ્લામી ખિલાફત તેમનાં કબજામાં રહી અને પોતાની ઉંમરનાં અંતિમ સમયમાં તેઓએ પોતાનાં પુત્ર યઝીદ માટે મુસલમાનો પાસેથી ખિલાફત માટેની બઅયત લીધી.

બની ઉમૈયાનાં ખાનદાનનાં પ્રથમ ખલીફા મોઆવિયા હતાં. એ ખાનદાનમાં કુલ્લે ચૌદ ‘સુફીયાની’ અને ‘મરવાની’ ખલીફાઓ થયા. જેમનાં હાથમાં એક હજાર મહિના સુધી  ઈસ્લામી હકુમત લગામ રહી.

અમીર મોઆવિયાએ પોતાનાં ખિલાફત કાળમાં પરિસ્થિતી પર એવો સંપુર્ણ કાબુ હતો કે જે “સુલેહનામું” તેઓએ હ. ઈમામ હસન (અ.સ.) સાથે કર્યુ હતું, તેનું ઉઘાડું ઉલ્લંઘન - ખુલ્લે ખુલ્લો વિરોધ કરવા માટે તેઓ શકિતમાન હતાં. જેમકે એ “સુલેહનામા” માં એક શરત એવી હતી કે અમીરૂલ મોઅમેનીન હ. અલી (અ.) ના શિઆઓની સતામણી કરવામાં નહીં આવે, તેમને કતલ કરવામાં નહીં  આવે, અને સૌને અમાન મળશે.

https://downloadshiabooks.com/

આ ''સુલેહનામા'' માં **હજર બિન અદી** નાં નામનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પરંતું **આ પર સમગ્ર ઈતિહાસકારો સંમત છે કે, અમીર મોઆવિયાએ, હજર બિન અદીને અને તેમનાં છ સાથીદારોને મરાવી નાંખ્યા હતાં ...** તેમાંનાં એકને તો ઈરાકમાં, ઝિયાદ બિન અબીહે, **જીવતોને જીવતો દાટી દીધો હતો.** તે સાહેબનું નામ હતું -- **''અબ્દુર્રહેમાન બિન હન્નાન ગુઝ્ઝી''**

અમીર મોઆવિયાએ એવી સત્તા પ્રાપ્ત કરી હતી કે તેઓ જે, ઈચ્છતા હતાં તે કરી શકતાં, અને કોઈની મજાલ નહીં હતી કે કશી ચું — ચા કરી શકે !

ચોથી સદી હિજરીનાં એક મોટા ઈતિહાસકાર અને ભૂગોળવેત્તા, અલી બિન હુસૈન મસ્ઊદીએ પોતનાં પુસ્તક - ''મુરવ્વજુઝ ઝહબ'' માં લખ્યું છે કે :-

''સિફ્ફિનથી પાછા ફરતી વેળા, ઊંટ પર અસ્વાર એક શખ્સ દમિશ્કમાં આવ્યો. એ અજાણ્યાને જોઈ તેની સાથે એક શામીએ એવી રીતે ઝઘડો શરૂ કરી દીધો કે, જે ઊંટણી પર એ પરદેશી મુસાફર બેઠો છે, તે ઊંટણી એ સામીની છે. સિફ્ફિનનાં યુદ્ધ સમયે લૂંટફાટ સમયે તે ચાલી ગઈ હતી ! શામીએ પેલા મુસાફરને કહયું — આ ઊંટણી તારા હાથમાં કયાંથી આવી ગઈ !

ઝઘડો વધ્યો, ખૂબ લંબાયો, તે એટલે સુધી કે નાના નાના અધિકારીઓ પાસેથી છેક ઉપર હાકેમ મોઆવિયા સુધી વાત પહોંચી.

અમીર મોઆવિયા પાસે આ બન્ને ગયા. શામીએ પોતાનાં તરફથી પચાસ સાક્ષીઓ રજુ કર્યા કે, ઊંટણી એની જ છે !

https://downloadshiabooks.com/

પચાસ આદમીઓની સાક્ષી પરથી અમીરે ચુકાદો આપી દીધો કે ઊંટણી શામીની છે અને પૈસા ઈરાકી મુસાફરને મજબુર કરવામાં આવ્યો કે ઊંટણી પેલા દાવેદારને સોંપી દે.

ઈરાકીએ ચુકાદો સાંભળ્યા પછી કહયું : ''અમીર ! અલ્લાહ તમને નેક તોહફીક આપે, આ ઊંટણી નથી, પણ ઊંટ છે.''

''અમીરે ચમકી જઈને જવાબ આપ્યો : મેં ફેંસલો આપી દીધો છે, હવે મારો હુકમ બદલાઈ શકાય એમ નથી.''

આવાક થઈને ઈરાકી જોતો રહયો, જયારે થોડા સમય પછી ગરદી ઓછી થઈ ગઈ. લોકો ચાલ્યા ગયા, પછી અમીરે, પેલા ઈરાકીને બોલાવીને પુછયું કે, ''તારો ઊટ કેટલાનો હતો ?''

એ પછી ઊટની કિંમત કરતાં વધુ રકમ પેલા ઈરાકીને આપીને મોઆવિયાએ કહયું –

''જા અલીને કહેજે કે, મારી પાસે એની સામે લડવા માટે એક લાખ જેટલા આદમી એવા છે કે જેઓ ઊંટ અને ઊંટણીનો તફાવત પણ નથી જાણતા.''

એનો કહેવાનો આશય એવો હતો કે જો અમીર ઊંટને ઊંટણી કહે, કે ઊંટણીને ઊંટ કહે, તો પણ કોઈ ચું – ચા કરી શકે એમ નથી. કોઈ તેનો વિરોધ કરી શકે એવો નથી.

એ જ પ્રસંગનાં લેખક **'મસઉદી'** એ બીજો એક પ્રસંગ લખેલો છે. પુસ્તકનું નામ છે : ''અન્નાસાએહુલ કાફિયહ, લે-મન યતવલ્લા મોઆવિયહ''

'મસઉદી' લખે છે કે, **''અમ્મારે યાસિર''** મોઆવિયાનાં માણસોનાં હાથે, ''સિફ્ફિન'' ના યુદ્ધમાં કતલ થઈ ગયા. અમ્માર બિન યાસિરને રસુલુલ્લાહે

https://downloadshiabooks.com/

(સ.) મસ્જિદની તામિરનાં મૌકા પર સૌથી વધુ કામ કરતાં જોઈને જે શબ્દો કહયા હતાં તે આ મુજબ હતાં. (“બુખારી” તેમ અન્યત્ર પણ આ રિવાયતનો ઉલ્લેખ છે.)

**--“અમ્મારિન, તક-તો લોહુલ ફે-અ-તુલ બાગે-ય-તો, યદઊહુમ, એલલ જન્નતે, વ યદઊનહુ ઈલન્નારે ...”**

(અમ્મારને એક ઝાલિમ સમૂહ કતલ કરશે – અમ્માર, એ લોકોને જન્નતની તરફ બોલાવતાં હશે અને એ લોકો તમને દોઝખ તરફ બોલાવતાં હશે.)

અમ્મારની કતલથી એ સ્પષ્ટ થઈ ગયું હતું કે કોણ સત્ય પર છે અને કોણ ઝાલિમ છે.

આ હદીસની ખબર અમીર મોઆવિયાને પણ હતી. પણ તેની મુશ્કેલીમાંથી બચવા માટે તેઓએ કહયું –

“અમ્મારને અમે કતલ નથી કર્યા, પણ તેમનાં કાતિલ અલી છે. જેઓ તેમને જંગમાં ઘસડી લાવ્યા હતાં.”

મોઆવિયાનું આ કથન જયારે અલીને સંભળાવવામાં આવ્યું, ત્યારે તેઓએ ફરમાવ્યું કે, “એ રીતે તો શહીદોનાં સરદાર જેવા **હ. હમઝા** ના કાતિલ રસુલે ખુદા (સ.) પોતે જ ઠરે છે, જેઓ તેમને મુશરિકોની સામે જંગ કરવા માટે લઈ ગયા હતાં.”

અમીર મોઆવિયાને સંતોષ હતો કે પોતે ગંમે તેવી સમજ વિહોણી વાતો કરશે, તો પણ લોકો તે માની લેશે…!

અમ્માર વિષેની વાતને તેઓએ સાંભળી લીધા પછી જે કહયું તે આ મુજબ હતું :-

https://downloadshiabooks.com/

"ઠીક છે, અમ્મારનાં કાતિલ અમે છીએ ! પણ રસુલે ખુદા (સ.) નાં કલામમાં **"ફેઅતિન બાગેયતિન"** શબ્દો છે. "બાગિયહ" નો અર્થ ઝાલિમ નહીં તાલિબ છે. અમે ઉસ્માનનાં ખુનનાં તાલિબ (બદલો માંગનારાઓ) છીએ. કિસાસ, ઈચ્છીએ છીએ. બસ, રસુલુલ્લાહ (સ.) એ જે ફરમાવ્યું છે, તેનો અર્થ એ જ છે કે 'અમ્માર' ને એ જ સમૂહ કતલ કરશે જે ઉસ્માનનાં ખુનનાં બદલાની માંગણી માટે નિકળશે અને એમાં કોઈ ખરાબ વાત નથી...!"

આ પણ કેટલી મોટી વાત હતી, કારણ કે, હદિસમાં એવું આવ્યું છે કે, અમ્મારને તે સમૂહ કતલ કરશે, જેને તે લોકો દોઝખ તરફ બોલાવતાં હશે .... ! અને અમ્માર તેમને જન્નત તરફ બોલાવતાં હશે.

પણ અમીર મોઆવિયાના પ્રભાવ અને પહોંચની પરિસ્થિતી એવી હતી કે કોઈ પણ એનાં અનુયાયીઓને કોઈ પણ દલીલ કે કોઈપણ 'હુજ્જત' થી 'કાએલ' મ્હાત કરી શકે એમ નહીં હતું.

અમારો મકસદ, અમીર મોઆવિયાની હુકુમતની તવારિખ બતાવવાનો નથી. વાંચકોનું માત્ર તે ઝમાનાની પરિસ્થિતિ તરફ ધ્યાન દોરવાનો છે.

એ સમયની હુકુમત વિષેની કોઈ વધુ માહિતી કોઈને જોઈતી – જાણવી હોય, તો તેઓ **"કિતાબુન્નસાનીહ, અલ કાફિયહ લે મન યતવલ્લા મોઆવિય"** જુએ, તો પહેલાથી અંત સુધી વાંચી જાય અને પછી ઈન્સાફ કરે.

-------- --------------- ----------------

https://downloadshiabooks.com/

# યઝીદની ખિલાફત

“ખિલાફત” નાં આસન પર જયારે યઝિદ બેઠો, ત્યારે “મદીના” ખાતેનો અમીર **વલીદ બિન અતબહ બિન સુફિયાન** હતો. “મક્કા”નો અમીર **ઉમરૂ બિન સઈદ બિન આસ** હતો, “કુફા” નો અમીર **નોઅમાન બશીર** અને “બસરા” નો અમીર **ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ** હતો.

યઝીદનો વારસદાર અને વલીઅહદ તરીકે નહીં સ્વીકારનારા કોણ હતાં ?

યઝીદે સૌ પ્રથમ કાર્ય જે કર્યુ તે એ જ હતું કે, હુસૈન ઈબ્ને અલી, અબ્દુલ્લાહ બિન ઝુબૈર અને અબ્દુલ્લાહ બિન ઉમરની તરત જ ‘બયઅત’ લેવામાં આવે.

આથી એણે મદીનાના હાકેમ વલીદ બિન અતબહને લખ્યું કે, “બનતી ઉતાવળે અને વહેલામાં વહેલી તકે, એ ત્રણે શખ્સોની “બયઅત” લેવામાં આવે અને તેમનાં કોઈપણ બહાનાનો કે આનાકાનીનો સ્વીકાર કરવામાં ન આવે.”

વલીદનો એવો હુકમ મળતાં જ **મરવાન બિન હકમ** (તે સમયનાં રાજકારણનું આ એક જબરજસ્ત જલ્લાદ પાત્ર છે) ને બોલાવી મંગાવ્યો અને તેની સાથે ચર્ચા કરીને તેની સલાહ માંગી. જો કે વલીદ અને મરવાન વચ્ચે થોડુંક અણબનાવ જેવું હતું, પણ વલીદે તે વિષેનો કોઈ ખ્યાલ નહી કરતાં. તેને બોલાવ્યો એટલે મરવાને કહયું –

અત્યારે જ એ ત્રણેયને બોલાવો. જો બયઅતને સ્વીકારી લે તો ઠીક છે. નહીતર, એ લોકોને જો અમીર મોઆવિયાના મરણની ખબર પડી જશે, તો એ ત્રણેય ખિલાફતનાં દાવેદાર બની જશે. માટે અત્યારે જ બોલાવીને તે લોકોને બયઅત માટેનો હુકમ કરો, નહીંતર કતલ કરી નાંખો ! જો કે એ ત્રણમાંનાં પેલા

https://downloadshiabooks.com/

અબ્દુલ્લાહ બિન ઉમરની કંઈ વધુ ચિંતા કરવા જેવું નથી. એ કંઈ લડાઈ-ઝઘડા કરે એવો નથી.

વલીદે તરત જ સલાહ પર અમલ કર્યો, એણે ઈમામ હુસૈન અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર પાસે, અબ્દુલ્લાહ બિન ઉમરૂ બિન ઉસ્માનને મોકલ્યો.

તે સમયે એ બન્ને સાહેબો મસ્જિદમાં હતાં. વલીદનો સંદેશો એ બન્નેને અબ્દુલ્લાહે સંભળાવ્યો.

એ બન્નેએ કહયું, 'વારૂ, તમે જાવ. અમે હમણાં જ આવીએ છીએ.'

એના ગયા પછી ઈમામને અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહયું :- લાગે છે કે મોઆવિયાનું અવસાન થઈ ગયું છે અને અત્યારે આ કસમયનું આમંત્રણ, યઝીદની બયઅત માટે છે.

એ પછી ઈમામે પોતાનાં સાથીદારોને બોલાવ્યા અને તેમને માહિતી આપી કે, "મને અત્યારે વલીદે બોલાવ્યો છે અને મારો ખ્યાલ છે કે તે કોઈ એવી વાત કરી બેસે જે હું કરી નહીં શકું. આ એવા સંજોગ છે કે, મને એના પર ભરોસો નથી, તમે હથિયારબદ્ધ થઈને મારી સાથે આવો. જયારે હું એના દરવાજામાં દાખલ થઈ જાઉં, તો તમે લોકો બહાર ઉભા રહેજો, અને અંદરથી જો હું બૂમ પાડું, તો તમે લોકો તરત અંદર ચાલ્યા આવજો. જેથી ........................................ બેસે નહીં !"

વલીદ પાસે જયારે ઈમામ પહોંચ્યા, ત્યારે મરવાન પહેલાથી જ ત્યાં હાજર હતો. વલીદે મોઆવિયાનાં મરણનાં સમાચાર સંભળાવ્યા પછી તરત જ યઝીદને બયઅત આપવા માટેનો હુકમ સંભળાવ્યો.

ઈમામે ફરમાવ્યું : ઠીક છે, એ વાત તો સ્પષ્ટ છે કે તમને ખાનગી, બયઅતથી કંઈ સંતોષ નહીં થશે. તમે તો એ જ ઈચ્છતા હશો કે હું 'મજમા' માં (ભર સભામાં) બયઅત કરૂ !

વલીદે કહયું : હા, એ તો તદ્દન સાચી વાત છે,

ઈમામે ફરમાવ્યું : તો પછી આવતી કાલ સુધી થોભી જાવ. હું નિર્ણય કરી લઉં.

વલીદે કહયું : સારી વાત છે, આજે પધારી જાવ. કાલે મજમા સાથે આવીને બયઅત કરજો." તેવામાં વચ્ચે મરવાન ટપકી પડયો. એ બોલ્યો : "જો, આજે તમે હુસૈન બિન અલી (અ.) ને બઅયત વગર જવા દીધા, તો પછી કદી પણ એ કાબુમાં નહીં આવે ! ભયંકર ખુનરેજી થશે. તેમને બયઅત વિના જવા દેશો નહીં. અને જો માને નહીં, તો ગરદન ઉડાવી નાંખો."

મરવાનની વાત સાંભળતા જ ઈમામ પોતાને સ્થાનેથી ઉભા થયા અને બોલ્યા : "ઓ ગુમરાહ ! શું તું મને મારી નાંખશે કે વલીદ ? અલ્લાહનાં સોગંદ, તું જુઠ્ઠો છે."

આટલું બોલીને ઈમામ બહાર નિકળીને પોતનાં માણસોને લઈને પોતાનાં ઘર તરફ ચાલ્યા ગયા.

મરવાને વલીદને કહયું : "તમે, મારી વાત માની નહીં. હવે એ કદી તમારા હાથમાં નહીં આવે."

વલીદે કહયું : "પણ, તું કહેવા શું માંગે છે ? શું મારો દીન તું બરબાદ કરવા માંગે છે? તારી વાત માની કેવી રીતે શકાય ? અલ્લાહનાં સોગંદ, આખી દુનિયાની માલમત્તા મારા પગોમાં ધરવામાં આવે, તો પણ હું હુસૈન ઈબ્ને અલી

https://downloadshiabooks.com/

(અ.) ને કતલ કરવાનું પસંદ નહીં કરૂં.. જો હુસૈન યઝીદની બઅયતનો ઈન્કાર કરે, તો હું તેમને મારી નાંખું ? સુબ્હાનલ્લાહ ! હું એવા મતનો છું કે હુસૈન ઈબ્ને અલીનું ખૂન જેના હાથે થશે, તે કિયામતને દિવસે, સૌથી મોટામાં મોટો અભાગ્યો હશે.''

મરવાનને વલીદની એવી વાતચિત ગમી નહીં. એણે મોઢું મચકોડયું અને બોલ્યો : ''તને જો એમ લાગતું હોય, તો ભલે.''

બીજે દિવસે ૨૮ રજબ હતી, શનિવારનો દિવસ હતો, વલીદે, ફરીથી ઈમામને બઅયત માટે બોલાવ્યા. તેઓએ જવાબમાં કહેવડાવ્યું : ''આજે હજી પણ થોભી જાવ, કાલે ફેંસલો કરીશ.''

અને તે જ રાત્રે ૨૯ મી રજબ સન – ૬૦ નાં તેમનાં કુટુંબીજનો, પત્નીઓ, ભાઈ-ભત્રીજા, બાળકો જેમાં દૂધ પીતાં બચ્ચા પણ હતાં. બધાને સાથે લઈને મદીના તરફ જવા ઉપડયા. હ. મૂસા બિન ઈમરાનનાં શબ્દોમાં : **''રબ્બે, નજજે-ની મિનલ કવમિઝ ઝાલેમીન''** (હે મારા અલ્લાહ, ઝાલિમ કોમથી મારો છુટકારો કરાવજે.) એવું કહેતા મકકાનો રસ્તો લીધો.

ઈમામને જયારે કહેવામાં આવ્યું કે, ઈબ્ને ઝુબૈરની જેમ આપ પણ કોઈ અજાણ્યા રસ્તે નિકળી ગયા હોતે, તો ઠીક થતે, જેથી આપ પર કોઈને હાથ નાંખવાનો મોકો મળી શકતે નહીં.

ઈમામે ફરમાવ્યું : ''બ-ખુદા ? હું અજાણ્યા રસ્તાથી નહીં જાઉં અલ્લાહને જે મન્ઝુર હશે, તે જ થશે.''

મતલબ કે ત્રીજી શઅબાન અને જુમ્માની રાત્રે ઈમામ મકકા પહોંચ્યા અને હ. મુસાનાં કિસ્સાને યાદ કરતાં ફરમાવ્યું :-

https://downloadshiabooks.com/

**“વલમ્મા ત-વજ-જ-હા તિલ-કા-અ-મદ-યન-કા-લ-અસા રબ્બી અન-યહ-દે-ય-નીસ વા-અસ્સબીલ.”**

(જયારે તે ‘મદયન’ તરફ ચાલવા લાગ્યા ત્યારે કહેવા લાગ્યા કે મને આશા છે કે મારો પરવરદિગાર મને સીધો માર્ગ દેખાડી દેશે.)

- સૂરએ કસસ, આ. ૨૨.

મકકા ખાતે ઈમામ પાસે હાજીઓ આવતાં-જતાં રહેતાં. ‘ઈબ્ને ઝુબૈર’ પણ રોજ ઈમામની સેવામાં હાજર થતાં તેમને ખબર હતી કે પયગંબરનાં ફરઝંદની હાજરીમાં કોઈ તેમની પાસેથી બયઅતની માંગણી કરી નહીં શકે. ઈમામનો દરજ્જો દરેક દ્રષ્ટિએ ઉચ્ચ છે.

મોઆવિયાનાં મરણનાં સમાચાર સમગ્ર ઈરાકમાં આગની જેમ ફેલાઈ ગયા. લોકોને ખબર પડી ગઈ કે, હુસૈન અબ્ને અલી (અ.) અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર યઝીદની બયઅતનો ઈન્કાર કરીને મકકા ચાલ્યા ગયા છે.

કેટલાંક શિઆ બુઝૂર્ગો, સુલેમાન બિન સુર્દ ખિઝાઈનાં ઘર પાસે ભેગા થયા. એ સૌએ અલ્લાહનો શુક્ર અદા કર્યો, પછી સુલેમાન બિન સુર્દે કહયું :-

“- ... મોઆવિયા તો દુનિયાથી જઈ ચૂકયા છે અને હુસૈન બિન અલી (અ.) પણ યઝીદની બયઅતથી ઈન્કાર કરીને મકકા રવાના થઈ ગયા છે .. હવે તમે લોકો જેઓ તેમનાં અને તેમનાં વાલિદનાં શિઆ છો ... જો તેમની મદદ કરવા માટે અને તેમનાં દુશ્મનો સાથે લડવા માટે તૈયાર હોવ, અને તેમને માટે તમારા જાન આપવા માટે તૈયાર હોવ, તો તેમને કાગળ લખીને ખબર કરો અને જો ડરતા હોવ, કે તમે તેમની મદદ નહીં કરી શકો, તો તેમને ફરૈબ-થાપ આપશો નહીં, અને ખોટી રીતે એવો દેખાવ કરો નહીં કે તમે તેમનાં જાનનિસારો છો. તેમને જાન આપવા તૈયાર છો .....”

https://downloadshiabooks.com/

સુલેમન બિન સુર્દ જાણતા હતાં કે જયાં સુધી કુરબાની અને જાનનિસારીનો મોકો નથી આવતો, લોકો હકક અને બાતિલની તમીઝમાં – ઓળખવામાં ભૂલ નથી કરતાં અને સારી રીતે જાણતા – સમજતા હોય છે કે સાચા કોણ છે અને જુઠ્ઠા કોણ છે ? રેહબર કોણ છે અને રેહઝન કોણ છે ? પણ તે ત્યાં સુધી તેમનાં નફા નુકશાનનો કોઈ મામલો વચ્ચે આવતો ન હોય અને હકકવાળાની મદદ અને બાતિલવાળા સાથે જંગ કરવામાં ખુદ તમને કોઈ નુકશાન પહોંચવાની શંકા જેવું ન હોય, પણ જયારે આઝમાઈશની પળ આવે છે અને હકક તથા બાતિલ આમને-સામને ઉભા થઈ જાય છે ત્યારે મોટે ભાગે લોકો અસત્યને સાથ આપવા મંડી પડતા હોય છે કારણ કે હકકની મદદ કંઈ કુરબાની અને ફિદાકારી વિના કરી શકાતી નથી તેથી લોકોનાં વિચારો બદલાઈ જતાં હોય છે અને તેઓ હકકને ત્યજીને બાતિલનાં તરફદાર બની જતાં હોય છે.

સુલેમાન બિન સુર્દ સારી રીતે જાણતાં હતાં કે, આજે લોકોની શી લાગણીઓ છે, તેનાં પર કંઈ ભરોસો રાખી શકાય નહીં, આવતી કાલે જયારે હુસૈન બિન અલી (અ.), "બની ઉમૈયા" નો સામનો કરવા તૈયાર થઈ જાય અને તેમને કતલ કરવા માટે "બની ઉમૈયા" પોતાની સમગ્ર તાકત લગાડી દેશે. ત્યારે હુસૈન (અ.) ને મદદ કરવાનું મુશ્કેલ થઈ પડશે. ત્યારે આજ લોકો તેમનાંથી મોઢું ફેરવી લેશે. પોતાના પત્રો – કાગળોને ભૂલી જશે. પોતાનાં ઘરોનાં દરવાજા બંધ કરી દેશે, તે તો ઠીક બલ્કે, ઈમામનાં વિરોધીઓ અને દુશ્મનોની હરોળમાં શામિલ થઈ જશે ! એ લોકો ત્યારે એ નહીં જુએ કે અલ્લાહ એનાં રસૂલ (સ.) ની ખુશનુદી શેમાં છે ? આ અને એવા પ્રકારની અનેક વાતોથી સુલેમાને દલીલો ધ્વારા લોકોને એ જ વાત સમજાવી કે, અન્જામ પર સારી રીતે નજર કરી લ્યો, જે કંઈ પરિસ્થિતિ ઉભી થશે તેને વિચારી લ્યો. તમે ઈરાકવાસીઓ ! જો ખરેખર સંપૂર્ણ ભાનસહિત, ઈમામને તમારી મદદ માટેનો વિશ્વાસ અપાવી શકતા હોવ તો જ ઈરાક ખાતે બોલાવજો. એવું ના થાય કે આજે તમે ઉત્સાહમાં આવીને કાગળ લખી નાંખો, વચનો આપો, સોગંદ ખાઓ - અને જયારે રસૂલ (સ.) નાં ફરઝંદ, ખુદાનાં હરમને છોડીને ઈરાકની સર-ઝમીન પર આવી પહોંચે, અને દુશ્મન તેમને ઘેરામાં લઈને બયઅત માટે દબાણ કરે, અને તમને મૌતની ધમકી

https://downloadshiabooks.com/

આપે, તો તમે તેમની મદદ કરવામાંથી તમારા હાથ ઉંચકી લ્યો. તમારા વચનોને ભૂલી જાવ .....! !

સુલેમાન બિન સુર્દે જયારે લંબાણપુર્વક બધી બાબત સમજાવી દીધી, ત્યારે શિઆ બુઝર્ગોએ એકી અવાજે કહયું :-

"અમે જિહાદ અને જાંનિસારી માટે પુરેપુરી રીતે તૈયાર છીએ. અમે આપણાં ઈમામ માટે જાન આપી દઈશું. "

સુલેમાને કહયું : "જો એમ જ હોય, તો પછી તરત ઈમામની ખિદમતમાં પત્ર લખો આથી એવા અર્થનો પત્ર લખવામાં આવ્યો, જેનો ટુંકસાર આ મુજબ છે - "

"બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ.

સુલેમાન બિન સુર્દ, મુસૈયબ બિન નજબહ, રિફાઆ બિન શદદાદ બજલ્લી, હબીબ બિન મઝાહિર અને બીજા ઈમાનવાળા મુસલમાનો, કુફા નિવાસીઓ, હુસૈન બિન અલીનાં શિઆઓ આ પત્ર લખીએ છીએ, હુસૈન બિન અલી (અ.) ની ખિદમતમાં – આપ પર સલામ. અમે, ખુદાએ વહદહુ લા શરીકની હમ્દમાં આપનાં હમઝબાન છીએ ! હમ્દ એ ખુદાનો, જેણે આપના દુશ્મનને બરબાદ કર્યા. એ જ કે જેણે આ ઉમ્મત પર વિજય પ્રાપ્ત કરી લીધો હતો – ઝબરદસ્તી હુકુમતની લગામ પોતાનાં હાથમાં લઈ લીધી હતી એણે 'બયતુલ માલ' ઝુંટવી લીધું હતું  મુસલમાનોની રઝામંદી વિના તેમનાં હુકુમત કરી અને નેક લોકોની કતલ કરી નાંખી, બદ લોકોને છુટા મૂકી દીધા. ખુદાનો માલ, ઝાલિમો અને દોલતમંદોને હવાલે કરી દીધો. અલ્લાહ એને પોતાની રેહમતથી દૂર રાખે, જેવી રીતે કે, અલ્લાહે 'સમૂદ' ની કોમને રેહમતથી દૂર રાખી હતી. "

https://downloadshiabooks.com/

“હવે અમે ઈરાકીઓનાં કોઈ પેશવા કે ઈમામ નથી, તેથી આપ, અમારી તરફ રવાના થઈ જાવ. શાયદ, ખુદાયે ઝુલ-જલાલ, આપના વસીલાથી અમને હકક પર ભેગા કરી દે.”

“અમે જુમ્આમાં અને નમાઝમાં નોઅમાન બિન બશીર (સ્થાનિક આમિલ) સાથે કશો સબંધ નથી ધરાવતાં, તે ‘દારૂલ ઈમારહ’ (આમિલની કચેરી) માં એકલો છે. જો અમને જાણવા મળે કે અમારી તરફ આવવાને આપ નિકળી ચૂકયા છો, તો અમે તેને બહાર કાઢી મૂકીએ અને ઈન્શાઅલ્લાહ (એની રાજધાની) શામ સુધી એનો પીછો કરીએ.”

આ પત્ર અબ્દુલ્લાહ બિન સબઅ હમદાનીને અને અબ્દુલ્લાહ બિન વઆલને એ લોકોએ આપ્યો અને તેમને કહયું કે તરત જ મકકા રવાના થઈ જાય.

રમઝાનની દસમી હિ. ૬૦ નાં દિને આ બન્નેએ પત્ર ઈમામની ખિદમતમાં પેશ કર્યો.

---------- --------- -------------- -----------

# ઈમામને નામે કુફાવાસીઓનાં પત્રો

બે એક દિવસ પછી કુફાથી લગભગ બીજા દોઢસો કાગળો ઈમામને મોકલવામાં આવ્યા. દરેક કાગળ નીચે બે-ચાર માણસોનાં નામો લખાયેલા રહેતાં.

આમાનાં મોટાભાગનાં કાગળો લઈ આવનારા નામો હતાં : કય્સ બિન મસહર સૈદાવી, અબ્દુર રહેમાન બિન અબ્દુલ્લાતે બિન શદદાદ અરહબી, અમ્મારા બિન અબ્દુલ્લાહ સલૂલી. આ લોકો એ પત્રો લઈને મકકા આવ્યા હતાં અને તે પછી બીજા બે-એક દિવસ રહીને કુફાનાં શિઆઓએ, હાની બિન હાની

https://downloadshiabooks.com/

સબીઈ અને સઈદ બિન અબ્દુલ્લાહ હનફીનાં હાથે આવા ભાવાર્થનો કાગળ મોકલ્યો –

'બિસ્મિલ્લાહિર રહમાનિર રહિમ - આ કાગળ હુસૈન બિન અલી (અ.સ.) ને નામે બાઈમાન શિઈયાન તરફથી છે, જલ્દી કરો. લોકો આપના ઈન્તેઝારમાં છે. આપ સિવાય બીજા કોઈની તરફ નિગાહ નથી – જલ્દી કરો, ખૂબ ખૂબ જલ્દી .... વસ્સલામ .... !

એ પછી શીસ બિન રબઈ, હજ્જાર બિન અલ જિબિર, યઝીદ બિન હારિસ, ઉરવહ બિન કૈસ, ઉમરૂ બિન હજ્જાજ ઝબીદી અને મોહમ્મદ બિન ઉમર તયમીએ આવા પ્રકારનો કાગળ લખ્યો :-

.... બાગ-બયાબાન, લીલાછમ હરિયાળા છે, મેવા પાકી ગયા છે... જયારે ચાહો ત્યારે રવાના થઈ જાવ ! ... આપના ઈરાકી સૈનિકો આપના ખેરમકદમ (સ્વાગત) માટે તૈયાર છે... વસ્સલામ .... !

ઈમામ (અ.સ.) પાસે કુફાવાસીઓના કાગળોનો ઢગ ખડકાઈ ગયો અને ઈરાકી એલચી મકકામાં ભેગા થઈ ગયા, ત્યારે ઈમામે કુફીઓને તેમનાં કાગળોનાં જવાબ રૂપે લખ્યું કે –

'બિસ્મિલ્લાહિર રહમાનિર રહિમ - હુસૈન બિન અલી તરફથી ઈરાકનાં મોઅમેનીન મુસ્લેમીન તરફ ....

.... તમારા તાજેતરનાં એલચી, હાનિ અને સઈદ, તમારા કાગળો લઈને આવ્યા. તમારા લખાણો મેં વાંચ્યા અને તે પર વિચાર કર્યો, તમે લખ્યું છે કે, ''અમારા કોઈ ઈમામ નથી, તેથી આપ અમારી તરફ રવાના થઈ જાવ ! .... કદાચ આપના વસીલાથી - ખુદાએ ઝુલ જલાલ - અમને હકક અને હિદાયત પર ભેગા કરી દે ....''

https://downloadshiabooks.com/

“તો .... હું મારા કાકાઝાદ ભાઈ અને વિશ્વાસુ **મુસ્લિમ બિન અકીલ**ને તમારી પાસે મોકલી રહયો છું .... જો તેઓ જવાબમાં એવું મને લખશે કે, તમારા અશરફો અને બુઝુર્ગો પણ તે જ કહે છે, જે તમારા એલચી કહે છે અને જે કંઈ તમે લોકો તમારા કાગળોમાં લખ્યું છે ..... તો હું વહેલી તકે અહીંથી રવાના થઈ, તમારી તરફ પહોંચી જઈશ.... ઈમામ, તો તે જ છે કે જે કુરઆને હકીમ - અનુસાર હુકમ કરે — મીઝાને અદલ - ન્યાય કાયમ કરે. દીને હકકને પ્રચલિત કરે, અને પોતાને ખુદાની રાહમાં વકફ કરી દે .... વસ્સલામ.”

ઈમામે આ કાગળ હામી અને સઈદનાં હાથે મોકલાવ્યો. તે પછી મુસ્લીમ બિન અકીલને ફરમાવ્યું કે, તેઓ કય્સ બિન મસ્હર સૈદાવી, અમ્મારા બિન અબ્દુલ્લાહ સલૂલી અને અબ્દુર રહેમાન બિન અબ્દુલ્લાહ અરહબી સાથે ઈરાક તરફ રવાના થઈ જાય.

ઈમામે તેમને વિદાય વખતે જે નસિહત કરી, તેમાં ફરમાવ્યું કે, તેઓ તકવાનો રાહ અખ્તયાર કરે. પોતાનો ભેદ કોઈ પર જાહેર કરે નહી અને બધાંને સાથે સદગુણ અને નરમાશથી વર્તાવ કરે... અને જો એમ જુએ કે લોકો ‘તહરીક’ (ચળવળ) નો સાથ આપવા તૈયાર છે. તો તરત જ ખબર આપે.

## કુફા તરફ મુસ્લિમ બિન અકીલની રવાનગી

જ. મુસ્લિમ મદીનાને રસ્તેથી કુફા ગયા અને મુખ્તાર બિન અબીદ સકફીને ત્યાં ઉતારો રાખ્યો. તેમની પાસે શિઆઓની અવર જવર શરૂ થઈ ગઈ. આ લોકો એવું માનતા હતાં કે કામ સરળતાથી પતી જશે. હુસૈન બિન અલી (અ.) યઝીદનાં મુકાબલે કામયાબ થઈ જશે. અને ઝુલ્મ - ગુનાહોથી ધરતી ચોકખી થઈ જતાં, ત્યાં અદલ તકવા, ન્યાય પરહેઝગારી સ્થપાશે. ખરૂં જોતાં આ લોકો મોઆવિયાની બેતાલીસ વર્ષિય હકુમતનો સબક ભૂલી ગયા હતાં. ઈમામનો કાગળ જયારે તેઓને વાંચી સંભળાવવામાં આવતો હતો ત્યારે ખુશીને કારણે

https://downloadshiabooks.com/

તેમની આંખોમાં આંસુ આવી જતાં અને તેઓ નિખાવસ દિલથી ઈમામનાં ખાસ નાએબ, પ્રતિનિધિનાં હાથ ઉપર બયઅત કરી લેતાં. 'શેખ મુફીદ' ના લખ્યા મુજબ એ રીતે સત્તર હજાર અને ''તિબરી'' ના કથન મુજબ બાર હજાર લોકોએ તેમની પાસે બયઅત કરી હતી.

યઝીદને પણ બીજી તરફથી ખબર મળી ગઈ કે મુસ્લિમ બિન અકીલ કુફા પહોંચી ચુકયા છે અને ત્યાં શિઆઓએ તેમની પાસે બયઅત કરી લીધી છે અને ત્યાંનાં સ્થાનિક આમિલ નોઅમાન બિન બશીરે એ બઅયત લેનારાઓને રોકવામાં કમઝોરી દેખાડી છે.

યઝીદે તરત જ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને કે જે બસરાનો હાકેમ હતો, તેને ''ઈરાકૈન'' એટલે કુફા અને બસરા બન્ને જગ્યાની હકુમત સોંપી દીધી અને તેને લખ્યું કે, વ્હેલી તકે કુફા પહોંચીને મુસ્લિમ બિન અકીલને ગિરફતાર કરી લ્યો અથવા કતલ કરી નાંખો. કંઈ નહીં તો ત્યાંથી તેને કાઢી મૂકો.

ઉબૈદુલ્લાહને એવો હુકમ મળતાં જ એ તરત કુફા રવાના થઈ ગયો. તેણે કુફા પહોંચતાં જ પહેલે દિવસે એક તકરીર કરી. જેમાં એણે કહયું કે, -

''એમ તો યઝીદ ઘણો મહેરબાન છે, પણ પોતાનો વિરોધ થાય, તે બિલકુલ પસંદ કરતો નથી.''

લોકોને ખુબ ડરાવ્યા પછી કબીલાઓનાં સરદારોને જુદા જુદા કુટુંબોનાં ચૌધરીઓને બોલાવ્યા અને પછી તે સૌને એવા ધમકાવ્યા, એવા આડે હાથે લીધા કે તેને કારણે હકકનાં જે તરફદારો હતાં, તેમની સંખ્યા ઓછી થઈ ગઈ, અને બાતિલનાં અનુયાયીઓની સંખ્યા વધવા લાગી.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે :-

https://downloadshiabooks.com/

શું, લોકો એમ સમજે છે કે તેઓ એવું કહીને કે, "અમે ઈમાન લઈ આવ્યા છીએ — આઝમાઈશથી બચી જશે ? અમે તો તેમનાં અગાઉનાઓની પણ પરીક્ષા લીધી છે, જેથી એ જાણી શકાય કે કોણ સાચું છે અને કોણ જુઠું છે"

સાચા, એ લોકો છે કે જેઓ તેમની આઝમાઈશને સમયે પોતાની વાત પર કાયમ રહે છે અને કોઈ ડર કે લાલચને કારણે સાચા રાહથી મુખ ફેરવતા નથી અને જુઠ્ઠા તે છે કે જેઓ આઝમાઈશ અગાઉ તો મોટી મોટી વાતો કરતાં હતાં. પોતાને હકકનાં તરફદાર અને બાતિલનાં દુશ્મન ગણાવવામાં પાછી પાની કરતાં નહીં હતાં અને કહેતા હતાં કે હકકનાં બચાવ માટે પોતાનાં જાન પર ખેલી જશે. પણ જયારે અજમાઈશનો અને કુરબાની આપવાનો સમય આવે છે ત્યારે તેમની નિતિ બદલાઈ જાય છે. દિલેરીની જગ્યાએ બુઝદિલી, ડરપોકપણું, ઈમાનની જગ્યાએ શંકા, કુશંકા, નિખાલસતાની જગ્યાએ નિફાક અને શિર્ક જાહેર થવા લાગે છે. જુઠ્ઠા માત્ર તેઓ જ નથી જેઓ કસોટી પહેલા પણ હકકની તરફદારી અને બાતિલનાં વિરોધનો ઈરાદો નથી ધરાવતાં, પણ જુઠ્ઠા તેઓ પણ છે જેમની ખુદાઈ ઈમ્તેહાન વખતે હાલત બદલાઈ જતી હોય છે અને જેઓ ગઈ કાલે જેને હકક સમજતાં હતાં. તેને આજે બાતિલ કહેવા લાગે છે.

કુફાનાં લોકો, જેઓ મોઆવિયાની મૃત્યુની ખબર સાંભળતાં જ સુલેમાન બિન સુર્દ ખિઝાઈનાં મકાન પર ભેગા થયા હતાં, તકરીરો કરી હતી અને ચાલુ પરિસ્થિતી પર વિચાર કર્યા પછી કાગળ લખ્યો હતો અને મુસ્લિમ બિન અકીલ કુફા આવ્યા પછી, તેમની પાસે આવ-જા કરતાં હતાં ; જેઓએ તેમનાં હાથ પર ઈમામના નાએબની રૂએ બયઅત કરી હતી, તે બધા જ ઈમામને ફરેબ આપવા ઈચ્છતાં નહીં હતાં કે ના તો તેઓ ઈમામની શહાદત કે ઈમામનાં ખાનદાનની ગિરફતારીને પસંદ કરતાં હતાં. તેમની નિય્યત નેક હતી, તેઓ યઝીદ જેવા શખ્સની ખિલાફત અને તે પણ હ. રસૂલે ખુદા (સ.) ના માત્ર પચાસ સાલ પછી જ — તે વાતને શરમજનક સમજતાં હતાં — તેઓ બીજા કોઈપણ મુસલમાનને હ. રસૂલે ખુદા (સ.) નાં ફરઝંદ કરતાં શ્રેષ્ઠ સમજતાં નહીં હતાં. તેઓનો એવો ખ્યાલ હતો કે તેઓએ દરેક મૌકા પર ઈમામ હુસૈન (અ.) ની તાઈદ કરી છે

https://downloadshiabooks.com/

એટલે હવે પછી પણ કરતાં રહેશે. અને તે સીલસીલામાં દરેક મુસિબતમાં હસતા મુખે સામનો કરશે, પરંતુ એ જ લોકો જુઠ્ઠા અને વચનભંગીઓ નિકળ્યા. પોતાનાં અગાઉનાં ખ્યાલોને ભૂલી ગયા. જયાં સુધી સ્થાનિક આમિલ, નોમાન બિન બશીર અન્સારી, નરમાશ અને ઢીલાશથી કારભાર ચલાવતો હતો, ત્યાં સુધી શિઆઓમાં ઘણો જોશ-ઉત્સાહ હતો, એ લોકો ઈમામને મદદ કરવા હામી ભરતાં હતાં, પણ આ લોકોને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનાં બાપની સખ્તાઈનો અનુભવ થઈ ચૂકયો હતો અને આ છોકરો પણ એટલો જ કડક હતો. આથી જેવી કુફાની હકુમત ઉબૈદુલ્લાહએ પોતાનાં હાથમાં લીધી કે તરત તેમની રિતિનિતિમાં ફેરફાર થઈ ગયો. તેમનાં વિચાર બદલાઈ ગયા. આ અગાઉ નેકીનું ધોરણ તેમની નજરમાં જે હતું તે હવે જુદુ થઈ ગયું. અગાઉ તેઓ જેહાદનો દમ ભરતાં હતાં. હવે તેઓ **"વલા, તક-કૂ-બે-અય-દે-ય-કુમ -એલત, તહ-લે-ક-તે-** તમારા હાથે હાલાકીમાં પડો નહીં." એવો દમ ભરવા લાગ્યા.

"ઈબ્ને ઝિયાદ" ની હાથમાં કુફાની પકડ જેમ જેમ આવતી ગઈ, તેમ તેમ મુસ્લિમ બિન અકીલ અને તેમનાં સાથીદારો માટે જોખમ વધતું ગયું અને કુફામાં તેમની કામયાબિની શકયતા ઓછી થતી ગઈ. તે એટલે સુધી કે શહેરનું વાતાવરણ તદ્દન બદલાઈ ગયું.

જે લોકો ઈમામ હુસૈન (અ.) ને સત્તા પર લાવીને બની ઉમૈયાની હકુમતને દુર કરવા ઈચ્છતા હતાં, તે લોકોએ અચાનક એવી આંખો ફેરવી લીધી કે મુસ્લિમ બિન અકીલ, જેમનો નિવાસ ખાનગી હતો અને તેઓ લોકો વચ્ચે બહુ ઓછી અવર જવર કરતાં હતાં, તેઓએ શહેરનું બદલાયેલું સ્વરૂપ જોઈ લીધું. અને પછી મજબૂર થઈ ગયા કે મુખ્તાર બિન અબીદ સકફીનાં મકાનમાંથી બીજી જગ્યાએ સ્થળાંતર કરી જાય.

તેઓએ એકબીજા શકિતશાળી અને પ્રભાવશાળી શખ્સ હાનિ બિન ઉર્વહ મુરાદીને ત્યાં રહેવાનું રાખ્યું. શિયાઓ ચુપચાપ અને સાવચેતી પુર્વક તેમની પાસે આવતાં-જતાં. તે સમયે કુફાની હાલત પરથી તેવું જણાતું હતું કે તે લોકોએ

https://downloadshiabooks.com/

લખેલા બધા કાગળો જુઠ્ઠાણાંનાં થેલા-પોટલા હતાં. હવે, જે વાયદા આ લોકોએ ઈમામ માટે કર્યા હતાં તે પર ભરોસો રાખી શકાય એમ નહીં હતું.

ઈબ્ને ઝિયાદે પોતાનાં ચાલાક ગુલામ 'મઅકલ' ધ્વારા એ જાણી લીધું કે મુસ્લિમ બિન અકીલ કયાં રહે છે.

'મઅકલ' ને ત્રણ હજાર દિરહમ આપીને કહેવામાં આવ્યું કે, થોડા દિવસ માટે પોતે મુસ્લિમ બિન અકીલનાં દોસ્તો - મળતીયાઓને જઈને મળે અને પોતે પણ જાણે એક સાથી-સોબતી છે, એવો દેખાવ કરે, એ રકમ મુસ્લિમ બિન અકીલનાં સાથીદારોમાં વહેંચીને તેમને કહે કે પોતે પણ એ સૌની સફળતા ઈચ્છે છે અને આ રકમથી લડાઈ માટેનો સર-સામાન ખરીદવામાં આવે અને એ રીતે એ સૌને વિશ્વાસ પ્રાપ્ત કરવામાં આવે અને એ રીતે મુસ્લિમ બિન અકીલનું પાકેપાયે ઠેકાણું પ્રાપ્ત કરી લે.

ઈબ્ને ઝિયાદની સૂચના મુજબ મઅકલે અમલ કર્યો, સૌ પ્રથમ મુસ્લિમ ઈબ્ને અવસજા અસદી સાથે એણે સબંધ વધાર્યા.

(આ શખ્સા શિઆ બુઝુર્ગોમાંનાં એક હતાં, જેઓ આશુરાને દિવસે શહીદ થયા હતાં.)

★ ★ ★ ★

મઅકલ પોતાનાં ઉદ્દેશમાં સફળ થવા માટે પ્રત્યેક જુઠ્ઠાણું બોલવા અને દરેક બદદિયાનતીથી કામ લેવા માટે તૈયાર હતો. પોતે મુસ્લિમ ઈબ્ને અવસજા વિષે માહિતિ મેળવી લીધી હતી. એણે કહયું, "ભાઈ ! હું શામનો રહેવાવાળો છું. અલ્લાહે મને 'અહલેબૈત' અને તેમનાં દોસ્તોની મોહબ્બતથી નવાઝયો છે ....!" એમ કહીને મકકારીથી એ રોવા લાગ્યો. મગરમચ્છનાં આંસુ નહાવ્યા પછી બોલ્યો, "મારી પાસે ત્રણ હજાર દિરહમ છે, હું ઈચ્છું છું કે આ રકમ તે

https://downloadshiabooks.com/

સાહેબને પેશ કરૂ કે જેમને વિષે મેં એમ સાંભળ્યું છે કે તેઓ હિજાઝથી આવેલા છે અને કુફામાં પયગંબરનાં ફરઝન્દ માટે બયઅત લઈ રહયા છે મારી ખ્વાહિશ છે કે એ બહાને હું તેમની મુલાકાત પણ લેતે, પરંતું અફસોસ, ત્યાં સુધી હજી હું જઈ શકયો નથી અને કોઈ એવો આદમી પણ મને મળ્યો નથી જે મારી રહેનુમાઈ કરે અને હું ભાગ્યશાળી બનું. મેં ઘણાંને પુછયું, પણ મને હમણાં જ ખબર પડી કે તમને એ પવિત્ર ખાનદાન સાથે ઓળખાણ છે, તેથી તમને ઈલ્તેમાસ કરું છું કે તમે તે રકમ લઈ લો અને મને મુસ્લિમ બિન અકીલ પાસે લઈ ચાલો. હું તમારો મુસલમાન ભાઈ છું. તમે મારા પર એતેબાર કરો. તમે ચાહો તો મુસ્લિમની ખિદમતમાં હાજર થવા પહેલા હું તમારા હાથ પર બયઅત કરી લઉં ..... ''

મુસ્લિમ ઈબ્ને અવસજાએ કહયું :- તમારી સાથે મુલાકાત કરીને અને એવું જાણીને કે કદાચ તમે ''એહલેબૈત'' નાં કંઈક કામ આવો, મને ઘણી ખુશી થઈ.... પણ મને પરેશાની એ છે કે યોજના સંપૂર્ણ થતાં પહેલા જ લોકોને એવી ખબર પડી ગઈ કે મારો પણ એની સાથે સબંધ છે, પેલા ઝાલિમ 'ઈબ્ને ઝિયાદ' તરફથી મને ડર છે ... !

મઅકલે કહયું :- ખુદા બહેતર કરશે — તમે તો મારી પાસેથી બયઅત લઈ લ્યો ... !

મુસ્લિમ ઈબ્ને અવસજાએ તેની બયઅત લીધી તે સાથે એવું પાકું વચન પણ લીધું કે તે હંમેશા ખેરખ્વાહ રહેશે અને આ રહસ્યને ખુલ્લું નહી કરે.

પેલાએ આ તમામ વચનો આપ્યા, બધા જ સોગંદો ખાધા અને 'મુસ્લિમ ઈબ્ને અવસજા' ઈચ્છતાં હતાં એથી પણ વધીને પોતાને 'વફાદાર' દર્શાવ્યો.

મતલબ કે ઈબ્ને અવસજાને આ માણસ પર સંપૂર્ણ વિશ્વાસ આવી ગયો. તેમને સંતોષ થઈ ગયો અને એ માણસ કેટલાંક દિવસ સુધી તેમનાં મકાન પર આવતો જતો રહયો. તે પછી તેને મુસ્લિમ બિન અકીલની ખિદમતમાં લઈ જવામાં આવ્યો. જયાં એણે ફરીથી બયઅત કરી અને ત્રણ હજાર દિરહમ મુસ્લિમ

https://downloadshiabooks.com/

બિન અકીલની પરવાનગીથી, એક બીજા શિઆ બુઝુર્ગ જેમનું નામ **અબુ સમામા સાએરી હમદાની** હતું, તેમને સોંપવામાં આવ્યા. (આ બુઝુર્ગ પણ કરબલામાં શહીદ થયા હતાં) તે સમયે ખાધા-ખોરાકી અને હથિયારો વિગેરેની ખરીદી આ બુઝુર્ગનાં હસ્તકે હતી.

મઅકલ શરૂશરૂમાં હવે સૌ પ્રથમ હઝરત મુસ્લિમ બિન અકીલની સેવામાં પહોંચતો અને સૌથી છેલ્લે જતો.. એ રીતે એણે બધી જ માહિતી મેળવી લીધી અને તેનો રીતસરનો નિયમિત રિપોર્ટ ઈબ્ને ઝિયાદને આપતો હતો.

ઈબ્ને ઝિયાદને ખબર હતી કે મુસ્લિમ બિન અકીલની ધરપકડ કરવા પહેલાં **'હાની'** ને ગિરફતાર કરવા જોઈએ .... ઈબ્ને ઝિયાદની બીકને લીધે **હાની** બિમાર પડી જવાનું બહાનું કરીને ઘરમાં રહેતા અને સરકારી કચેરીએ જવાનું ત્યજી દીધું હતું.

છેવટે ઈબ્ને ઝિયાદનાં હુકમથી, મોહમ્મદ બિન અશઅસ, ઈમામઅ બિન ખારજહ અને ઉમરૂ બિન હજ્જાજ, આ ત્રણેય **હાની** ની પાસે ગયા અને તેમને સમજાવી પટાવીને પોતાની સાથે અસવાર કરાવી ઈબ્ને ઝિયાદ પાસે લઈ આવ્યા.

**હાની** હવે ઈબ્ને ઝિયાદની પકડમાં હતાં. હવે ઈબ્ને ઝિયાદ ઈચ્છે તે મુજબ બાઝી પોતાનાં હાથમાં હોવાથી, તેમને ઘેરીને તેમનાં પર સવાલોની ઝડી વરસાવવામાં આવી, કારણ કે બધી માહિતી ઈબ્ને ઝિયાદને મઅકલ દ્વારા મળી ચુકી હતી.

મુસ્લિમ બિન અકીલ, હાનીનાં ઘરમાં છે એ વાત સાચી છે કે નહીં ? તેનો જવાબ આપતાં હાનીએ પોતાની અજાણતા દર્શાવી. થોડી જ વારમાં ચર્ચા સભામાં મઅકલને બોલાવવામાં આવ્યો અને એણે બધી જ વાતો ખુલ્લે ખુલ્લી એક પછી એક જણાવવા માંડી. હવે હાનીને હકીકત સ્વીકાર્યા વિના છુટકો નહીં હતો, તેઓએ કહયું કે, "... હું મુસ્લિમ બિન અકીલને મારા મકાન પર નથી

https://downloadshiabooks.com/

લાવ્યો બલ્કે તેઓ પોતે મારી પાસે આવ્યા અને દરખાસ્ત કરી કે હું મારા ઘરમાં તેમને રાખું. તેમને ના પાડતાં મને શરમ આવી એટલે મેં મારા ઘરમાં તેમને રાખ્યા...! બાકી બધી માહિતી જે તમને મળી છે, તે સાચી છે... પણ હું વાયદો કરૂ છું કે હવે પછી તમને મારા તરફથી કોઈ ફરિયાદ જેવું નહીં રહે... અને હ. મુસ્લિમ બિન અકીલ સાથે હું કોઈ સબંધો નહીં રાખું – અને જો કહેતા હોવ, તો એમની માફી માંગી લઈને તેમને જયાં રહેવું હોય, ત્યાં જઈને રહેવા માટે કહી દઉં ...! મારે ત્યાંથી એ ચાલ્યા જશે... ! હું એમને કહેવા જાઉં ... ?''

ઈબ્ને ઝિયાદે બરાડીને કહયું કે, - હવે તારે જવાની જરૂર નથી, પણ એ શખ્સને અમારે હવાલે કરી દે ...!

હાનીએ કહયું, મારે ત્યાં આશરો લેનાર મહેમાનને એમ શી રીતે હું તમને સોંપી શકું...! અરબ મહેમાનદારી એથી લજાય એમ છે ...!

એટલું સાંભળતાં જ ઈબ્ને ઝિયાદે પોતાનાં હાથમાં જે લાકડી હતી, તે લાકડી જોરથી **હાની**નાં મોઢા પર ફટકારી – જેથી તેમનાં દાંત તૂટી ગયા અને લોહી વહેવા માંડયું. પછી બીજો એક ફટકો જોરથી માથા પર માર્યો અને માથું ફોડી નાંખ્યું...! તે પછી ઈબ્ને ઝિયાદ સભામાં એકત્ર લોકો સમક્ષ નાનકડું પ્રવચન કરીને લોકોને ખુબ ધમકાવ્યા – ડરાવ્યા. **હાની**ને એના માણસોએ પકડી રાખેલા હતાં અને તેમનાં મોઢામાંથી લોહી વહી રહયું હતું. ઈબ્ને ઝિયાદ હજી મિમ્બર પર જ હતો તેવામાં કેટલાંક લોકો મસ્જિદમાં ઘુસી આવ્યા, અને કહેવા લાગ્યા કે, **''મુસ્લિમ બિન અકીલ આવી ગયા છે.''** એ સાંભળતાં જ ઈબ્ને ઝિયાદ બહાર નિકળી જઈને પોતાનાં મહેલમાં ઘુસી ગયો, બારી બારણાં બંધ કરાવી દઈ ચોકી પહેરો ગોઠવી દીધો.

મુસ્લિમ બિન અકીલનાં હાથ પર લગભગ બાર થી સત્તર હજાર લોકોએ બયઅત કરી લીધી હતી જયારે લોકો **હાની**ની ધરપકડની ખબર મળી અને મુસ્લિમ બિન અકીલે પોતાનાં કહેવાતા સાથીદારોને બોલાવ્યા, તો માંડ ત્રણ ચાર

https://downloadshiabooks.com/

હજાર પણ ભેગા થઈ શકયા નહી, પણ તે સમયે મુસ્લિમ બિન અકીલ પાસે તો ઈબ્ને ઝિયાદ કરતાં પણ અનેકગણાં વધુ માણસો હતાં. જયારે મહેલમાં ભરાઈ જઈને ઈબ્ને ઝિયાદે પોતાનાં દરવાજા બંધ કરી દીધા હતાં ત્યારે તેની સાથે પચાસ જેટલા માણસો જ હતાં. લોકો ઈબ્ને ઝિયાદનાં મહેલને ઘેરો ઘાલી એનાં બાપને ગાળો ભાંડી રહયા હતાં. ત્યારે વાતાવરણ મુસ્લિમ બિન અકીલની તરફેણમાં હતું પણ કમાલની વાત એ હતી કે સાંજ સુધીમાં તો આખું વાતાવરણ એવું ફેરવાઈ ગયું કે સાંજને સમયે મગરિબની નમાઝમાં તેમની સાથે માત્ર ત્રીસ માણસો જ રહી ગયા ! એ તારીખ નવમી ઝિલહજજની હતી પણ જયારે મુસ્લિમ બિન અકીલ મસ્જિદમાંથી બહાર નિકળ્યા ત્યારે કોઈ એક પણ સાથી, અનુયાયી, તેમની સાથે નહી હતો. કેવા આશ્ચર્યની વાત ! !

કુફીઓની જાંનિસારી, તેમનાં વાયદાઓની કલઈ, તે જ વખતે ખુલી ગઈ હતી કે જયારે મુસ્લિમ સાથે હજારો માણસો હતાં અને ઈબ્ને ઝિયાદ પાસે માત્ર પચાસ માણસો હતાં, પણ એ લોકોએ એવી જાહેરાત કરી હતી કે એક તાજું લશ્કર શામ તરફથી તેમની કુમકમાં આવી રહયું છે અને એવી ‘‘ગીધર ભપકીઓ’’ થી ડરીને બધા ભાગી ગયા હતાં. આ હતી કુફીઓની ખુલ્લેખુલ્લી બેવફાઈ. દંભ અને અપ્રમાણિકતા.’’

# મુસ્લિમ બિન અકીલની શહાદત

કુફાની પરિસ્થિતિ એવી નાજૂક થઈ ગઈ હતી કે નિખાલસ શીઆ બુઝુર્ગો જેમ કે સુલેમાન બિન સુર્દ મુસય્યબ બિન નજબહ અને રિફાઆ બિન શદદાદનો કયાંય પત્તો નહીં હતો.

બન્ને લેખકો ‘તિબરી’ અને ‘‘શેખ મુફીદે’’ લગભગ એક સરખાં જ શબ્દોમાં લખ્યું છે કે :-

https://downloadshiabooks.com/

"... મુસ્લિમ બિન અકીલ, જયારે મસ્જિદમાંથી બહાર આવ્યા ત્યારે તદ્દન એકલા હતાં. કોઈ એકાદ પણ એવું નહીં હતું કે જે તેમને ઘરનો રસ્તો દેખાડે અથવા તો દુશ્મનનો સામનો થઈ જાય, તો કંઈક મદદ કરી શકે. મુસ્લિમ બિન અકીલ, કુફાની ગલીઓમાં આમતેમ ભટકી રહયા હતાં. તેમની સમજમાં આવતું નહીં હતું કે તેઓ કયાં જાય !"

કુફાવાળાઓની બેવફાઈને કારણે તેમનાં પર સદીઓથી ટીકા કરવામાં આવે છે. જયારે ઈમામનાં વફાદાર સાથીદારો, નિખાલસ મદદગારો પણ દુરૂદ સલામ બોલવામાં આવે છે, તેમ જેઓએ ઈમામથી મોઢું ફેરવી લીધું, તેમની મદદ નહીં કરી, એવાઓ પણ લઅનત પણ બોલવામાં આવે છે. પણ જો ન્યાયપુર્ણ વાત કરીએ તો કુફાવાસીઓએ એવી કોઈ અશકય વાત નથી કરી કે જેનાં પર અજાયબી જેવું થાય. તેમની નિતિ તદન રાબેતા મુજબની હતી. ત્યારે પણ કે જયારે તેઓએ ઈમામને કાગળો લખ્યા હતાં અને ત્યારે પણ કે જયારે તેઓએ ઉઘાડી તલવાર સાથે ઈમામનો સામનો કર્યો હતો. જયારે શાંતિ હતી અને કુફાની હકુમત એક નમ્ર પ્રકારનાં હાકેમ - નોઅમાન બિન બશીરનાં હાથમાં હતી. ત્યારે તેઓ હકક શું છે અને બાતિલ શું છે, તે સારી રીતે સમજતાં હતાં. જાણતા હતાં કે ઈમામત અને લોકોની રેહબરીનાં સાચા હકકદાર કોણ છે, તેમનું એ કાર્ય સામાન્ય નિયમ મુજબનું હતું. જયારે "દીન" નો રસ્તો અને "મસ્લેહત" નો રસ્તો, એમ એ બન્ને રસ્તા અલગ અલગ થઈ ગયા, ત્યારે તેઓએ એ જ કર્યુ, જેવું મોટા ભાગનાં લોકો કરતાં હોય છે. એટલે કે હકક અને હકકવાળાઓથી અલગ થઈ ગયા અને સાચવેતી, દુરઅંદેશીની વાતો કરવા લાગ્યા. એમાં કંઈ અજાયબી જેવું નથી. જો કોઈને આશ્ચર્ય જેવું લાગતું હોય, તો પોતે વિચારે અને ન્યાયથી વાત કરે, તેઓ જો એવી પરિસ્થિતિમાં આવી પડયા હોત, તો શું કરતે ? શું તેઓ કુફાવાળાઓની રીતથી કોઈ જુદી રીત આદરતે ... ? ?

**આશ્ચર્ય તો એ લોકો માટે છે** કે જેઓએ જીંદગીની છેલ્લી ઘડી સુધી દરેક મુસિબતો હસતાં મુખે સામનો કરતાં રહયાં. છેલ્લા શ્વાસો સુધી અડગ રહીને પોતાનાં પ્રાણ આપી દીધા..., એવાઓનાં શરીરનાં ટુકડા, જિસ્મનાં અંગો જયારે

https://downloadshiabooks.com/

કપાઈને જમીન પર પડી રહયા હતાં, ત્યારે હજી તો તેઓ એવું વિચારી રહયા હતાં કે જાંનિસારી અને હકપરસ્તીનો  હકક અદા કરી શકાયો કે નહીં ? કયાંક એવું ના થાય કે કિયામતને દિવસે, ખુદા અને તેનાં રસુલ (સ.) ની સામે શરમાવવું પડે !

(કવિ 'ગાલિબ'નાં શબ્દોમાં)

**''જાન દી; દી હુઈ ઉસીકી થી, હક્ક તો યે હે કે હક્ક અદા ન હુવા''**

આ અનુસંધાનમાં એક સાચો બનાવ ઈતિહાસને પાને આ મુજબ નોંધાએલો છે.

ઉમરૂ બિન કિરઝહ અન્સારીનાં વાલિદ કિરઝહ બિન કઅબ ખિંગરૈજી, રસુલે ખુદા (સ.) નાં અસહાબમાં ગણાતાં હતાં. તેઓએ 'ઓહદ' નાં જંગ અને તે પછીની લડાઈઓમાં ભાગ લીધો હતો. બીજા ખલીફાની ખીલાફત સમયે કુફા ખાતે આવ્યા હતાં. ત્યાં ઈલ્મે ફિકહ (ધર્મશાસ્ત્ર) ની તાલીમ આપતાં હતાં. એ ઉમરૂ બિન કિરઝહ, પોતાનાં ઈમામનાં જાંનીસાર સાથીઓમાંથી હતાં.

'ઈબ્ને તાઉસ' તેમનાં પુસ્તક 'લોહુફ' માં લખે છે કે :-

''ઉમરૂ બિન કિરઝહ'' આશુરાનાં દિવસે જયાં સુધી જખ્મોથી ચુર થઈને જમીન પર ઢળી પડયા નહીં, ત્યાં સુધી ઈમામ પર કોઈ આંચ આવવા દીધી નહીં. તેઓ તીરને પોતાનાં હાથ પર ઝીલી લેતાં હતાં અને ઈમામનાં બચાવમાં તલવારોનાં વાર સહન કરી લેતાં હતાં. જયારે તેઓ જખ્મોથી ચુર થઈ ઝમીન પર પડી જઈને તરફડવા લાગ્યા, તો છેલ્લા વખતે ઈમામની સામે એક નજર કરીને બોલ્યા, ''ઓ ફરઝન્દે રસુલ ! મારો વાયદો મેં પુરો કર્યો કે નહીં ?''

**''નિકલ જાએ દમ, તેરે કદમો કે નીચે, યેહી દિલકી હસરત, યેહી આરઝુ હે.''**

https://downloadshiabooks.com/

ઈમામે ફરમાવ્યું : “હા… તમે મારા કરતાં પહેલા જન્નતમાં દાખલ થશો …! તમે રસુલે ખુદા (સ.) ને મારા સલામ પહોંચાડજો અને કહેજો કે હુસૈન (અ.) પણ આવી રહયા છે.”

એવાઓની દિલેરી અને અડગતાનું શું કહેવું ? ખરેખર આશ્ચર્ય – અજાયબી, તો અહીં થાય છે – એવાઓની પાક રૂહોને સલામ. ઝિંદગી ગંમે તેટલા પલ્ટા લે, સંજોગો અને બનાવો ગંમે તેવા બને, પણ તેમની અડગતામાં – તેમનાં નિશ્ચયમાં તેમની સાચી વફાદારીમાં જરા જેટલો પણ ફેર પડે નહીં…. બનાવો સંજોગો કદી પણ મર્દોનાં મુખને ફેરવી દઈ શકતાં નથી.

આથી એક જુદો જ બનાવ, તદ્દન અલગ કિસ્સો, “ઝુહહાક બિન અબ્દુલ્લાહ મશ્રેકી હમદાની” નો છે.

આ પણ અજાયબીની વાત છે કે એ શખ્સે ચાલુ રણુ સંગ્રામમાં ચાલતી લડાઈએ, ઈમામની રજા માંગી લઈને ઈમામને દુશ્મનોની વચ્ચે છોડીને મેદાનમાંથી બહાર નિકળી આવ્યો હતો. પણ એટલું તો કહેવું પડશે કે એટલો સમય સુધી દુશ્મનોની સામે એ લડયો હતો જ. આ પણ અજાયબીની વાત છે કે એને છેલ્લી ઘડીએ એવો વિચાર સુઝયો હતો !

“ઝુહહાક બિન અબ્દુલ્લાહ મશ્રેકી હમદાની” નો એ આખો કિસ્સો ‘તિબરી’ એ ‘ઝુહહાક’ નાં જ શબ્દોમાં આ મુજબ આપ્યો છે. ‘ઝુહહાક’ કહે છે કે :-

“ઈમામ હુસૈન (અ.સ.) ની ખિદમતમાં હું અને માલિક બિન નિઝર અરહબી હાજર થયા અને સલામ કરીને તેમની મજલીસમાં બેસી ગયા. ઈમામે ‘ખુશ આમદીદ’ કહીને પુછયું : કહો, કેમ આવવાનું થયું ?”

https://downloadshiabooks.com/

અમે અરજ કરી : સલામ કરવા અને દુઆ લેવા માટે … ફરીથી આપની મુલાકાત કરી લઈએ એવો પણ મકસદ હતો અને આપને એવી માહિતી પણ આપવી હતી કે કુફાનાં લોકો આપની વિરૂધ્ધ લડવા માટે તૈયાર થએલા છે એટલે કે આપના દુશ્મનોને સાથ… !

ઈમામે એ સાંભળીને કહયું :-

**“હસ-બિયલ-લાહો, વ નેઅમલ વકીલ...”**

તે પછી જયારે રૂખસત થવા લાગ્યા અને સલામ-દુઆ પછી “ખુદા હાફિઝ” કહયું ત્યારે ઈમામે ફરમાવ્યું :-

“તો, તમે લોકો જઈ રહયા છો ? કેમ મારી સાથે રહીને, મારી મદદ કરવામાં તમને કંઈ વાંધા જેવું છે… ?

મારા સાથીદાર માલિક બિન નિઝરે કહયું :- હું તો કરજદાર છું અને મારી સાથે મારા બાળ બચ્ચાં પણ છે… તેથી મારી મજબૂરી છે.”

મેં કહયું :- મારી પણ એ જ મજબૂરી છે, પણ ઓ ફરઝન્દે રસુલ ! હું જાનનિસારી માટે તૈયાર છું … પણ તે એક શરત પર…!

“કઈ શરત… ?”

“આપ મને એટલી પરવાનગી આપી રાખો, કે જયારે આપ સંજોગોવશાત, રણ મેદાનમાં એકલા રહી જાવ, અને મારી મદદ હવે નકામી છે, એમ મને લાગે, તો હું મારે રસ્તે પડી જાઉં …! ! !”

આ સાંભળીને ઈમામે એ શરત મંજૂર કરી લીધી અને હું તેમની સાથે રહયો… આશુરાનાં દિવસે જયારે ઈમામનાં ઘણાં બધા અસ્હાબો શહીદ થઈ ગયા

https://downloadshiabooks.com/

અને દુશ્મનો જયારે છેક ઈમામ અને 'અહલેબૈત' નાં જવાનો સુધી પહોંચી ગયા. અને સાથીદારોમાં જયારે સુવૈદ બિન ઉમરૂ બિન એબી મિત્તાઅ, ખશઅમી અને બુશરે બિન ઉમરૂ હઝરમી સિવાય કોઈ બાકી રહયું નહીં, ત્યારે મેં અરજ કરી કે, "હે ફરઝન્દે રસુલ ! આપને એ તો યાદ છે કે મારા અને આપના દરમ્યાન શી શરત હતી ? કે હું ત્યાં સુધી જ સાથ આપીશ કે જયાં સુધી આપના સાથીઓ ઝિંદહ હશે, અને જો તેઓ માર્યા ગયા હશે, તો હું છુટો – સ્વતંત્ર થઈ જઈશ...!

ત્યારે ઈમામે ફરમાવ્યું હતું, "મને એ બરાબર યાદ છે - મારા દોસ્ત ! પણ આવા ઘાતકી લશ્કરમાંથી બચીને તમે કેવી રીતે બહાર નિકળી શકશો ? છતાં, જો તક મળે, તો જરૂર ચાલ્યા જજો. મને કોઈ વાંધો નથી. મારી તમને પરવાનગી છે.

ઝૂહહાક કહે છે કે, "તે વખતે ઉંમર બિન સઅદનાં અસ્વારો અમારો પીછો કરી રહયા હતાં. મારા ઘોડાને ત્યારે મેં એક તંબુમાં બાંધી રાખેલો હતો અને હું પાયાદળ જંગ કરી રહયો હતો. તે દિવસે ઈમામનાં દુશ્મનોમાંથી બે જણને મેં કતલ કરી નાંખ્યા હતાં અને એકનો હાથ કાપી નાંખ્યો હતો, ત્યારે ઈમામે કેટલીયે વાર મને શાબાશી આપી હતી. 'જઝાકલ્લાહ' – કહયું હતું અને ફરમાવ્યું હતું : "દોસ્ત, બાઝૂ સલામત" જયારે ઈમામે મને જવા માટેની રજા આપી દીધી, તો તંબુમાં ઘૂસી જઈને મારો ઘોડો મેં બહાર કાઢી, તેનાં પર અસ્વાર થઈ ગયો. મેં ઘોડાને એટલા બધા ચાબુક ફટકાર્યા કે ઘોડો એના બે પગે ઉભો થઈ ગયો હતો, પછી મેં એની લગામ છોડીને ઢીલ આપી, તો એ દોડતો થઈ ગયો. દુશ્મનનાં સિપાઈઓએ ના-છૂટકે મને રસ્તો આપ્યો અને તેમની હરોળને ચીરતો, તલવાર વીંઝતો બચીને બહાર નિકળી ગયો, તે વખતે અગિયારેક જેટલા અસ્વારોએ મારો પીછો કર્યો, અને મારી નજીક આવી લાગીને તેઓ મને જીવતો પકડી લેવા માંગતાં હતાં .... પણ પછી એ લોકોમાંનાં બે-ત્રણ માણસો (કસીર બિન અબ્દુલ્લાહ શઅબી, અય્યુમ બિન સરહ ખયવાની, કૈસ બિન અબ્દુલ્લાહ સાએદી) એ મને ઓળખી લીધો, તેમની ભલામણથી મારો જીવ બચી ગયો... !"

https://downloadshiabooks.com/

“તહી દાસ્તાને કિસ્મત રા એ સુદ અઝ રેહબરે કામિલ.

કિ ‘ખિઝર’ અઝ આબે હયવાં તિશ્નામી આરદ સિકંદર રા.

(જેનાં નસીબમાં કશું હોય નહી, તેવાને “રેહબરે કામિલ” મળી જાય, તો પણ શું ?)

પેગંબર ‘ખિઝર’ જેઓ “જીવનામૃત” સદાકાળ માટેનાં જીવનનું પીણું ધરાવતાં હતાં. તેમની પાસે મહાન સિકંદર ગયો છતાં તરસ્યો જ પાછો આવ્યો હતો.

સાચું છે, ‘જૂહહાક’ ને કેવી ખુશનસીબી મળી હતી, કેવો મોકો એણે હાથથી જવા દીધો હતો ! એવા શખ્સ પર જરૂર અફસોસ થાય છે કે ઈમામને એકલા છોડીને પોતે ચાલ્યો આવ્યો. પણ તે છતાં એનો કિસ્સો પેલા કુફાવાસીઓ કરતાં તદન જુદો હતો, એણે કાગળો લખ્યા નહીં હતાં, જાંનિસારીનાં વચનો આપ્યા નહીં હતાં કે મુસ્લિમ બિન અકીલનાં હાથ પર બયઅત પણ કરી નહીં હતી, પણ જયારે ઈમામની ખિદમતમાં એ પહોંચ્યો તો જે કંઈ બોલ્યો એ વચન પાળ્યું. એણે કોઈ જાંનિસારીનો દમ નહીં ભર્યો કે પોતે જાન આપશે, પણ એ કેટલો સાથ આપી શકે તેમ હતો, તે ચોખ્ખે ચોખ્ખું કહી દીધું હતું.

પણ જે લોકોએ ‘મુસ્લિમ બિન અકીલ’ નાં હાથ પર બઅયત કરી હતી, તેઓએ તેમને કુફાની ગલીઓમાં એકલા છોડી દીધા હતાં. જો તેમને એક ડોશીમાં પોતાને ઘેર લઈ ગયા નહીં હોત અને પાણી પણ નહીં પીવડાવતે, તો કોઈ એવું નહોતું કે આટલું કામ કરતે.

પોતાની જીંદગીની છેલ્લી રાત મુસ્લિમ બિન અકીલે ડોશીમાનાં ઘરમાં વીતાવી.

https://downloadshiabooks.com/

હવે મુસ્લિમ બિન અકીલ સાથે કોઈ નહીં હતું. એકલા હતાં. ઈબ્ને ઝિયાદે તેમની ધરપકડ માટેનું બીડું ઝડપ્યું. દુશ્મનોએ ડોશીમાનાં ઘરનો ઘેરો ઘાલ્યો.

મુસ્લિમ બિન અકીલ ઘરની બહાર નિકળી આવ્યા અને શહાદત માટે તૈયાર થઈ ગયા.

જયારે તેમની ધરપકડ કરી લેવામાં આવી ત્યારે તેઓએ એક શખ્સ જેનું નામ 'મોહંમદ બિન અશઅસ' હતું, તેને કાકલુદી કરતાં જે કાંઈ કહયું તે આ મુજબ હતું —

"ભાઈ ! તુ જઈ શકતો ના હોય, તો ભલે, પણ કોઈ વિશ્વાસુ શખ્સને, ઈમામ હુસૈન પાસે મોકલી આપીને મારી શહાદતનાં સમાચાર પહોંચાડી દે. મારી તરફથી ઈમામ હુસૈનને કહેજો કે, મારા મા-બાપ, આપ પર કુરબાન... આપના 'અહલેબૈત' ને લઈને પાછા ચાલ્યા જાવ. કુફાનાં લોકોનાં ધોકામાં આવશો નહીં. આ લોકોએ જ છે કે જેમને માટે આપના વાલિદ પોતાને માટે કહયા કરતાં હતાં કે, કાશ હું મરી જાઉં કે કતલ થઈ જાઉં. જેથી આ લોકોથી છુટકારો મળી જાય. કુફાનાં લોકો આપની સાથે જુઠ્ઠુ બોલ્યા છે અને મારી સાથે પણ. પણ હવે એવા જુઠ્ઠાણાંનો શો ઈલાજ થઈ શકે."

મુસ્લિમ બિન અકીલે, ઈબ્ને ઝિયાદની સભામાં ઉંમર બિન સઅદ સામે બે દરખાસ્તો (શહીદ થવા પહેલા અંતિમ વસિયતરૂપે) રજુ કરી.

એક આ મુજબ હતી, "હું દેવાદાર છું, સાતસો દિરહમનો કરજદાર છું, માટે મારૂ બખ્તર અને મારી તલવાર વેચી નાંખીને તે કરજ અદા કરી દેશો."

બીજું એ કે મારી લાશ, ઈબ્ને ઝિયાદ પાસેથી મેળવી લઈને તેને દફન કરી દેજો.

https://downloadshiabooks.com/

તે જ દિવસે મુસ્લિમ અને હાનીને શહીદ કરી દેવામાં આવ્યા અને તેમનાં માથાં કાપી નાંખીને યઝીદ પાસે શામ મોકલી દેવામાં આવ્યા.

# ઈમામનું વસીયતનામું - મોહંમદ હનફિયાને નામે

ઈમામ હુસૈન (અ.) મદીનાથી જયારે મકકા જવા નિકળ્યા, ત્યારે તેઓએ તેમનાં ભાઈ મોહંમદ બિન હનફિયહને નામે એક વસિયતનામું લખ્યું હતું. જેનો ઉતારો, લેખક 'ઈબ્ને તાઊસે' આપ્યો છે, જેમાં તેમનું જવાનું કારણ અને તેમનાં કાર્ય અંગેની સ્પષ્ટ સમજૂતિ આપી છે અને એમ પણ દેખાડયું છે કે હક્કનાં મર્દોની હિલચાલ નફસાનિયતથી પાક હોય છે. વસીયતનામું આ મુજબ છે :-

"બિસ્મિલ્લાહિર રમાનિર રહીમ"

આ વસિયત છે, હુસૈન બિન અલી બિન અબિતાલીબ (અ.) ની, મોહમ્મદ ઉર્ફે ઈબ્ને હનફીયાને નામે.

"હું હુસૈન ગવાહી આપું છું કે, અલ્લાહ એક છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને મહમ્મદ (સ.વ.અ.) અલ્લાહનાં બંદા અને રસુલ છે, જેઓ હક્કતઆલા તરફથી હક્કનો પૈગામ લઈને આવ્યા. જન્નત હકક છે, જહન્નમ હક્ક છે. એમાં શક નથી કે કિયામત આવનારી છે, તે દિવસે અલ્લાહ મુર્દાઓને ઝિંદા કરશે."

"દરેક મુસલમાન માટે જે અકીદાઓ પર ઈમાન લાવવું જરૂરી છે, તે જ આ અકીદાઓ છે, જેના વગર કોઈ મુસલમાન થઈ શકે નહીં."

આ બધી બાબતોનો ઉલ્લેખ કરવાથી ઈમામનો કહેવાનો મકસદ એ હતો કે હાલ અત્યારે આ બધા ઉસૂલો - સિદ્ધાંતો જોખમમાં છે અને

https://downloadshiabooks.com/

એવી જ રીતે ચાલવા દેવામાં આવે. તો બનવાજોગ છે કે સમયની હકુમત, દીનનાં ઉસૂલો પર પણ વિરોધ કરવાથી અચકાશે નહીં.

ખરૂં જોતાં ઈમામની ચળવળનું મુળ આ જ બુનિયાદી સિદ્ધાંતો હતાં, જેના પર સમગ્ર મુસલમાનોનાં તમામ મઝહબી અને ઈજતેમાઈ - સામૂહિક મામલાઓ નિર્ભર છે.

આ પછી ઈમામે 'વસીયતનામા' માં લખ્યું હતું કે :-

મારી ચળવળનો મકસદ, ઝિયાદતી કે સરકશી નથી, - કોઈ અતિશયોકિત કે ઘમંડ, કે - નફસાનિયત - નથી. મારો ઉદ્દેશ એવો નથી કે ફસાદ ફેલાવું, કે કોઈ પર ઝુલ્મ કરૂ. ..... હું તો મારા નાનાની ઉમ્મતની ઈસ્લાહ (સુધારણા) માટે નિકળ્યો છું .... અને મારા નાના અને પિતા અલી ઈબ્ને અબીતાલિબનાં તરિકા પર ચાલી રહયો છું... !

આજકાલનાં 'વસિયતનામા'ઓ માં જે કંઈ વાતો હોય છે, એવી કોઈ એક પણ આમાં નથી, જે સામાન્ય રીતે લખાતી હોય છે.

આમાં ન પોતાનાં માટે 'ફાતેહા' અને 'ઈસાલે સવાબ' કરવા માટેની વાત લખેલી છે ન એવું બીજું કંઈ.

ઈમામ માત્ર પોતાની તેહરિકનો મકસદ દર્શાવવા ચાહતા હતાં, તેથી આપે દેખાડી દીધું કે, ચળવળનો ઉપદેશ કોઈ ગમ્મત - આનંદ - મોજમજાહ કે માલ - દવલત ભેગા કરવાનો નહીં હતો. ન તો કોઈ પર ઝુલ્મ કરવો હતો કે ન કાંઈ ફસાદ ફેલાવવો હતો. એ વસિયતનામાનાં શબ્દો (અરબી શબ્દોનો તરજુમો) છે કે --

https://downloadshiabooks.com/

"હું તો મારા નાનાની ઉમ્મતની ઈસ્લાહ માટે નિકળ્યો છું...!"

આ વાત સ્પષ્ટ કરે છે કે હિજરી સન-૬૦ માં ઉમ્મતને કોઈ સખ્ત મઝહબી તેમજ ઈજતેમાઈ - ઉથલપાથલોનો સામનો કરવાનો હતો, જેને દૂર કરવા માટે - લોહિયાળ ક્રાંતિ-ની જરૂર હતી અને તે એક માત્ર હુસૈન ઈબ્ને અલી (અ.) નાં હસ્તે જ થઈ શકે તેમ હતી, જેની ગવાહી, તેની મહાનતાની સાક્ષી કુરઆને પાકમાં સુરએ "અઝહાબ" માં - આયતે 'તતહીર' માં આપવામાં આવી છે. એ સમયે જે ફસાદ ઉપસ્થિત થઈ રહયો હતો, તે લખાણો અને ભાષણોથી દૂર કરી શકાય એમ નહીં હતો.

તે વસિયતનામામાં વધુમાં આપે ફરમાવ્યું હતું કે :-

"... લોકો મારી દઅવત જો કબુલ કરતાં હોય અને સચ્ચાઈને સ્વીકારતા હશે, તો ઠીક - અને નહીં કબુલ કરે, તો હું ધીરજ રાખીશ, ત્યાં સુધી કે અલ્લાહ મારા અને તેમનાં દરમ્યાન ફેંસલો કરી દે..! અને એ જ સર્વોત્તમ ફેંસલો કરનારો છે ..!"

અહીં 'ધીરજ રાખીશ' શબ્દોનો અર્થ એવો નથી કે હું હાથ પર હાથ રાખીને બેસી રહીશ ... કે જેથી યઝીદ પોતે ચાહે તે કરે. બલ્કે સાચા અર્થોમાં ધીરજ - સબ્રનો અર્થ છે કે જે ઈમાન અને ખુદાપરસ્તીનો પાયો છે ... એટલે કે પછી હું તને તન્હા, તદદન એકલો એ વિકટ રસ્તાને પસાર કરીશ ... !

ત્યાર પછી આપે લખ્યું કે :-

https://downloadshiabooks.com/

"... ઓ મારા ભાઈ ! મારી આ વસીયત છે, તમારે માટે ! ખુદાથી હું માત્ર તવફીકનો તલબગાર છું ..... કોઈ પર મારો ભરોસો એના સિવાય નથી, એની પાસે જ ફરી પાછા જવાનું છે ....."

# ઈમામનાં સત્યાગ્રહનાં કારણો

ઈમામ હુસૈન (અ.) ની તેહરિકનાં ખરેખરા કારણો જાણવા હોય તો તેની શરૂઆતને જાણવા માટે, ઓછામાં ઓછા ત્રીસ વરસ અગાઉનો ઈતિહાસ જાણવો પડશે. કારણ કે, હિજરી સન- ૨૯-૩૦ માં એવા કારણો પેદા થઈ ગયા હતાં કે જયારે આ ચળવળની જરૂરત જણાવા લાગી હતી.

લગભગ બાર વર્ષ સુધી ખલીફો હઝરત ઉસ્માન બિન અરફાન ઉમવીએ હકુમત કરી.

તેમનાં ખિલાફતનાં અંતિમ વર્ષોમાં ઈસ્લામી હકુમતની હયઅતે કિઝાઈ (ખોખલી આકૃતિ) માં ફેરફાર થવો શરુ થઈ ગયો.

સિદ્ધાંતિક રીતે ઈસ્લામી હકુમતમાં હોવું એ જોઈએ કે જયાં સુધી કાનૂનનો સવાલ છે, ત્યાં સુધી કોઈની સાથે કોઈપણ જાતનો પક્ષપાત કે આંખમિચારમણાં કરવા નહીં જોઈએ. બાકી મામલાઓમાં અલબત્ત લોકો સ્વતંત્ર છે પણ હવે એ પરિસ્થિતી થઈ ગઈ હતી કે, બધા જ મામલાઓમાં લોકો સ્વતંત્ર થઈ ગયા હતાં. માત્ર ખલીફાનાં ફાયદાનો ખ્યાલ રાખવો  જરૂરી હતો. આવી પરિસ્થિતિનો લાભ લઈને લોકોએ 'બયતુલ માલ' ને લુંટવાનું શરૂ કરી દીધું અને મુસલમાનોની દૌલત અને મિલ્કતો પર કબજો જમાવી લીધો. એ જ 'બયતુલ માલ' કે જેની એટલી બધી કડક દેખભાલ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) એ પોતાની ખિલાફતનાં ઝમાનામાં કરી હતી. ખુદ ખલીફા ઉસ્માનની અગાઉ બીજા

https://downloadshiabooks.com/

ખલીફાઓની હતી. ખુદ ખલીફા ઉસ્માન પણ પોતાની ખિલાફતની શરૂઆતમાં અમુક હદ સુધી આવક જાવકનાં મામલામાં જરૂરી સાચવેતી રાખતાં, પણ પછી પાછળથી એ દૌલત મુસલમાનોની સામાન્ય સુધારણા માટે ખરચવાને બદલે અમુક વ્યકિતઓનાં હાથમાં આવી ગઈ, અને મિલકતો તેમનાં નામે ચઢાવી શરૂ થઈ ગઈ. આ બધી ગેરરિતિઓ કે જે ત્રીસ વર્ષ અગાઉ શરૂ થઈ ગઈ હતી. તે જ આ વાતનાં કારણરૂપ બની કે તે માટે એક તિવ્ર કડક લોહિયાળ ક્રાંતિ (ઈન્કલાબ) ની જરૂરત જણાવા લાગી.

'મુરવ્વજુઝઝહબ' પુસ્તકમાં તેનાં લેખક 'મસઉદી' લખે છે :-

"ત્રીજા ખલીફા' પોતાનાં અવસાન વખતે પચાસ હજાર દિનાર સોનાનાં અને દસ લાખ દિરહમ છોડી ગયા હતાં."

એ જ લેખકે લખ્યું છે કે :-

"અમીરૂલ મોમેનીન અલી બિન અબી તાલિબ (અ.) ની શહાદત પછી ઈમામ હસન (અ.) એ મિમ્બર પરથી જાહેર કર્યુ હતું કે, મારા વાલિદ સોના-રૂપા રૂપે કંઈ પણ મૂકી ગયા નથી. માત્ર સાતસો દિરહમ છે, જે તેઓએ પોતાનાં વઝીફામાંથી એટલા માટે જતાં કર્યા હતાં કે ખાનગી જરૂરિયાત અંગે એક સેવકની વ્યવસ્થા કરવાની હતી."

તે પછી 'મસઉદ્દી' લખે છે કે :-

'વાલિદ કુરા' અને બીજી જગ્યાઓ પર ત્રીજા ખલીફાની જાયદાદની કિંમત એક લાખ દિનાર સુધી પહોંચી ગઈ હતી. તે ઉપરાંત તે ઘોડા અને ઊંટોની પણ એક મોટી સંખ્યા મુકી ગયા હતાં.

https://downloadshiabooks.com/

'ઝુબૈર' વિષે એ લેખકે લખ્યું છે કે :-

"તેઓએ બસરાનાં મશહુર મહેલ ઉપરાંત ઘણાં મકાનો, બસરા, કુફા, અને ઈસ્કન્દરિયામાં બધાવ્યા હતાં અને મરણ સમયે પચાસ હજાર દિનાર સોનાનાં, એક હજાર કનીઝ અને ગુલામ અને ઘણી મિલકતો જુદા જુદા શહેરોમાં મૂકી ગયા હતાં."

"તલ્હા બિન ઉબેદુલ્લાહ" એક મશહુર સહાબી હતાં. તેમની ઈરાકની મિલકતની આવક એક હજાર દિનાર દૈનિક હતી, તે ઉપરાંત શામમાં પણ ઘણી મિલકતો હતી.

"અબ્દુલ રહેમાન બિન ઓફ" - એક બુઝુર્ગ સહાબી હતાં, તેમની પાસે તબેલામાં એક સો ઘોડા હતાં. તે ઉપરાંત એક હજાર ઉંટ અને દશ હજાર ઘેટા-બકરા હતાં. અવસાન સમયે ચાર પત્નીઓ હતી. સંતાન પણ હતાં. એટલે વારસામાં તેમની પત્નીઓને ૧/૮ હિસ્સો મળ્યો, દરેક પત્નીને જે ભાગ મળ્યો તે ૧/૩૨ મો ભાગ હતો. આ દરેક ૧/૩૨ ભાગની કિંમત ૮૪ હજાર દિનાર હતી ! !

"ઝયદ બિન સાબિત" - એટલું સોનું-ચાંદી મૂકી ગયા હતાં કે તેને હથોડાથી તોડીને તેની વહેંચણી કરવી પડી હતી. તેમની બાકીની મિલકત એક લાખ સોનેરી દિનાર હતી.

"યઅલા બિન ઉમૈયહ" ની માતાનું નામ 'મનિય્યહ' હતું. તેથી તેઓ યઅલા બિન મનિય્યહ તરીકે પણ ઓળખાતા હતાં.

અલી ઈબ્ને અબી તાલિબ (અ.) વિરૂધ્ધ 'જંગે જમલ' માં આ 'યઆલા' ની જ આર્થિક મદદનાં બળ પર એ લડાઈ લડવામાં આવી હતી. તેઓ મરતાં સમયે પાંચ લાખ દિનાર મૂકી ગયા હતાં. તે ઉપરાંત

લોકો પર તેમની મોટી મોટી રકમો નિકળતી હતી. મિલ્કત વિગેરેની કિંમત ત્રણ લાખ દિનાર હતી.

મસ્ઊદી કહે છે કે :-

"ઉંમર બિન ખત્તાબ" ના ઝમાનામાં એવી પરિસ્થિતી નહીં હતી. બલ્કે દરેક કામ સાફ અને સીધી રીતનું હતું. નાણાંની વસુલાત માટે વહેંચણીની પદ્ધતિ તેમ હુકુમતની રિતિ-નિતિ એવા પ્રકારની હતી કે કોઈને પણ દૌલત ભેગી કરવાનો મોકો મળી શકે નહીં."

હઝરત ઉસ્માન પછી હઝરત અલી સત્તા પર આવ્યા, તો તેમની સામે સૌથી અગત્યનું જે કાર્ય હતું, જેને માટે યુદ્ધો પણ લડાયા, તે એ જ હતું કે પ્રભાવશાળી, સાધનસંપન્ન લોકોને કાબૂમાં રાખવા. ગેરરિતિઓને રોકવી અને કોઈને પણ 'બયતુલ માલ' માંથી એક દિનાર પણ હિસાબ વગર લેવા નહીં દેવો.

હ. અલી (અ.) ને સાડાચાર વરસ સુધી એવા લોકો સામે જ લડવું પડયું હતું, જેઓ એવા પ્રકારની (બયતુલમાલની) કમાણીથી વંચિત થઈ ગયા હતાં.

હ. અલી (અ.) કહેતાં હતાં કે, "જયાં સુધી હું સત્તા પર છું, ત્યાં લુંટફાટ કરવાની, લોકોને રંજાડવા માટેની પરવાનગી નહીં આપી શકાય. અને જે લોકોએ નાજાએઝ દોલત, આરોગ્ય ધન કમાઈ લીધું છે તેમણે પણ તે બધું પાછું આપી દેવું પડશે."

એ જ કારણે હ. અલી (અ.) ને શહીદ કરી દેવામાં આવ્યા.

https://downloadshiabooks.com/

# ઈમામ હસન (અ.) ની સુલેહ

અમીરૂલ મોમેનીન (અ.) પછી ઈમામ હસન (અ.) પોતાનાં વાલિદનાં જાનશીન થયા અને ઈસ્લામી ખિલાફત તેમનાં હસ્તક આવી.

તે સમયે મુસલમાનોની સામુહિક પરિસ્થિતીએ એવું રૂપ ધારણ કરી લીધું હતું કે મુસલમાનોની  તાકાત બે મોરચા પર અથવા તો બે પક્ષો વચ્ચે એવી રીતે લગભગ સરખે - સરખી વહેંચાયેલી હતી કે, જો ઈમામ હસન (અ.) મોઆવિયાની વિરૂધ્ધ જંગ ચાલુ રાખે, તો ભયંકર ખુંરેઝી કોઈ એક પક્ષને સફળતા મળે એ અસંભવ હતું.

ઉદ્દેશહિણ-બિન જરૂરી ખુંરેઝીથી મુસલમાનોને પરસ્પર મરાવી નાંખવા કે પછી પોતાનો જે અધિકાર છે તેને તજી દઈને શાંતિ સ્થાપવી ?

અમીર મોઆવિયા પાસે ઘર્ષણ ચાલુ રાખવામાં આવે તો તેથી લાભ, માત્ર બહારની સત્તા પુર્વીય-રૂમી  સલતનતને મળે, અને મુલ્કની અંદર જે “ખારેજીન” હતાં તેમને મળે.

તેમની સાથે જે કંઈ ચાર પાંચ હજાર મુસલમાનો પોતાનાં જાનની બાઝી લગાડવા તૈયાર હતાં, તેઓ મોઆવિયા સામે યુદ્ધમાં ઉતરી પડે, તો પછી અલ્લાહ જાણે રૂમી સલતનત તરફથી મુસલમાનો પર કેવી આફતો ઉતરી પડે ! અને ઘરનાં શત્રુ ‘ખારેજીન’ નો પક્ષ, તેમનું જોખમ કોણ જાણે કેવું સ્વરૂપ ધારણ કરે અને પછી જે મુખ્ય ચીજ છે તે ઈસ્લામ. તે ઈસ્લામનો ઈતિહાસ કયાંથી કયાં બદલાઈ જાય. !

આથી ઈમામ હસન (અ.) પાસે ઈસ્લામનાં રક્ષણ માટેનો જે રસ્તો હતો તે એ જ હતો કે ‘ખિલાફત’ ના આસનથી દૂર થઈ જવું.

https://downloadshiabooks.com/

તો જ મુસલમાનોને તેમની તાકત અને ઈસ્લામને બચાવી શકાય એમ હતાં અને બહારનાં તેમ અંદરનાં જે દુશ્મનો હતાં તેમનાંથી મુસલમાનોની ખુંરેઝી થતી અટકાવી શકાય એમ હતી.

પણ એનો અર્થ એવો નહીં હતો કે તેઓએ તદન હથિયાર હેઠા મૂકી દીધા હતાં કે પછી તેઓ કોઈ શકિતથી ડરી ગયા હતાં, દુશ્મનોને મનસૂબા માટીમાં મેળવવા માટે, તેમની તે સમયનાં સંજોગોથી- મસલેહત એમ કહી રહી હતી કે અમુક શરતો સહિત મોઆવિયાએ કામ ચલાઉ રીતે ખિલાફત સોંપી દેવી.

ઈમામ હસન (અ.) અને અમીર મોઆવિયા વચ્ચે એક સુલેહનામું થયું.

આ સુલેહનામાની કેટલીક શરતોમાં એક મુખ્ય શરત આ પણ હતી કે :-

"હસન બિન અલી (અ.) મોઆવિયા સાથે સુલેહ કરે છે, એવી શરત પર કે હસન (અ.) મોઆવિયાને 'અમીરૂલ મોમેનીન' તરીકે સંબોધવાનાં પાબંદ નહીં રહે."

આનો અર્થ એવો હતો કે, તેઓ મોઆવિયાને 'ખલીફા' કે 'અમીરૂલ મોમેનીન' તરીકે સ્વીકારતાં નથી-સ્વીકારશે નહીં.

કેટલાંક લોકો જેઓ એમ માને છે કે ઈ. હસન બિન અલી (અ.) એ ખિલાફત પરથી હાથ ઉંચકી લઈને મોઆવિયા સામે હથિયાર નાંખી દીધા અને અન્ય મુસલમાનોની જેમ, મોઆવિયાને 'ખલીફતુલ મુસ્લેમીન' તરીકે સ્વીકારી લીધા, તેમનાં ફરમાનનાં તાબેદાર બની

https://downloadshiabooks.com/

ગયા, તેવું માનનારાઓ માટે 'ઈબ્ને અસીર' જેવા લેખકે લખેલ આ બનાવ વાંચી જવા જેવો છે.

હ. બિન અલી (અ.સ.) એ જયારે (ખિલાફતથી અલગ થઈ જઈને) મોઆવિયાને સત્તાની લગામ સોંપી દીધી હતી, ત્યારે એક શકિતશાળી 'ફરવહ બિન નવફલ' અશજઈ ખારેજી કે બીજા ખારેજીઓથી થઈને પાંચસો માણસોને પોતાની સાથે લઈને બીજા એક શહેર ઝૂર ખાતે ચાલ્યો ગયો હતો, તેણે કહયું :- "હવે મોઆવિયા જયારે સત્તા પર આવી ગયા છે તો જંગ જરૂરી થઈ ગઈ છે, એમ જાહેર કરીને ઈરાક તરફ જવા નિકળ્યો અને પોતાના સૈનિકો સહિત 'કુફા' નાં એક સ્થળ 'નખલિસ્તાન' સુધી પહોંચી ગયો હતો. તેજ સમય દરમ્યાન ઈમામ હસન (અ.) કુફાથી મદીના જવા માટે રવાના થઈ ચૂકયા હતાં."

મોઆવિયાએ જયારે આ સમાચાર મળ્યા કે 'ખારેજી ફરવહ બિન નવફલે' પાંચસો માણસો સાથે સરકશી અખત્યાર કરી છે, બળવો પોકાર્યો છે, ત્યારે અમીર મોઆવિયાએ સુલેહની બુનિયાદ મઝબૂત કરવાનાં ખ્યાલથી એક પત્ર ઈમામ હસન (અ.) ને લખ્યો અને તેમાં એવું સૂચન કર્યુ કે, "તમે ફરવહ બિન નવફલ સાથે જંગ કરીને, તેને કુફાથી બહાર કાઢી મૂકો."

એ પછી લખ્યું હતું કે, "ફરવહ" નું કાટલું કાઢી નાંખી, તેનો કિસ્સો પતાવી દઈને તમે મદીના જાવ, તો તેમાં કશો વાંધો નથી."

આ કાગળ જયારે ઈમામ હસન (અ.) ને મળ્યો ત્યારે "કાદેસીયહ" નામનાં સ્થળે કે તેની આસપાસ તેઓ પહોંચ્યા હતાં.

https://downloadshiabooks.com/

જવાબમાં ઈમામ હસને (અ.) લખ્યું કે, "...જો 'એહલેકિબ્હ' (ઈસ્લામીઓ સાથે લડાઈ કરવાનું મેં પસંદ કર્યુ હોત, તો તમારી સાથે જ સૌ પ્રથમ લડતે નહીં ? મેં તો 'ઉમ્મત' ની ખેરખ્વાહીને કારણે અને મુસલમાનોની ખુંરેઝી થાય નહીં, તેથી જ તમારી સાથે લડવાનું ટળ્યું હતું ..."

ઈમામનાં કહેવાનો અર્થ એવો હતો કે 'ખિલાફત' એ તો ઈમામનો પોતાનો જ હકક હતો, પણ તેઓએ મુસલમાનોની ભલાઈ માટે તેનાથી દૂર રહેવાનું ઈખ્તિયાર કર્યુ, જો કોઈ મુસલમાન સામે જ લડવાનું હોત, તો "અમીર મોઆવિયા" ની સામે જ લડતે નહીં ?

આમાં જે કહેવાયું છે કે, તે ધ્યાનપુર્વક સમજવાનું છે. તેમાં ઈમામે એવું નથી કહયું કે, "...તમારી ખિલાફત મેં સ્વીકારી લીધી છે, ત્યજી દીધી છે, ખિલાફતને છોડી દીધી છે અને તેનું એક માત્ર કારણ મુસલમાનોનું લોહી વહેતું અટકે એજ હતું."

મુસલમાનોમાં લડાઈ થતે કારણ કે, બન્ને પક્ષે બળ એક સરખું જ હતું. મુસલમાનો બે પક્ષોમાં એકમેક સામે લડતે, તેઓ એકમેકની ગરદનો કાપતે, બન્ને પક્ષો કમઝોર થઈ જતે અને તેનો ફાયદો બહારનાં અને અંદરનાં દુશ્મનોને મળતે. અમીર મોઆવિયાએ એવા સંજોગનો લાભ લેવો હતો. ઈમામ હસન (અ.) ને આખી ઉમ્મતને જોવાની હતી.

ઈમામ હસન (અ.) ની શહાદત પછી ઈમામ હુસૈન (અ.) એ પણ હિ. સન ૪૯ થી લઈને હિ. સન ૬૦ સુધી મોઆવિયાનાં જીવન દરમ્યાન તલવાર ઉંચકી નહીં હતી. એટલે કે તે પગલું લીધું નહીં હતું કે જે યઝીદ સત્તા પર આવ્યા પછી લેવું જરૂરી સમજયું. પણ અમીર મોઆવિયાની ભુલો પર નુકતેચીની કરતાં રહેતાં અને તેમને ચેતવતા

https://downloadshiabooks.com/

જરૂર રહેતાં કારણ કે, ઈમામ હુસૈનનાં ભાઈ ઈમામ હસને પોતાનાં ટુંકા કાગળમાં (જેનો ઉલ્લેખ ઉપર આવી ચૂકયો છે) તેમાં જરૂર મોઆવિયાની હકકનિયતનો 'ઈબ્તાલ' કર્યો હતો. (અસત્ય ઠરાવ્યો હતો) અમીર મોઆવિયા હકક પર નથી. તેથી ઈમામ હુસૈન (અ.) ની "હિકરમત અમલી" પણ એજ રહી હતી.

## હ. સૈયેદુશ્શોહદા (અ.) નો પત્ર મોઆવિયાને નામે

પોતના ભાઈની શહાદત પછી, ઈમામ હુસૈન (અ.) એ અમીર મોઆવિયાને એક પત્ર લખ્યો, આ પત્ર "ઈબ્ને કુતૈબહ" દયનોરીએ ઉતારેલો છે, જેમાં ઈમામે લખ્યું હતું કે -

"હજર બિન અદી, જેવા અને તેમનાં બીજા ઈબાદતગુઝાર સાથીદારોને તમે એટલા માટે કતલ કર્યા હતાં કે તેઓ "બિદઅત" ને ખરાબ સમજતાં હતાં. તેઓ "અમ્ર બિલ મઅરૂફ" અને 'નહય અનિલ મુન્કર' કરતાં હતાં. તમે તેમને સૌને "અમાન" આપીને અને તેમને વચનો આપ્યા પછી, ઝુલ્મ અને સિતમથી તેમને કતલ કરી નાંખ્યા. તમે અલ્લાહને આપેલા કોલ કરારને તોડી નાંખવાની હિમ્મત કરી અને તેને મામુલી વાત સમજી લીધી.

શું તમે "ઉમરૂ બિન હિમક" ને કતલ નથી કર્યા ? જેમનું જિસમ ઈબાદતની અતિશયતાની નબળું થઈ લથડી ગયું હતું ? એની સાથે પણ તમે કેવા કેવા કોલ કરારો કર્યા હતાં ! કેવા કેવા વચનો આપ્યા હતાં ! કે કોઈને પણ ભરોસો તમારા પર બેસી જાય.

શું તમે જેનાં બાપનો પત્તો નથી તેવા ઝિયાદને "અબુ સુફિયાન" નાં બેટા તરીકે જાહેર કર્યો નથી ? જયારે કે, રસુલે ખુદા (સ.) એ ફેંસલો આપ્યો હતો કે બચ્ચું તેનું કહેવાય છે કે જેનાં ઘરે

https://downloadshiabooks.com/

જન્મયું હોય અને ઝિના કરનારને સંગસાર કરવામાં આવે. તે તો ઠીક, પણ પછી એજ "ઝિયાદ" ને "અહલે ઈસ્લામ" પર સત્તાધિશ બનાવી દીધો કે જે શખ્સ પોતાની સત્તાની રૂઈએ મુસલમાનોને કતલ કરી નાંખે છે, તેમનાં હાથ-પગ કપાવી નાંખે છે અને તેમને ખજૂરીઓનાં ઝાડ પર લટકાવીને ફાંસી આપી દે છે. સુબ્હાનલ્લાહ ! મોઆવિયા ! લાગે છે કે જાણે તમને આ ઉમ્મત સાથે કશો જ સબંધ નથી !

વધુમાં આગળ તેઓએ લખ્યું છે કે :-

"ઓ મોઆવિયા ! અલ્લાહથી ડરો, અલ્લાહને ત્યાં દરેક નાના-મોટા કામો લખાઈ જતાં હોય છે, તમારે જાણી લેવું જોઈએ કે - અલ્લાહ એ વાતને જતી નહીં કરે. આ વાતો ભૂલી જવામાં નહીં આવે કે, લોકો પર તમે ઈલ્ઝામો, તોહમતો, મૂકીને તેમને કતલ કરાવી નાંખો છો. તમે એવા વંઠેલ છોકરાને મુસલમાનનો અમીર બનાવી દીધો છે કે જે શરાબ પીએ છે અને કુતરાઓ સાથે રમતો રહે છે. હું એમ માનું છું કે તમે તમને પોતાને તબાહ કરી લીધા છે દીનને બરબાદ કરી નાંખ્યો છે અને મુસલમાન ઉમ્મતને કમજોર કરી દીધી છે."

આવી હતી અમીર મોઆવિયાની સંબોધવાની, ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) ની રીત. આવી રીતે તેઓ તેમને સંબોધતાં અને કહેવાની બધી વાતો ખુલ્લે ખુલ્લી રીતે લખતાં.

યઝીદ વિષે ઈમામ હુસૈન (અ.) એ જે કાંઈ લખ્યું છે તે કયાં સુધી સાચું અને પુરાવાઓ સાથેનું છે, તેનો પુરાવો લેખક-ઈતિહાસકાર 'મસઉદી' થી જ સાંભળીએ.

https://downloadshiabooks.com/

# 'મસઉદી' ને મુખે યઝીદની પિછાણ

યઝીદ એક 'ઐયાશ' શખ્સ હતો. એણે શિકારી જાનવર, કુતરાં, વાંદરા અને ચિત્તા પણ પાળેલા હતાં.. એને ત્યાં શરાબની મહેફીલો જામેલી રહેતી.

એક દિવસે શરાબ પી રહયો હતો ત્યારે તેની બાજુમાં ઈબ્ને ઝિયાદ બેસેલો હતો.

હુસૈન બિન અલી (અ.) ને કતલ કરી નાંખવામાં આવ્યા હતાં, તે પછીની આ વાત છે. યઝીદ સાકી તરફ મુખ કરીને જે અશઆરો બોલ્યો હતો તે આવા પ્રકારનાં હતાં :-

"... એવો જામ મને પીવડાવ કે જે મારા હાડકાં પણ તરબતર મસ્ત કરી નાંખે ..! અને મારા જેવો જામ, 'ઈબ્ને ઝિયાદ' ને પણ આપ. ઈબ્ને ઝિયાદ, તો મારો જાણ ભેદુ, મારો વિશ્વાસુ.. ! મારો જિગર છે... જેણે મારી સફળતાઓને અને મારી કોશીશોને પાર પાડી છે, મજબૂત કરી છે."

એટલે કે હઝરત ઈમામ હુસૈન (અ.) ને કતલ કરીને ઈબ્ને ઝિયાદે, યઝીદની ખિલાફતની બુનિયાદને ખૂબ મજબૂત કરી દીધો છે ...!!

ત્યારપછી "મસઉદી" યઝીદનાં ઝુલ્મો વિષે કેટલાંક ફકરાઓ લખીને કહે છે કે,

"યઝીદ, મુસલમાનોનો ફિરઔન હતો બલ્કે ફિરઔન તો પોતાની રઈયત માટે વધુ ઈન્સાફી અને ન્યાયપ્રિય હતો... આ શખ્સની

https://downloadshiabooks.com/

નિર્દયતાઓ, ગેરરીતીઓ અને બિનધડક પાપ કર્મોની અસર મુસ્લિમ પ્રજાઓમાં પણ વ્યાપકપણે ફેલાઈ ગઈ હતી. 'જેવો શાશક તેવી પ્રજા' એ કથન મુજબ જેવા ગુનાહ યઝીદ કરતો હતો તેવા જ ગુનાહ તેના નિકટનાઓ પણ કરતાં અને પછી સામાન્ય લોકો પણ કરતાં થઈ ગયા. બધાએ તેજ રીતીનિતિઓ શરૂ કરી દીધી હતી.

યઝીદનાં યુગમાં મકકા અને મદીનામાં ગાણાબજાણાનો રિવાજ ચાલુ થઈ ગયો હતો. લોકો જરાએ ખચકાયા વિના શરાબ પીવા લાગી ગયા હતાં.

આ બધી ચીજો કરતાં પણ વધીને જે વાત હતી, તે એ હતી કે એવો શખ્સ રસુલ (સ.) નો જાનશીન હોવાનો દાવેદાર અને ખિલાફતનાં આસન પર બેઠો હતો, પણ એણે કુતરાં-વાંદરા પાળ્યા હતાં. એણે એક વાંદરો જે પાળેલો હતો તેનું નામ રાખવામાં આવ્યું હતું - 'અબુ કૈસ' આ અબુ કૈસને લાવીને શરાબ પીવાની મહેફીલમાં રાખવામાં આવતો અને એક ગાદલા પર તેને બેસાડવામાં આવતો - પછી તેને એક ગધેડી પર અસ્વાર કરવામાં આવતો. આ ગધેડીને 'રેસ' માં ભાગ લેવાની તાલીમ આપવામાં આવતી હતી, એટલે કે 'ઘોડ-દોડ' માં તે ભાગ લેતી. તેની પર કસીને જીન બાંધવામાં આવતું - તેનાં મોઢે લગામ બાંધવામાં પણ આવતી અને પછી એ લગામ વાંદરાનાં હાથમાં પકડાવીને જીન પર બેસાડી દેવામાં આવતો. આ ગધેડી બે ઘોડા સાથે દોડતી. આવી રીતે રેસ થતી હતી. જોનારાઓ મઝા લુંટતાં રહેતાં.

એક દિવસે 'અબુ કૈસ' (વાંદરા) ની ગધેડી જીતી ગઈ ત્યારે એને ભપકાદાર લાલ પીળા રેશમી કપડા અને જૂલ પહેરાવવામાં આવી, તેનાં માથે ટોપી પણ પહેરાવીને અન્ય સજાવટોથી શણગારવામાં આવી.

https://downloadshiabooks.com/

આ બધું બતાવવા - કહેવાનો અર્થ એ હતો કે મસઉદીએ પણ પાછળથી જે લખ્યું તે જ ઈમામ હુસૈન (અ.) પણ યઝીદ વિષે અમીર મોઆવિયાને પહેલા લખ્યું હતું – અને એવો શખ્સ 'ખલીફો' બની ગયો હતો અને તેણે ઈમામ હુસૈન (અ.) પર દબાણ પણ કર્યુ હતું કે તેની બઅયત કરી લે ! એવાને હુસૈન (અ.) પોતાનાં નાનાના હકકદાર ખલીફા તરીકે સ્વીકારી લે ! ! !

આવો ત્યારે હવે જોઈએ કે શા માટે બયઅત કરવી મંજૂર કરી નહીં અને શહાદત કબુલ કરી લીધી.

કેટલાંક લેખકોએ તો આવા પ્રશ્નનો કેટલો ખોટો અને હિણપતભર્યો જવાબ આપ્યો છે, કે એ જવાબ પણ જોઈ જઈએ – તેમનું કહેવું છે કે,

"... ઈમામે અંદાજો કાઢયો કે બયઅત કરીએ ના કરીએ, તો પણ દરેક રીતે કતલ તો થઈ જ જવાનાં છીએ. બની ઉમય્યા છોડી દેવાનાં નથી ... તેથી ઈમામે એવો ફેંસલો કર્યો કે તો પછી ખુદનાં રાહમાં શા માટે જાન આપી દેવી નહીં.. ?"

આ જવાબ એટલો હલકી સપાટીનો અને બિનસંતોષકારક લાગે છે ? જાણે કે જયારે ઈમામે જોયું કે – કતલ તો થવાની જ છે .. તેથી તેઓ જીત પર ખેલી ગયા... ? ? એટલે કે એવું વિચારીને ઈમામે ઈસ્લામની રાહમાં શહીદ થવાનું વિચાર્યુ."

ઠીક છે, કોઈ ગંમે તે લખે પણ આમાં છીછરાપણું છે – ઊંડાણપુર્વક એ વિષે વિચારવામાં આવ્યું નથી.

https://downloadshiabooks.com/

ખરૂ જોતાં તે સમયમાં, તે ઝમાનામાં, મિલ્લતે ઈસ્લામીયહની શી હાલત હતી તેનાં પર ખૂબ ગંભીરતાથી અને ઉંડાણપુર્વક અવલોકન કરવાની જરૂર છે .. એટલું જ નહીં પણ ઈમામે આપેલા ખુત્બાઓ (પ્રવચનો) અને લખેલા લખાણો – વાકયો પર જો ચિંતન કરવામાં આવે તો જે કંઈ હકીકત છે. તે સ્પષ્ટપણે સામે આવી જાય એમ છે.

હુસૈન બિન અલી (અ.) એ, તે સમયનાં તમામ કારણો પર ઊંડાણ પુર્વક વિચાર કર્યો હતો. જે કારણો છેલ્લા ત્રીસ વરસોથી ચાલી રહયા હતાં. પછી તેઓએ વિચારપુર્વક નિર્ણય કર્યો કે હિજરી સન-૬૦ માં ઈસ્લામની શી પરિસ્થિતી છે.

ઈસ્લામની હાલત ત્યારે એટલી બધી ખરાબ થઈ ગઈ હતી કે તેઓ ઈલાજ માત્ર વાએઝો, ખુત્બા, તકરીરો, દીની મઝહબી લખાણો કે કાગળો દ્વારા થઈ શકે એમ નથી – એવી વાતોથી ઉમ્મત રાહેરાસ્ત પર આવે એ શકય નથી. જો કોઈ સાધારણ કમી કે ખરાબી હોતે, તો આ સાધારણ પગલાંથી કે સામાન્ય પ્રયાસોથી તેને દૂર કરી શકાતે, અને ઈસ્લામથી દૂર થતાં જનારાઓને પાછા રાહ પર લાવી શકાતે, પણ બગાડો એટલી હદે પહોંચી ગયો હતો કે તેની અસર બુનિયાદી સિદ્ધાંતો ઉપર પડી રહી હતી. એ બગાડો વધતો જતો હતો, ફેલાતો જતો હતો, એટલે આ માટે કોઈ ક્રાંતિકારી પ્રયત્નોની જરૂર હતી.

ઈમામ જાણતા હતાં કે આ માટે શું કરવું જોઈએ – જેથી એનું યોગ્ય પરિણામ મેળવી શકાય.

જો ઈમામનાં લખાણો – પ્રવચનોનાં ઐતિહાસિક ક્રમને સમગ્ર રીતે જોવામાં આવે,તો જાણવા મળશે કે શરૂઆતમાં તેઓએ તેમની તેહરિક પરથી પરદો ઉંચકયો નહીં હતો. પણ જેમ જેમ પોતે મકસદ તરફ આગળ વધતાં ગયા. લોકોને તેઓ તે અંગેનાં કારણો અને ધ્યેય

https://downloadshiabooks.com/

વિષે માહિતગાર કરતાં ગયા. તેઓએ તેમનાં ભાઈ મોહમ્મદ બિન હનફીયાને લખેલા 'વસીયતનામા' થી માંડીને, પેલો ખુત્બો જે "હુર બિન યઝીદ રિયાહી" અને તેમનાં સાથીઓ સમક્ષ "મન્ઝિલે બયઝા" ઉપર આપ્યો હતો, તેમાં ધીરે ધીરે આપે મુસલમાનોને બતાવી દીધું કે એવું પગલું તેઓએ શા માટે લીધું હતુ અને તે સિવાય બીજો કોઈ રસ્તો પણ નહીં હતો. જે વાંધો શરૂઆતથી ઈસ્લામી ખિલાફતમાં અને તે પછી મુસલમાનોની પુરી સામુહિક જીંદગીમાં પડી ગયો હતો, તે માટે શહીદ થવા સિવાય બીજો કોઈ ઉપાય નહીં હતો.

મદીનાનાં વાલીએ જયારે ઈમામને બયઅત માટે દબાણ કર્યુ – ત્યારે તેઓએ સતત બે દિવસ સુધી તેમનાં નાનાની કબર પર જવાનું રાખ્યું હતું — ત્યાં જ નમાઝ પઢી, બીજી રાતે પવિત્ર કબરની ઝિયારત કરી, થોડીક રકઅતો નમાઝ પઢીને દુઆઅ માંગતાં કહયું હતું :-

"... ખુદાયા ! આ તારા પયગમ્બરની કબર છે, હું તેમનો નવાસો છું ! ખુદાયા ! તને ખબર છે કે મારે કેવી પરિસ્થિતીનો સામનો કરવાનો છે ! "

કદાચ, આ પરથી કોઈક એવું ધારી લે કે, ઈમામનો આમ કહેવા પાછળનો આશય એવો હતો કે, ઈમામ, એ લોકોની વાત માન્ય રાખે કે માન્ય ન રાખે, તો પણ એ લોકો તેમનો જાન લેવા ઈચ્છે છે અને તેમને કતલ કરી નાંખ્યા વિના રહેશે નહીં !

પણ, કોઈ મુસલમાન એવો અર્થ નહીં કાઢે કે ઈમામને શહીદ થઈ જવાનો ખતરો હતો અને તેઓ પોતાને શહીદ થવા માંથી બચાવી શકતાં નહીં હતાં ! ઈમામ પોતાનાં બાલ-બચ્ચા સાથે સલામતીથી ઝિંદગી વિતાવી શકે એમ નહીં હતાં, તેથી તેઓ તેમની બેચૈની

https://downloadshiabooks.com/

બેતાબીનો ઈઝહાર કરીને રહી રહયા કે, ખુદાયા ! હું તારા પેગમ્બરનો નવાસો છું !

કોઈ એવું માની લે એમ આપણે નથી માનતા, છતાં કોઈ એવો અર્થ કાઢે તો આપણે કહીશું કે શું ખુદ પેગમ્બરને કતલ કરવામાં નહીં આવ્યા હતાં ? શું તેમને ઝેર આપવામાં નથી આવ્યું ? શું હઝરત અલી (અ.) અને ઈમામ હસન (અ.) શહીદ નથી થયા ? તો પછી તેઓ શહાદત માટે બેચૈની શા માટે અનુભવે ! અને માર્યા જવાની શિકાયત શા માટે કરે ?

રસુલે ખુદા (સ.) ની તરબિયતમાં રહેલા થોડાંક વર્ષ તો શું, પણ થોડાંક મહીના પણ જેઓ રહયા હતાં, તેઓ પણ શહાદતથી ગભરાતા નહીં હતાં. બલ્કે ઘરથી નિકળતાં ત્યારે તેઓ દુઆઅ કરતાં કે, “પાછા જીવતાં સલામત ફરીએ નહીં ! અલ્લાહની રાહમાં શહાદત અમને પણ નસીબ થાય !” આ એવા લોકો હતાં, જેઓ અગાઉ, મુશરિક બુતપરસ્ત હતાં, પછી મુસલમાન થયા હતાં, તો પછી રસુલ (સ.) ના ફરઝન્દ, ઈસ્લામની રૂહ-અલી બિન અબી તાલીબ (અ.), અને ફાતેમા ઝેહરા (અ.) ની તરબિયત પામનારા કેવી રીતે શહાદતથી ગભરાઈ શકે એમ હતાં કે અલ્લાહને તે માટે, જીવતાં રહેવા માટે તેઓ વિનંતી કરે ! !

એક શખ્સ હતો ઉમરૂ બિન જમૂહ, તે મદીનામાં રહેતો હતો, અગાઉ બુતપરસ્ત હતો. મદીનાનાં એક મંદિરમાં મહંત હતો. એ શખ્સ બુતપરસ્તી પર ત્યારે પણ કાયમ રહયો હતો કે જયારે મદીના ખાતે ઈસ્લામ ફેલાઈ ચુકયો હતો.

પોતાનાં ઘરમા એ શખ્સ નિખાલસ દિલે મૂર્તિપૂજા કરતો. ઘણી વખત એવું બનતું કે, “બની સલમા” નામે કબીલાનાં કેટલાંક યુવાનો

https://downloadshiabooks.com/

રાતને સમયે, તેનાં ઘરમાંની મૂર્તિ ચોરીને લઈ જતાં અને તેને કોઈ કૂવામાં કે ગંદી ગટરમાં જઈને ફેંકી દેતાં. સવારે એ મૂર્તિપૂજક પોતાની મૂર્તિની શોધમાં નિકળતો અને પછી તેને શોધીને તેને ધોઈ, ચોખ્ખી કરી, તેનાં પર સુગંધ લગાડીને ફરી પાછી મૂર્તિને પ્રસ્થાપિત કરતો ! 'બની સલમા' નાં યુવાનો ફરી પાછા રાતને સમયે ચોરીને મૂર્તિને કૂવામાં ફેંકી આવતાં અને આ શખ્સ ફરીથી સવારે શોધવા નિકળી, તેને પાછી ઘરમાં લાવી ધોઈ, સાફ કરીને પોતાની સામે મુકતો અને મૂર્તિને સંબોધીને કહેતો, "ક્ષમા કરજો દેવ ! હું નથી જાણતો કે કોણ એવી વર્તણુંક તમારી સાથે કરે છે, નહીંતર હું એ લોકોનો જરૂર સામનો કરતે !"

એક દિવસ પેલા યુવાનો ફરીથી પેલા મૂર્તિપૂજકની મૂર્તિને ચોરીને લઈ ગયા, અને રસ્તામાં એક મરેલો કૂતરો હતો, તેની સાથે મૂર્તિ બાંધીને ઉકરડા પર ફેંકી આવ્યા !

મૂર્તિપૂજક પોતાની મૂર્તિ શોધવા નિકળ્યો ત્યારે એને મરેલા કૂતરા સાથે બંધાએલી જોઈ ! એના હૃદયમાં એક તણખો જાગ્યો, પોતાનાં મનમાં તેને સંબોધીને તે જોરથી બોલ્યો, "...અરે, તુ દેવતા હોતે, તો આમ મરેલા કૂતરા સાથે બંધાઈને પડી રહયો નહીં હોત ...." એ શખ્સને આઘાત લાગ્યો મન ભાંગી ગયું, ઘેર પાછો ફર્યો, પણ મૂર્તિને પોતાની સાથે લાવ્યા વિના !

એ શખ્સે તે પછી મૂર્તિપૂજા તજી દીધી, પોતાનાં મનોમંથનથી આપમેળે એને લાગ્યું કે જે કાર્ય પોતે કરી રહતો હતો, તેમાં કોઈ સમજદારી નહીં હતી ! અને ખૂબ ચિંતન પછી તરત ઈસ્લામનો સ્વીકાર કરી લીધો.

https://downloadshiabooks.com/

આ શખ્સ અગાઉ જે બુત પરસ્ત હતો અને પાછળથી ખુદાપરસ્ત થયો, ત્યારે અમુક વર્ષોમાં જ, ઈસ્લામી તરબિયતથી તેની રૂહ, ચોખ્ખી થવા લાગી. તેનાં ખ્યાલોની બુલંદી એ હદે પહોંચી ગઈ કે જયારે 'ઓહદ' નાં યુદ્ધની તૈયારીઓ થવા લાગી (શવ્વાલ હીજરી સન - ૩ માં) ત્યારે તેનાં ચાર બેટાઓ કે જે બધા જ અગાઉથી રસુલે ખુદા (સ.) નો સાથ આપતાં થઈ ગયા હતાં, પણ એ ઘરડાએ મૂર્તિપૂજક જ રહેવાનું પસંદ કર્યુ હતું, ત્યારે 'ઓહદ' નાં જંગ વખતે પોતે પણ ઈસ્લામનાં રક્ષણ માટે લડવા તૈયાર થઈ ગયો. પોતાનાં સાથીદારો અને સગાંઓએ તેને કહયું કે, "ઘણાં ઘરડા થઈ ગયા છો ! તમે લંગડાઈ પણ રહયા છો ! તમારાથી લડવા જવાય નહીં, અમે તમને જવા નહીં દઈએ !"

ત્યારે એ ઘરડો શખ્સ "ઉમરૂ બિન જમુહ" ઘણો નાસીપાસ થઈ ગયો. છેવટે એણે વિચાર્યુ કે પોતે રસુલે ખુદા (સ.) ને જઈને મળશે. પોતે જઈને રસુલુલ્લાહ (સ.) નો દામન પકડી લીધો અને બોલ્યો, "ઓ અલ્લાહનાં રસુલ ! મને જન્નતમાં જવા દો ! ભલે હું લંગડો રહયો, પણ લંગડો જ ચાલ્યો જઈશ."

જયારે આ વૃધ્ધ શખ્સ પોતાનાં ઘરેથી બહાર નિકળ્યો, ત્યારે તેનો શહાદતનો શોખ કેવો હતો, તે પોતે કરેલી દુઆ પરથી જાણી શકાય છે. હાથ ઉંચા કરીને એણે દુઆઅ માંગી:-

".... હે અલ્લાહ ! શહીદ થવાથી મને મહેરૂમ રાખજે નહીં. હે ખુદા ! હું પાછો ઘરે જીવતો આવું નહીં...."

વિચારવાની વાત એ છે કે, એક સામાન્ય સીધો સાદો, નવો નવો મુસલમાન, જેની આખી ઉંમર મૂર્તિપૂજામાં પસાર થઈ હોય અને અંતે ઝિંદગીનાં છેલ્લા વરસોમાં, પોતાનાં નવજવાનોનાં દબાણથી

https://downloadshiabooks.com/

મુસલમાન થયા પછી, ઈસ્લામે તેની રૂહાની બુલંદીને એટલી ઉંચી પહોંચાડી દીધી હોય કે, જિહાદનાં મેદાનમાંથી પોતાનાં કુટુંબીજનો, બાલ-બચ્ચા પાસે જીવતા આવવાને પણ કમનસીબી સમજતો હોય અને સાચા દિલથી એવું ઈચ્છતો હોય કે તે પોતે પાછો ઘરે ફરે નહીં, તો પછી એવું કેમ શકય થઈ શકે કે, ઈમામ હુસૈન (અ.) જેવા કે જેઓ અમીરૂલ મોઅમેનીન (અ.) નાં બેટા અને રસુલે ખુદા (સ.) નાં નવાસા છે, તેઓ મૌતની બીકે ગભરાઈને એવી ફરિયાદ કરવા પોતાનાં નાનાની કબર પાસે જાય, કે ઓ ખુદાનાં રસુલ, લોકો મને મારી નાંખવા માંગે છે. મારી મદદે આવે ... !

હકીકતમાં એવી વાત હરગીઝ નહીં હતી કે હોઈ પણ શકતી નહીં હતી અને ઈમામની દુઆઅનાં જે શબ્દો હતાં કે, "હે નાના, કેવી પરિસ્થિતીનો સામનો હું કરી રહયો છું તે તમે જાણો છો ! એ શબ્દોનો અર્થ સમજવો જોઈએ; નહીંતર તેમની તહરીકનો મોભો પણ ઘટી જાય ! અને બધુ સામાન્ય જેવું બની જાય. ઈમામે અલ્લાહને 'મુનાજાત' કરતાં કહયું હતું કે, "હે અલ્લાહ, કેવી પરિસ્થિતી છે, તેની તો તને ખબર છે જ !"

પરિસ્થિતી એ જ છે કે તે સંજોગો જેને તેઓએ તેમનાં ખુત્બાઓમાં, કાગળોમાં વાતચિતમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે.

પરિસ્થિતી એ જ છે કે જે વિષે ઈમામે અંદાઝો લગાડયો હતો.

પરિસ્થિતી એ જ છે કે અફસોસજનક હાલત, તે ઝમાનાનાં મુસલમાનો ભોગવી રહયા હતાં.

પરિસ્થિતી એ જ છે કે બની ઉમૈયાની તે ખિલાફત, કે જેનું ઉંડાણથી અવલોકન કર્યા પછી, ઈમામે એવા પરિણામ વિષે વિચારી

https://downloadshiabooks.com/

લીધું હતું કે જેમાં કુરબાની અને શહાદત સિવાય, મુસલમાનોને ગુમરાહીમાંથી છુટકારો અપાવી શકશે નહીં.

ઈમામે પોતાનાં 'ખુત્બા' માં ફરમાવ્યું હતું, 'ખુદાયા ! હું નેકીઓને પસંદ કરૂ છું અને બુરાઈઓથી બેઝાર છું.' એમ કહીને પોતનાં ઉદ્દેશોની સ્પષ્ટતા કરી હતી. પણ હજી એ મકસદને સંપૂર્ણ સ્પષ્ટતા સાથે બયાન કર્યો નહીં હતો કે જેથી આમ જનતા પણ તેને સારી રીતે સમજી શકે.

તે પછી આપે ફરમાવ્યું હતું –

"ઝુલઝલાલે વલ ઈકરામ ! હું આ કબ્ર અને કબ્રનાં સાહેબનાં વાસ્તાથી ઈલ્તેજા કરૂ છું કે, મને તે રાહ દેખાડ, કે જેમાં તારી અને તારા રસુલ (સ.) ની ખુશી હોય. જે માર્ગ પર ચાલવાથી તું પણ રાજી અને તારા રસુલ (સ.) પણ રાજી હોય !"

# મઝહબી હુકમોનાં આદર માટે ઈમામનો આગ્રહ

ઈમામે (અ.) પોતાની વાતચિતમાં તેમ પોતાનાં વસીયતનામામાં પણ માત્ર એટલી જ વાત જાહેર કરી હતી કે પોતે "અમ્ર બિલ મઅરૂફ" અને "નહ્ય અનિલ મુન્કર" ને માટે જઈ રહયા છે. પણ આ અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરથી ઈમામનો ઈરાદો શો હતો ?

તે સમયનાં ઘણાં લોકો જેઓએ ઈમામનાં આ શબ્દો સાંભળ્યા હશે, તેઓ એવું સમજયા હશે કે ઈમામ એમ ઈચ્છે છે કે કુફા જઈને ત્યાંનાં શાક-ભાજીવાળા, નાનવાળાઓને એવું કહે કે, ઓછું તોળશો નહીં ! સડેલી બગડેલી ચીજ વસ્તુઓ, ખરાબ થઈ ગયેલા પનીર, દહીં

https://downloadshiabooks.com/

વિગેરે, ગ્રાહકોને વેચશો નહીં, અથવા તો કાચી કે બળી ગયેલી રોટલી વેચશો નહીં, અથવા તો જઈને કુફાનાં વેપારીઓને કહેશે કે વ્યાજ લેશો નહીં. આ થઈ નહ્ય અનિલ મુન્કરની વાત. તે ઉપરાંત ઈમામ કુફાનાં જવાનોને કહેશે કે, "વાજિબ નમાઝ પ્રત્યે બેદરકાર રહેશો નહીં અને જો તમારી પાસે સારી એવી રકમ હોય, તો હજ પઢવા જરૂર જાવ, વિગેરે વિગેરે". આ થઈ 'અમ્ર બિલ મઅરૂફ'ની વાત !

પણ ખરૂ જોતાં મામલો એ કરતાં પણ વધારે હતો. એવા પ્રકારનાં કાર્યોને 'અમ્ર બિલ મઅરૂફ' અને 'નહ્ય અનિલ મુન્કર' તરીકે સારા અને જરૂરી કાર્યો ગણી શકાય પણ એવા કામો તો કુફાનાં સામાન્ય આલિમો પણ પાર પાડી શકે એમ હતાં. તે માટે ઈમામને જવાની શી જરૂર હતી.

સાચી વાત તો એ હતી કે, જે કોઈ બીજું કરી નહીં શકે, એવું ઈમામ હુસૈન (અ.) કરવા ઈચ્છતા હતાં. તે સમયનાં સંજોગોમાં માત્ર તેઓ જ એક એવી શખ્સીયત હતાં કે જે આવું પગલું લઈ શકતાં હતાં કે જેની યાદગીરી હંમશા તાજી રહે. ઝમાનાની તેનાં પર અસર થઈ ન શકે અને ઈસ્લામનો ઈતિહાસ તેને ભુલાવી ન શકે.

ઈમામ હુસૈન (અ.) મદીનાથી રવાનાં થયા પછી ત્રીજી શાબાને મક્કામાં દાખલ થયા અને માહે રમઝાનનાં બાકી દિવસો, તેમ શવ્વાલ, ઝિન્કઅદ અને આઠમી ઝિલહજ્જ સુધી મક્કામાં જ રહ્યા. કોઈ એમ કલ્પી પણ શકતું નહીં હતું કે ખુદાનાં રસુલનાં ફરઝંદ અને મક્કા-મિનાનાં ફરઝંદ ઝિલહજ્જમાં કે જયારે લોકો "એહરામ" બાંધી રહયા હતાં, ત્યારે હજ્જની ક્રિયાઓ અદા કર્યા વિના, માત્ર "ઉમરો" કરીને મક્કાથી બહાર ચાલ્યા જશે.

https://downloadshiabooks.com/

પણ તેઓએ પાછા ફરવાનો નિર્ણય કરી લીધો હતો. તેઓએ 'કઅબા' નો તવાફ કર્યો, "સફા" અને "મરવહ" વચ્ચે "સઅય" કરી અને "એહરામ" ખોલી નાંખ્યો.

શા માટે ? કારણ કે તેમને એવો અંદેશો હતો, કે કયાંય મક્કાનાં હરમમાં જ તેમને ગિરફતાર કરી લેવામાં આવે કે કતલ કરી નાંખવામાં આવે નહીં ! અને એવી રીતે કતલ થવાથી તેમનાં મકસદ ફલિત થઈ શકે એમ નહીં હતો.

ઈમામે મક્કા છોડયું પણ તે એટલા માટે નહીં કે પોતે કતલ થવાથી બચી જાય પણ મક્કા છોડવાનું કારણ એ જ હતું કે તેઓ કતલ થાય અને એવી રીતે કતલ થાય કે રહેતી દુનિયા સુધી તેમની શહાદત, ઈસ્લામને ફાયદો પહોંચાડે.

'લોહૂફ' ની રિવાયત એ છે કે રવાના થવા અગાઉ ઈમામે જે 'ખુત્બો' મેદની સામે કર્યો હતો. તેમાં અલ્લાહની હમ્દ પછી ફરમાવ્યું હતું કે (તરજૂમો) —

".... આદમનાં ફરઝંદો ઉપર મૌતે એવા નિશાન કરી રાખેલાં છે, જેવા કે કોઈ જવાન ઔરતની ગરદનનાં હારનું નિશાન !" એટલે કે આદમનાં બેટા માટે મૌત અનિવાર્ય છે.

ઈમામે અંતે વાતને વધુ સ્પષ્ટ કરી દીધી અને તે પછી બનનારા બનાવો પ્રત્યે એક હળવો ઈશારો પણ કરી દીધો. તેઓએ મૌત અને શહાદતની વાત કરી અને એવું દર્શાવ્યું કે, અત્યારે એટલે કે હિજરી સન-૬૦ માં મામલો એટલી હદ સુધી વણસી ગયો છે કે તેની સુધારણા ધનથી કે ઝબાનની કોશીશોથી થઈ શકે એમ નથી. ખુદ ઈમામ હુસૈન (અ.) ની વાએઝો-પ્રવચનો પણ હવે જાણે અસર વગરની હતી !

https://downloadshiabooks.com/

આદમનાં ફરઝંદોને મૌતે નિશાન બનાવ્યા છે, એવું કહીને ઈમામે સ્પષ્ટ કરી દીધું કે જે દીની, ઈજતિમાઈ ફસાદ. જન્મી ચુકયો છે, તેને માટે શહાદત-પ્રાણપર્ણ જ એક માત્ર ઉકેલ છે અને તે પણ એવા શખ્સનું પ્રાણપર્ણ કે જે પયગંબરની બેટીનાં ફરઝંદ હોય !

ઈમામે મક્કાથી રવાના થયા પહેલા જે ખુત્બો આપ્યો હતો, તેમાં વાત માત્ર શહાદતની છે, મૌતની છે અને રસુલે ખુદા (સ.) અને પોતાનાં વાલેદૈન  પાસે જવાની છે. કરબલાનાં ભૂખ્યા વરૂઓનાં પંજામાં ફસવાની છે — તો પણ એ ઉલ્લેખ નથી કે આ મુસાફરીનો એવો જ અંજામ હકે પણ અમારી જાણ મુજબ ઈમામે, આઠમી જીલહજ પહેલા, કદાચ સાતમી જીલહજે મસ્જીદુલ - હરામમાં કઅબાનાં ઝાએરીનનાં મજમાઅમાં એ ખુત્બો આપ્યો હતો.

તે સમયે જાહેર રીતે પરિસ્થીતી ઈમામની તરફેણમાં હતી અને મોટાભાગનાં લોકો એવું માનતા હતાં કે યઝીદ બિન મોઆવિયાનો અંત વહેલો આવી જશે અને ખિલાફત તેનાં સાચા હક્કદાર, એટલે કે ઈમામ હુસૈન (અ.) ને મળી જશે, કારણ કે, મુસ્લિમ બિન અકીલ એવી માહિતી આપી ચૂકયા હતાં કે, "લોકો ઈમામની સાથે છે અને ઈમામ સિવાય કોઈને ઈમામત અને ખિલાફતનાં હક્કદાર માનતા નથી. એટલે વ્હેલી તકે ઈમામ કુફા પધારે."

એટલે કે જાહેર રીતે પરિસ્થિતી ઘણી સંતોષકારક અને ઉત્સાહજનક હતી, પણ તે છતાં હુસૈન બિન અલી (અ.) મરવા બાબત અને શહાદતની વાતો કરી રહયા હતાં અને ઈરાકી વરૂઓની પશુતાનો ઉલ્લેખ કરી રહયા હતાં.

https://downloadshiabooks.com/

અમે આ અગાઉ કહી ચૂકયા તેમ ઈમામ હુસૈન (અ.) એ એવો અંદાઝો કરી લીધો હતો કે તેમની અને તેમનાં સાથીઓની શહાદત વિના કોઈ લાભદાયી પરિણામ આવી નહીં શકે અને તેથી જ તેઓએ ફરમાવ્યું હતું કે, મૌત વગર છુટકો નથી. મૌત તો ઈન્સાનની ગરદનમાં લપેટાયેલો હાર છે.

તે ખુત્બામાં ફરમાવ્યું હતું કે જેવી રીતે હ. યઅકુબ (અ.સ.) પોતાનાં ફરઝંદ હજરત યુસુફ (અ.સ.) ને મળવા વ્યાકુળ હતાં, એવી રીતે હું પણ પોતાનાં પુર્વજો એટલે હ. રસૂલે ખુદા (સ.), હ. અલી (અ.), હ. હમઝા (અ.), હ. જઅફર અને માતા ફાતેમહ (અ.)ના દિદારનો મુસ્તાક છું. મારા માટે શહાદતગાહ નક્કી થઈ ચૂકી છે, હું ત્યાં જ જઈ રહયો છું.

આ પરથી જાણી શકાય છે કે આ તજવીજ (નિર્માણ) અલ્લાહ તરફ હતી. હુસૈન (અ.) ની અંગત તજવીજ નહીં હતી. સનાતન કાળથી અલ્લાહે એવું નકકી કરી દીધું હતું કે ઉમ્મતમાં એવો ફસાદ થશે કે હુસૈન (અ.) પોતાની જાનની બાઝી લગાડીને શહીદ થઈ જશે.

ખુત્બામાં ઈમામે વધુમાં ફરમાવ્યું હતું કે, “હું જોઈ રહયો છું કે બયાબાનનાં વરૂઓ કરબલા અને તેની આસપાસની ભૂમીમાં મારા જિસ્મનો ટુકડા કરી રહયા છે અને પોતાનાં ભુખ્યા પેટ અને ખાલી ઝંબીલો ભરી રહયા છે, જે કાંઈ મુકદ્દરમાં છે તેનાથી છટકી શકાય નહીં. અમે “એહલેબૈત” ની ખુશીઓમાં જ છે કે જેમાં અલ્લાહ રાઝી છે. અલ્લાહ તરફથી જે કાંઈ મુસિબત આવે, તેની પર અમે સબ્ર કરીએ છીએ. અમને અલ્લાહ સબ્ર કરનારાઓને પુરેપુરો બદલો આપે છે, અમે રસૂલે ખુદા (સ.) નાં જિગરનાં ટુકડા છીએ. રસૂલ (સ.) થી જુદા નથી બેહિશ્તે બરીમાં અમે રસૂલ (સ.) ની સાથે હશું જેથી અમને જોઈને તેમની આંખો ઠંડી થાય અને તેઓએ જે વાયદો અમને કર્યો છે.

https://downloadshiabooks.com/

તે વાયદો પુરો થાય. હવે તમારા લોકોમાંથી જે કોઈ અમારે માટે, અમારી સાથે પોતાની જાન કુરબાન કરવા અને ખુદને મળવા માટે તૈયાર હોય, તેઓ જ અમારી સાથે આવે, ઈન્શાહઅલ્લાહ કાલે સવારે અહીંથી હું રવાના થઈ રહયો છું.”

અલ્લાહનો દીન, લોકોનાં હકકો અને ઈસ્લામી સોસાયટીનાં રક્ષણ માટે જુદા જુદા સમયે, જુદી જુદી રીતોથી કામ લેવાનું હોય છે – કોઈ વખત એવું બને છે કે અલ્લાહની રાહમાં માલ ખર્ચ કરવાની જરૂર હોય છે, કોઈ વખત એવું બને છે કે, લખાણોથી અને તેને છપાવવાથી લોકોને સચ્ચાઈ તરફ વાળી શકાય છે, દીની અખલાકી તરબિયત કરી શકાય છે, પણ ઈમામે પોતાનાં વાકયોનાં અંતમાં એ દર્શાવી દીધું કે — આજે એ સમય નથી કે આર્થિક મદદ કે લેખન સહકાર કે વાણી દ્વારા ઈસ્લામી કોયડાનો ઉકેલ લાવી શકાશે, હવે એવા સંજોગ છે કે શહાદત, જાંબીઝી અને કુરબાની વગર કંઈ પણ થઈ શકે એમ નથી., તેસ સિવાય ફસાદ પર કાબૂ મેળવવો મુશ્કેલ છે, તે વિના પરિસ્થિતીને પલ્ટાવી શકાશે નહીં, હવે તમારામાંથી કોઈ એવું વિચારે નહીં કે, ઈમામ હુસૈન રાહે ખુદામાં કદમ આગળ ધપાવી રહયા છે, તો હું પણ કંઈ ચંદો આપી દઈશ ! અથવા પેલા ઉબૈદુલ્લાહ હુર જઅફી એમ કહે કે હું એક અલમસ્ત લડાયક ઘોડો યુદ્ધ માટે પેશ કરી દઈશ ! અથવા બીજા કોઈ સાહેબ એવું કહે કે હું પાંચ તલવારો આપીશ ! કોઈ કહે સાત બખ્તરો આપીશ કે ચાર ભાલા ઈમામની તહેનાતમાં રજુ કરીશ. આજે હુસૈન ઈબ્ને અલી (અ.) ને ન તો તલવાર જોઈએ છે કે ન તો ઘોડા જોઈએ છે. ન તો ધન જોઈએ છે હા, જો નિખાલસતાથી કોઈ પોતાની જાતનો હદિયો પેશ કરે, તો તે કબુલ છે. અલ્લાહની રાહમાં પોતાનાં પ્રાણ આપવાને જે તૈયાર હોય, જેને ખુદાને ત્યાં જવાનો શોખ હોય, તે જ ઈમામનો હમસફર થઈ જાય...! ઈન્શાહઅલ્લાહ, કાલે સવારે હું રવાના થઈ રહયો છું !

https://downloadshiabooks.com/

અજાયબીની વાત એ છે કે, આટલી જોરદાર તાકિદ છતાં કેટલાંયે કમનસીબ, મોકાપરસ્ત અનૂકુળ પરિસ્થિતી છે એવું માનીને થાપમાં આવી ઈમામની સાથે થઈ ગયા– અને એમાંના મોટા ભાગનાં લોકો તો, **મુસ્લિમ બિન અકીલ** ની શહાદતનાં સમાચાર મળતાં સુધી જ સાથે રહયા. એ તકવાદીઓએ ઈમામને સાથ એટલા જ માટે આપ્યો હતો કે ઈમામ ખલીફા બનીને સત્તા પર આવી જશે ! તો એવા ઈમામને સાથ આપવા તૈયાર નહીં હતાં કે જેઓ પોતાનો જીવ ગુમાવવા અને શહાદત મેળવવા જઈ રહયા હોય ! જેમની પર પાણી બંધ થઈ જવાનું હોય અને જેમની સાથે શહીદ થવાનું જ માત્ર માન મળવાનું હોય !

# ‘ઈબ્ને અસીર’ ની વિખ્યાત કિતાબમાં ઈ. હુસૈન (અ.) વિષે નબી સાહેબ (સ.) ની હદીસો.

ઈમામ હુસૈન (અ.) વિષે રસૂલે ખુદા (સ.) ની કેટલીક હદીસો, વિખ્યાત પુસ્તક— “અસદુલ ગાબહ” માં જાણીતાં લેખક “ઈબ્ને અસીરે” ઉતારો છે, તે આપણે જોઈ જઈએ–

“અબ્દુલ્લાહ બિન ઉંમરને એક શખ્સે પુછયું કે, જો મચ્છરનું લોહી, આદમીનાં કપડાંને લાગી જાય તો શું થાય ?”

અબ્દુલ્લાહએ કીધું, જુઓ, આ ઈરાકી મચ્છરનાં લોહી વિષે પુછી રહયા છે અને પરિસ્થિતી એ છે કે એ જ ઈરાકીઓએ રસુલ ખુદા (સ.) નાં ફરઝંદને કતલ કરી નાંખ્યા. મેં પોતે રસુલે ખુદા (સ.) ને કહેતા સાંભળ્યા છે કે,

“અલ હ-સ-નો વલ હુસૈન, રયહાન-તા-ય-મિતહ દુનિયા” (હસન અને હુસૈન દુનિયામાં મારા બે પુષ્પો છે.)

https://downloadshiabooks.com/

હ. રસૂલે ખુદાએ ફરમાવ્યું છે —

"હુસયનુમ મિન્ની વ અના મિનલ હુસૈન અ-હબ્બલ લા—હો, મન અ-હબ્બા-હુસયના -હુસયનુન સિબ્તુન મિનલ અસબાત" [હુસૈન (અ.) મારાથી છે અને હું હુસૈન (અ.) થી, હુસૈન (અ.) ને જે મોહબ્બત કરે છે, અલ્લાહ તેને મોહબ્બત કરે છે, હુસૈન (અ.) પેગમ્બરઝાદહ છે.]

એક 'સહાબી' અન્સ બિન હર્સ, કાહેલી જેમનાં વાલિદ પણ 'સહાબી' હતાં, તેઓ કહયા કરતાં કે, "મેં પોતે રસૂલે ખુદા (સ.) ને કહેતાં સાંભળ્યા છે, તેઓએ ફરમાવ્યું કે,"

"મારા આ બેટા હુસૈન, ઈરાકમાં કોઈક જગ્યાએ કતલ થશે, તે વખતે જે કોઈ હાજર હોય તેઓ તેમની મદદ કરે."

રસુલે ખુદા (સ.) એ જે કાંઈ ફરમાવ્યું હતું, તેની અસરો, હિજરી સન ૬૦ માં પેદા થઈ ગઈ.

શહાદત માટે ઈમામ તૈયાર થઈ ગય, તેમની તહરીક એ તમામ પવિત્ર તહરિકોની કેન્દ્રિય બિંદુ સમાન હતી. જે ઈસ્લામનાં ઈતિહાસમાં જન્મી હતી. તેમની અગાઉ કે તેમનાં પછીની જે તહરિકોની રેહનુમાઈ, જેમ કે ઝૈદ બિન અલી (અ.) હુસૈન બિન ઝૈદ સાહેબે 'નફસે ઝકીયહ'— તેમનાં ભાઈ ઈબ્રાહીમ, હુસૈન શહીદ ફખ્ખ અને બીજાઓએ કરી, તે બધી જ ઈમામ હુસૈન (અ.) ની તહરીકની પુર્ણાહુર્તિ રૂપે હતી.

હિજરી સન - ૬૦નાં અંત અને હિજરી સને-૬૧ ની શરુઆતમાં ઈમામ હુસૈન (અ.) ને લાગ્યું કે મિલ્લતે ઈસ્લામીનું રૂહાની પતન અને

https://downloadshiabooks.com/

નૈતીક બગાડ હવે એવા દરજજે પહોંચી ગયા છે કે શહાદત સિવાય હવે કોઈ માર્ગ રહયો નથી.

દીનને જીવતો રાખવા અને ઈસ્લામી ઉમ્મતને જીવતી રાખવા હવે એક જ માર્ગ હતો, અને તે હતો લોહિયાળ ક્રાંતિનો ... ખૂની ઈન્કિલાબનો.

ઈમામે નક્કી કરી લીધું કે મિલ્લતે ઈસ્લામીને જીવતી રાખવી છે, તો તે માટે જરૂરી છે કે પોતાનાં સગાઓ, પોતાની બહેનો, (ભાઈ તો રહયા જ નહીં) કાકાનાં ફરઝંદો એટલે કે ઈસ્લામી દુનિયાનાં શ્રેષ્ઠ અને ઉચ્ચ ખતીબ—પ્રવચનકારો ઈરાક અને શામ જઈને મિલ્લતે ઈસ્લામીની આ દુર્દશા તરફ લોકોનું ધ્યાન ખેંચે એ મિલ્લતનું મરણ થાય. નાશ થાય તેવા જોખમ જે ઉભા થયા છે તેમાંથી બચાવે અને અત્યારની વર્તમાન પરિસ્થિતી જ નહીં, પણ તે અગાઉની તહરિકોનાં આત્માને જીવંત રાખે, એટલું જ નહીં, પણ હવે પછી થનારી પવિત્ર તહરિકોનાં આત્માને જીવંત રાખે, એટલું જ નહીં, પણ હવે પછી થનારી પવિત્ર તેહરિકો માટેનાં માર્ગને મોકળો કરે.

આ કાર્ય જે 'ખતીબો' ને સોંપવામાં આવ્યું હતું, તેમનાં નામો હતાં : ઝયનબ, ઉમ્મે કુલસુમ, ફાતેમા બિન્તલ હુસૈન અને અલી બિનલ હુસૈન (અ.મુ.)

મદીનાનાં હાકેમ, વલીદ બિન અત્બાએ ખલીફાનાં હુકમથી જયારે ઈમામ પર દબાણ વધાર્યુ કે — ઈમામ બઅયત કરી લે અને ૨૮ રજબે રાત્રે 'વલીદ' ના ઘર પર જે બનાવ બન્યો, જેમાં ઈમામે બઅયત નહીં આપતાં એવું  કહયું હતું કે તે અંગે બીજે દિવસે નક્કી વિચાર કરશે, અને વાત બીજા દિવસ પર મુલત્વી રહી હતી; તે જ દિવસે અબ્દુલ્લાહ બિન ઝુબૈર ડરી જઈને મદીનાથી ભાગી નિકળ્યા હતાં, પણ

https://downloadshiabooks.com/

ઈમામ તો તે દિવસે પણ મદીનામાં જ રહયા. તેઓ તાજા સમાચાર જાણવા ઘરમાંથી બહાર નિકળ્યા, તો વળાંક પાસે ગલીમાં મરવાન બિન હકમનો ભેટો થઈ ગયો.

મરવાન બોલ્યો : "હઝરત હું આપનો ખેરખ્વાહ છું .. આપ મારી વાત માની લ્યો ! હું જેમ કહું છું તેમ કરો !"

ઈમામે ફરમાવ્યું : "બોલો, શું કહો છો ? મારી ભલાઈની વાત હશે, તો જરૂર માની લઈશ."

મરવાને કહયું : "મારી સલાહ તો એવી છે કે આપ યઝીદની બઅયત કરી લ્યો...! તેમાં આપના દીન અને દુનિયા બન્નેની ભલાઈ છે..! "

એટલે કે મરવાનનાં કહેવાનો આશય એવો હતો કે જો યઝીદને ખલીફા તરીકે અને ઈમામ તરીકે, મિલ્લતે ઈસ્લામીનાં પેશવા અને રેહબર તરીકે સ્વીકારી લે, તો ઈમામ હુસૈન (અ.) નાં દીન અને દુનિયા સુરક્ષિત રહેશે અને જો બઅયત માટે ઈન્કાર કર્યો અને વિરોધ કર્યો, તો દીન પણ તબાહ અને દુનિયાનું પણ નુકશાન ...!

ઈમામ હુસૈન (અ.) જયારે મરવાનની આ નફફટાઈ ભરી વાત સાંભળી, ત્યારે તેઓએ આ આયત પઢી.

"... ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન ..."

'ઈન્ના લિલ્લાહે ... !' આ આયત કોઈ મુસિબતને પ્રસંગે અથવા કોઈને દિલાસો આપવા માટે પઢવામાં આવે છે.

https://downloadshiabooks.com/

જે મુસિબતને યાદ કરીને ઈમામે આ આયત પઢી, તે મુસલમાનોનાં વિચારોની એ જ ખરાબીને માટે હતી કે જે ખરાબ વિચારોની અસરમાં આવીને તેમને એવું કહેવામાં આવ્યું હતું કે, "જો ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.) યઝીદની બઅયત કરી લેશે. તો તેમનાં દીન અને દુનિયા બન્ને સુરક્ષિત રહેશે."

ઈમામે તે પછી જે ફરમાવ્યું તેનો સારાંશ એવો હતો કે ... "જો યઝીદ જેવો શખ્સ ઈસ્લામનો રક્ષક અને મુસલમાનોનો રેહનુમા બની જાય, તો પછી ઈસ્લામનો રક્ષક માત્ર અલ્લાહ જ છે."

'... મેં પોતે મારા નાના રસુલે ખુદા (સ.) ને એવું ફરમાવતાં સાંભળ્યા છે કે, "ખિલાફત "આલે અબૂ સુફિયાન" પર હરામ છે !"

'મરવાન સાથે ઈમામે કરેલી એવા પ્રકારની વાતચિતને કારણે વાત વધી ગઈ અને છેવટે મરવાન, પગ પછાડીને ધૂંવા-ફૂંવા થતો ત્યાંથી ચાલ્યો ગયો.'

આઠમી જીલહજે [આ દિવસને 'યવ્મે તરવિયહ' કહેવામાં આવે છે.] મદીનાથી ઈમામ મક્કા ખાતે આવી ગયા. ત્યાંથી તેઓ ઈરાક જવા માટે રવાના થયા.

એ જ દિવસે ઈરાક ખાતે **"હાની બિન ઉરવહ"** ને ગિરફતાર કરવામાં આવ્યા હતાં.

હજ્જનાં સમયનાં કાર્યક્રમ ('માનસિક') તજી દઈને ઈમામ ત્યાંથી રવાના થઈ ગયા તે જાણીને ઘણાં મુસલમાનોને અજાયબી જેવું લાગ્યું હતું.

https://downloadshiabooks.com/

# કવિ "ફરઝદક" ની ઈમામ સાથે વાતચિત

તે ઝમાનામાં 'ફરઝદક' નામનો એક જાણીતો શાએર હતો. ઈસ્લામની તવારીખમાં પણ તે ખ્યાતનામ છે. ''ફરઝદક'' કહે છે કે –

"... હું મારી માતાને હજજ કરાવવા માટે લઈ ગયો હતો, જયારે 'હરમ' ની જગ્યાની નજીક પહોંચ્યો ત્યારે મારી માતાનું ઊંટ હું હાંકી રહયો હતો — મેં જોયું કે ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.) શસ્ત્રબદ્ધ થઈને મક્કાથી બહાર જવાની તૈયારી કરી રહયા હતાં. મેં કેટલાંક ઊંટ પણ જોયાં. મેં લોકોને પુછયું, "આ ઊંટ કોના છે ?" જવાબ મળ્યો કે, "હુસૈન બિન અલી (અ.) નાં છે."

.... હું ઈમામની મુલાકાતનું માન મેળવવા તેમની તહેનાતમાં પહોંચ્યો. તેમને સલામ કર્યો પછી મેં તેમને કહયું, "હે ફરઝંદે રસૂલ (અ.) અલ્લાહ આપની આરઝુઓ પુરી કરે, આપે એટલી બધી ઉતાવળ અહીંથી જવા માટે શા માટે કરી કે, હજજનાં અઅમાલ કર્યા વિના જ જઈ રહયા છો !"

ઈમામે મને જવાબ આપતા ફરમાવ્યું, હું ઉતાવળ નહીં કરતે તો હરમમાં જ મારી કતલ થતે, અને હરમની પવિત્રતાને બટ્ટો લાગતે !

આટલું કહયા પછી તેઓએ મને પુછયું, "ભાઈ તમે કોણ છો ?"

મેં કહયું, "હું એક અરબ છું !"

તેઓએ મારા વિષે વધુ પુછપરછ કરી નહીં ! પણ પછી તેઓએ પુછયું કે હું કયાંથી આવી રહયો છું. ઈમામે પુછયું, ઈરાકનાં લોકો વિષે તમે કંઈ જાણો છો ?

https://downloadshiabooks.com/

મેં કહયું, “આપે સાચા આદમીને પુછયું, ત્યાંનાં લોકોને હું ઘણી સારી રીતે જાણું છું, એ લોકોનાં દિલો તો આપની સાથે છે, પણ તેમની તલવારો આપની વિરૂધ્ધ છે ! બાકી ફેંસલો અલ્લાહનાં હાથમાં છે અલ્લાહ જે ઈચ્છે છે તે જ થાય છે !”

ઈમામે જવાબ આપ્યો હતો, હા, એ સાચું છે, અલ્લાહ જે ચાહે તે જ થાય છે, જો નસીબનો એ જ ફેંસલો થયો કે જે આપણે ઈચ્છીએ છીએ, તો આપણે અલ્લાહનો શુક્ર અદા કરીશું અને શુક્રની તવફીક પણ તેનાં જ હાથમા છે, પણ જો અલ્લાહની કુદરતે આપણો સાથ ના આપ્યો, તો પણ જેની નિયત નેક હોય અને બાતિન ચોખ્ખું હોય, તે કદી નુકશાનમાં નથી રહેતો !

ફરઝદકે કહયું કે, “અલ્લાહ આપની મુરાદ બર લાવે, દરેક બલાથી મેહફૂઝ રાખે.”

તે પછી ફરઝદકે હજજ અંગેનાં કેટલાંક સવાલો ઈમામને પુછયા હતાં અને તેનાં સંતોષકારક જવાબ મેળવી વિદાય લીધી.

ઈમામે ફરઝદક સાથે જે વાતચિત કરી, તેમાંથી જે તારવણી થાય છે, તે એ છે કે, ઈમામ ફરમાવે છે કે જે મકસદ છે, તે એવો જ છે, પછી ગંમે તેવી પરિસ્થિતી ઉભી થાય, કોઈની પણ જીત થાય કે કોઈની પણ હાર થાય, પણ જે મકસદ છે, તે તો જરૂર પ્રાપ્ત થવાનો છે, કારણ કે તેમાં કોઈ અંગત લાભ જેવું કોઈ ઈઝઝત, કોઈ પદવી માટે કે વેપાર કે આવક માટે તો છે જ નહીં. એમાં તો જાનનાં જોખમ સાથે ઈમામની હિફાઝત કરવાની છે તે જ પુરી કરવા માટે જઈ રહયા તો ચોક્કસ જ છે. ઈમામ તો પોતાની જે ફર્ઝ છે તે જ પુરી કરવા માટે જઈ રહયા હતાં, તેથી જ તેઓએ ફરઝદકને ફરમાવ્યું હતું કે જો સફળતા મળી તો તેઓ

https://downloadshiabooks.com/

અલ્લાહનો શુક્ર અદા કરશે અને જો તકદીરે સાથ નહીં આપ્યો તો પણ નિય્યત નેક છે, બનવા જોગ છે કે તેઓ કતલ થઈ જાય. પણ તેઓ ફના તો થવાનાં જ નથી. તેઓ હક્કની રાહમાં શહીદ થશે, પણ મરશે નહીં. "અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર" માટે જાન આપવા — મરી જવા અને ફના થવામાં ઘણો તફાવત છે.

ઈમામે આ જ વાત, તેમનાં એક ખુત્બામાં 'આશૂરા' નાં દિવસે કુફાવાળાઓને કહી હતી. તેઓએ એક સહાબી (ફરવહ બિન મુસ્યક) નાં અમુક અશઆર પઢીને એ જ વાત તરફ ઈશારો કર્યો હતો કે, જો દોસ્તો કે દુશ્મનોમાંથી કોઈ એમ સમજતું હોય કે આજે અમારી શિકસ્ત કે નાબૂદીનો દિવસ છે, તો તેઓની સખ્ત ગેરસમજ થાય છે. સાચી વાત એ છે કે આજે અમારી શહાદતનો દિવસ છે, જે સનાતન ઝિંદગીની પ્રસ્તાવનારૂપ, શરુઆતરૂપ છે.

'ઈબ્ને તાઊસ' લખે છે કે, જયારે (ઈમામનાં એક સાથી) 'બરબર બિન ખુઝૈર હમદાની' નાં પ્રવચન-ઉપદેશની કોઈ અસર લોકો પર થઈ નહીં હતી, ત્યારે ઈમામ પોતે ઊંટ પર અસ્વાર થઈને સૌને શાંત રહેવા માટે કહયું, જયારે બધા શાંત થઈ ગયા ત્યારે ઈમામે ગંભીરતાપુર્વક અલ્લાહની હમ્દ-સના કરી. મોહમ્મદ (સ.) પર, ફરિશ્તાઓ અને નબીઓ પર દરૂદ પઢીને આપે ફરમાવ્યું :-

"હે લોકો ! અફસોસની વાત એ છે કે તમે લોકોએ, અમને ઠગ્યા— તમે પોતે ફરિયાદો કરીને અમને બોલાવ્યા અને જયારે અમે તમારી ફરિયાદ દૂર કરવા આવી ગયા, તો અમે જે તલવારો તમારા હાથમાં આપી હતી, તે અમારી સામે જ ઉગામવા માંડી, જે આગ અમારા અને તમારા દુશ્મનોને નાબૂદ કરવા માટે તમે રોશન કરી હતી તેને અમારી જ વિરૂધ્ધ ચેતાવી દીધી ! અને દુશ્મનો સાથે મળી જઈને દોસ્તો અને ખેરખ્વાહો સામે લડવા માટે તૈયાર થઈ ગયા ! તમારી

https://downloadshiabooks.com/

પાસેથી શી આશા રાખી શકાય ! તમે જો ત્યારે જ ફેંસલો કરી લીધો હોત અને અમારો પીછો છોડી દીધો હોતે કે જયારે તલવારો હજી મ્યાનમાં હતી અને લોકો નિરાંતે બેઠા હતાં — ત્યારે તો તમે લોકો તીડનાં બચ્ચા જેમ ઉડવા કુદકા મારવા અને પતંગિયાની જેમ ચક્કરો મારવા લાગી ગયા હતાં ! ... હિમ્મત વિહોણાઓ ! અલ્લાહની ફિટકાર, તમારા પર ! તમે લોકોએ કુર્આનપાકને ત્યજી દીધું અને તેનાં કલેમાઓમાં ફેરફાર કરવા મંડી ગયા ! તમે લોકો શેતાનનાં સાથીદાર અને નાફરમાનીનાં તરફદાર છો. તમે લોકો અમને છોડીને ઝાલીમોને સાથ આપવા લાગ્યા છો. તમે લોકો હંમેશાની બેવફા રહયા છો. તમારૂ આખું હાડપિંજર જ બેવફાઈનાં ખોખા સમાન છે. તમે એવા ફળ છો જે મિત્રો અને ખેરખ્વાહોનાં કામમાં આવી શકે એમ નથી. તેમનાં ગળામાં એ ફળો લટકતાં હોય છે પણ દુશ્મનોનાં ગળામાં તે સરળતાથી ઉતરી જાય છે.

ઈમામનો કહેવાનો ભાવાર્થ એવો હતો કે તમે મદદ માટેનાં વાયદાઓ કરો છો. જાંનિસારી માટે જાહેરાતો કરો છો, પણ રણસંગ્રામમાં કસોટીકાળમાં તમારા વાયદા, ફરેબ અને ધોકા સમાન છે. જાણે ગળામાં હાડકી સમાન છે, જે હાડકી બનીને એવી ફસી જાય છે કે જેને ન તો ગળી શકાય છે, ન તો તે બહાર કાઢી શકાય છે.

ઈમામે તે પછી ફરમાવ્યું :-

“... જુઓ ! પેલા જુઠ્ઠા, મક્કાર, ઈબ્ને મક્કારે, [ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે] અમને મજબૂર કર્યા છે કે અમે બે રસ્તામાંથી એક રસ્તો અખ્ત્યાર કરી લઈએ, કાં તો તલવાર ઉગામી મેદાનમાં નિકળી આવીએ, અથવા તો ઝિલ્લત, હિણપત સ્વીકારી લઈએ ! પણ અમે હરગિઝ ઝલીલ થઈ શકતાં નથી — અમારી હિણપત, ખુદાને, એના રસૂલ (સ.) ને અને ઈમાનવાળા મર્દોને મંજૂર નથી. અમે પવિત્ર અને

https://downloadshiabooks.com/

ગૈરતમંદ માતાઓનાં ખોળામાં પરવરિશ પામ્યા છીએ, અમને શરીફોનું મરણ પસંદ છે. પણ કમીનાઓની તાબેદારી— ફરમાબરદારી પસંદ નથી. હા, જો કે મારા દોસ્તો અને મદદગારોની સંખ્યા ઓછી છે, પણ હું આ જે છે એટલા જ સાથીઓ સાથે આગળ વધીશ....!

ઈમામે આ પ્રસંગે ફરવહ બિન મુસયક મિરઅવીના કેટલાંક અશ્આરો પઢયા. જેમાંનાં એકેક શબ્દમાંથી રૂહાની અઝમત અને બુલંદીની ઝલક ડોકીયા કરી રહી હતી. જેમ કે :—

'... અમે જો કામયાબ થઈએ છીએ, તો તેમાં કોઈ નવી વાત નથી. હંમેશાથી જ કામયાબી અમારા કદમ ચૂમતી રહી છે. પણ, અમે જો હારી પણ જઈશું તો પણ અમે પરાજિત તો નહીં જ થઈશું...,'

'....ના, અમે બુઝદિલો નથી, પણ જો મુકદ્દરમાં એવું જ હોય કે અમને મૌત મળે અને બીજાઓને હકુમત મળી જાય, તો તેથી શું થવાનું છે ... !

'... મૌતનો તો એક જ કારોબાર ચાલુ છે, આજે એકનો વારો છે, તો કાલે બીજાનો છે.'

'.....અમારા સરદારો — અમારા આગેવાનો પણ એવી જ રીતે મૌતનાં શિકાર થયા છે, જેવી રીતે કે આગળનાં સમયનાં લોકો થયેલા છે. '

... દુનિયાનાં શહેનશાહોને જો હંમેશાની ઝીંદગી મળી હોત, તો અમે પણ કયારેય મરતે નહીં – મોટા લોકો મૌતનાં પંજાથી બચી ગયા હોત, તો અમે પણ બચી જતે.

https://downloadshiabooks.com/

... અમારા પર હસનારાઓને કહો કે, જરા થોભો ... તમારો પણ અંજામ થવાનો છે ...!

એવા પ્રકારનાં દૃઢ નિશ્ચય અને મજબૂત મનોબળથી તરબતર થઈને ઈમામ મક્કાથી ઈરાક રવાના થયા.

ઈમામ સારી રીતે જાણતા હતાં કે તેઓ શું કરી રહયા છે — કયાં જઈ રહયા છે, અને અંજામ શું છે. પરંતું બીજાઓને, ઈમામનાં ચાહકો — સગાઓને એવી પરેશાની, જરૂર હતી કે, કયાંય સંજોગો એવા બદલાઈ ના જાય એટલાં વિપરિત ન થઈ જાય કે અંતે ઈમામ (અ.) શહીદ થઈ જાય....! જો કે ઈમામ પોતે તો શહાદત માટે જઈ રહયા હતાં પણ દોસ્તો લાગતા-વળગતાઓ આપનાં દામનને પકડીને કહી રહયા હતાં કે હુજૂર, જાવ નહીં ! મૌલા, રોકાઈ જાવ, ખુદા ન કરે, પણ કયાંક આપને અમે ગુમાવી બેસીએ નહીં... !

એવી રીતે રોકનારાઓમાં એક હતાં અમીરૂલ મોઅમેનીન (અ.) ના ભત્રીજા અને જમાઈ અબ્દુલ્લાહ બિન જઅફર. જયારે ઈમામ મક્કાથી રવાના થયા ત્યારે અબ્દુલ્લાહ બિન જઅફરે પોતાનાં બે ફરઝંદો, **ઔન અને મોહમ્મદ**ને એક પત્ર સાથે ઈમામની ખિદમતમાં મોકલ્યા. એ પત્રમાં ઈમામને કસમ આપવામાં આવ્યા હતાં કે તેઓ ઈરાક તરફ જાય નહીં. પાછા ફરી જાય.

અબ્દુલ્લાહ બિન જઅફરે પત્રમાં લખ્યું હતું જેનો સારાંશ એવો હતો કે, “મૌલા ! અમને ડર છે, કે કયાંક આપ અને આપના હમરાહી શહીદ થઈ ન જાય ! જો આપનો જાન જતો રહેશે, તો દુનિયા અંધારી થઈ જશે, કારણ કે આપને જ કારણે લોકોને હિદાયત મળતી રહી છે, મોમેનીનની બધી ઉમ્મીદો આપની સાથે જ વળગેલી છે. તેથી જેમ બને તેમ જલ્દી આપ પાછા ફરો ... ”

https://downloadshiabooks.com/

આ પત્રની આગળ લખ્યું હતું કે, હું, આપની તરફ પોતે આવી રહયો છું !

આ પછી અબ્દુલ્લાહ બિન જઅફર, મકકાનાં વાલીનાં ભાઈનાં સથવારામાં નિકળ્યા, જેમની સાથે મક્કાનાં વાલી ઉમરૂ બિન સઈદનો કાગળ પણ હતો, એ કાગળમા મક્કાનાં વાલીએ ઈમામને સાંત્વન આપતાં લખ્યું હતું કે ઈમામ નિશ્ચિત જીવે પાછા મક્કા આવી જાય ! આ બન્ને એ સાથે થઈને ઈમામની સાથે મુલાકાત કરી ઈમામને પાછા ફરવા માટે ખુબ આગ્રહ કર્યો.

ઈમામે જવાબમાં કહયું કે, "મારા નાના રસુલે ખુદા (સ.) ને સ્વપનામાં મેં જોયા છે. તેઓએ મને હુકમ કર્યો છે કે હું આ રસ્તો ઈખ્તિયાર કરૂં ...!"

એ લોકોએ પુછયું : મહેરબાની કરીને આપ અમને ફરમાવી શકો છો કે આ ખ્વાબમાં શું જોયું હતું ...!

"... એ માટે તમે લોકો આગ્રહ ન કરો, તો સારૂ, હું મારૂં સ્વપનું તો કોઈને જીંદગીભર દેખાડી શકું એમ નથી..."

આથી અબ્દુલ્લાહ બિન જઅફરને ખૂબ નિરાશ થવું પડયું — તેઓ કંઈ બોલી તો શકયા નહીં, પણ પોતાનાં બન્ને બેટાઓ ('ઔન' અને 'મોહમ્મદ') ને એવી સૂચના આપી કે એ બન્ને ઈમામની સેવામાં રહે, અને ઈમામની સાથે ઈરાક પણ જાય.

આશૂરાને દિવસે એ બન્ને શહીદ થયા હતાં.

https://downloadshiabooks.com/

ઈમામે પોતાની મુસાફરી ચાલુ રાખી જયારે તેઓ કુફાની નજીક પહોંચ્યા, ત્યારે કુફાવાસીઓએ ઈમામને કાગળ લખ્યો અને કયસ બિન મસહર સયદાવીનાં સાથે તે મોકલાવી આપ્યો.

ઈમામને હજી સુધી **મુસ્લિમ બિન અકીલ (અ.)** ની શહાદત વિષેની ખબર પડી નહીં હતી. તેઓએ લખ્યું કે, "મુસ્લિમ બિન અકીલ (અ.) નો કાગળ મને મળી ગયો છે. તમારી બઅયત, ખુલુસ અને હક્કનાં રાહમાં અમારી મદદ કરવાનું તમે નક્કી કર્યુ છે તે જાણ્યું—અલ્લાહ કરે કે તમે અમારી સાથે નેકી કરતાં ડરો નહીં, અલ્લાહ તમને તમારી એ નિખાલસતા અને મનોબળ માટે મહાન બદલો આપશે. હું આઠમી ઝિલ્લહજજ, એટલે કે તરવિયહને દિવસે મક્કાથી નિકળી ચુકયો છું. ઉદ્દેશ પ્રાપ્તિ માટે પહેલા કરતાં પણ વધુ કોશીશ શરૂ કરી દેજો. અલ્લાહ ચાહશે તો હું થોડા જ દિવસમાં તમારે ત્યાં પહોંચી રહયો છું..."

આ પત્ર લઈને જયારે સંદેશાવાહક 'કય્સ' કુફા ગયો ત્યારે કુફા નજીક જ તેની ધરપકડ કરી લેવામાં આવી અને પછી તેને ઈબ્નેઝિયાદની રૂબરૂ લઈ જવામાં આવ્યો.

કુફાના હાકેમ ઈબ્ને ઝિયાદ એવી કોઈ તક ઝડપી લેવાની રાહ જોતો હતો. એણે ઈમામનાં સંદેશાવાહક 'કય્સ' ને જે હુકમ કર્યો હતો તે સાંભળો ! એણે કહયું કે, 'કય્સ, મિમ્બર પર જઈને હુસૈન ઈબ્ને અલી (અ.) ને ગાળો ભાંડે !'

'કય્સ' મિમ્બર પર ગયો. અલ્લાહનાં હમ્દ અને શના પઢી અને એણે કહયું :-

https://downloadshiabooks.com/

“.. હે લોકો ! જાણી લ્યો કે ઈમામ હુસૈન (અ.) અલ્લાહનાં સૌથી શ્રેષ્ઠ બંદા અને રસૂલ (અ.) દુખ્તર ફાતેમા (અ.) નાં ફરઝન્દ છે. તેઓએ તમારી તરફ મને મોકલ્યો છે. તમે બધા તેમને મદદ કરવા માટે બહાર આવો...!”

કય્સ, આટલું બોલીને નહીં અટકતાં, ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ પર, તેનાં બાપ પર લઅનત બોલ્યા પછી અલી બિન અબીતાલીબ (અ.) પર દુરૂદ બોલ્યા.

ઉબૈદુલ્લાહે, દાંત કચકચાવીને પોતાનાં સૈનિકોને હુકમ આપ્યો કે, “આ માણસને ઉપરનાં મજલે લઈ જઈને પછી તેને ઉંચકી એવી રીતે નીચે સડક પર ફેંકવામાં આવે કે તેનાં બધા જ હાડકાં ભાંગીને ભુક્કો થઈ જાય ...!”

ઈમામ (અ.) કુફા આગળ વધતાં રહયા, ત્યાં સુધી કે ‘ઝરૂદ’ નામનાં એક સ્થળે જયારે તેઓ પહોંચ્યા, ત્યારે તેમને આઘાતજનક સમાચાર જાણવા મળ્યા કે તેમનાં બન્ને મોહિબ્બો ‘મુસ્લિમ બિન અકીલ ’ અને ‘હાની બીન ઉરવહ’ ને શહીદ કરી નાંખવામાં આવ્યા છે. આ સાંભળતાં જ આપે ફરમાવ્યુ, “... ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઊન...” એ બન્ને પર તેઓ વારંવાર રેહમતની દુઆ ફરમાવતાં રહયા.

ત્યાંથી આગળ વધ્યા, અને “ઉઝૈબુલ હિજાનાત” નામનાં સ્થળે પહોંચ્યા. ત્યારે ત્યાં પડાવ નાંખતાં તેમને જાણવા મળ્યું કે, કય્સ બિન મસહરને પણ શહીદ કરી નાંખવામાં આવ્યા છે ...! ઈમામે તેમને માટે પણ એવી જ રીતે મગફિરતની દુઆઅ ફરમાવી, આગળ કૂચ ચાલુ રાખી, ‘ઝેહાલા’ નામનાં સ્થળે પડાવ નાંખ્યો અને પછી તેમનાં સાથીદારોને જે કાંઈ ફરમાવ્યું તેનો ટુંક સાર આ મુજબ છે —

https://downloadshiabooks.com/

".. સાથીઓ ! હવે પરિસ્થિતી ધારણા કરતાં જૂદી છે ... આપણાં પ્રતિનિધિઓ- આપણાં સંદેશાવાહકની શહાદતનાં સમાચાર તમે જાણી ચુકયા છો. જેમના પર આપણે વિશ્વાસ રાખ્યો હતો, એ કુફાવાસીઓએ પોતાનાં સહકારનો હાથ પાછો ખેંચી લીધો છે... હવે તમને લોકોને જે વિચારવાનું છે તે એ જ છે કે ... જેનું દિલ ચાહે કે મને સાથ આપે, તે રહી શકે છે. જેનું મન ઈચ્છતું ના હોય, તે જઈ શકે છે. અત્યારે જ તે માટેની તક છે. જેમને જવું હોય તેઓ બેધડક — સંકોચ વિના પાછા ચાલ્યા જાય ...!"

અહીં એ વાત જાણવા જેવી છે કે ઈમામની સાથે તેઓ [પોતાના સ્વાર્થની લાભદાયી દ્રષ્ટિએ — **'અ'**] આવ્યા હતાં, તેમાંનાં કેટલાંય લોકો, રાતનાં અંધારમાં ઈમામને છોડીને ચાલ્યા ગયા... માત્ર થોડા જ બાકી રહયા.

મશહૂર ઈતિહાસકાર, તફસીરકાર અને ધર્મશાસ્ત્રી (ફકીહ) મોહમ્મદ બિન જરીર "તબરી" પોતાની વિખ્યાત કિતાબ "તારીખુલ ઉમમ વલ મુલૂક" માં લખે છે કે :-

"... ઈમામ (અ.) મેં એક પડાવ, જે સ્થળનું નામ "ઝિહિસ્મ" હતું ત્યાં એક ખુત્બો (પ્રવચન) ઘણાં ઓછા શબ્દોમાં કર્યો હતો, જેમાં પોતાને જવાનું અને સ્થાયી થવાનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણવીને શહાદત માટેની પોતાની તૈયારી છે, એવું જાહેર રીતે દર્શાવીને જે કાંઈ કહયું હતું તેનો ટુંકસાર આ મુજબ હતો કે :-"

"... પરિસ્થિતિ તમે જોઈ રહયા છો ! તદન બદલાઈ ગઈ છે.. ઝમાનાએ આંખો ફેરવી લીધી છે. નિર્દયતા, બેરહમીની શરૂઆત થઈ ગઈ છે, સમય ખૂબ જ તેઝીથી પસાર થઈ રહયો છે હવે તો માત્ર

https://downloadshiabooks.com/

ઝિંદગીની તલછટ બાકી રહી છે... આ દુનિયા એવા કોઈ સૂકા મેદાન જેવી બની છે કે જેમાં માંદલા ઘાસ સિવાય કશું જ નથી...."

ઈમામે તે સમયની બદગોઈ કેમ કરી ? ત્યારે તેઓને કઈ વાતની ફરિયાદ કે અફસોસ હતો ? તેની સ્પષ્ટતા આગળ જતાં કરી છે.

તેમણે પોતાનાં ટૂંકા પ્રવચનમાં જે કંઈ કહયું હતું તે એ જ હતું કે, તમે લોકો નથી જોતાં કે હક્ક પર અમલ નથી થતો — બાતિલથી બચવા માટેની કોઈ કોશીશ કરવામાં નથી આવતી !

સાચું તો એ છે કે ઈમામ પોતાનાં પ્રવચનમાં એવા લોકોને જવાબ આપી રહયા હતાં, જેઓ તેમને એમ કહી રહયા હતાં કે, "આપ બયઅત કેમ નથી કરી લેતાં. અત્યારની જે "ઈસ્લામની હકુમત !" છે તેને કાયદેસર રીતે સ્વીકારી કેમ નથી લેતાં ? અબૂ સૂફિયાનનાં ફરઝંદઝાદાને ઈસ્લામી દુનિયાનાં નેતા અને ઈમામ તરીકે કેમ માની નથી લેતાં ?"

ઈમામે ફરમાવ્યું હતું, તમે લોકો મુસલમાનોની અત્યારની પરિસ્થિતિને કેમ જોતાં નથી ? તમે શું એવું નથી જોઈ રહયા કે હકક પર અમલ થતો નથી ! તમે લોકો શું એ નથી જોતાં કે ઈમારત અને ખિલાફતની બુનિયાદ રસૂલે ખુદા (સ.) ને અનુસરીને થતી નથી ? — મુસલમાનોની રેહબરી અને પેશવાઈનો મદાર હવે હકક અને ઈન્સાફને બદલે ઝુલ્મ પર અને ઝુલ્મને ઉત્તેજન આપવા પર રખાયો છે.

ઈમામે ફરમાવ્યું હતું, "એવી પરિસ્થિતિમાં મોમિને, પરવરદિગારની રઝા પર બાકી રહેવાનાં આરઝુમંદ થવું જોઈએ — હું મૌતને કામિયાબી સમજું છું અને ઝુલ્મનાં વાતાવરણમાં ઝિંદગીને તકલીફદાયક માનું છું...!"

https://downloadshiabooks.com/

તેમનો જે ખુત્બો ‘મસ્જિદુલ હરામ’ માં તેઓએ ફરમાવ્યો હતો તેમાં પણ મૌત અને શહાદતની જ વાત હતી. તે સાથે જાંબાઝી અને ફિદાકારીનો ઉલ્લેખ હતો, અત્યારે પણ શહાદતની જ વાત હતી, તેઓએ ફરમાવ્યું : “ઝાલિમો સાથે ઝિંદગીનો અંજામ તકલીફ અને રંજ સિવાય કંઈ જ નથી.”

## ઈમામની ધરપકડ કરવા આવેલા હુર્ર બિન–રિયાહી

એક હજાર અસ્વારોની ટુકડી સાથે, ઈમામને ગિરફતાર કરવા માટે સિપેહ-સાલાર હુર્ર બિન રિયાહી કુફાથી આવ્યા હતાં.

મોહર્રમ સન ૬૧ ની પહેલીએ હુર્ર અને તેમનાં સાથીઓ સાથે ઈમામનો સામનો થયો, ઈમામે તે સૌને પાણી પીવડાવ્યું.

જયારે બપોરનો સમય થયો, ત્યારે હજ્જાજ બિન મસરૂક જઅફીએ [આશૂરાનાં શહીદોમાંનાં એક શહીદ] ઈમામનાં હુકમથી અઝાન આપી.

અઝાન અને એકામતનાં દરમ્યાનનો જે સમય હતો, તે સમયમાં ઈમામ ખૈમામાંથી બહાર પધાર્યા અને અલ્લાહની હમ્દ-સના પછી કૂફાનાં લોકો સામે પ્રવચન કર્યુ, તે આ મુજબ હતું :-

“.. હે લોકો ! જયારે તમે લોકોએ મને પત્રો લખ્યા, જયારે મને બોલાવવાને એલચી મોકલ્યો, ત્યારે હું તમારી સમક્ષ આવ્યો છું. તમે લોકોએ લખ્યું કે તમારી પાસે કોઈ ઈમામ નથી.” મને તમે આ શબ્દોમાં લખ્યું કે, “આપ આવી જાવ ! કદાચ આપના વસીલાથી અલ્લાહ અમને હકક અને હિદાયત પર એકત્રીત કરી દે ! હવે લોકો જો

https://downloadshiabooks.com/

તમારી વાત પર કાયમ હોવ, તો હું આવી ગયો છું. તમે મારી સાથે એવા કરાર કરી લો, જેથી મને સંતોષ થઈ જાય. જો તમે લોકો એવું કરવા નથી ઈચ્છતાં, મારૂં અહીં આવવાનું તમને ગમ્યું નથી, તો હું જયાંથી આવ્યો છું ત્યાં પાછો ચાલ્યો જાઉં છું....!"

આ સાંભળીને સૌ ચુપ થઈ ગયા. કોઈએ કશો જવાબ આપ્યો નહીં.

હવે અઝાન આપનારે, ઈમામનાં હુકમથી એકામત કહી.

બન્ને બાજુનાં લશ્કરોએ, ઈમામની પાછળ નમાઝ, જમાઅત સાથે પઢી.

અમુક સમય આરામ કર્યા પછી અસરની નમાઝ એવી જ રીતે જમાઅતની પઢયા પછી, ફરી એક વખત ઈમામે હુર્રનાં સાથીઓને સંબોધીને જે વાત કરી તે આ મુજબ હતી.—

"... હે લોકો ! જો તમે ખુદાથી ડરતા હોવ, અને હક્ક ઓળખતા હોવ, તો અલ્લાહ તમારાથી રાજી થશે ... અમે અહલેબૈત મોહમ્મદ (સ.અ.વ.) એ લોકો કરતાં ઈમામત અને ખિલાફતનાં વધુ હકકદારો છીએ. જેઓ આજે તે માટેનાં નાહકનાં દાવેદારો બની બેઠા છે – અને તમારા ઉપર ઝુલ્મો કરી રહયા છે... પણ, જો તમે લોકો અમને પસંદ નથી કરતાં, અમારા હક્કનો સ્વીકાર નથી કરતાં, અને તમે લોકોએ જયારે અમને કાગળો લખ્યા હતાં, તે કરતાં અત્યારે તમારા વિચારો જો બદલાઈ ગયેલા છે, તો હું પાછો ચાલ્યો જાઉં છું..."

https://downloadshiabooks.com/

ઈમામે પોતાનાં હક્ક વિષેની જે વાત કરી, તેનો અર્થ કંઈ એવો નથી કે કોઈએ પોતાની ઈમારત બનાવતી વખતે, પડોશીની દિવાલને તોડી પડાવી અથવા તો બસમાં કોઈ બીજો ચઢતો હોય, તો તેને ધક્કો મારીને આપણે બસમાં ચઢી જઈએ. હક્કની વાત કહેવામાં ઈમામનો આશય સમજવા જેવો છે. ઈમામ તે હકક વિષેની વાત કરતાં હતાં કે જેની પર તમામ હક્કોની બુનિયાદ છે. જો તે હક્ક સુરક્ષિત રહે, તો બધા જ હક્કો સુરક્ષિત છે એ હક્ક ગુમાઈ જવાથી બધા જ હક્કો નકામા થઈ જશે, આ હક્ક, એટલે ઈમારત અને મુસલમાનોની રેહબરીનો હક્ક.

હુર્ર બિન રિયાહીએ નિર્દોષતાપુર્વક જે જવાબ આપ્યો તે, એ હતો કે એને એવા કોઈ પત્રો કે કાસદો વિષેની કશી ખબર જ નહીં હતી, આથી ઈમામે, અત્બા બિન સમ્આન [જેઓ આશૂરાનાં દિવસે કેદ થયા હતાં] ને કહયું કે કુફાવાસીઓનાં એ બધા કાગળો હુર્રની સામે રજુ કરવામા આવે...!

હુર્ર બોલ્યા, "સાહેબ ! અમે તમને એવા કોઈ કાગળો લખ્યા નથી... અને અમે તો "ઈબ્ને ઝિયાદ" પાસે તમને લઈ જવા વિના છોડીશું નહીં...!"

તે પછી ઈમામ, પોતાનાં સાથીદારો સાથે અને હુર્ર પોતાનાં સાથીદારો સાથે અસ્વાર થઈને એક એવા રસ્તા પર આવી પહોંચ્યો કે જે રસ્તો મદીના પણ જતો નહીં હતો તેમ કુફા પણ જતો નહીં હતો.

રસ્તા દરમ્યાન હુર્રને મનોમંથન કરવાનો સમય મળ્યો. એણે ભલાઈ કરવાની રીતે ઉપદેશાત્મક નિતિથી ઈમામને કહયું –

https://downloadshiabooks.com/

"સાહેબ ! આપને અલ્લાહનાં સોગંદ છે, આપ જંગ કરશો નહીં, આટલા માણસો સામે કંઈ યુદ્ધ કરવાનું હોય ! આપ નકામા જાન ગુમાવી બેસશો...!"

ઈમામે વિફરી જઈને કહયું, શું તું મને મૌતની ધમકી આપી રહયા છો ? શું મને મારી નાંખવાથી તમારો સવાલ હલ થઈ જશે ! શું તમને તેથી નિરાંત થઈ જશે ! સાંભળો ! મારો એ જ જવાબ છે જે પેલા મર્દે 'ઉસી' એ આપ્યો હતો. વાત એમ હતી કે તે શખ્સ રસુલે ખુદા (સ.) ને મદદ કરવા માટે જઈ રહયો હતો. પણ એનો પિત્રાઈ ભાઈ એને કહી રહયો હતો.– "કયાં માર ખાવા–પિટાવા જઈ રહયો છે – કયાં મરવા જઈ રહયો છે !" – ત્યારે 'ઉસી' એ જવાબ આપ્યો હતો, "હું જરૂર જઈશ.. હક્કને માટે, સત્ય માટે જેહાદ કરતાં કરતાં જીવ આપી દેવો, સારા લોકોને સાથ આપવો, તે પાપીઓ સાથે રહીને જીવવા કરતાં સારૂ છે ! એમાં શરમ શાની (હું જો જીવતો રહીશ, તો મને અફસોસ જેવું નહીં હોય અને જો મરી જઈશ તો મારા પર કોઈ ઈલ્ઝામ નહીં આવે, નીચતાની વાત તો એ છે કે, ઈન્સાન જીવતો રહે અને અધર્મીઓ સાથે જીંદગી વિતાવે...!

ઈમામ અને હુર્ર, બન્ને ચર્ચાઓ કરતાં 'બયઝા' નામનાં એક ઉતારે પહોંચ્યા.

ઈમામે હુર્રને કહયું કે, જેમ તમારી કોઈ ફરજ છે, તેમ મારી ફરજ છે, અને તેને પુરી કરવી જરૂરી છે - એ સિવાય મારો બીજો કોઈ આશય નથી !

તે પછી ઈમામે જે તકરીર કરી હતી તેનો ટૂંકસાર એવો હતો કે :-

https://downloadshiabooks.com/

"... યઝીદ, એક ઝાલિમ અને જાબિર શખ્સ છે, ખલીફા બની જઈને એણે એવું કર્યુ છે કે અલ્લાહે જે વસ્તુને હરામ ઠેરવી છે, તેને તે હલાલ સમજે છે, અલ્લાહનાં કરારને તોડી નાંખે છે. રસૂલે ખુદા (સ.) ની સુન્નતનો વિરોધ કરી રહયો છે, અલ્લાહનાં બંદાઓ પર ઝુલ્મ કરવાનું યોગ્ય સમજી રહયો છે ... રસૂલે ખુદા (સ.) એ ફરમાવ્યું છે કે, "એવા ખલીફાને જે લોકો દૂર નહીં કરે, તો તેવા લોકોનો હશ્ર પણ તે જ ખલીફા સાથે થશે...!"

કુર્આને પાકનો પણ એ વિષય તરફ ઈશારો છે કે, **"વ જ—અલના મિન્હુમ અઈમ્મતન યદઊન્ન, એલન્તાર.."** એટલે કે, "લોકોમાંથી અમે એવા પેશવા અને ઈમામ પણ બનાવ્યા છે, જેઓ પોતાનાં અનુયાયીઓને દોઝખ તરફ બોલાવે છે...!"

આનો અર્થ એવો થયો કે, બધા જ રેહબરો, પેશવાઓ પોતાનાં અનુયાયીઓને જન્નતની તરફ કંઈ નથી લઈ જતાં.

કેટલાંક રેહબરો તો ખરેખર પોતાની કામની રેહબરી કરે છે, અને તે કોમની તરક્કીમાં પોતાનાં પ્રાણ પુરે છે, પણ કેટલાંક વિષે જાણવા-જોવા મળ્યુ છે, અને કુર્આને પાક પણ એવું જ કહે છે કે એ કહેવાતા રહેબરો હકીકતમાં રેહઝન હોય છે. આ તે 'ઈમામો' છે કે જેઓ તેમનાં માનવાવાળાઓને દોઝખની આતિશ તરફ અને દુનિયા અને આખિરતની નક્કી બરબાદી તરફ લઈ જાય છે, યઝીદ પણ તેઅમાંનો એક હતો.

ઈમામે તે પછી વધુ સ્પષ્ટતા કરી તે સમયની પરિસ્થિતી (હિજરી સન-૬૦ પર પ્રકાશ પાડતાં ફરમાવ્યું કે આ લોકો એટલે કે "બની ઉમય્યહ" ની ખિલાફતનાં કાર્યકરો, શેતાનની પયરવી અને ઈતાઅત કરે છે, અને જેટલી શેતાનની તાબેદારી કરે છે, તેટલાં જ ખુદાની

https://downloadshiabooks.com/

ઈનાયતથી દૂર થતાં જાય છે. આ લોકો ખુલ્લે ખુલ્લી રીતે અધર્મો કરીને, અલ્લાહનાં બંદાઓની પજવણી કરી રહયા છે, મુસલમાનોનાં માલ પર પોતાનો કબજો જમાવીને તેનો નિર્દયતાથી દુરૂપયોગ કરે છે – 'બયતુલ માલ' જે આમ મુસલમાન જનતાની ભલાઈ માટે હતું, તેને પોતીકી મિલકત સમજવા લાગી ગયા, જે કામોને અલ્લાહે હરામ ઠેરવ્યા હતાં તેને હલાલ માનવા લાગી ગયા અને હલાલને હરામ ઠેરવ્યું. હવે જયારે એવી પરિસ્થિતી છે, તો રસૂલે ખુદા (સ.) નાં ફરમાન અનુસાર, પરિસ્થિતિને બદલવાની ઝિમ્મેદારી, મારી એટલે કે હુસૈન ઈબ્ને અલી (અ.) કરતાં વધારે કોની હોઈ શકે છે ? કારણ કે, હું ફાતેમા (અ.) નો ફરઝંદ છું. "આયબે તતહીર" વાળો, "આયએ મુબાહિલ" વાળો, અમીરૂલ મોઅમેનીનનો શાગિર્દ અને ફરઝન્દ છું... આ કામ મારા હસ્તકનું જ છે કે 'ઉમ્મતે ઈસ્લામીયા' ના પતન માટેનાં જે કાંઈ કારણો હોય, તેને દૂર કરૂં....!"

ખરેખર, હુસૈન ઈબ્ને અલી (અ.) એ હિમ્મતપુર્વકનું જે કાર્ય કર્યુ તેવું કાર્ય, બીજું કોણ પાર પાડી શકે એમ હતું ? તેમને જેવા સાથીઓ મળ્યા, તેવા બીજા કોઈને મળી શકે એમ હતાં ? એવી તહરીકમાં તેમનાં સિવાય, બીજું કોણ તેમની જગ્યા લઈ શકે એમ હતું ?

એમતો કેટલાંક વિદ્વાનો હતાં, જેમકે 'ઈબ્ને અબ્બાસ' તેઓ મોટા આલિમ અને કુર્આને મજીદનાં મોટા તફસીર કરનારા હતાં, રસૂલે ખુદા (સ.) નાં ચાચાઝાદ ભાઈ અને માનવંતા સહાબી હતાં; પણ તેઓ આ કામ કરી શકતે, જે કામ હુસૈન ઈબ્ને અલી (અ.) એ પાર પાડયું હતું !

"મોહમ્મદ બિન હ-ન-ફીયહ" જેઓ હુસૈન (અ.) નાં ભાઈ અને અલી બિન અબી તાલીબ (અ.) નાં ફરઝન્દ હતાં. પણ તેઓ આ તહરિકમાં મર્દે મયદાન નહીં હતાં.

https://downloadshiabooks.com/

'હબીબ બિન મઝાહિર' અસદી, સહાબી હતાં પણ ઈમામ હુસૈન (અ.) જેવી કામગીરી કરી શકે એમ નહીં હતાં. એમ તો મુસ્લિમ બિન અવ-સ-જહ હતાં. હાની બિન ઉરવહ હતાં. ઈમામ હુસૈનનાં ચાચાઝાદ ભાઈ મુસ્લિમ બિન અકીલ અને ઈમામનાં ભાઈ હ. અબ્બાસ બિન અમીરૂલ મોઅમેનીન (અ.) હતાં અને ફરઝન્દ અલી બિનલ હુસૈન (અ.) હતાં આ બધા તે બુઝુર્ગ શખ્સો હતાં. જેઓએ આ મહાન ઈસ્લામી તહરિકમાં હેરતઅંગેઝ જુર્અત અને જાંનિસારી દેખાડી હતી. ઈમામને સૌએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો. એ ખરૂ, પણ તેમનાંમાંથી કોઈપણ એવું હતું કે જે એ એ તહરિકના કેન્દ્રબિંદુ રૂપ બની શકયું હોય ? આ રૂહાની તહરિકની કેન્દ્ર તાકત અને અખ્લાકી કુવ્વત, ખરી રીતે ઈમામ હુસૈન (અ.) ની શખ્સીયતમાં જ ભરી પડી હતી. તેમની રૂહાની તાકતે છેલ્લા તબક્કા સુધી એ તહરિકની રેહનુમાઈ કરી, એટલું જ નહીં પણ તેમની પછીનાઓને પણ કેદની અવસ્થામાં અંતિમ તબક્કા માટે રેહબરી અને રેહનુમાઈ માટે તૈયાર કર્યા હતાં.

ઈમામ (અ.) એ કુફાવાસીઓને સંબોધીને વધુમાં ફરમાવ્યું હતું કે : તમારા લખાણો મારી પાસે આવ્યા, તમારા કાસિદો મારી પાસે આવ્યા અને તમારી બઅયત આવવાની તૈયારી વિષેનું વર્ણન કર્યુ. તમે લોકોએ લખ્યું હતું કે ગમે તે થઈ જાય, પણ તમે મારો સાથ છોડશો નહીં. હવે તમે લોકો જો પોતાની વાત પર અને બઅયત આપવાના ફેંસલા પર કાયમ હોવ અને તમે લખ્યું હતું. તમે મારો સાથ છોડવા નથી માંગતાં તો તમે ખુશબખ્તી અને સફળતાને વરેલા છો, કારણ કે હું પણ અલી (અ.) અને ફાતેમા (અ.) નો ફરઝંદ છું. હું પોતે આ પવિત્ર યુદ્ધમાં આ જેહાદે મુકદ્દસમાં તમારી સાથે રહીશ. મારા બાલ-બચ્ચા તમારા બાલ-બચ્ચાઓ સાથે દરેક રીતે સહકારી થશે. તમારા બાલ-બચ્ચાઓનાં જીવ, મારા બાલ-બચ્ચા કરતાં તમને વધુ વ્હાલા હોય એ સમજી શકાય એવી વાત છે, છતાં તમને એવું નથી લાગતું કે અમે અને

https://downloadshiabooks.com/

અમારા બાલ-બચ્ચા તમને વધુ વ્હાલા હોવા જોઈએ ? હું જયારે મારો જીવ અને મારા સમગ્ર ખાનદાનને કુરબાન કરવા માટે તૈયાર છું, તો તમને બધાને પણ પોતાનાં જીવ અને પોતાનાં ખાનદાનનું બલિદાન આપવા માટે અચકાવું જોઈએ.. મને "અમ્ર બિલ મઅરૂફ" અને "નહ્ય અનિલ મુન્કર" ને ખાતર પોતાનો જાન આપવાનો છે અને બાલબચ્ચાઓ કેદ થઈ જાય તેની પણ મને દરકાર નથી. મારા અઝીઝોને હું મારી સાથે લઈને આવ્યો છું. તો તમને પણ તમારી જેટલી ગુંજાઈશ હોય તેટલી તમારી ફરજ બજાવવી જોઈએ અને તમારી ફરજ એ છે કે તમારા ઈમામની પયરવી કરો. રાહે હક્કમાં જાન નિસાર કરવાથી ખચકાશો નહીં, જાનની કુરબાની અને કેદ થવાની મુસિબતથી ગભરાશો નહીં, તમારા ઈમામે ઝમાન અને પેગમ્બરનાં ફરઝન્દને સાથ આપવામાંથી પાછા ખસશો નહીં...!

... પણ આ બધી વાતો છતાં, જો તમે વચનભંગ કરશો, તો પ્રિય જાનનાં સોગંદ, મને જરા જેટલી પણ અજાયબી નહીં થાય. કારણ કે તમે મારા વાલિદ, હ. અલી (અ.) મારા ભાઈ હસને મુજતબા (અ.) અને ચાચાઝાદ ભાઈ મુસ્લિમ બિન અકીલ (અ.) સાથે પણ એ જ વર્તાવ કર્યો છે. પણ એટલું યાદ રાખજો કે એથી તમે તમારા પોતાનું જ નુકશાન કરશો., તમે ખુશબખ્તી અને સઆદત—નેકી મેળવવાનો મોકો હાથથી ગુમાવી દેશો. વચનભંગ કરનારા પોતે જ હંમેશા નુકશાન સહન કરે છે, બનવાજોગ છે કે અલ્લાહ વહેલી તકે તમારાથી બે નિયાઝ કરી દે."

હુર્ર અને તેનાં એક હઝાર સાથીદારો સામે ઈમામે આ 'ખુત્બો' ફરમાવ્યો હતો. બધાના કાન આ પ્રવચન સાંભળી રહયા હતાં, પણ તેની અસર તો માત્ર એક જ શખ્સનાં દિલ પર થઈ હતી.

https://downloadshiabooks.com/

આ એક શખ્સ હતાં, તે બીજા કોઈ નહીં, પણ પોતે હુર્ર બિન રિયાહી હતાં. જેઓ આશૂરાને દિવસે સવારે ઉમર બિન સઅદની પાસે ગયા હતાં અને તેને પુછયું હતું કે :- "શું હુસૈન ઈબ્ને અલી (અ.) સાથે તમે ખરેખર જંગ કરશો ?"

એણે કહયું : "ખુદાના સોગંદ ! જરૂર જંગ કરીશ અને તે પણ સખ્ત માં સખ્ત જંગ..!"

હુર્ર બોલ્યા, "ઈમામની કોઈ તજવીજને જો તમે માની લ્યો, તો તેમાં શો વાંધો પડે એમ છે ?"

ઈબ્ને સઅદ બોલ્યો : 'જો મને અખ્ત્યાર હોત, તો કશો જ વાંધો નહીં હતો, હું જરૂર માની લેતે, પણ શું કરૂ ? !'

હુર્ર વિચારવા લાગ્યા કે ઈબ્ને ઝિયાદ, ઈમામ હુસૈન બિન અલી (અ.) ની કોઈ જ તજવીજ માનવા માટે તૈયાર નથી ! આથી તેનાં મનમાં ગડમથલ થવા લાગી, સવાલો ઉભા થવા લાગ્યા. બુદ્ધિ અને મન વચ્ચે પોતે સંઘર્ષ અનુભવવા લાગ્યા. એક બાજુ રૂહાની શકિત હતી, બીજીબાજુ શયતાની વસવસા. છેવટે એના દિલમાં ઈમામની વાતચિતનાં દિવ્ય ચમકારા ચમકવા લાગ્યા અને અસત્યનાં નાશવંતને અંતે તેઓ નિહાળી શકયા. રૂહાની જવાળાઓમાં જુઠ્ઠાણાંનો ઘાસ-કચરો બાળીને ભસ્મ થઈ ગયો. એની નેક રૂહે નિર્ણય કરી લીધો કે અલ્લાહની જે સત્ય—પગદંડી છે, તેની પર જ પગરણ માંડવા જોઈએ...

હુર્ર, દ્વિધામાંથી અંતે બે રાહમાંથી જન્નત અને જહન્નમમાંથી એક રાહ નક્કી કરવા તૈયાર થઈ ગયા. તેઓએ મનોમન કહયું, શરીરનાં કટકે કટકા થઈ જાય, તો પણ જન્નતનાં માર્ગ કરતાં વધીને કોઈ માર્ગને હું પસંદ નહીં કરૂ.. અને એમ કહીને તેઓએ ઈમામનાં ખયમાગાહનો

https://downloadshiabooks.com/

રસ્તો લીધો. ત્યાં પહોંચીને પોતાની ભૂલોનો સ્વીકાર કર્યો અને સત્યમાર્ગને પંથે વળ્યા. હુર્ર બોલ્યા – "ખુદા જાણે છે, મને ખબર નહીં હતી કે નોબત આટલી હદ સુધી પહોંચી જશે. હવે હું તૌબા કરવાનાં ઈરાદાથી આવેલો છું, કોણ જાણે મારી તૌબા કબુલ થઈ શકે છે કે નહીં ?"

ઈમામે ફરમાવ્યું : "તમારી તૌબા ખુદા કબુલ કરશે અને તમારી ભૂલોને માફ કરશે."

પછી ઈમામે પુછયું : "તમારૂ નામ શું છે ?"

જવાબ મળ્યો : "હુર્ર બિન રિયાહી"

ઈમામે કહયું :- "હુર્ર ! તમે ખરેખર હુર્ર એટલે કે સ્વતંત્ર છો, જે મુજબ તમારી માતાએ તમારું નામ પાડયું, તેવા મુકત છો ! તમારા નામ મુજબ તમે આઝાદ છો દુનિયા અને આખિરતમાં સ્વતંત્ર છો.. હવે તમારી સવારી પરથી નીચે ઉતરી આવો...!"

હુર્ર બોલ્યા : "ના, એ કંઈ સારૂ નહીં કહેવાય. હું તો અમારા જ સવારો, જે હવે આપણા શત્રુઓ છે, તેમની સામે જઈને લડીશ અને પછી શહાદતથી પુનિત થઈને પછી જ મારી સવારી પરથી ઉતરીશ...!"

ઈમામે હુર્રનું મનોબળ અને સચ્ચાઈ જોઈ, પળ માટે અટકીને તેઓ બોલ્યા : "તમારૂ દિલ ચાહે તે કરો — અલ્લાહ તમારી મદદ કરે...! "

https://downloadshiabooks.com/

ફરી પાછા હુર્ર પોતાનાં કુફાવાળાઓ પાસે ગયા અને પછી પોતાનાં હૃદયની વરાળ કાઢતા આવેશમાં બોલ્યા —

“.. ઓ કુફાવાળાઓ ! તમારી માતાઓ તમને રડે ! તમને મૌત હડપ કરી જાય ! તમે લોકોએ અલ્લાહનાં એવા બંદાને દઅવત આપી, જેણે તમારી દઅવતનો સ્વીકાર કર્યો અને તમારી પાસે આવી ગયા. હવે તમે તમારા મહેમાનનો સાથ છોડી દીધો ? ગઈકાલે તમે તેમને વાયદો કર્યો હતો કે તેમનાં માટે તમે તમારા જાન આપી દેશો... અને આજે તમે તેમને ઘેરી લીધા ? ! ! તેમની સામે તલવાર ખેંચીને ઉભા થઈ ગયા ? તમે તેમને એવા ઘેરી લીધા છે કે તેમનો રસ્તો બંધ કરી દીધો છે, તેમને શ્વાસ લેતાં પણ અટકાવી દેવા માંગો છો ? તેમનાં પર એવું દબાણ લાવી રહયા છો કે અલ્લાહની વિશાળ ઝમીન પર એ કયાંય જઈ પણ શકે નહીં ? કે તેમનાં ખાનદાનને કોઈ પનાહ મળી શકે નહીં ? તમે તેમને કેદી બનાવીને નિઃસહાય કરી દેવા માંગો છો ? આ ફુરાત નદીનું પાણી જે સૌ મુસલમાનો અને બિન મુસલમાનો પીએ છે, એટલું જ નહીં જંગલનાં જાનવરો પણ પીએ છે; તે પાણીને તમે ઈમામ પર અને ઈમામનાં બાલ-બચ્ચાઓ પર બંધ કરી દીધું છે...! અરે ઝાલીમો ! પ્યાસથી એ બધાની કેવી બુરી હાલત છે તે તો જુઓ, તમે લોકો રસુલે ખુદા (સ.) પછી તેમની ઔલાદ સાથે એવો નિર્ણય વર્તાવ કર્યો છે ! તેમને કતલ કરવા માંગો છો ? તે પણ તરસ્યા જ ! અલ્લાહ હશ્રનાં દિવસે તમારી પ્યાસ પણ છીપાવશે નહીં..!”

આ પ્રકારની વાતચિત કુફીઓ સાથે કરનાર એ જ આઝાદ નેક મર્દ હુર્ર હતાં, જેઓએ એક દિવસે ઈમામનો રસ્તો રોકયો હતો. ઈમામને અને તેમનાં કુટુંબીજનોને ઈબ્ને ઝિયાદનાં હુકમ અનુસાર, વેરાન જંગલમાં ઉતરવા માટે મજબૂર કર્યા હતાં. આ એ જ નેક મર્દ હતાં જેઓએ બીજી મોહર્રમથી દસમી મોહર્રમની સવાર સુધી ઈમામનાં દુશ્મનોને સાથ આપ્યો હતો પણ એક કલાક જેટલાં સમયમાં જ તેનું

https://downloadshiabooks.com/

મન બદલાઈ ગયું હતું, તેની દશા બદલાઈ ગ હતી, તેમાં રૂહાની ઈન્કિલાબ આવી ગયો હતો અને તેનું દિલ અચાનક એકદમ શહીદ થવા માટે તડપી રહયું હતું...

હુર્ર — અલ્લાહની રાહમાં હંમેશની ખુશનસીબી પ્રાપ્ત કરવા માટે પોતાનાં પ્રાણ અર્પણ કરવા માટે તૈયાર થઈ ગયા હતાં.

કેટલી સાચી વાત 'બિન માંગે મોતી મિલે, માંગે મિલે ન ભીખ..!' અલ્લાહનું ફરમાન છે, "...અલ્લાહ મોમીનોનો હિમાયતી છે, તેમને અંધકારમાંથી કાઢીને હિદાયતનું નૂર દેખાડે છે..."

નેક રૂહોને શહાદતનાં મેદાનમાં ખેંચાઈ આવવાનું મન થાય છે — દુશ્મનની ફોજમાં સિપેહસાલાર હુર્ર, હવે ઈમામનાં સાથીદારો હબીબ બિન મઝાહિર અસદી બુરેર હમદાની કાસિમ બિનલ હસન (અ.) ની હરોળમાં શામીલ થઈ જાય છે...

# કરબલામાં ઈમામનાં પ્રવેશ સમયે

સન-૬૧ ના મોહરમની બીજી તારીખ જુમેરાતને દિવસે, ઈમામ હુસૈન (અ.) 'નયનવા' ની બાજુમાં કરબલા મુકામે આવી પહોંચ્યા.

બીજે દિવસે ઉમર બિન સઅદ બિન અબી વકાસ ઝ-હ-રી, ચાર હજાર જેટલા સૈનિકો સાથે કુફાથી આવી પહોંચ્યો અને ઈમામનાં પડાવની સામે પોતાનો પડાવ નાંખ્યો.

ઉમર બિન સઅદનો સબંધ, કુરેશ કબીલાની એક શાખા "બની ઝ-હ-રા" સાથે હતો અને રસુલે ખુદા (સ.) નાં માતા હઝરત આમેનાનાં નજીકનાં સબંધીઓમાં હતો. એનો બાપ સઅદ બિન

https://downloadshiabooks.com/

વકાસ, એ પાંચ આદમીઓમાંનો એક હતો. જે રસુલે ખુદા (સ.) ની "બેસઅત" ની શરૂઆતમાં (ખલીફા) અબુબક્ર સાથેની ઓળખાણની બિના પર મુસલમાન થયો હતો.

સઅદ બિન વકાસનું નામ ઈસ્લામી વિજયોનાં સિલસિલામાં, ઈસ્લામી ઈતિહાસનું એક જાણીતું નામ હતું.

ઉમર બિન સઅદે, પોતાનાં કોઈ માણસને ઈમામ પાસે મોકલાવીને પુછાવ્યું કે, "ઈરાક શા માટે આવ્યા છો ?"

ઈમામે જવાબ આપ્યો : ઈરાકીઓએ પોતે કાગળો લખીને મને બોલાવ્યો છે, તેથી આવ્યો છું... પણ જો, તમને મારૂં આવવું પસંદ ના હોય, તો હું હિજાઝ પાછો ચાલ્યો જાઉં છું...!

ઈબ્ને સઅદે, ઈબ્ને ઝિયાદને પત્ર લખીને ઈમામે જે કંઈ ફરમાવ્યું હતું તે જણાવી દીધું.

ઈબ્ને ઝિયાદે જવાબ લખ્યો. "હવે જયારે આપણાં પંજામાં એ આવી ગયો છે, તો પણ એ બચી નિકળીને હિજાઝ પાછા જવાની આશા ધરાવે છે..! ! પણ હવે એને છોડવાનો નથી...." તમારો કાગળ વાંચ્યો, વિગત જાણી, પણ "હુસૈન બિન અલી" ને કહો કે, એ પોતે અને તેનાં બધા જ સાથીદારો યઝીદની 'બઅયત' કરી લે.. જયારે 'બયઅત' પતી જાય, તે પછી આપણે એનાં વિષેનો કોઈ નિર્ણય લઈશું...!"

આ કાગળ પછી તરત જ બીજો એક કાગળ ઈબ્ને ઝિયાદે લખી મોકલ્યો જેમા લખ્યું હતું કે —

https://downloadshiabooks.com/

આ કાગળ મળતાં તરત જ હુસૈન (અ.) અને તેનાં સાથીદારો પર પાણી બંધ કરી દો.. તેમને એક પણ ટીપું પીવા માટે મળવું નહીં જોઈએ...!"

હુકમ મળતાં જ તરત જ ઉંમર બિન સઅદે, ચાર હજાર સૈનિકોને ઉમરૂ બિન હજ્જાજની સરદારી હેઠળ મોકલ્યા કે એ લશ્કર ફુરાત નદી અને ઈમામ વચ્ચે દિવાલ થઈને ઉભું થઈ જાય... અને ઈમામ માટે પાણીનો પુરવઠો કપાઈ જાય.

આ બનાવ ઈમામ (અ.) ની શહાદતનાં ત્રણ દિવસ પહેલા બન્યો.

ઈમામે, ઈબ્ને સઅદને મુલાકાત કરવા માટે બોલાવ્યો.

રાતનાં સમયે બન્ને લશ્કરો વચ્ચે મુલાકાત અને વાતચિત થઈ.

ઉંમર બિન સઅદ, પોતાનાં તંબુમાં પાછો ગયો એણે ઈબ્ને ઝિયાદને તરત કાગળ લખ્યો કે, "લડાઈની આગને અલ્લાહે બુઝાવી દીધી છે... અમારા બન્ને વચ્ચે સંમત્તિ થઈ ગઈ છે. કોમી મસલેહત અનુસાર મામલો પતી ગયો હવે છે. હુસૈન ઈબ્ને અલી (અ.) એ વાત માટે તૈયાર છે કે તેઓ હિજાઝ પાછા ચાલ્યા જશે અથવા કોઈ ઈસ્લામી સરહદમાં જવા રવાનાં થઈ જશે..!"

ઉમર બિન સઅદે એ પત્રમાં કેટલાંક વધુ વાકયો પણ ઉમેર્યા કે જેનો ભાવાર્થ એવો થતો હતો કે ઝઘડાનું મોં કાળું...!

આ પત્ર મળતાં, ઈબ્ને ઝિયાદ કંઈક નરમ જરૂર થઈ ગયો. ઈબ્ને સઅદની તજવીજને માન્ય રાખવા તૈયાર પણ થઈ ગયો. આ પત્ર વંચાઈ

https://downloadshiabooks.com/

રહયો હતો, એ સમયે એક શખ્સ, "શિમ્ર બિન ઝિલ જવશન" પણ હાજર હતો.

શિમ્ર એ કહયું : "અરે, તમે આ કેવી ભૂલ કરી રહયા છો ? આવી સરસ તક તમને મળી છે, તેને તમે ઝડપી લ્યો. હવે જયારે હુસૈન (અ.) જેવા હુસૈન (અ.) તમારા સકંજામાં આવેલ છે, તો તેને છોડજો નહીં, એવી તક તમને કદી પાછી મળશે નહીં...!"

ઈબ્ને ઝિયાદ બોલ્યો, 'યાર ! વાત તો તારી તદ્દન સાચી છે..! હવે તું એક કામ કર..! તું પોતે જ કરબલા જા અને મારો આ કાગળ 'ઈબ્ને સઅદ' ને પહોંચતો કર, અને સાંભળ ! હુસૈન (અ.) અને તેનાં સાથીદારો કોઈપણ પુર્વ શરત વિના પોતાનાં હથિયારો નાંખી દે, તે પછી જ તેમને કુફા મોકલી દેવામાં આવે; જો તેઓ ઈન્કાર કરે તો તેમની સામે જંગ કરવામાં આવે... જો "ઈબ્ને સઅદ" માને નહીં અને હુસૈન બિન અલી (અ.) સામે લડવાને તૈયાર થાય નહીં, તો તું પોતે ફોજની લગામ તારા હાથમાં લઈ લેજે અને ઈબ્ને સઅદનું માથું કાપી લઈને મારી પાસે મોકલી આપજે...! '

આ પછી 'ઈબ્ને સઅદ' ને નામે જે પત્ર લખ્યો તેમાં આ મુજબ હતું :

"...હુસૈન ઈબ્ને અલી (અ.) સાથે કોઈ સબંધ રાખવાનો નથી. તારે એની સિફારિશ મારી પાસે કરવી નહીં. હવે સાંભળ ! જો એ અને એના સાથીઓ માની જાય, તો મારી પાસે મોકલી આપ — અને જો ઈન્કાર કરે તો, એના પર હુમ્લો કરી દે, અને તેને કતલ કરી નાંખીને તેનાં નાક-કાન કાપી લે, કારણ કે તે એજ લાગના છે.. જો હુસૈન ઈબ્ને અલી (અ.) કતલ થઈ જાય, તો તેની લાશને ઘોડાઓનાં ડાબલાથી પાયમાલ કરી નાંખજે, કારણ કે તે એક ચળવળીયો, હક્કને નહીં

https://downloadshiabooks.com/

સમજનારો ઝાલિમ શખ્સ છે... મારૂ એમ કહેવાનું નથી કે મરવા પછી તેને કોઈ દુઃખ પહોંચાડતામાં આવે, પણ મેં વાત કરી છે અને એવા સોગંદ ખાધા છે કે જો તે કતલ થશે તો તેની લાશ ઘોડાઓનાં પગ તળે કચડાવીશ... જે હુકમ તને આપ્યો છે તે પર તું જો અમલ કરી શકે તો ઠીક, તેનો સારો શિરપાવ તને મળશે ખૂબ માલદાર બનાવી દઈશ. પણ જો એના પર તું અમલ કરી શકે એમ ન હોય, તો લશ્કરમાંથી અલગ થઈ જા ? અને લશ્કરની લગામ "શિમ્ર બિન ઝિલ જવશન" ને સુપ્રત કરી દેજે, મેં એને જરૂરી સુચનો કરી દીધા છે.."

એવું ખતરનાક ફરમાન લખીને ઈબ્ને ઝિયાદે જયારે શિમ્રને સોંપ્યું, ત્યારે તે સમયે ત્યાં 'ઉમ્મુલ બનીન' ના ભત્રીજા અબ્દુલ્લાહ બિન અબીલ મહબ બિન હિઝામ પણ આ તકે ત્યાં હાજર હતો.

એણે ઉભા થઈને કહયું : "ઓ અમીર ...! ઓ સરદાર...! સાંભળ ! મારી ફોઈનાં દિકરા ! અબ્બાસ, અબ્દુલ્લાહ, જઅફર અને ઉસ્માન અને બીજા અલી બિન અબી તાલીબ (અ.) નાં છોકરાં પણ પોતાનાં ભાઈ સાથે આવેલા છે, તો એ બધાંને માટે તું તેમને માટે અમાનનામું લખી આપ...! !"

ઈબ્ને ઝિયાદે કહયું :- "તું ગભરા નહીં, ભલે, હું લખી આપું છું."

વિચારવાનાં કેવા કેવા જુદા મગજો છે ! કેવો તફાવત છે ! અબૂલ ફઝલ (અ.) નાં મામાનો છોકરો 'અમાનનામું' મેળવી રહયો છે, અને તે પણ 'ઈબ્ને ઝિયાદ' પાસેથી ! તે એવું માનીને કે પોતાની ફોઈનાં છોકરાઓનું એ ભલું કરી રહયો છે ? પણ એ લોકો શું એવા 'અમાનનામા' નો લાભ લેશે ખરા ? શું તેઓ પોતાનાં ભાઈ અને

https://downloadshiabooks.com/

પોતાનાં આકા અને ઈમામને છોડીને પોતાનાં જીવ બચાવીને પોતપોતાને ઘેર ચાલ્યા જશે...!

# ‘ઉમ્મુલ બનીન’ નાં બેટાઓ માટે બચાવનામું

પોતાની ફોઈનાં છોકરાઓ માટે બચાવનામું, ‘ઈબ્ને ઝિયાદ’ પાસે લખાવનાર [અબ્દુલ્લાહ બિન અબીલ મહલ બિન હિઝામ] નો નોકર જયારે એ કાગળ લઈને કરબલામાં આવ્યો અને ‘ઉમ્મુલ બનીન’ નાં બેટાઓને મળીને તેમને કહયું કે, “....તમારા મામુઝાદ ભાઈ અબ્દુલ્લાહે, આ “અમાનનામું” તમારા માટે મોકલ્યું છે...! ત્યારે નોકર એવું માનતો હતો કે એ સાંભળતાં જ બધા ઘણાં રાજી રાજી થઈ જશે, તેઓ એકદમ ઉછળી પડશે ! પણ એ બધાં અંતે તો અમીરૂલ મોઅમેનીન (અ.) નાં ફરઝંદો હતાં. [તેમની માતા જુદા હતાં] તેઓએ તરત જ જવાબ આપ્યો કે, “અમારા એ મામુઝાદ ભાઈને અમારા સલામ કહીને કહેજો કે, અમારા માટે ‘ઈબ્ને ઝિયાદનાં એવા ‘અમાનનામા’ કરતાં અલ્લાહની અમાન વધુ સારી...”

★ ★ ★ ★

શિમ્ર, જયારે કરબલા પહોંચ્યો, તો એણે ઉંમર બિન સઅદને, ઈબ્ને ઝિયાદનો કાગળ આપ્યો. બન્નેમાં કંઈક વાતચિતો થઈ છેવટે ‘ઈબ્ને સઅદે’ પોતાનાં વડા અધિકારીનો હુકમ માની લીધો. એનાં હુકમ પર અમલ કરવા તૈયાર થઈ ગયો.

“ઉમ્મુલ બનીન” સાથે બહુ દૂરનું સગપણ શિમ્રને પણ હતું. એણે ‘ઉમ્મુલ બનીન’ નાં બેટાઓ જયારે ‘અમાન’ ની જાહેરાત કરી, ત્યાં એને પણ એ જ જવાબ મળ્યો, જે જવાબ પેલા નોકરને આપવામાં આવ્યો હતો.

https://downloadshiabooks.com/

તે જ સમયે ઉમર બિન સઅદ, પોતાનાં ઘોડા પર અસ્વાર થઈને પોતાનાં લશ્કરની સામે આવીને ઉભો રહયો. એણે જે શબ્દો ત્યારે લલકાર્યા, તેનો અર્થ આ મુજબ થતો હતો—

"... ઓ અલ્લાહનાં અસ્વારો ! સવાર થઈ જાવ ! જુઓ, તમને જન્નતમાં જગ્યા મળશે...!"

આ ફકરાનો પણ એક ઈતિહાસ છે.

પેગમ્બર (સ.) સાહેબે એક પ્રસંગે યુદ્ધમાં ઈસ્લામનાં રક્ષણ માટે પોતાનાં સૈનિકોને જે રીતે સંબોધ્યા હતાં, તે જ શબ્દોનો ઈબ્ને સઅદે ઉપયોગ કર્યો હતો.

તે દિવસે નવમી મોહર્રમની સાંજ હતી અને એ ફકરો પેલા ઝાલિમે રસૂલે ખુદા (સ.) ના હકકદાર - જાનશિનો- ફરઝંદો અને સગાઓની વિરૂધ્ધ ઉપયોગ કરીને ભયંકર ક્રૂર કટાક્ષ કર્યો હતો.

આ સમયે ઈમામ પોતાનાં તંબુની સામે, માથું ઝુકાવીને બેઠા હતાં. અસરની નમાઝ પઢાઈ ચુકી હતી. તેઓ તંદ્રાવસ્થામાં શિર નમાવી બેઠા હતાં. નજીકથી જ દુશ્મન સિપાઈઓનો ઘોંઘાટ થતાં હ. ઝયનબે કુબરા (અ.) દોડીને ભાઈને પાસે બહાર આવી ગયા અને બોલ્યા, "ભાઈ ! તમે આ સૈનિકોનો શોરબકોર સાંભળી રહયા છો ?"

ઈમામે માથું ઉંચું કરીને કહયું : "...હમણાં જ મારી આંખ જરા લાગી હતી અને મેં રસૂલે ખુદા (સ.) ને જોયાં, તેઓ મને કહી રહયા હતાં કે, "હુસૈન (અ.) તમે મારી પાસે આવી રહયા છો...!"

https://downloadshiabooks.com/

"હાય... અલ્લાહ !" હ. ઝયનબનાં શબ્દો સંભળાયા ! તેઓ બોલ્યા, "કેવી બેચેન કરનારી અફસોસજનક વાત કહેવાય ?"

ઈમામે કહયું : "બહેન, એમાં અફસોસની વાત નથી... ગભરાશો નહીં, તમારા પર અલ્લાહની રહમત હો.."

તેવામાં અબ્બાસ અલમદાર (અ.) પણ આવી પહોંચ્યા — તેઓએ માહિતી આપી.

"દુશ્મનો, ચઢી આવ્યા છે ! આપણને અત્યારે શું કરવાનું છે ?"

ઈમામે ઉભા થઈને ફરમાવ્યું : ".... અબ્બાસ...! તમે પોતે એ લોકોની સામે જાવ અને પુછો કે, આ સમયે હુમ્લો કરવાનું શું કારણ ? અત્યારે શા માટે તમે હુમ્લો કરવા આવ્યા છો, શું કોઈ નવી વાત બની છે..?"

અબ્બાસ (અ.) એ સાંભળી, પોતાની સાથે વીસેક જેટલા ઘોડેઅસ્વારો લઈને દુશ્મનની સામે જઈને ઉભા. તેમની સાથમાં ઝૌહેર બિન કેન અને હબીબ બિન મઝાહિર અસદી પણ સામેલ હતાં. દુશ્મનનાં લશ્કરની સામે જઈને તેઓએ પુછયું, "આ અચાનક હુમ્લો કરવા આવવાનું શું કારણ છે ?"

જવાબ મળ્યો : "અમારા સરદારનો હુકમ આવ્યો છે કે, અત્યારે જ હથિયાર નીચે મુકી દો, નહીંતર જંગ કરીશું !"

(હ.) અબ્બાસે કહયું : "હું પણ અમારા સરદારની સેવામાં સમાચાર આપીને પાછો આવું છું....!"

https://downloadshiabooks.com/

હ. અબ્બાસનાં  ત્યાં જ લશ્કરની સામે ઉભા રહ્યા અને તેઓ પોતાની રીતે લોકોને શિખામણો-ઉપદેશો આપતા રહ્યા.

પોતાનાં ભાઈ પાસે આવીને હ. અબ્બાસે સમાચાર પહોંચાડયા. ઈમામે ફરમાવ્યું, "તમે પાછા જઈને એ લોકોને કહો કે, જો બની શકે એમ હોય, તો માત્ર એક જ રાત-કાલ સવાર સુધીની મહોલત આપો !" પછી ફરમાવ્યું : આજની રાત આપણે નમાઝ અને દુઆમાં વિતાવીશું બારગાહે ખુદાવંદીમાં માફી માંગી લઈશું અલ્લાહ જાણે છે મને નમાઝ, કુર્આન, દુઆ, ઈસતિગફાર દિલથી પસંદ છે...!"

મતલબ કે ગમે તે રીતે અંતે ઈમામ અને તેમનાં સાથીઓને બીજે દિવસ સવાર સુધીની મહોલત મળી ગઈ. આ ટુંક સમય ઈમામને જે મળ્યો તેને ઝડપી લઈને, ઈમામે શહાદત માટેની તૈયારી કરી, તે પછી પોતાનાં સાથીદારોની કસૌટી કરી કે જો તેમનાં સાથવાળાઓમાંનો કોઈ એકાદ માણસ પણ આ તહરિકનાં અંત વિષેથી અજાણ હોય, તો તે તેને જાણવા મળી જાય કે, ઈમામનો સાથ આપવામાં તેનું પરિણામ શહાદત અને કુરબાની સિવાય બીજું કંઈ જ નથી. સૌને ફરીથી કહેવામાં આવ્યું કે, જેને ચાલ્યા જવું હોય, તેઓ અત્યારે રાતનાં અંધારામાં ચાલ્યા જાય. જેમને કુરબાની આપવી હોય, તેઓ જ અને જેમને જાનની પરવા ન હોય, તેઓ જ માત્ર તેમની ઈચ્છા મુજબ રહી શકે છે, કોઈ પર પણ બળજબરી નથી !

ચોથા ઈમામ ઝયનુલ આબેદીન (અ.) આ મુસાફરીમાં તેમનાં પિતા ઈમામ હુસૈન (અ.) ની સાથે હતાં. તેઓએ ફરમાવેલું છે, તે આ મુજબ છે —

https://downloadshiabooks.com/

... જયારે સુરજ ઢળી રહયો હતો, ત્યારે મારા વાલિદે પોતાનાં સાથીઓને ભેગા કર્યા, અને તેમની સામે તકરીર કરી. હું જો કે બિમાર હતો, તો પણ ત્યાં ગયો, જેથી તેમનું પ્રવચન સાંભળી શકું.

વાંચકોને એટલું યાદ રાખવાનું કે એ તકરીર એવા શખ્સ કરી રહયા હતાં, જેમની પાસે એકસોથી પણ ઓછા (૭૨ ?) સાથીઓ હતાં અને તેમની સામે વીસ હજાર કરતાં વધુ દુશ્મનો હતાં. ઈમામને માત્ર એક જ રાતની મોહલત મળી હતી. સવારથી લડાઈ શરૂ થવાની હતી. ઈમામ સારી રીતે જાણતા હતાં કે દુશ્મનોની માંગણી શું છે ? પણ તેઓ બઅયત માટે અને અધર્મિઓનાં હુકમ પર અમલ કરવા માટે તૈયાર નહીં હતાં — ઈમામ આ પણ જાણતાં હતાં કે દુશ્મન તેમને છોડવાનો નથી અને જંગ વિના કોઈ ફેંસલો થવાનો નથી અને જંગનો અર્થ, તેમની અને તેમનાં સાથીઓની શહાદત હતી. ઈમામ જાણતાં હતાં કે આટલા બધા દુશ્મનો તેમને મારી નાંખવા માટે જ ભેગા થયેલા છે. ઈમામને ખાત્રી હતી, તો પણ નિરાંતપુર્વક બીજાઓને ચાલ્યા જવા માટે કહી રહયા હતાં. ઈમામ કહેતા હતાં કે દુશ્મનોને માત્ર એક જ “હુસૈન” જ જોઈએ છે, જો તેઓ કાબૂ મેળવી લે, તો પછી તેઓને બીજું કશું જ જોઈતું નથી. ઈમામ લોકોને કહી રહયા હતાં કે અંધારૂ થતાં, અંધારામાં, તેમનાં કોઈ પણ સગાનો હાથ પકડી લઈને, તેમની સાથે આવેલા સાથીઓ ઈમામનો તંબૂ છોડીને ચાલ્યા જાય.

# આશૂરાની રાત્રે ઈમામનો ખુત્બો

ઈમામનાં ખુત્બાની શરૂઆત આ મુજબ હતી —

“... સર્વશ્રેષ્ઠ જે રીતે છે, તે રીતે હું ખુદાનો શુક્ર અદા કરૂ છું.. હું સુખમાં કે દુઃખમાં, બન્નેમાં તેની હમ્દ કરૂ છું. ”

https://downloadshiabooks.com/

હે ખુદા ! હું તારો શુક્ર ગુઝાર છું. તેં જ અમને પેગમ્બરીની નેઅમતથી નવાઝયા છે, અમને કુરઆન શિખવાડયું છે — અને અમને દિન અને તેનાં એહકામની સમજ અતા કરી છે, અમને આંખ કાન અને દિલ આપીને 'શિર્ક' બદીથી અમને પાક રાખ્યા છે, અમને નેઅમતો પર શુક્રની તવફીક બખ્શી છે.

".. આ હકીકત છે કે હું મારા અસહાબોથી વધુ વફાદાર અને બેહતર સાથીઓ મારા અઝીઝો—સગાંઓથી નેક અને મેહરબાન સગાઓ હોય, એવું જાણતો નથી— ખુદા, તમને સૌને નેક બદલો આપે."

".. મારો એવો ખ્યાલ છે કે હવે, આપણે સામેનાં લશ્કર સામે જંગનો સમય આવી ગયો છે.. હવે હું તમને સૌને પરવાનગી આપું છું કે અહીંથી ચાલ્યા જાય...! તમે બધા જ સ્વતંત્ર છો, કોઈ કશા પ્રકારની પાબંદી નથી.. રાતનાં અંધકારનો લાભ લઈ લ્યો...!"

આ ખુત્બો જે જાણીતાં આલીમોએ ઉતાર્યો છે, તેમાનાં કેટલાંક નામો છે — "શેખ મુફીદ" "અબૂલ ફરજ", "ઈબ્ને અસીર" વિગેરે.

આ બધામાંથી કોઈ પણ એક લેખકે એવું નથી લખ્યું કે ઈમામનાં સાથીદારોમાંથી તેમને છોડીને કોઈ ચાલ્યું ગયું હોય !

... આશુરાનાં ખુત્બા પછી, ઈમામનાં સાથીઓમાંથી સૌ કોઈએ ઠરેલતાં, અડગતા, જાંનિસારી સિવાય કશું જ કર્યું નહીં, કોઈ પણ ખસ્યું નથી. સૌ કોઈ અડગ રહયા હતાં, એ વાત પર બધા જ ઈતિહાસકારો એકમત-સંમત્ત છે.

https://downloadshiabooks.com/

ખુત્બો ખત્મ કર્યા પછી ઈમામે, જયારે ફરીથી સૌને આગ્રહ કર્યો કે — મને છોડી જાવ, તમારો જીવ બચાવીને આ મુસિબતમાંથી નિકળી જાવ— ત્યારે આપના ભાઈએ, બેટાઓ, ભત્રીજાઓ, તેમ અબ્દુલ્લાહ જાફરનાં બેટાઓઓ એકી અવાજે કહયું હતું — “આપ આ શું ફરમાવી રહયા છો ! એવું થઈ જ કેમ શકે કે આપને એકલા છોડીને ચાલ્યા જઈએ ? અલ્લાહ એવો દિવસ લાવે નહીં કે આપ કતલ થઈ જાવ અને અમે જીવતાં રહીએ..!”

આ બધામાં સૌથી આગળ અબુલ ફઝલ અબ્બાસ (અ.) હતાં.

મુસ્લિમ બિન અકીલનાં બે ફરઝંદો ઈમામની સાથે હતાં. ઈમામે તેમને સંબોધીને કહયું —

“...ઓ વ્હાલા અકીલનાં પ્યારા ફરઝંદો ! એટલું જ બસ છે કે તમારા પિતા પોતાની કુરબાની આપી ગયા છે. હવે તમને કોઈ કુરબાની આપવાની જરૂર નથી. હવે તમે છુટા છો.— આઝાદ છો— તમે બન્ને ચાલ્યા જાવ, એમ હું ઈચ્છું છું...!”

એ બન્ને બાળકોએ કહયું : “આપ આ શું ફરમાવો છો ? સુબ્હાનલ્લાહ, અમે અમારા બુઝુર્ગ —આકા અમારા મૌલા અને કાકા પુત્રોને છોડીને ચાલ્યા જઈએ ! હરગીઝ નહીં, અમે તો જંગમાં સાથે જ ભાગ લઈશું — અમે જો ચાલ્યા જઈએ તો અલ્લાહને શો જવાબ આપીશું ! અમારા સગાઓને શું મ્હોં બતાવીશું ? અમે શી રીતે જાણી શકીશું કે અમારા સાથીદારો, આપ લોકોનું શું થયું ? ના, અલ્લાહનાં સોગંદ એવું કામ હરગીઝ નહીં કરીએ. અમે તો શું, અમારૂ તમામ ખાનદાન, અમારા જાનમાલ આપને મદદ કરવા અલ્લાહની રાહમાં કુરબાન કરી દઈશું. અમે આપની સાથે જ લડાઈમાં જઈને લડીશું..

https://downloadshiabooks.com/

જેથી અમને પણ શહાદતનું ગૌરવ મળે ! એવી ઝીંદગી પર થૂ... છે કે જે આપ વિનાની હોય...!

એ પછી 'મુસ્લિમ બિન અવસજા' ઉભા થયા અને બોલ્યા — "જો અમે આપને મદદ કરવામાંથી અમારા હાથ ખેંચી લઈએ, આપને એકલા તજી જઈએ, તો અલ્લાહને શો જવાબ આપીશું ? અલ્લાહનાં સોગંદ હું આપને છોડીને હરગીઝ જવાનો નથી. .. મારો ભાલો, હું દુશ્મનોનાં કાળજામાં પરોવી દઈશ... અને જયાં સુધી બની શકશે ત્યાં સુધી દુશ્મનોનાં લોહીથી મારી તલવારની પ્યાસ છીપાવીશ. જો મારા હાથમાં તલવાર કે કોઈ હથિયાર નહીં રહે, તો એ લોકો પર પથ્થરોનો મારો શરૂ કરી દઈશ. ખુદાનાં કસમ, હું આપનો સાથ છોડીને નહીં જાઉં...! જેથી અલ્લાહ તઆલા એ જુએ કે અમે, તેનાં પૈગમ્બરની ગેરહાજરીમાં તેનાં ફરઝન્દનાં હક્કોનો ખ્યાલ રાખ્યો છે—અલ્લાહનાં સોગંદ, મને જો એવી ખબર આપવામાં આવે કે મને કતલ કરી નાંખવામાં આવશે, પછી આગમાં બાળી નાંખીને મારી રાખ હવામાં વિખેરી નાંખવામાં આવશે અને એવી રીતે સિત્તેર શું, સાતસો વખત કતલ કરીને જીવાડીને મારી નાંખવામાં આવશે તો પણ આપનો સાથ નહીં છોડી જાઉં, મારો જાન આપ પર કુરબાન કરતો રહીશ."

મુસ્લિમ બિન અવસજાએ પોતાની વાત હજી પૂરી કરી હશે, ત્યાં તો 'ઝોહર બિન કૈન' ઉભા થયા.

આ 'ઝોહર' એ જ હતાં કે જે કયારેબ અબૂ અબ્દુલ્લાહ ઈમામ હુસૈન (અ.) ના દુશ્મન સમાન હતાં. ઈરાકનાં રસ્તામાં તેમનાંથી દૂર દૂર ચાલતાં હતાં. ઈમામને મળવાનું ટાળતા હતાં, પણ ઈલાહી તકદીરને કોણ બદલી શકે એમ છે ? અલ્લાહને એ જ મંજૂર હશે કે અલ્લાહની રાહમાં શહીદ થઈને "ઝોહર" હંમેશ માટે સરફરાઝ અને નેકનામ થઈ જાય..! આશૂરાનાં ઈતિહાસનો શણગાર બની જાય !

https://downloadshiabooks.com/

તેઓએ ઉભા થઈને કહયું, “મૌલા મને સેંકડો વખત મારી નાંખીને પાછો જીવાડવામાં આવે તો પણ હું આપ પર અને આપના “એહલેબૈત” ઉપર કુરબાન થઈ જઈશ એટલા માટે કે આપ ઝિંદા અને મેહફૂઝ રહો...!

બીજા બધાઓએ પણ પોતાનો લગભગ એવો જ મત ઉચ્ચાર્યો, એવો વિચાર દર્શાવ્યો, તેમનાં જઝબાતોનો ઈઝહાર કર્યો.

ઈમામે એ બધા માટે દુઆએ ખૈર કરી અને પોતાનાં ખૈમામાં પાછા ફર્યા.

★ ★ ★ ★

# આશુરાની સવાર

ઈમામે આશુરાની રાત પોતાના સાથીદારો સાથે નમાઝ, દુઆઅ અને ઈસ્તિગફારમાં વિતાવી.

સવાર પડી, આશૂરાનો દિવસ ઉગ્યો.

ઈતિહાસકારો શેખ મુફિદ (અ.ર.), પોતાની કિતાબ ‘ઈરશાદ’ માં અને ‘તિબરી’ પોતાની “તારીખ” માં લખે છે કે, “સવારની નમાઝ પછી ઈમામે હરોળ બાંધી કરી લીધી. તેમની સાથે કુલ્લે બત્રીસ અસ્વાર અને ચાલીસ પાયદળો હતાં. જમણી હરોળની સરદારી ‘ઝોહેર બિન કેન’ ને અને ડાબી હરોળની આગેવાની ‘હબીબ બિન મઝાહિર’ ને આપવામાં આવી હતી.

https://downloadshiabooks.com/

અલમ (ઝંડો) પોતાનાં ભાઈ 'હ. અબ્બાસ (અ.) ' નાં હાથમાં આપવામાં આવ્યો હતો.

ઉમર બિન સઅદ પણ પોતાનાં લશ્કરની હરોળબંધી સવારથી કરી ચૂકયો હતો. એણે જમણી હરોળની આગેવાની 'ઉમરૂ બિન હજ્જાજ ઝબીદી' ને અને ડાબી હરોળની સરદારી 'શિમ્ર બિન ઝિલ જવશન' ને આપેલી હતી. અસ્વારોની ટુકડીઓનો વડો 'ઉઝરા બિન કય્સ અહસમી' હતો. પાયદળનો આગેવાન 'શીસ બિન રબઈ' હતો.

ઝંડો પોતાનાં ગુલામને આપેલો હતો.

ઈમામે આશૂરાનાં દિવસે કેટલીયે વેળા લોકોને સંબોધન કર્યુ, ખુત્બો પઢયા, દિવસની શરૂઆત દુઆઅથી કરી અને દરેક વખતે, ખુત્બામાં અને દુશ્મન સાથે વાતચિત કરવામાં બારગાહે રબ્બુલ ઈઝઝતમાં તવફીક અને હિદાવતની વિનવણી કરતાં રહયા.

ઈમામના આ બધા ખુત્બાઓમાં અને દુઆઓમાં ફસાહત અને બલાગત, વૃકતત્વની શુદ્ધતા, વિદ્ધતાની પરિપુર્ણતા ડોકીયા કરતી હતી. દુશ્મનનાં લશ્કરીઓ સાથે વાતચિત દરમ્યિાન, ઈમામ એવા સંતોષ-શાંતિ અને પ્રતિભા સાથે વાતો કરી રહયા હતાં. જાણે એ લોકો પણ તેમનાં જ અકીકતમંદો હોય ! અને તેમને મદદ કરવા એકત્ર થયા હોય, જો કે તેઓ જાણતા હતાં કે તેમનાં આ ખુત્બાઓ પછી પણ એ જ લોકો તેમને કતલ કરી નાંખવાનાં છે. એ જ ત્રીસ હજાર હુમલાખોરો ભાલાઓથી હુમ્લો કરવાનાં છે.. દુશ્મનોની સામે પ્રવચનો આપનારા એવા પ્યાસા તરસ્યા હતાં કે તેમનાં સૂકાઈ રહેલા હોઠ તર કરવા માટે એક ટીપું જેટલું પાણી પણ નહીં હતું.

https://downloadshiabooks.com/

ઈમામ જાણતા હતાં કે થોડીવાર પછી તેમનાં બાદ તેમનાં બાલ-બચ્ચા નિર્દય અને ગુસ્તાખ દુશ્મનોનાં હાથે કેદ થવાનાં છે. ઈમામ ભૂખ્યા પ્યાસા હતાં, પણ તેમની બહાદુરી અડગતાને કારણે તેઓએ આશુરાને દિવસે કોઈ ફરિયાદ કરી નહીં, હા, પ્યાસની ફરિયાદ કરી હતી. એક ભૂખ્યા તરસ્યા પ્રવચનકાર, કેટલાંય હજાર શત્રુઓ સામે તકરીર કરી રહયા હતાં.

ઈમામે ઝયનુલ આબેદીન (અ.) ને કહેવું હતું કે પેગમ્બર (સ.) નાં નવાસાને એવી હાલતમાં કતલ કરવામાં આવ્યા કે તેઓ તરસ્યા અને ભૂખ્યા હતાં. અનેક પરેશાનીઓ વ્યાકુળતા છતાં, તેઓ જે કાંઈ વાત કહેતા હતાં, તે સ્પષ્ટ અને વિદ્ધતાપુર્ણ હતી. નિરાશાને બહુ ઓછી વ્યકત કરી હતી. જેમ જેમ તેમનાં સાથીદારો કતલ થતા ગયા, તેમની સંખ્યા ઘટતી ગઈ, તેમની તકરીરનો વલવલો વધતો જતો હતો. તેમનો હૌંસલો બુલંદ થતો જતો, તેઓ વધુને વધુ શાંતિ અને સંતોષ વ્યકત કરતાં રહયા હતાં....

ઈન્સાનિયતનાં ઈતિહાસમાં એવા મહામાનવ કયાંથી મળવાનાં હતાં ? તેમનાં કોઈ મદદગાર નહીં રહયા હોવા છતાં ગભરાટ અને પરેશાની-બેચેનીમાં પણ તેઓએ પોતાની હિમ્મત બુલંદ રાખી હતી. તેમનાં પર કશી અસર થવા દીધી ન હતી.

# આશુરાની સવારે ઈમામની દુઆ

ઈમામની હરોળો પર દુશ્મનનાં અસવારોએ આસુરાની સવારે હુમ્લો કરી દીધો. ઈમામે દુઆ કરવા હાથ ઉંચા કર્યા —

“...ઈલાહી ! દરેક વખતે તારા પર જ મને વિશ્વાસ રહયો છે. દરેક સખ્તાઈમાં તારી પાસેથી જ મેં ઉમ્મેદ રાખી છે; દરેક મુશ્કેલીમાં તું

https://downloadshiabooks.com/

જ મારો સહારો રહેલો છે, કેટલીય એવી પરેશાનીઓમાં જયારે નિરાશ થઈ જવાય છે, દિલ ડૂબવા લાગે છે, કોઈ ઉપાય સૂઝતો નથી. જયારે દોસ્તો સંગાથ છોડી જાય છે, દુશ્મનો મજાક ઉડાવતા હોય છે, ત્યારે બધાંને છોડી દઈને મેં તારી જ મદદ માંગી છે, ત્યારે પરેશાનીઓને તેં દૂર કરી આપી છે. દરેક નેઅમત અને દરેક નેકી તારા જ તરફથી છે — અને જં કંઈ હોય તે બધું જ તારી પાસેથી માંગવું જોઈએ."

"...ઓ ઈરાકવાસીઓ ! મારી વાત સાંભળો ! મને કતલ કરવામાં જલ્દી કરો નહીં. જેથી હું તમને સમજાવી શકું અને મારૂ ઈરાક આવવા અંગેનું કારણ દર્શાવી શકું, એ કારણ જો તમને સાચું લાગે અને વિશ્વાસ બેસે, તો પછી મારી સાથે ઈન્સાફ કરજો અને પોતાને માટે ખુશબખ્શીનો માર્ગ અપનાવજો. એ પછી મને કતલ કરવાનું તમારી પાસે કોઈ કારણ નહીં રહે... પણ મારી વાતને જો તમે સાંભળશો નહીં, તો અન્યાય અને ઝુલ્મ કહેવાશે. મને કતલ કરવા પહેલા આ વાતના ખરાખોટાપણા પર સારી રીતે વિચાર કરી લો..! કશું સમજયા વિના એવા નાજૂક કામમાં હાથ નાંખશો નહીં.– મારો રક્ષક એ જ અલ્લાહ છે, જેણે કુર્આન મોકલ્યું છે."

ઈમામની તકરીર હજી અહીં સુધી પહોંચી હતી, તેવામાં આપનાં કાનોમાં પોતાની બહેનો-બેટીઓનાં રડારોડનો અવાજ સંભળાયો. તેઓએ તેમનાં ભાઈ અબ્બાસ (અ.) અને બેટા અલી (અ.) ને કહયું, "જાવ, ઓરતોને કહો કે ખામોશ રહે, પાછળથી રોવાનાં ઘણાં પ્રસંગો આવવાનાં છે..!"

જયારે પર્દાનશીનોનાં પાક અવાજો આવતાં બંધ થયા ત્યારે ઈમામે ખુદાની હમ્દ-સના કરી ફરિશ્તા અને પેગમ્બરો પર દરૂદ મોકલ્યા, તે પછી એવા વિદ્વત્તા ભર્યા અંદાઝમાં વાત શરૂ કરી કે તેમનાં

https://downloadshiabooks.com/

જેવી તકરીર ભાગ્યે જ કોઈને કરવાની નસીબ થઈ હશે. તેઓએ કૂફાવાસીઓને સંબોધવાનું શરુ કર્યુ—

"...લોકો ! મને ઓળખો છો ? જુઓ, હું કોણ છું ? સારી રીતે વિચારી લ્યો કે શું મને કતલ કરવાનું અને મારા માન-મર્તબાને પાયમાલ કરવાનું તમારે માટે યોગ્ય છે ? ..શું હું તમારા પૈગમ્બરનો નવાસો નથી ? શું તમારા પૈગમ્બરનાં 'વસી' (પ્રતિનિધી) તેમનાં ચચાઝાદ ભાઈ અને પૈગમ્બર સૌ પ્રથમ ઈમાન લાવનારા – તેમને સાચા માનનારા. મારા જ વાલિદ નહિં હતા ? – શું (હ.) હમઝા બિન અબ્દુલ મુત્તલિબ. મારા વાલિદનાં કાકા નહીં હતા ? શું (હ.) જઅફર બિન અબીતાલિબ-ઝુલ-જનાહેન- જેઓ ફરિશ્તાઓ સાથે પરવાઝ કરે છે, તેઓ મારા કાકા નહીં હતાં ? શું તમે લોકોએ નથી સાંભળ્યું કે રસુલ્લાહ (અ.) એ મારા અને મારા ભાઈ માટે ફરમાવ્યું હતું કે, અમે બન્ને જન્નતનાં જવાનોનાં સરદારો છીએ ? ?"

જો તમે એમ માનતા હોવ કે હું જે કંઈ કહી રહયો છું તે સાચું છે, તો સારી વાત છે, અલ્લાહનાં સોગંદ, જયારથી મને એ જાણવા મળ્યું છે કે અલ્લાહ જુઠ્ઠાઓનો દુશ્મન છે, ત્યારથી કદી હું જુઠ્ઠુ બોલ્યો નથી... છતાં જો તમને મારી વાત પર યકીન આવતું ન હોય, તો હજી પણ તમારા લોકોમાં રસૂલે ખુદા (સ.) નાં એવા અસહાબો મૌજુદ છે કે જો તેમને પુછશો તો, તમને સાચી હકીકત બતાવી દેશે...

પુછો ! જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી અથવા અબૂ સઈદ ખુદરી અથવા નહલ બિન સઅદ સાએદી કે ઝૌદ બિન અકરમ કે અનસ બિન માલિકને. તેઓ તમને બતાવશે કે તેઓએ આ વાત મારા વિષે અને મારા ભાઈ વિષે, ખુદ રસૂલે ખુદા (સ.) પાસેથી સાંભળી છે.. શું આટલી જ 'હદીસ' મને કતલ કરવાથી તમને રોકવા માટે પુરતી નથી ? પછી ફરમાવ્યું :

https://downloadshiabooks.com/

"તમને આ હદીસમાં જો શંકા હોય, તો શું એમા પણ શંકા છે કે, હું રસૂલે ખુદા (સ.) નો નવાસો છું. અલ્લાહનાં સોગંદ, પુર્વ કે પશ્ચિમમાં અત્યારે મારા સિવાય કોઈ રસૂલનો નવાસો નથી."

સાચું કહેજો ! શું મેં તમારામાંથી કોઈને પણ કતલ કર્યો છે કે, તમે તેનો 'કિસાસ' મારી પાસેથી ઈચ્છો છો ? શું તમારામાંથી કોઈનો મેં માલ લૂંટયો છે કે, તમે તેની માંગણી કરી રહયા છો ? શું મેં તમારામાંથી કોઈને ઘાયલ કર્યો છે કે, તમે તેનો બદલો લેવા મારી સામે ઉભા થયા છો ?"

ઈમામે એવા પ્રકારની અનેક વાતો કરી, પણ કોઈએ તેઓ કશો જવાબ આપ્યો નહીં.

છેલ્લે તેઓએ કેટલાંકોનાં નામો લઈને તેમને બૂમો પાડી પાડીને સંબોધવા માંડયા જેમકે :

ઓ શીસ બિન રબઈ ! ઓ હજ્જર બિન અબજર ! ઓ કેસ બિન અશઅસ ! ઓ યઝિદ બિન હારિસ ! તમે લોકોએ શું મને કાગળો નથી લખ્યા ? શું એવું તમે લોકોએ નહોતું લખ્યું કે ફળ તૈયાર થઈ ગયા છે ? ખૂબ પાકેલા છે. ધરતી લીલીછમ હરિયાળી અને ખુશનુમા છે, તમારા માટે પોતાનાં પ્રાણ આપવા ઈરાકનાં સૈનિકો તૈયાર છો..! વ્હેલી તકે અહીં આવી જાવ ! જલ્દી આવો...!

ઈતિહાસકાર તિબરીએ લખ્યું છે કે... એ લોકોએ ઈમામને જવાબમાં (પોતાનાં બચાવ માટે જ ?) કહયું, "અમે ન તો તમને એવા કોઈ કાગળો લખ્યા છે કે અમને ન તો એવી કશી ખબર છે...!"

https://downloadshiabooks.com/

આ વાત એટલી બધી નીચતાભરી કહેવાય, કે જેઓએ કાગળો લખ્યા હતાં, પોતાની સહીઓ કરી હતી, છતાં આજે કેટલી બેશર્મીથી જવાબ આપી રહયા હતાં કે, તેઓએ કાગળો લખ્યા જ નથી. ! !

કેવા નીચ અને હલકા લોકો હતાં. એમાંના અમુકમાંથી એકાદનો પરિચય વાંચકોને કરાવીએ—

કોઈ માણસ દુનિયા પરસ્તીમા અને 'ગિરગિટ' ની જેમ રંગ બદલવામાં કયાં સુધી પહોંચી શકે છે, તે જોઈએ. એવા લોકોની સવાર જુદી અને સાંજ જુદી હોય છે. એક દિવસે ખુદાને માટે તલવાર ઉઠાવશે. તો બીજા દિવસે ખુદાનો વિરોધ કરવા માટે તલવાર ઉપાડશે. આજે અલી (અ.) નાં દોસ્ત હશે તો કાલે તેમનાં દુશ્મન થઈ જશે ! અને તેમનાં 'કિસાસ'ની માંગણી કરવામાં સૌથી આગળ હશે ! એવો જ એક શખ્સ હતો, એનું નામ હતું શીસ બિન શબઈ— આ શખ્સ ઈમામ હુસૈન (અ.) ને કતલ કરવામાં હતો, તેમ તે 'કિસાસ' લેવા માટે પણ સૌની આગળ હતો એ 'શીસ' અત્યારે ઈમામ હુસૈન (અ.) સામે દુશ્મનનાં સૈનિકોની ટુકડીનો અફસર હતો, ઈમામનાં કાતિલોમાંનો એક હતો અને જયારે ઈમામ હુસૈન (અ.) નાં ખુનનો બદલો લેવા "મુખતાર બિન અબી અબીદ સકફી" ઊભા થયા ત્યારે તેની સાથે પણ થઈ ગયો. એનો ભૂતકાળ એવો હતો કે એક ઔરત 'સજ્જાહ' જેનું નામ હતું. એણે "નુબુવ્વત" પેગમ્બરીનો દાવો કર્યો હતો., ત્યારે એ 'શીસ' તેનો બાંગી હતો, પછી જયારે એ સ્ત્રીને લોકોએ ધુત્કારી કાઢી, ત્યારે 'શીસ' ઈસ્લામ લઈ આવ્યો. પછી હ. ઉસ્માનની કતલ વખતે તે કામમાં ભાગ લીધા પછી પાછો હ. અલી (અ.) ના સાથીદારોમાં શામેલ થઈ ગયો. પછી પાછી હ. અલી (અ.) ની વિરૂદ્ધ બગાવત કરીને 'ખવારિજ' લોકો સાથે મળી ગયો હતો. અંતે બૂરી રીતે મરણ પામ્યો હતો. પણ એવા લોકોમાં અખલાક જેવું-નિતિ જેવું કશું હોતું નથી.,

https://downloadshiabooks.com/

તેમાં રૂહાનિયત જેવું હોતું નથી. એવાઓ ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.) ની ફરિશ્તાઈ રૂહથી શો લાભ લઈ શકવાનાં હતાં ?

ઈમામે પોતાની વાતચિત દુશ્મનો સામે કરીને એવું બતાવ્યું કે, “ખુદાનાં સોગંદ, હું ઝલીલોની જેમ એવા લોકોનાં હાથ પર બઅયત કરી શકું એમ નથી. હું જુહ્રાઓ સાથે ગુલામોની જેમ, મેદાનમાંથી ભાગવાનો નથી. હું તમારા જેવા લોકોની લુચ્ચાઈ, બુરાઈ અને ઘમંડથી મારા રબની પનાહ માંગું છું...!”

પેલી બાજુએ લશ્કરની સરખામણીમાં ધીરે ધીરે લડાઈની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી.

# લડાઈની શરૂઆત

“બીજાનાંઓની જેમ બયઅત નહીં સ્વીકારૂં...!” ઈમામનાં પ્રવચનોએ ટુંકસાર દુશ્મનોએ સમજી લેતાં, પહેલું તીર જે દુશ્મન છાવણીમાંથી છોડવામાં આવ્યું — તે ઉમર બિન સા’દ નું હતું.

ઈબ્ને સઅદે, અબ્દુલ્લાહ, ઈમામ હુસૈન (અ.) ના લશ્કર તરફ પહેલું તીર છોડવા સાથે જે શબ્દો કહયા હતાં, તે આ હતાં —

“...તમે બધા સાક્ષી રહેજો, ઈબ્ને ઝિયાદને કહેજો કે જંગની સૌથી પ્રથમ શરૂઆત મેં જ કરી છે...!

જંની શરુઆત થઈ ગઈ, બપોર સુધી ખૂબ જ જોરદાર રીતે યુદ્ધ થયું. ઈમામનાં મોટાભાગનાં સાથીઓ શહીદ થઈ ગયા.

https://downloadshiabooks.com/

ઈમામે, ઝોહરની નમાઝ ભયનાં વાતાવરણમાં પઢી, એવી નમાઝને "નમાઝે ખવ્ફ" કહેવામાં આવે છે, જે માત્ર "બે રકઅત" પઢવાની હોય છે.

નમાઝ પછી ફરીથી એવી જ રીતે લડાઈ શરૂ થઈ ગઈ તે એટલે સુધી કે "બની હાશિમ" નાં જવાનોમાંથી કોઈ બચ્યું નહીં, અને તેઓ એક પછી એક શહીદ થતાં ગયા, તે એટલે સુધી કે નાની ઉંમરનાં બાળકો અને દૂધપીતાં બચ્ચાં પણ શહાદતથી ફય્ઝયાબ થઈ ગયા.

ધીરે ધીરે એ સમય પણ આવી ગયો કે જેણે ઈસ્લામી ઈતિહાસનું રૂપ બદલી નાંખ્યું.

સમયે, અઝમતપૂર્ણ, પ્રતિભાશાળી શહાદતની તવારિખનાં પ્રથમ પાના પર આલીમુકામ ઈમામનું નામ મોટા અક્ષરોમાં કોતરી દીધું.

સાચી વાત, ઈમામની વાતતો એ છે કે હુસૈન ઈબ્ને અલી (અ.) ની શહાદતનાં દિવસ કરતાં વધીને કોઈ દિવસ નથી.

આશૂરાને દિવસે ઈમામની સાથે કુલ્લે કેટલાં શહીદ થયા, તે ચોકકસપણે એટલે કે નકકી સંખ્યાની જાણ નથી, પણ મશહૂર એમ છે કે બોંતેર જણ શહીદ થયા હતાં.

ઈતિહાસકાર 'તિબરી' લખે છે કે :

ઈમામ હુસૈન (અ.) નાં અસ્હાબોમાંથી બોંત્તેર શહીદ થયા...

'શેખ મુફીદ (અ.ર.)' એ લખ્યું છે કે, "...ઉમર બિન સઅદે, આશુરાના દિવસે જ ઈમામ (અ.) નું શિર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ

https://downloadshiabooks.com/

પાસે મોકલી આપ્યું અને એવો હુકમ કર્યો કે, "અસહાબ અને 'એહલેબૈત' માંથી બધાં જ શહીદોનાં માથા કાપી લેવામાં આવે."

આ માથા કુલ્લે બોત્તેર હતાં.

સૈયદ બિન તાઉસે એ 'ઝિયારત' જે ઈકબાલ-પુસ્તકમાં લખી છે, તેમાં બોત્તેર શહીદોનો જ ઉલ્લેખ છે.

આ 'ઝિયારત' જે હિજરી સન - ૨૫૨ માં [નાહિયા મુકદ્દસા સામરહ] જારી થઈ, તે ઘણું કરીને ઈમામ હસન અસકરી (અ.) તરફથી જારી થઈ છે, નહીં કે 'ઈમામે ઝમાન' (અ.) તરફથી; કારણ કે એ તારીખ. એટલે કે હિજરી ૨૫૨ સુધી ઈમામે ઝમાન (અ.) જન્મયા નહીં હતાં અને આઠ વર્ષ પછી એટલે કે હિ. ૨૬૦ સુધી અગિયારમાં ઈમામ ઝિંદા હતાં.

એ "ઝિયારત" માં સત્તર 'બની હાશિમ' ના શહીદો અને તે પછી પંચાવન અસહાબોનાં નામો છે.

સાચી વાત તો એ છે કે બોત્તેર જણનાં કારનામાઓને ખૂબ બારિક નજરે જોવાની જરૂર છે. કે આટલી ઓછી સંખ્યાએ આટલા મહાન કારનામાને કેવી રીતે પાર પાડયું ? ! ! !

જો ઈમામ હુસૈન (અ.) અને તેમનાં સાથીદારોનો, કોઈ દુનિયાદારીનો મકસદ હોતે અને તેઓ સામાન્યજનોની જેમ કોઈ ભૌતિક લાભને માટે માર્યા જતે તો દુનિયામાં આટલી મહાનતા મેળવી શકયા નહીં હોત. આ તહરિકનાં સ્વરૂપ પરથી એ સ્પષ્ટ થાય છે કે તે કોઈ માદદી કે શખ્સી (ભૌતિક કે વ્યતિક) ઉદ્દેશ સાથે સંકળાએલી નહીં હતી.

https://downloadshiabooks.com/

આ મહાન કાર્યને જે અગત્યતા, ઈસ્લામનાં ઈતિહાસમાં બલ્કે દુનિયાનાં ઈતિહાસમાં પ્રાપ્ત થઈ છે, તેનું કારણ અગાઉ જણાવી દેવાયું છે. તે સમયે ઈસ્લામની જે પરિસ્થિતી હતી એણે ઈમામ પર એક ફરજ લાદી દીધી હતી. એ પરિસ્થિતીમાં તેઓએ જે નિર્ણય લીધો તે એજ હતો કે ઈસ્લામની હિફાઝત એ વાત પર જ નિર્ભર છે કે પોતે ઉભા થઈ જઈને પોતાની જાન પર ખેલી જાય ! પોતાના જીવને હોડમાં મૂકી દે.

## કરબલાની તહરિક શા માટે ? એક વિચિત્ર વિચાર...! !

ઈમામ હુસૈન (અ.) એક ઉચ્ચ લક્ષ્ય, (નસ્બુલ ઐન) લઈને ઉભા થયા હતાં. તેમનો મકસદ કંઈ એવો નહીં હતો કે યઝીદને સત્તા પરથી ખસેડીને પોતે હકુમત પર કબજો જમાવી દે. તેમને યઝીદ સાથે કોઈ અંગત દુશ્મની નહીં હતી. ઈમામ તો હક્કનાં તરફદાર હતાં. પછી તેનો ગંમે તે આકાર હોય અને અસત્યનાં વિરોધી હતાં. પછી તેનાં વડા તરીકે યઝીદ હોય કે ગંમે તે કોઈ બીજું હોય.

આ બોત્તેર જીવ, જેઓ ઈમામ સાથે કુલ્લે બોત્તેર થતાં હતાં. તેઓ એટલા માટે ઉભા થયા હતાં કે — ઈતિહાસમાં દીન જીવતો રહે. તેઓ એટલા માટે કંઈ ઉભા નહીં થયા હતાં કે તેમનાં 'ગુનાહો' ધોવાઈ જાય અને અન્ય ગુનેહગારો જેઓ જિંદગીભર ગુનાહો કરતાં તેઓ જુદા તરી આવે ! ન તો તે લોકો એવાઓમાંથી હતાં કે જેઓ હરામ માલ એકત્ર કરી, દોલત ભેગી કરે છે અને પછી એકાદ વખત કરબલા કે મક્કા જઈને પાક, સાફ થઈ જાય છે..! તેમનાં એવા હરામ માલમાંથી અમુક 'વકફ' પણ કરી દે છે. જેથી ખુદા તેમનાં બાકીનાં માલથી ચશ્મપોશી—આંખ મિચામણાં કરી લે ! !

https://downloadshiabooks.com/

આ બોત્તેર જણ સામુહિક રીતે ન તો ગુનેહગાર હતાં કે ન તો કોઈનાં કરજદાર હતાં. તેમનાં દોરક, નેતા તો માસૂમ હતાં. જેઓ ઉમ્રભર દરેક નાના મોટા ગુનાઓથી પાક રહયા હતાં. "બની હાશિમ" ના જવાનોનો ઉદ્દેશ હતો પરહેઝગારી, ઈમામનાં સાથીદારો પણ પોતાના સમયમાં ઈબાદત પરહેઝગારી અને દીનદારીની રૂએ માનવંતા અને જાણીતા હતા.

શું તેઓએ એટલા માટે શહાદત આપી હતી, જેમકે બીજાઓ કલ્પના કરે છે કે, તેથી ઉમ્મતનાં ગુનેહગારો માટે તેઓ ઢાલરૂપ બની ! એટલે કે તે અગાઉ મુસલમાનો કે શિયાઓ ડરતાં ડરતાં ગુનાહ કરતાં હતાં, હવે તેઓ, ઈમામ અને ઈમામનાં સાથીઓની શહાદતથી સંપૂર્ણ બેબાકી, નિડરતાથી ગુનાહો કરે, તેઓ ઈચ્છે તેટલા લોકોને ફરેબ-ધોખો આપે ! અને હિસાબ, કિતાબ, સઝા-જઝાનો જરા જેટલો પણ ડર, મનમાં લાવે નહીં ?... કારણ કે ઉમ્મતનાં ગુનેહગારોને ખાતર જ ઈમામ હુસૈન (અ.) એ પ્રાણ આપ્યા છે અને એટલા માટે શહીદ થયા છે કે ઉમ્મતનાં ગુનાહો બખ્શાઈ જાય ! લોકો ગુનાહ કરે છે અને કરતાં રહેશે. ઈમામે "કફ્ફારો" આપી દીધો એટલે બધું ઠીક થઈ ગયું ! ! ચાલો, બધું સારૂ થઈ ગયું. એટલે કે હ. ઈસા (અ.) જેમ 'સલીબ' (શુળી) પર ચઢી ગયા, તો ગુનેહગાર ઈસાઈઓ નિશ્ચિત થઈ ગયા ! તે જ મુજબ ઈમામ હુસૈન પણ કતલ થઈને ઉમ્મતનાં ગુનેહગારોનો બદલો લઈ ગયા.

**નઊઝોબિલ્લાહ** વિચારવાની આ રીત, ઈમામનાં દ્રષ્ટિકોણથી તદન ઉંધી છે – વિરૂધ્ધ છે.

ઈમામની આ પવિત્ર તહરિકનો મકસદ તો એ હતો કે લોકો અલ્લાહથી હજી વધુ ડરે, ગુનાહોથી હજી વધારે બચે, મઝહબી ફરઝો અદા કરવા તરફ હજી વધુ ધ્યાન આપે. ઈમામ, એટલા માટે ઉભા થયા

https://downloadshiabooks.com/

હતાં કે ગુનાહનાં પાથરણાને લપેટી નાંખે. લોકોને બુરાઈઓથી અટકાવે, તેમનામાં પરહેઝગારીની રૂહ ફૂંકે ! તેઓ એટલા માટે ઉભા થયા હતાં કે, **"અમ્ર બિલ મઅરૂફ"** અને **"નહ્ય અનિલ મુન્કર"** કરે. ગુનાહો માફરમાનીઓનાં મહાપુરને અટકાવે. અલ્લાહનાં ખોફને દિલોમાં મઝબૂત કરે. લોકોને ખુદા તરફ દોરવે, કુર્આને પાક અને તેની તાલીમ અનુસાર તરબિયતનું વાતાવરણ જન્માવે. જેથી એવી સામાજીક વ્યવસ્થા ઉભી થાય કે જેમાં લોકો જુઠ્ઠું બોલે નહીં, ખિયાનત કરે નહીં, ખુદા સિવાય કોઈની ઈબાદત કરે નહીં, માત્ર સચ્ચાઈનો જ સ્વીકાર કરે, જે વાત કરે તે રીતસરની કરે.

ઈમામ કંઈ એટલા માટે કતલ નથી થયા કે તેમનાં શીઆ નિશ્ચિત જીવે, ગુનાહો કરતાં રહે !

આવા પ્રકારની વિચાર પદ્ધતિ મુસલમાનો માટે શરમજનક છે અને ખુદાની રાહમા શહીદોની મુકદ્દસ રૂહોને અઝિય્ય પહોંચાડવા સમાન છે. એવી વાત કદાપિ શકય નથી કે કોઈ શખ્સ ખુદાથી દૂર ખસીને ઈમામથી નજીક થઈ જાય, અથવા ખુદાને નારાજ કરીને ઈમામની ખુશી પ્રાપ્ત કરે.

બદકિસ્મત છે તે મુસલમાન, જેઓ નમાઝ પઢે નહીં, રોઝા રાખે નહીં, બંદાઓનાં હક્કોનાં ખ્યાલ રાખે નહીં, હરામ કાર્યોમાં રચ્યા પચ્યા હોય, વ્યાજ લેતા હોય, હરામની કમાણી પર ઝિંદગી વિતાવતા હોય અને પછી ખુશ થતાં હોય કે પોતે ઈમામ હુસૈન (અ.) નાં અકીદતમંદો છે ! એવા લોકો ઈસ્લામ અને અબુઅબ્દુલ્લાહ (અ.) ની તહરિકનાં આત્મા સાથે ગદ્દારી કરતાં હોય છે. તેઓ ઈમામની શહાદતની મૂડીથી અલ્લાહનાં હરામ-હલાલનાં કાનૂન અને અઝાબ સવાબનાં મુકાબલે, પોતાનો અલગ કારોબાર જમાવતાં હોય છે.

https://downloadshiabooks.com/

જેઓ પેગમ્બરી અને ઈમામતનો સાચા ભાવાર્થ સમજતાં હોય છે, તેઓ એવા પ્રકારનાંની ગેરસમજોમાં પીડાતા નથી અને ખુદાનાં મુકાબલે પેગમ્બરને કે ઈમામને મૂકતા નથી. તેઓ જાણતાં હોય છે કે પેગમ્બર અને ઈમામની બુઝૂર્ગી ખુદાની બંદગીની બુનિયાદ પર કાયમ છે અને ખુદાનાં બંદા બન્યા સિવાય કોઈ પેગમ્બર કે ઈમામથી લાભ મેળવી શકાતો નથી.

ઈમામ હુસૈન (અ.) આશુરાનાં દિવસે એટલી બધી આફતો વચ્ચે અને દુશ્મન નમાઝ પઢવા માટે અમૂક પળો પણ જંગ બંધ કરવા તૈયાર નહીં હતાં, છતાં ચાલુ યુદ્ધમાં, ઝોહરની નમાઝ જમાઅત સાથે અદા કરી. એવા ઈમામ આ વાત પર કેવી રીતે રાઝી થઈ શકે છે કે કોઈ નમાઝ વગર, માત્ર અઝાદારી કરે ! તેમની શફાઅતની ઉમ્મેદ પર વાજેબાતને અંદાઝ કરી દે, અને હરામ કામો કરતો રહે ! !

ઈમામની અઝાદારીથી તો દીન શનાસી – મઝહબને ઓળખવામાં વધુ ઉમેરો થવો જોઈએ, કારણ કે, અઝાદારી, ખુદાથી નજીક કરે છે અને ગુનાહ-નાફરમાનીઓથી દૂર રાખે છે. દીન સાથેનાં સબંધને મજબૂત કરે છે. તવહીદની રૂહને ઝિંદા કરે છે પણ યાદ રાખવું જોઈએ કે અઝાએ હુસૈન (અ.) ની મજલીસો, ત્યારે જ ખુદાની ખુશનૂદીનાં કારણરુપ અને સવાબ અપાવનાર થઈ શકે છે કે જયારે તે અલ્લાહની બંદગીની હદોમાં થાય. તેમાં કોઈ જુઠ્ઠાણાં ન હોય, કોઈ અયોગ્ય કામો હોય નહીં ગુનાહો દ્વારા ખુદાની ઈબાદત કરી શકાય નહીં અને હરામને ઈબાદતની તમહીદ (પ્રસ્તાવના) બનાવી શકાય નહીં.

ફ-મન કા-ન યરજૂ લે કા-અ-રબ્બેહી, ફ-લયઅમો અ-મ-લન સાલેહન. [પોતાનાં રબને મળવાને જે ઈચ્છા ધરાવતો હોય, તેણે નેકી અખત્યાર કરવી જોઈએ.]

https://downloadshiabooks.com/

સન-૬૧ હિજરીનાં મોહર્રમ મહિનામાં ફૂરાત નદીને કિનારે ઈરાકની ધરતી પર જે બનાવ બન્યો તે એ ઝમાનામાં ઐતિહાસિક દ્રષ્ટિએ ખુબ જ મામૂલી અને બિન અગત્યનો લેખવામાં આવતો હશે, જેમ કે "ઉમવી" ખિલાફતનાં દરબારમાંથી એક મોટું માથાભારે લશ્કર મોકલવામાં આવ્યું — એણે આ નાનકડી જમાઅતને ઘેરો ઘાલ્યો, (જેમની સંખ્યા એકસો વીસથી પણ ઘણી ઓછી હતી.) તેનાં સભ્યો પર દબાણ લાવવામાં આવ્યું કે, સમયનાં ખલીફાની બઅયત કરે. એ હુકમ સામે તેઓએ તેમની ગરદનો ઝુકાવી નહીં, એટલે એ જમાતે બઅયત કરવાનું સ્વીકાર્યુ નહીં. તેથી ભારે યુદ્ધ થયું. એક જ દિવસમાં જ કે તેથી ઓછા સમયમાં ફેંસલો થઈ ગયો. એ નાનકડા લશ્કરનાં બધાં જ માણસો માર્યા ગયા !

તે વખતે એવું લાગતું હતું કે આ બનાવ પણ બીજા સેંકડો બનાવોની જેમ, ઈન્સાની ઈતિહાસનાં કોઈ અજાણ ખુણામાં દટાઈ જશે અને સમય વીતવા સાથે ભૂલાઈ જશે.

એ બનાવને કારણે તે સમયનાં મુસલમાનોની સામાન્ય ઝિંદગીમાં કોઈ અસર થઈ નહીં. બધા જ પોતપોતાનાં કારોબારમાં એવી જ રીતે રચ્યા પચ્યા રહયા. બધા પોતપોતાનાં કામમાં ગૂંથાયેલા રહયા . મસ્જીદોમાં જેમ નમાઝો થતી હતી તેમ થતી રહી. 'ખતીબ' નિયમ મુજબ મિમ્બર પરથી હલાલ-હરામ, દોઝખ, બહેશ્ત, સવાબ-અઝાબની વાતો કરતો રહયો. બીજા મઝહબી વિષયો વિષે વાતો થતી રહેતી, પણ આ બનાવ જે જાહેર રીતે, "મામૂલી" અને "ટુંક સમય" નો બનાવ હતો. તેનો કયાંય કોઈ ઉલ્લેખ નહીં હતો. હા ખિલાફતનાં દરબાર તરફથી આ બનાવની માહિતિ ઠેરઠેર પહોંચાડવામાં આવી, તેનાં બે મકસદ હતાં. એક તો એ હતો કે દરબારનો વિરોધ કરનાર માથાભારે વિરોધીઓ માર્યા ગયા. તેનાંથી લોકો ઈબરત મેળવે-પાઠ લે. અને હવે પછી કોઈ વિરોધ કરવાની હિંમત કરે નહીં—બીજું એ કે

https://downloadshiabooks.com/

આ બાબતમાં ખિલાફતનાં દરબારને બેગુનાહ, નિર્દોષ જાહેર કરવામાં આવે, બધો જ આક્ષેપ માથાભારે વિરોધીઓ પર મૂકી દઈને તેમને તોફાન કરનારાઓ, ચળવળીયાઓ તરીકે ઠરાવી દેવામાં આવે અને વિરોધીઓ ચળવળનાં અગ્રેસર હુસૈન બિન અલી (અ.) ને જુઠ્ઠા અને અસત્યવાદી દર્શાવવામાં આવે.

ખિલાફતનો દરબાર અને તેનાં હિમાયતીઓ જ નહીં, પણ તે સમયનાં સામાન્ય મુસલમાનો, આમ જનતાની બહુમતિ પણ આ બનાવને ઈમામ હુસૈન (અ.) નાં કાતિલોની કામયાબી તરીકે જ કલ્પતા હતાં, અને સામાન્ય ખ્યાલ એ હતો કે, એ લોકોની શહાદત પછી હવે 'એહલેબૈત' માંથી કોઈને પણ વિરોધ કરવાની હિંમત નહીં થાય અને ઈમામતી શહાદતનો ઘાવ પોતે જ ધીરે ધીરે ધોવાતો જશે ! !

એવા લોકો એ મહાન બનાવનાં આત્માથી અજાણ હતાં. તેઓ એવું જાણતા હતાં કે સમય વીતવાની સાથે સાથે આ સત્યનું યુદ્ધ, અસત્યની ગંમે તેટલી અસર છતાં, સત્યની મહાનતામાં રોજબરોજ ઉમેરો કરતું રહેશે. તે સમયે 'અહલેબૈત' ના અમુક જ શખ્સો એવા હતાં. જેઓએ બનાવની કદ્ર-કિંમતનો સાચો અંદાઝો કરી શકતા હતાં. ઈસ્લામનાં ઈતિહાસ પર તેની જે અસર જામવાની હતી તે વિષે તેઓ વાતચિત કરી શકતાં હતાં અને અમુક હદ સુધી લોકોની ગેરસમજ હતી તેને દૂર કરી શકતાં હતાં. એ જ અમુક શખ્સો હતાં, જેઓ ખિલાફતનાં દરબારની ખોટી કામગીરીનાં પરદાને ચીરી શકતાં હતાં, લોકોનું ધ્યાન દોરી શકતાં હતાં કે જે શહીદો આજે પોતાની કબરોમાં આરામ કરી રહયા છે, તેઓએ દુશ્મનોને કેવી હાનિ પહોંચાડી હતી અને એ શહીદોનાં જે માથાઓ ભાલાઓ પર ચઢાવવામાં આવ્યા હતાં, તે માથાઓ ઈતિહાસમાં આવતી કાલે કેવા તરખાટો મચાવવાનાં હતાં. આ અમુક જ શખ્સો કેદીઓની હેસિયતથી આ શહેરથી પેલા શહેર અને આ વસ્તીથી પેલી વસ્તીમાં લોકોનાં વિચારોને ધોતા-સાફ કરતાં

https://downloadshiabooks.com/

બદલતાં ગયા અને તે મુકદ્દસ શહીદો પર જે ઈલ્ઝામો મુકવામાં આવી રહયા હતાં તેને એવી રીતે ચોખ્ખા કરી આપ્યા કે દૂધનું દૂધ અને પાણીનું પાણી દેખાઈ ગયું.

# કેમ ન ભૂલી શકાયો કરબલાનો એ બનાવ !

એક મનન કરવા જેવા સવાલનો જવાબ આપવો અત્રે જરૂરી છે.

સવાલ એ છે કે ઈમામ હુસૈન (અ.) ની શહાદતે, ઈસ્લામી તવારિખનાં તમામ બનાવો અને સમગ્ર દીની તહરિકોમાં કેન્દ્રિય સ્થાન શા માટે ધારણ કર્યુ છે ? બીજી તમામ તહરિકો અને શહાદતનાં બનાવોને સમગ્ર રીતે પણ એવી મહાનતા પ્રાપ્ત થઈ નથી, જે અબૂ અબ્દુલ્લાહિલ હુસૈન (અ.) ની તહરિકને મળી છે. આ જ બનાવ ઈસ્લામનાં સમગ્ર બનાવોમાં સૌથી વધુ આગળ પડતો રહયો છે.

'ઓહદ' ની લડાઈ જે મદીનાની નજીક (શવ્વાલ, હિજરી ત્રણ) માં થઈ હતી. તેમાં એક બાજુ રસૂલે ખુદા (સ.) અને મુસલમાનો હતાં. જયારે બીજી બાજુ મક્કાનાં મુશરેકીન હતાં.

એક ગેરસમજને કારણે ચાલીસ જેટલા મુસલમાનોની એક ટુકડીએ, પોતાનાં સિપેહસલાંરનાં હુકમનો અનાદર કર્યો, પરિણામ એ આવ્યું કે જોતજોતામાં લડાઈનું પાસું પલટાઈ ગયું અને મુસલમાનોએ દુશ્મન પર વિજય પ્રાપ્ત કરી લીધો હતો. છતાં એકાએક તેમનો પરાજય થવા લાગ્યો. એંસીથી વધુ મુસલમાનો શહીદ થઈ ગયા. મોટા ભાગનાં શહીદોની લાશોનો એવો છુંદો થઈ ગયો હતો કે તેમને ઓળખવાનું મુશ્કેલ થઈ ગયું હતું. એક બહેને પોતાનાં ભાઈની લાશને તેની આંગળીમાં રહેલી ખામીનાં નિશાની પરથી ઓળખી લીધી હતી. પણ એવું બધું છતાં 'ઓહદ' ની જંગમાં સિત્તેરથી એંશી જેટલા

https://downloadshiabooks.com/

મુસલમાનોની શહાદતનાં બનાવને તે અઝમત પ્રાપ્ત થઈ શકી નહીં હતી. જે કરબલાનાં બનાવને મળી.

શોહદાએ 'ફખ્ખ' નાં બનાવને જોઈએ, તો તેમાં આલે રસૂલ (સ.) માંથી ઘણાં લોકો અબ્બાસી ખલીફા હાદીનાં ઝમાનામાં મક્કા મોઅઝઝમા નજીક શહીદ થયા હતાં. એવી જ રીતે હસની સાદાતમાંથી સોળ શખ્સોની શહાદતનો બનાવ છે. એ લોકો કુફા નજીક 'હાશિમિય્યહ' ના કેદખાનામાં 'મન્સૂર દવાનકી' હુકમથી કેદ થયેલા હતાં અને ત્યાં જ એક પછી એક ઈન્તેકાલ કરી ગયા. મન્સૂરે એટલી પરવાનગી પણ નહીં આપેલી કે તેમનાં મુર્દહને દફનાવવામાં આવે. જયારે બધા મરી ગયા. તો એણે હુકમ કર્યો કે કેદખાનું છાપરૂ તેમનાં પર પાડી નાંખવામાં આવે, ફરઝંદાને રસુલ (અ.) ની એ લાશો માટે ન તો ગુસલકફન હતું ન કબર.

એવી રીતે ઈસ્લામી તવારિખનાં બીજા પણ દર્દનાક બનાવો છે, પણ તેમાંનો કોઈ એક પણ બનાવ કરબલાનાં હાદેસાનું સ્થાન લઈ શકે એમ નથી; અને એ શહીદોમાંથી કોઈ એક પણ ઈમામ હુસૈન (અ.) બની શકે એમ નથી.

હ. રસૂલે ખુદા (સ.) ના કાકા હ. હમ્ઝા બિન અબ્દુલ મુત્તાબિલ 'ઓહદ' ની લડાઈમાં શહીદ થયા. હ. રસૂલે ખુદા (સ.) એ તેમને 'સય્યદુસ્શોહદા' નો ઈલ્કાબ આપ્યો હતો., તેમનાં પણ નામમાં એ અસર નથી જે 'અબૂ અબ્દુલ્લાહ' નાં નામમાં છે, એ સંભવિત પણ નથી.

આ પ્રસંગે એ સવાલનો સંપૂર્ણ અને સંતોષકારક જવાબ અમે આપવા ઈચ્છતા નથી કે કદાચ આપી પણ શકતા નથી, એટલું કહી શકાય છે કે આ તહરિકને વધારે ઉચ્ચતા અને શ્રેષ્ઠતા દુશ્મનનાં એ

https://downloadshiabooks.com/

કાર્યને કારણે નથી. જે ઈમામ અને તેમનાં સાથીદારોની શહાદત પછી કર્યું ; અને એ રીતે શત્રુઓએ અજાણતા જ પોતાનાં માટે ઝિલ્લત અને રૂસ્વાઈ મેળવી લીધી. પરિણામે દુનિયાને એ બનાવની અગત્યનાં અને કદર-કિંમત જાણવા મળી શકી.

શહીદોની શહાદત પછી, યુદ્ધ સમાપ્તિ પછી દુશ્મનોએ બેહુદગીમાં કોઈ કસર બાકી રાખી નહીં હતી. તેઓએ શું શું કર્યુ નહીં હતું ?

શહીદોને નિવસ્ત્ર કર્યા-તેઓના બદન પરથી કપડાં લૂટીને લઈ ગયા. ખૈમાઓમાં ઘૂસી ગયા, 'અહલેબૈત' નો સામાન લૂંટી લીધો. ખૈમાઓને આગ ચાંપી, બિમાર 'ઝયનુલ આબેદીન' (અ.) ને બિસ્તર પર કતલ કરી નાંખવાની કોશીશ કરી લાશોને ઘોડાઓનાં ડાબલા નીચે કચડી. માથાઓને કાપીને ભાલાઓ પર ચઢાવ્યા. દુઃખી કેદીઓ સાથે ભયંકર સખ્તાઈ કરી. ઈમામનાં હોઠ અને દાંત મુબારક પર લાકડીઓ મારી !

એવી બધી બેહુદગીઓથી દુશ્મનને પોતાને જ નુકશાન થયું. લોકોને હકીકતની જાણ થઈ ગઈ. આ બેહુદગીઓ કરબલાથી શરૂ થઈ ગઈ અને કાફલો શામ પહોંચ્યો. ત્યાં સુધી તેનો સિલસિલો ચાલુ રહયો. યઝીદે તેમાં હિસ્સો લીધો અને પોતાની રૂસ્વાઈ એકઠી કરી.

અહલેબૈતે પોતે કમાલ અડગતા અને સહનશીલતાનો પુરાવો આપ્યો, જાણે કોઈ વાત બની નથી એવું દર્શાવ્યું. લોકો તેમને પરાજીત થયેલા સમજતાં હતાં. પણ તેઓ જયાં પણ ગયા ત્યાં પોતાની કામયાબી અને દુશ્મનની રૂસ્વાઈની વાત કરી. લોકો કામિયાબ તરીકે દુશ્મનને સમજતાં હતાં, પણ આ લોકોએ બતાવી આપ્યું કે કામિયાબીઓ અને સુર્ખરુઈ, સફળતા અને નમ્રતા તેઓને જ મળી છે.

https://downloadshiabooks.com/

મગરૂર દુશ્મનનાં હિસ્સામાં તો નામુરાદી અને રૂસિયાહી, નિરાશાને કાલક્કની ટીલી પ્રાપ્ત થઈ છે.

અહલેબૈતવાળાઓએ લોકોની સંભાવના આશાની વિરૂધ્ધ એલાન કરી દીધું કે 'બની ઉમય્યા' નો અસ્ત વહેલામાં વહેલી તકે થવાનો છે.

ઈબ્ને સઅદ અને ઈબ્ને ઝિયાદ જો મસ્લેહત રૂપે પણ ઈમામ હુસૈન (અ.) અને તેમનાં અસહાબોની શહાદત પછી અહલેબયતનો એહતેરામ કરતે. તેમનાં પ્રત્યે હમદર્દી જાહેર કરતે. શહીદો દફન થાય તે માટે અટકાયત નહીં કરતે. બ્લકે પોતાના કતલ થયેલાઓની પહેલા શહીદ થયેલાઓને દફન કરતે, અહલેબૈતને ઈઝઝતઅને એહતેરામ સાથે કરબલાથી મદીના મોકલી આપતે અને જે બનાવો બન્યા છે તે નહીં બનતે કે જેમાં દુશ્મનને અંતિમ પરાકાષ્ટાની બેહુદગી કરી હતી અને બીજી તરફ એહલેબૈતે અસરકારક અંદાઝમાં તેમનો પર્દો ચીરી નાંખ્યો હતો. તે ઈમામની શહાદત અને કરબલાનાં હાદેસાની જે તસરીર દુનિયા સામે આવી. તે આવી ન હોત. દુશ્મન આટલો બધો રૂસ્વા અને હડધૂત થયો ન હોત પણ દુશ્મન પોતે એહલેબૈતને કેદ કરીને લઈ ગયો. જબરજસ્તી તેમને શહેરે શહેર ફેરવ્યા અને તેમને તક આપી કે તેઓ દરેક જગ્યાએ તમાશો જોનારાઓની સામે પોતાની ઓળખાણ કરાવે.. કરબલાનાં બનાવ બાબત લોકો સાથે વાતચિત કરે અને પોતાનાં જદદે અમજદ, નાના રસુલે ખુદા (સ.) સાથે તેમનું જે સગપણ હતું તેને જાહેર કરે.

અહલેબૈતને તેમની વાણી માટે બિરદાવવામાં આવ્યા, તેમનાં સુખનની દાદ જે તેમને પહેલી વખત મળી. તે બારમી મોહર્રમ હતી. એ લોકો તે દિવસે કુફા પહોંચ્યા. શહેરને જોઈ તેઓનાં દિલ ભરાઈ આવ્યા. કારણ કે અમીરૂલ મોઅમેનીન (અ.) ની ખિલાફતનાં જમાનામાં તેમનો મોટા ભાગનો સમય આ શહેરમાં વીત્યો હતો.

https://downloadshiabooks.com/

અમીરૂલ મોઅમેનીન (અ.) ની બેટીઓ હી. સન ૪૧ માં પોતાનાં ભાઈ ઈમામ હસન (અ.) સાથે કુફાથી મદીના ગઈ હતી હવે વીસ વરસ પછી આ શહેરમાં તેઓને કેદીઓ તરીકે લાવવામાં આવી હતી. જયાં તેઓએ લગભગ ચાર વર્ષ સુધી સલ્તનત કરી હતી. આ બધા જ ઈરાકવાળાઓ, જેઓ જંગે 'જમલ', 'સિફ્ફિન' અને 'નેહરવાન' માં હઝરત અલી (અ.) ના સાથી અને મદદગારો હતાં એ જ હ. અલી (અ.) નાં બેટાને કતલ કરી દેવામાં આવ્યા હતાં અને બાકીની અવલાદને કેદી બનાવી લેવામાં આવી હતી. પણ એમ લાગતું હતું કે અહલેબૈતનાં આ ખતીબો કદાચ એ મકસદથી મદીનાથી ઈરાક આવ્યા હતાં; અને લોકો ગલીઓ, બજારોમાં એ ખતીબોનાં પ્રવચનો સાંભળવા જ ભેગા થયેલા હતાં. આ ખતીબોએ પહેલા જ દિવસથી પોતાનાં કાર્યની શરૂઆત કરી દીધી. તેઓએ દરેક શખ્સ સાથે ગુફતેગુ કરી. બજારોમાં જયારે વાત કહેવાનો મોકો રહયો નહીં, તો તેઓએ ઈબ્ને ઝિયાદની મજલીસમાં પોતાની વાતો કહેવાની ચાલુ રાખી : જો કે અહીં તેમનાં પ્રવચનોનું સ્વરૂપ એવું હતું કે તેઓ ઈબ્ને ઝિયાદનાં સવાલોનાં જવાબો આપી રહયા હતાં. તે પછી કુફાનાં કેદખાનઓમાં તેઓ પાછા આવી ગયા. પરંતું તેમના હિંમત પુર્વકનાં પ્રવચનો, દિલેરભરી વાતચિત અને અજોડ ખુત્બાઓએ લોકોનાં દિલોમાં ઘર કરી લીધું, લોકોનાં દિલો હચમચાવ્યા; લોકોનાં વિચારો, લોકોનાં મત બદલી નાંખ્યા, લોકો રોઈ રહયા હતાં અને પોતાની ગેરસમજનો સ્વીકાર કરી રહયા હતાં. લોકોનાં એહસાસ બેદાર થયા ત્યારે તેમનાં પર આ તેહરિકની કદર-કિંમત જાહેર થઈ ગઈ. કરબલાનાં બનાવને જુદા રંગમાં ચીતરવાની દુશ્મનની દાનત ધૂળમાં મળી થઈ. એ બનાવ પોતાનાં અસલી સ્વરૂપમાં હકીકતોની સાથે ઈતિહાસનાં પાનાઓ પર કોતરાઈ ગયો.

https://downloadshiabooks.com/

અહલેબૈતની પ્યાસ અને દુશ્મનનું કમીનાપણું ઈતિહાસમાં મેહફૂઝ થઈ ગયું. ઈતિહાસથી, ઈમામનાં અસહાબો-મદદગારોનાં બુલંદ હોંશલાઓ સારી રીત જાણવા મળી રહે છે.

અલી બિન હુસૈન (અ.) નો આ ફકરો પણ ઈતિહાસમાં નોંધાયેલો છે કે “અમે હકક પર છીએ, તો મૌતનો ડર કેવો ?”

કાસિમ બિન હસન (અ.) નું આ વાકય પણ ઈતિહાસની શોભારૂપ છે કે “મારા માટે મૌત મધ કરતાં વધારે મીઠું છે.”

મુસ્લિમ બિન અવસજાની નિખાલસતા અને તેમની ગુફતેગુનો અંદાઝ આ ફકરામાં સમાયેલો છે કે —

“... અમે જો આપનો સાથ છોડી દઈએ અને અમારી ફર્ઝની અદાએગીમાં સુસ્તી કરીએ તો ખુદાને શું મ્હોં દેખાડીશું ... ખુદાનાં સોગંદ, જયાં સુધી દમમાં દમ છે, હું આપનો સાથ છોડીશ નહીં .. પોતાનો જાન આપ પર કુરબાન કરી દઈશ અને આપના સૌ સાથીઓની પહેલા માર્યો જઈશ..”

સઈદ બિન અબ્દુલ્લાહ હનફીને ઈમામે ચાલ્યા જવા માટે પરવાનગી આપી દીધી હતી, પણ એમની દિલેરી અને હોંસલાની બુલંદી આ ફકરા પરથી જાણવા મળે છે ––

“...બ-ખુદા, જો હું માર્યો જાઉં, ફરી જીવતો થાઉં અને ફરીથી આગમાં મને બાળી દેવામાં આવે, પછી મારી રાખ હવામાં ઉડાડી દેવામાં આવે અને સિત્તેર વખત એવું જ કરવામાં આવે, તો પણ હું આપથી જુદો નહીં થાઉં અને એ જ રાહમાં શહીદ થઈ જઈશ...”

https://downloadshiabooks.com/

બિસ્ર બિન ઉમરૂ હઝરમીનાં નામને આ ફકરાએ ઈસ્લામનાં શહીદોનાં ઈતિહાસમાં સદાકાળ માટે જીવંત બનાવી દીધું. –

"...જંગલનાં પશુઓ, મારા ગોશ્તનાં ટુકડે ટુકડા, ચુંથી ચુંથીને ખાઈ જાય, જો હું આપથી અલગ થાઉ અને બીજાઓને આપ વિષે પુછતો રહું ! ખબર કાઢતો રહું ! એવી તન્હાઈ-બેકસીમાં એવી એકલતાનાં સમયમાં આપનો સાથ કેવી રીતે હું છોડી શકું એમ છું? એવું હરગિઝ થઈ શકે એમ નથી.... "

તેઓએ પોતાની ખુશનસીબીનો ઈઝહાર એવી શરતે કર્યો કે, "એ શી રીતે મુમકીન છે કે પેગમ્બરનાં ફરઝન્દને દુશ્મનોનાં હાથમાં ગિરફતાર છોડીને, મારા પોતાનાં જીવને બચાવવાની ફિકર કરૂ ! એવો દિવસ ખુદા ન લાવે..."

બીજા પણ બુઝર્ગવાર શહીદોના એવા જ ફકરાઓથી તેમની અજોડ અઝમત, શુજાઅત, ઈખ્લાસ અને અડગતા જાહેર થયેલા છે, જે ઈતિહાસનાં પાનાઓ ઉપર અંકિત છે.

જે સમયે અંતિમપળોમાં મુસ્લિમ બિન અકીલ અવસજા, અંતિમ શ્વાસો લઈ રહયા હતાં; ત્યારે હબીબ બિન મઝાહિર અસદીએ તેમને કહયું હતું — "મરહબા ! મુસ્લિમ, મુબારક થાય તમને ! તમને તમે તો અમારા સૌની પહેલા જન્નતમાં જઈ રહયા છો !... "

અને જે છેલ્લો જવાબ મુસ્લિમ બિન અવસજાનો નોંધાયેલો છે, તેનાં શબ્દો આ મુજબ હતાં — "હબીબ ! હું તો હવે મારી ફરજ બજાવીને જાઉં છું, ઈમામનો સાથ તમે છોડતા નહીં..."

https://downloadshiabooks.com/

બપોરનો સમય નજીક હતો, ત્યારે ઈમામનાં એક સાથી અબૂ સુમામહ સાએદીએ ઈમામને કહયું — "મૌલા ! કેટલું સારૂં થતે, જો શહાદત અગાઉ ઝોહરની નમાઝ, અમે આપની સાથે પઢી શકયા હોતે !..."

બિના કરદન્દ ખુશ રસ્મે; બ-ખાકો - ખૂન ગલતીદન;
ખુદા રહમત કુનદ, ઈ આશિકાને પાક તીનસરા.

જો એ તકરીરો - ખુત્બાઓ – પ્રવચનો જે શામ ખાતે કરવામાં આવ્યા, તે થયા નહીં હોત; જો ઈમામ હુસૈન (અ.) નાં ફરઝન્દને અને તેમનાં બહેનને, ઈબ્ને ઝિયાદ અને યઝીદની મજલીસોમાં ગુફતેગુનો મોકો નહીં મળતે, તો એ મુશ્કેલ હતું કે ઈમામ હુસૈન અને તેમનાં સાથીદારોની શહાદતનો બનાવ, ઈતિહાસનાં પાનાઓ પર, આજનાં સ્વરૂપમાં આ પ્રમાણે આવી શકતે અને તેમાં કોઈ ફેરફાર થયા વગર.

હવે તો ઈતિહાસમાં ફકરો પણ નોંધાયેલો છે, જે એક હબશીને ગુલામે ઈમામે કહયો હતો; એ ગુલામે કહયું હતું, "મૌલા ! મને શહાદતથી મેહરૂમ ન કરો; મૌલા ! મારો ચહેરો રંગે કાળો ભલે હોય, પણ છતાં આ સિયાહ ચેહરાને સુર્ખરૂ થવા દો !..."

ઈતિહાસનું ભાગ્યે જ કોઈ એવું પ્રકરણ હશે; જે આવું, કોઈપણ ફેરફાર વિનાનું, તબદીલી વિનાનું ઈતિહાસકારોએ વર્ણવ્યું હશે ! જેની મોટા ભાગની વિગતો પર સૌ ઈતિહાસકારો સર્વ સંમત્ત હોય !

એ વાત ચોક્કસપણે કહી શકાય એવી છે કે અબુ અબ્દુલ્લાહ (અ.) ની શહાદત ઈતિહાસનું એક રોશનતરીન અને અજોડ પ્રકરણ છે. આ ઐતિહાસિક બનાવમાં કોઈ હેરફેર કરવાની કોઈની મજાલ થઈ શકી નથી. પછી તેમાં તિબરી હોય કે શેખ મુફીદ (અ.ર.) હોય કે અબુલ

https://downloadshiabooks.com/

ફર્જ અસફરાની હોય, સૌ કોઈએ આ બનાવની વિગતોને એક જ રીતે, એક સરખી લખેલી છે અને તેનું કારણ એ જ છે કે આ અગાઉ અમે કહી ચૂકયા છીએ કે ઈમામનાં દુશ્મનો સખત ગલત ફેહમીમાં રહયા. અહલેબયતનાં કેદીઓ, જેઓ આ બનાવને આંખે જોનાર સાક્ષીઓ હતાં, તેઓ કરતાં બીજા કોઈએ ભાગ્યે જ આ વિગતોને આટલી સ્પષ્ટરીતે વર્ણવી હોત. બનાવની બાબત. તેના પર રોશની રાખનારા અહલેબૈતથી વધીને બીજા કોઈ નહીં હતાં. એ લોકો ઈરાકનાં મુખ્ય મુકામ કુફામાં, પછી શામનાં મુખ્ય મુકામ દમિશ્કમાં, પછી હિજાઝનાં મુખ્ય મુકામ મદીનામાં જઈને સૌને સાચી માહિતીઓ પહોંચાડી દીધી હતી.

એક દિવસે હ. ઈ. ઝયનુલ આબેદીને (અ.) કુફાનાં બજારોમાં, પછી એક દિવસે દમિશ્કની જામે મસ્જિદમાં અને અમુક મુદત પછી મદીનાંમાં એ ભયાનક બનાવની એવી રીતે તસ્વીરકશી કરી. એ પ્રસંગોનું એવું વાસ્તવિક ચિત્રાણ રજુ કર્યુ કે લોકો પર આશુરાની હકીકતો એવી સ્પષ્ટ રીતે રજુ થઈ ગઈ કે જાણે સાંભળનારાઓ પોતે એ બનાવને કરબલામાં પોતાની આંખે જોઈ રહયા હોય !

છેવટે યઝીદ એક દિવસે આવી પરિસ્થિતી પર પસ્તાયો. એની સમજમાં એ વાત આવી ગઈ કે ઔરતો અને બચ્ચાઓને કેદી બનાવીને કુફા અને શામ લઈ જવામાં મુર્ખાઈ હતી ! કેટલું સારૂ થતે જો શહાદત પર જ કિસ્સો ખતમ કરી દીધો હોત ! આ બીજો ઝઘડો ઉભો થતે નહીં, આ અહલેબૈતને ગલીઓ - બજારો મહેફીલોમાં સૌની સાથે વાતચિત કરવા દેવાની છૂટ આપીને મોટી ભૂલ કરી પણ હવે થાય શું ?

તીર કમાનથી નિકળી ચુકયું હતું. - હોઠોથી નિકળી ગયેલી વાતને ફરી પાછી સીનામાં ભરી દઈ શકાતી નથી અને જે જે દ્રશ્યો

https://downloadshiabooks.com/

લોકોએ જોયા અને જે જે ખુત્બા સાંભળ્યા તેને કંઈ મગજમાંથી કાઢી શકાતા નથી.

લોકોને હવે શી રીતે સમજાવી શકાય કે પેગમ્બરનાં ફરઝન્દો, જેમનાં માટે "આયએ તતહીર" નાઝિલ થયેલી છે; તેમને બાંગી, ફિતનાખોર અને તેમની ગરદનો ઉડાવી દેવાને લાયક શી રીતે ઠેરવવા ?

અહલેબયત પર જે જે મુસીબતો પઢી હતી તેનું સવિસ્તાર વર્ણન કરીને ઈમામ હુસૈન (અ.) ની ઈન્સાની ઈસ્લામી ફઝીલતોને એવી રીતે વર્ણવી કે શહીદે અઅઝમન ઈલ્કાબથી લોકો ઈમામને ઓળખવા લાગી ગયા.

# કુફામાં હઝરતે સજ્જાદ (અ.) નો ખુત્બો

ઈમામ ચહારૂમે (અ.) લોકોને સંબોધતા જે ખુત્બો ફરમાવ્યો હતો, તેનો ઉતારો આપવા અહીં પ્રયાસ કર્યો છે :-

"...હે લોકો તમારામાંથી જે કોઈ મને જાણે છે, તે તો ઠીક; પણ જેઓ નથી જાણતા, તેમને હું મારી ઓળખાણ આપીશ..."

"... હે લોકો ! હું તેનો બેટો છું કે જેની બેહુરતી કરવામાં આવી છે; હું તેમનો બેટો છું, જેમનું અપમાન કરીને તેમનો બધો માલ-સામાન લૂંટી લેવામાં આવ્યો છે; અને તેમનો બેટો છું, જેમનાં સ્ત્રી વર્ગને અને બચ્ચાઓને કેદી બનાવી દેવામાં આવ્યા છે ..."

ઈમામે ચહારૂમ (અ.) જો ઈરાકવાળાઓની લૂંટફાટ બેહુદગી અને ગેરવર્તાણુંકનો ઉલ્લેખ નહીં કરત, અને આ પણ ત્યારે જ કે જયારે હજી

https://downloadshiabooks.com/

બનાવને એકાદ બે દિવસ જ થયા હતાં; અને ખિલાફતનાં દરબારમાં તો ખુશાલીનાં ગીતો ગવાઈ રહયા હતાં, ત્યારે તેમનાં ઝૂલ્મો વિષેની ખબર લોકોને નહીં કરતે, તો એ ઝાલીમોને એવું જાણવા નહીં મળતે કે એ લોકોએ પોતે જ એવા ઝૂલ્મો કરીને, પોતાનાં હાથે જ પોતાની કબરો ખોદેલી છે. જો ઈમામ ઝયનુલ આબેદિન (અ.) ઝાલિમોનાં ઝુલ્મનાં પરદા ચિરતે નહીં, તો કદાચ તે પછી દુશ્મનો તરફથી જે કોશીશો થતે, તેમાં એ લોકોએ ઈસ્લામી ઈતિહાસને એ મામલાની બાબતમાં કોઈ જુદા જ રંગે ચિતરી દીધો હોત ! કદાચ એ લોકો એમ જ લખતે કે અહલેબૈતને કુફા અને શામ એહતરામ માટે, તેમનાં માનાર્થે લઈ જવામાં આવ્યા હતાં, જેથી તેમનાં દિલ બહેલાવી શકાય. એ લોકોને કંઈ કેદી બનાવવામાં આવ્યા નહીં હતાં, ન તો કોઈ જબરજસ્તી તેમની સાથે કરવામા આવી હતી., વિગેરે વિગેરે..

પરંતું હઝરતે સજ્જાદ (અ.) એ તો પોતાનાં ખુત્બામાં પહેલા જ ફકરાથી, આશુરાની સાચી તવારિખ જે રજુ કરી હતી, તે જ વાતો ત્રીજી સદી હિજરીમાં ઈસ્લામી તવારિખની મોઅતબર ભરોસાપાત્ર કિતાબોમાં વર્ણવી લેવામાં આવી; જેમાં બની ઉમૈયાનાં ખલીફાઓ પણ તેમની તાકત છતાં, તેમાંનાં એકાદ શબ્દને હેરફેર કરી શકયા નહીં ! જો તેમનું ચાલતે, તો તેઓ ઓછામાં ઓછું ખૈમાઓની લૂંટવાની વાત અને ઈમામનાં જિસ્મ પરથી કપડાં ઉતારી લેવાની વાત, ભાલાઓ પર માથા ચઢાવવાની વાત વિગેરે વાતોને ઈતિહાસના પાના પરથી મિટાવીને જ રહેતે; અને તેમની એ શરમજનક કારવાઈની યાદને મુસલમાનોનાં દિલોમાંથી મટાડી દેતે. પરંતું એહલેબૈતના ઈમામે કેદમાં રહેવા છતાં પણ બની ઉમૈયાનાં હાથોમાંથી એ તાકાત છીનવી લીધી. તે પણ એવી રીતે કે ઝાલિમોની કારવાઈનાં બનાવોમાં કોઈ ફેરફાર કરવાનાં રસ્તા બંધ થઈ ગયા અને ઈમામનાં કાતિલોનું તમામ કમીનાપણું ઈતિહાસમાં નોંધાઈ ગયું.

https://downloadshiabooks.com/

સત્તાવાર ગણાતા લેખકો શેખ મુફીદ (અ.ર.) અને તિબરીએ લખ્યું છે કે, જે લિબાસ ઈમામ (અ.) નાં જિસ્મ પર બાકી રહી ગયો હતો, તે શહાદત પછી લૂંટી લેવામાં આવ્યો હતો.

ઈમામ (અ.) નું પહેરણ ઈસ્હાક બિન હીવહએ બદન પરથી ઉતાર્યુ હતું.

ઈમામ (અ.) નું "ઝેરે જામહ" બહર બિન કઅબ તમીમી લઈ ગયો.

ઈમામ (અ.) નો અમામહ અખ્નસ બિન મરસદ લઈને ભાગ્યો.

ઈમામ (અ.) ની શમશીર 'બની દારિમ' કબીલાનો એક શખ્સ લઈ ગયો.

ઈમામ (અ.) ની મખમલી ચાદર કય્સ બિન અશઅસ બિન કય્સ તફડાવી ગયો. એ ચાદર પાછળથી કૂફામાં કય્સાની ચાદરને નામે મશહુર થઈ હતી.

ઈમામનાં જૂતા, કબીલએ ઊરનો અસ્વદ નામનો એક શખ્સ ઉતારીને લઈ ભાગ્યો હતો.

ઈમામનાં ખૈમા પર એ પછી એ લોકો તૂટી પડયા હતાં, ત્યાં જે કંઈ કપડાં, વાસણ, સામાન, ઊંટ વિગેરે હતાં, તે બધું લૂંટીને લઈ ગયા હતાં. એટલે સુધી કે ખાતૂનોનાં માથાઓ પરથી ચાદરો પણ ઝૂંટવીને લઈ ગયા હતાં !

https://downloadshiabooks.com/

આ બધી વિગતો ઈતિહાસનાં પાના પર કયાંથી આવી શકતે ! એ તો 'અહલેબૈત' તેમનાં ખુત્બાઓ અને તકરીરોમાં ઠેર ઠેર વર્ણવી પછી આશુરાની તવારિખ, ઈતિહાસનાં પાનાઓ પર સ્પષ્ટતાથી વિગતવાર ઉતારવામાં આવી.

ઈતિહાસમાં માત્ર આ જ વિગત એટલી સ્પષ્ટતાથી નથી આવી કે ઈબ્ને ઝિયાદે, ઈબ્ને સઅદને હુકમ કર્યો હતો કે, ઈમામની લાશને ઘોડાઓનાં ડાબલા નીચે છુંદાવવામાં આવે; બલ્કે તે બનાવની તમામે તમામ નાની નાની વિગતો પણ કાપ-કૂપ વિના અપાયેલી છે.

શેખ મુફીદ, તિબરી અને બીજા ઈતિહાસકારોએ લખ્યું છે કે –

"...ઈમામે ચહારૂમ (અ.) ને કતલ કરી નાંખવાને કેટલાંક લશ્કરીઓ ઈચ્છતાં હતાં; ઈબ્ને સઅદે ખયમા પર પહોંચીને હુકમ આપ્યો કે કોઈપણ શખ્સ એ બિમાર પર હાથ ઉઠાવે નહીં, પજવે નહીં, તેમ ગમગીન ખાતૂનોને પણ સતાવે નહીં ! જયારે ઈબ્ને સઅદને ખબર પડી કે લોકોએ ખયમા લૂંટી લીધા છે, ત્યારે એણે હુકમ કર્યો કે બધો સામાન પાછો પરત કરી દેવામાં આવે, પણ કોઈએ કોઈપણ વસ્તુ પાછી કરી નહીં... તે પછી ઈબ્ને સઅદે ઈબ્ને ઝિયાદનાં હુકમનો અમલ કરવા ઈમામનાં જસદે અત્હર (પવિત્ર જિસ્મ) ને છુંદાવી નાંખવા માટે કેટલાંક ઘોડેસવારોને બોલાવી મંગાવ્યા, કદાચ એટલા માટે કે પોતે જ અમુક લોકોને નકકી કરીને તેમને હુકમ આપે; કારણ કે તેને એવો અંદેશો હતો કે એવી શરમજનક કામગીરીમાં ભાગ લેવા માટે કોઈ ઈન્કાર કરી બેસે નહીં, પણ સાચવેતી બિનજરૂરી હતી અને અંદેશો નકામો હતો..."

https://downloadshiabooks.com/

ઈતિહાસકારોનાં કહેવા મુજબ દસ ઘોડેસવારોએ તરત તૈયાર થઈ ગયા. જેઓએ ઘોડાઓ પર સવારી કરીને ઉત્સાહપુર્વક જોઈતી કામગીરી સ્વીકારી લીધી હતી.

અજાયબીની વાત એ છે કે ઈતિહાસમાં એ કામગીરી બજાવનારા દસે દસ કમીનાઓનાં નામો મોજુદ છે, પણ લેખકો તિબરી અને મુફીદે એ દસ જણમાંથી માત્ર બેનાં જ નામો લીધા છે; એક તો છે ઈસ્હાક બિન હયવા હઝારમી, જેણે ઈમામનું પહેરણ લુંટી લીધું હતું; અને બીજો હતો અખનસ બિન મુરસદ હઝરમી, જે ઈમામનો અમામહ ઉપાડીને ભાગ્યો હતો.

ઈમામે ચહારૂમે (અ.) જો બિમારીને લીધે, મુસાફરીનાં થાકને લીધે, કેદની પરેશાની અને દુઃખોથી અધમુઆ જેવા થઈ જવાને કારણે ખામોશી અખત્યાર કરી લીધી હોતે અને આશુરાનાં દિવસનાં બનાવોને કુફાનાં બજારોમાં આબેહુબ વર્ણવતે નહીં અને અમીરૂલ મોમેનીન (અ.) ની નેક દુખ્તરો ઉમ્મે કુલસુમ (અ.) અને ઝયનબ (અ.) અને ઈમામે મઝલૂમ (અ.) ની નેક દુખ્તર ફાતેમા કુફાનાં મોહલ્લાઓમાં, બજારોમાં તકરીરો કરતે, તો ઈતિહાસને નષ્ટ કરવાનો, બદલીને મટાડી નાંખવાનો મોકો મળી જતે ! પછી તો બની ઉમૈયા કયાંથી એવી રજા આપવાનાં હતાં કે તેમની રૂસ્વાઈ અને બદબખ્તીની કહાની, ઈસ્લામી તવારિખનો એક અંશ બની જાય ! અને બની હાશિમ જેવા હરિફને તેઓ હંમેશ માટે દીનદારીને કારણે, ઈન્સાનિયત અને હુસ્ને અખ્લાકને કારણે બધાં જ મેદાનોમાંથી દૂર કોઈને કાઢીને ફેંકી દેવામાં વિજયી થઈ જતે...!

તે સમયે તકરીર કરનારાઓને તો સારી રીતે ખબર હતી કે તેઓ શું કહી રહયા છે, શું કરી રહયા છે તેની શી અસર થશે. જો કે બાકીનાં લોકોને વિષેનો બિલકુલ અંદાજો નહીં હતો કે આ તકરીરો, જે કયારેક

https://downloadshiabooks.com/

ગલીઓમાં, બજારોમાં, દરવાજાઓમાં કયારેક દરબારે આમમાં અને કયારેક મસ્જિદમાં કરવામાં આવી રહી છે, તેની અસર ઈતિહાસમાં કેવી પડશે ? અને નજીકનાં ભવિષ્યમાં લોકોનાં વિચારો કેટલી હદ સુધી બદલાઈ જશે..

લોકોનો મોટો ભાગ ફકત એટલું જ સમજતો હતો કે આ બિચારા મુસિબતઝદાઓ પોતાની મુસીબતની દાસ્તાન બયાન કરી રહયા છે; પોતાનાં બાપ, ભાઈની મૌત પર ફરિયાદો કરી રહયા છે, આંસુઓ વહાવી રહયા છે, તેમને જરા જેટલો પણ એવો ખ્યાલ નહીં હતો કે ખરૂ જોતાં અહલેબૈત આ તેહરિકનાં ખુદાઈ નકશામાં પોતાનો પાર્ટ અદા કરી રહયા છે.

બનાવોની જે સ્પષ્ટતા-વિશ્લેષણ તેઓ કરી રહયા હતાં, તે વગર સય્યેદુશ શોહદાનાં કારનામા મુકમ્મલ (પુર્ણ) થઈ શકતાં નહીં હતાં. ખરેખર એવો અંદેશો હતો જ કે આવતી કાલે કયાંક આ જદદો - જહદની આગેવાની ઈસ્લામની જે મુકદ્દસ હસ્તીઓ લઈ રહી છે, તેને દુન્યવી અને માદદી, ભૌતિક સ્વાર્થોની તેહરિક જાહેર કરીને મુળ હકીકતને મુસલમાનો અને આવતી કાલની પેઢીની નજરથી ઉતારી દેવામાં ન આવે, તેની કિંમતને ઓછી આંકવામાં ન આવે અને ઈતિહાસમાં કોઈ મનઘડત કથાઓ વર્ણવી દેવામાં ન આવે.

એ જ કારણે તો સૈયદે સજ્જાદે (અ.) પોતાની બિમારી અને સદમાઓ, દિલ ફાટી જાય તેવા આઘાતો છતાં સબ્ર કરીને ઝયનબે કુબરા અને તેમનાં બહેન, ભત્રીજાની કેદ અને પરેશાનીઓ અને વ્યકિતગત દુ:ખ-દર્દને ભૂલી જઈને મક્કમ નિર્ધાર સાથે લોકોને હકીકતોથી વાકેફ કરવા માટેની ચળવળ શરુ કરી. સજ્જાદ (અ.) એ શોકગ્રસ્તો-સોગવારો જેવો ચહેરો બનાવ્યો નહીં કે પછી દુશ્મની ખુશામદ પણ કરી નહીં; બલ્કે દરેક નાનામાં નાના પ્રસંગ પરથી પણ

https://downloadshiabooks.com/

પોતાનાં મકસદને હાંસિલ કરવા માટે ફાયદો ઉઠાવ્યો. તે એટલે સુધી કે કોઈકે અજાણતાં અથવા પોતાની ગુમરાહીને કારણે, કોઈ બુરા સબંધનો પણ જો ઈમામને કર્યા, તો તેની એવી વર્તણુંકને પણ તેની સાથે વાતચિત કરવાનું બહાનુ બનાવી દીધું, જેથી તેનાં વિચારોને બદલી શકે, એવી રીતે પણ કેટલાંક બદગુમાની કરનારાઓ તૌબા કરી લીધા પછી અહલેબૈયતનાં હિમાયતીઓ બની ગયા.

પોતાની સમગ્જ શકિતથી અહલેબૈતે એવું કામ કર્યું કે અંતે દુશ્મનની  ગાળોનો પણ લાભ લઈને તેનાથી ફાયદો મેળવ્યો. એ વાતને પણ ગનીમત કામની સમજવામાં આવતી હતી કે કોઈક તેઓની સાથે કંઈક વાતો કરે.. બલ્કે પછી તેઓ ગાળો પણ આપતા બોલે કે મજાક ઉડાવે ! કારણ કે એ જ રીતે અહલેબૈયતવાળાઓને પોતાની વાત કહેવાની અને લોકોની ગેરસમજ દૂર કરવા માટેની તક મળતી હતી.

હજરત ઈમામ સજજાદ (અ.) એ એક કુફીને દુશ્મનની બેહુદગીનો ઉલ્લેખ કરીને કહયું કે — "હું એનો બેટો છું કે જેનું માથું, ફૂરાત નદીને કિનારે ઉતારી લેવામાં આવ્યું હતું; જો કે એ શખ્સે ન તો કોઈનું લોહી વહાવ્યું હતું, ન કોઈનો હકક છીનવી લીધો હતો. એટલે એણે કોઈ ગુનો કર્યો ન હતો. નિર્દોષ હોવા છતાં તેમને કતલ કરવામાં આવ્યા હતાં... હું એ શખ્સનો બેટો છું કે જયારે તેમનાંમાં મુકાબલો કરવા માટેની કોઈ શકિત રહી નહીં અને તેઓ ધરતી પર ઢળી પડયા, ત્યારે તેમનાં સીના પર ચઢીને તેમને શહીદ કરી દેવામાં આવ્યા.. અમારે એ જ ફખ્ર પુરતું છે.."

ઈમામ ઝયનુલ આબેદિન (અ.) એ આ ફકરામાં લોકોને શહાદતમાં બનાવ પર વધુ ચિંતન-મનન કરવાની દઅવત આપી છે. આપે ફરમાવ્યું કે અમારે માટે એ જ પુરતું છે કે અમારૂ લોહી વહાવવામાં આવ્યું, અમારો માલ-સામાન લૂંટી લેવામાં આવ્યો, અમારી

https://downloadshiabooks.com/

બેહુરમતી કરવામાં આવી. અમારી ઔરતો અને બચ્ચાંઓને કેદીઓ બનાવવામાં આવ્યાં...

ઈમામ એમ ઈચ્છતા હતાં કે લોકોએથી વિચાર કરતાં થઈ જાય કે જદદો જેહાદથી તેમનો મકસદ શો હતો. એ તેહરિકનાં અગ્રણી શું ઈચ્છતાં હતાં અને તેઓએ શું શું કર્યું હતું.

જો માત્ર એટલી જ વાત કહેવાની હોય કે તેઓ ખલીફા બનવા ઈચ્છતા હતાં અને ખિલાફત કોઈ બીજાને મળી ગઈ, તે માટેની આ બેચેની હતી; અને તેને કારણે એવી ઈચ્છા - તૃષ્ણાને કારણે જાન-માલથી હાથ ધોઈ નાંખવા પડયા હતાં. તો તેમાં કોઈ ફખ્ર કરવા જેવી વાત નહીં હતી, બલ્કે એ તો શરમજનક વાત હતી; તો પછી એવું કેમ થઈ શકે કે હઝરતે સજ્જાદ (અ.) એવી વાત પર ફખ્ર કરે અને એમ કહે કે તેમને માટે એટલું ગૌરવ પુરતું છે...?

ઈમામનાં આ ફકરા પર લોકોને જરુર અજાયબી થઈ હતી કે આ બનાવ ફખ્ર કરવાનાં કારણરૂપ શી રીતે બની ગયો ? શું લોકો માર્યા જતાં નથી ? રાજકીય જંગોમાં શું કંઈ ઓછા લોકો બરબાદે થતાં હોય છે ? ફસાદો - રમખાણોમાં શું જાનમાલનું ઓછું નુકશાન થતું હોય છે ? આમાં ફખ્ર કરવાની એવી શી વાત હતી કે કોઈને લુંટી લેવામાં આવ્યા, આગ ચાંપીને ઘર બાળી નાંખવામાં આવ્યા, સગા-વહાલાઓ માર્યા ગયા, આ બધું તો આફતો-મુસિબતો જેવું છે, આમાં ફખ્ર કરવા જેવી કોઈ વાત છે જ કયાં !

આ ફકરાએ લોકોને મજબૂર કર્યા કે તેઓ તપાસ સંશોધન અને વધુ ચિંતન કરીને ઈસ્લામની તવારિખમાં આ તહેરિકની કદર-કિંમતનો અંદાજો લગાડે અને માહિતી મેળવે કે આ લોકો શું કહી રહયા છે ? તેમની વાતમાં કેટલું વજન છે ? આ લોકો બીજા મુસલમાનોની જેમ

https://downloadshiabooks.com/

ચુપચાપ શા માટે બેસી રહયા નહીં ? એ લોકોએ ખિલાફતનાં દરબારની દરેક પેશકશને શા માટે ફેરવી દીધી ? એમાં શો વાંધો હતો, જો ઈમામ હુસૈન (અ.) એ યઝીદની બઅયત લીધી હોત અને મુસલમાનોની ઈજ્જતની જીંદગી વીતાવતે તો ન તેઓ તેમનાં સગા-વહાલાઓને ગુમાવતે ! ન પોતાને જીવ એ ઝઘડામાં ગુમાવતે !

ઈમામ સજ્જાદ (અ.) નાં એ જ ફકરાએ લોકોને જગાડયા-ઢંઢોળ્યા, અને તેમની વાત સાંભળવા ઉત્સુક કર્યાં, ઘણાં લોકો કદાચ એવું જ કહી રહયા હશે કે આ લોકો માર્યા ગયા, તે સારૂ થયું, જીંદગી ફરી હતી તેવી થઈ ગઈ. ઈરાકનાં રસ્તા જે કેટલાંક દિવસથી બંધ હતાં તે ફરીથી ખુલી ગયા, અવર જવરમાં જે મુશ્કેલીઓ આવી પડી હતી તે દૂર થઈ ગઈ.. આમ, જનતા તો એવું જ વિચારી રહી હતી, તેવામાં ઈમામ (અ.) એ ના'રો કર્યો કે એમને કતલ કરી નાંખવામાં આવ્યા છે, અમને લૂંટી લેવામાં આવ્યા છે, અમારે માટે તે જ ફખ્ર પુરતું છે...!

વાત એવી રીતે કહેવાનાં અંદાજથી લોકોને એક ઝટકો લાગ્યો; અને તેમનામાં શોધખોળ કરવાની વૃત્તિ જન્મી ગઈ.

ઈમામ સજ્જાદ (અ.) એ ફરમાવ્યું —

"...હે લોકો ! તમને ખુદાનાં સોગંદ ! તમે જાણો છો કે તમે લોકોએ પિદરે બુઝુર્ગવારને કાગળો લખ્યા હતાં, પણ પછી તમે લોકોએ તેમને ફરેબ આપ્યો; તમે લોકોએ તેમને પાકો વાયદો આપવા છતાં, તેમની સામે જંગ કરવા ઉભા થઈ ગયા.... અલ્લાહ તમને પુછશે કે શું તમે તમારી આકેબત માટે એવી તૈયારીઓ કરી છે ? તમે તમારી રૂસિયાહીનો એવો ઈન્તેજામ કરી રાખ્યો છે ? આવતી કાલે તમે જયારે રસુલે ખુદા (સ.) ની સામે હશો, તો શું મોઢા બતાવશો ? તે વખતે તેમને તેઓ પુછશે કે તમે લોકોએ આ શું કર્યું ? તમે લોકોએ

https://downloadshiabooks.com/

મારા ફરઝન્દોને કતલ કર્યા છે, મારી સાથે બેહુરમતી કરી છે... તમે લોકો મારી ઉમ્મત નથી...."

ઈમામનાં આટલાં જ ફકરાઓએ કુફાવાસીઓનાં વિચારોમાં જાણે પલટો લાવી દીધો હતો. જે લોકો કેદીઓને જોઈને-તેને એક તમાશો સમજીને હસી રહયા હતાં, મજા માણી રહયા હતાં, તે લોકોનાં ચહેરાઓ પર અચાનક દુઃખ અને ચિંતાની અસરો દેખાવા લાગી. તેમનાં ગળા રૂંધાવા લાગ્યા, તેમની આંખોમાં આંસુ છલકાતા થઈ ગયા. લોકો પોતાનાં રોવાને અટકાવવા ઈચ્છતા હતા. પણ રોકી શકતાં નહીં હતાં. થોડીવારમાં તો અહીંથી અને ત્યાંથી રોવાનાં ડૂસકાંના અવાજો અને સિસકારીઓ સંભળાતી થઈ ગઈ. તેઓ અંદરોઅંદર એકબીજાને ઠપકો આપતાં થઈ ગયા હતાં. એ લોકોથી થઈ ગયેલા એક ખોટા કામ માટે પસ્તાઈ રહયા હતાં; પણ હવે જયારે આટલું બધું દુઃખ એહલેબૈયતને વેઠવું પડયું હતું, તે પછી દિલાસા સિવાય બીજું શું થઈ શકે એમ હતું !

લોકો રડી રહયા હતાં-આંસુ વહાવી રહયા હતાં-આહો ભરી રહયા હતાં. ઈમામે પછી કહયું - "એ લોકો પર ખુદાની રહેમત ઉતરે, જેઓએ મારી વાત સાંભળી અને ખુદા અને રસુલ અને તેમનાં અહલેબૈયતની બાબતમાં મારી નસીહતને કબુલ રાખી. રસુલ ખુદા (સ.) ની પયરવી એ અમારી ફર્ઝ છે."

આ ટુંકા ખુત્બાથી અંતે એવો ઈન્કેલાબ દેખાયો કે લોકોની ચીસો જાણે નીકળી ગઈ! લોકો કહી રહયા હતાં કે, હે ફરઝન્દે રસુલે ખુદા (સ.) ! અમે આપની વાતો સાંભળીશું, આપનું કહેવું માનીશું, આપને અપાયેલ વચનો પર કામગીરી કરીશું, અમે કદી આપથી અમારા મુખ ફેરવી લઈશુ નહીં, આપ જે ફરમાવશો તે પર અમલ કરવા અમે તૈયાર છીએ. જેની સાથે આપ લડશો તેની સાથે અમે લડીશું; જેની સાથે

https://downloadshiabooks.com/

આપની સુલેહ હશે, તેની સાથે અમારી પણ સુલેહ હશે... અમે યઝીદને ગીરફતાર કરવાની પણ તૈયારી કરી રહયા છીએ, આપ પર જે લોકોએ ઝુલ્મો કર્યા છે, તેમનાંથી અમે બેઝાર છીએ...

'ઈબ્ને તાઉસ' ઈતિહાસકારે આ લોકોની જે વાતોને ઉતારેલી છે, તે પરથી એવું જણાય છે કે એ લોકો હજી પણ ઈમામનો મકસદ સમજયા નહીં હતાં. તે લોકોનું એવું માનવું હતું કે ઈમામ જંગ કરવાનો ઈરાદો ધરાવે છે અને સૈનિકો અને લશ્કર માટેની તૈયારીમાં છે. તેમની એવી ખબર નહીં હતી કે તહરીકનો તે હિસ્સો, જે માટે હથિયાર સહિત જદ્દો-જહદની અને શહાદતની જરૂર હતી. તે તો પુરી થઈ ચુકયો છે. હવે જે હિસ્સો બાકી છે. તે આ જ તકરીરો અને ખુત્બાઓ છે, જેનાં ધ્વારા ઈસ્લામી તવારિખમાં આશુરાનાં બનાવોનું વિવરણ થશે; અને જે વાયદાઓ એ લોકો ઈમામ સજ્જાદ (અ.) ને આપી રહયા હતાં અને જે ઈત્મીનાન તેમને અપાવી રહયા હતાં, તે કંઈ પેલા કોલકરારો, કરતાં વધારે નહીં હતાં, જે તેઓએ ઈમામ હુસૈન (અ.) સાથે કર્યા હતાં. તેથી જ તેમની એ વાતોની કોઈ કદર કિંમત નહીં હતી અને તેની પર કોઈ ભરોસો પણ ન હતો. એ વાયદા-વચનો એમ જ અમસ્થા નિરર્થક હતાં, એવી જ રીતે કે જેવી રીતે તેઓએ હ. મુસ્લિમ બિન અકીલને 'બઅયત' આપી હતી ! અથવા તે કાગળો કે જે તેઓએ ઈમામ હુસૈન (અ.) ને લખ્યા હતાં. તેથી ઈમામ સજ્જાદ (અ.) મેં ફરમાવ્યું —

"... તમારા લોકોમાં કંઈ કેટલાંયે બેવફા છે, મક્કારો છે, એવા લોકોની એવી ઈચ્છાઓ કદી પુરી નહીં થાય ! તમે લોકો મારી સાથે પણ એ જ સુલુક કરવા ઈચ્છો છો, જેવો સુલુક મારા પિદરે બુઝુર્ગવાર સાથે કર્યો હતો. ખુદાનાં સોગંદ ! એ ઝખમ હજી સુધી એવો જ ભરેલો છે, રૂઝાયો નથી. હજી તો કાલે જ મારા પિદરે બુઝુર્ગવાર અને તેમનાં અહલેબૈયત શહીદ થયેલા છે, હજી તો રસુલે ખુદા (સ.) નો, મારા

https://downloadshiabooks.com/

દાદા, મારા વાલિદ અને મારા ભાઈઓનો ગમ તાજો છે, હજી તો એ જ સદમામાંથી મારો શમ્યો નથી... હું તમારી પાસેથી એટલું જ ઈચ્છું છું કે તમે લોકો અમારો સાથ પણ આપો નહીં અને અમારો વિરોધ પણ કરો નહીં. હુસૈન બિન અલી (અ.) તમારાથી નથી બચ્યા. એ તો તાજી વાત છે; પણ અલી (અ.) જેઓ તેમનાંથી પણ બેહતર હતાં, તેમને પણ તમે કયાં છોડયા હતાં...! હે કુફા નિવાસીઓ, મારા પિદરે ગિરામી પર મારો જાન સદકે, તમે તેમને ફુરાતને કિનારે શહીદ કરી દીધા, તેમનાં કાતિલોનું ઠેકાણું દોઝખમાં જ છે..."

ઈમામ (અ.) થોડી વાર માટે અટકીને પછી બોલ્યા—

"...તમે લોકો એક દિવસે અમારો સાથ આપો અને બીજે દિવસે અમારો વિરોધ કરો. એવું કરવાનું જો છોડી દો, તો અમે તમારાથી પણ રાજી છીએ."

ઈમામને જયારે જયાં જયાં વાતચિત કરવાનો મોકો મળતો, ત્યાં આપ લોકોને સંબોધતા રહેતા.

તે પછી તેમને ગુફતેગુ કરવાનો મોકો ત્યારે મળ્યો, જયારે તેમને ઈબ્ને ઝિયાદની સામે 'મજલીસે આમ'માં લાવવામાં આવ્યા. આપે તે તકને પણ હાથથી જવા દીધી નહીં, કેટલાંક ટુંકા વાકયો કહીને આપે આખી મજલીસ પ્રભાવીત કરી દીધી.

ઈમામને ઈબ્ને ઝિયાદની સામે લાવીને ઉભા કરી દેવામાં આવ્યા.

ઈબ્ને ઝિયાદે પુછયું : "કોણ છો તમે ?"

ઈમામે ફરમાવ્યું : "અલી બિનલ હુસૈન"

https://downloadshiabooks.com/

ઝાલિમે કહયું :- “અલીને તો અલ્લાહે મારી નાંખ્યા...!”

ઈમામે ફરમાવ્યું : “મારા એક ભાઈ હતાં. તેમનું નામ પણ અલી હતું, લોકોએ જ તેમને કતલ કર્યા.”

[ઈમામનો કહેવાનો મતલબ એ હતો કે ‘મઅસિયત’ ને ખુદાની તરફ મનસુખ (સંબધિત) કરો નહીં.]

ઈમામે ફરમાવ્યું : ઉટપટાંગ વાતો નહીં કર ! કરબલામાં અલી બિનલ હુસૈન કાતિલ કંઈ ખુદા નહીં, પણ લોકો જ હતાં.

ઈબ્ને ઝિયાદ બોલ્યો : શું કહયું ? શું એ સાચી વાત નથી કે ખુદાએ એને મારી  નાંખ્યા ?

ઈમામે જવાબ રૂપે કુરઆને પાકની આયત પઢી —

“અલ્લાહો યતવફફલ અન્ફોસ હીન મવતેહા.”

[અલ્લાહ જાનોને ત્યારે લઈ લે છે, જયારે તે જાનોની મૌત આવતી હોય છે, પણ કાતિલ ખુદા થઈ શકાતો નથી.]

ઈબ્ને ઝિયાદે જયારે જોયું કે પોતાની સામે એક બિમાર આદમી, જે પોતાનો કેદી છે, તે વાતે વાતનો જવાબ ઉલટાવી–પલટાવીને હિંમત આપી રહયો છે, ત્યારે ગુસ્સાથી તે રાતા-પીળો થઈ ગયો અને કહેવા લાગ્યો કે —

https://downloadshiabooks.com/

"હજી પણ તારામાં એટલી હિંમત છે કે મારી સામે જબાન ચલાવે છે ..? સિપાઈઓ ! જાવ, લઈ જાવ અને ગરદન ઉડાવી દો..."

આ ફકરો સાંભળતાં જ હ. ઝયનબે કુબરા આકુળ વ્યાકુળ થઈ ગયા, પણ ઈમામે એ સાંભળીને જે જવાબ આપ્યો હતો, તે એવો હતો કે —

"ભલે મારી ગરદન ઉડાવી દે, પણ પછી પાકબાઝ ખાતૂનોને કોની સાથે મોકલશે ? સાંભળ, મને મારી નાંખ્યા પછી આ ખાતૂનોને કોઈ એવા પરહેઝગાર મુસલમાન સાથે મોકલજે કે જે ઈસ્લામી આદાબ અને ઈસ્લામી તરીકાથી તેમની સાથે વર્તાવ કરે....!"

ઈમામ ઝયનુલ આબેદિન (અ.) મેં પોતાની જાન બખ્શી આપવા માટેની કોઈ દરખાસ્ત કરી નહીં, કોઈ ભય બતાવ્યો નહીં. ફકત એટલું જ કહયું કે તેઓને કત્લ કર્યા પછી ખાતૂનોને ઈસ્લામી તહેઝીબથી જાણકાર એવા કોઈ મુસલમાન સાથે વતન તરફ મોકલી આપે.

પરંતું આ જ બનાવોનો ઉલ્લેખ 'લદૂફે સૈયદ' નામે કિતાબમાં આ મુજબ કરવામાં આવેલ છે ——

જયારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે, અલી બીનલ હુસૈન (અ.) ન. કતલ કરવાનો હુકમ આપ્યો, ત્યારે ઝયનબે (કુબરાએ) તે સાંભળીને જે ફરમાવ્યું તેનો સારાંશ——

"ઓ ઈબ્ને ઝિયાદ ! તું જયારે તેમને પણ કતલ કરી દેવા માંગે છે, તો પછી મને પણ સાથે કતલ કરી નાંખ ! હવે તે બાકી જ શું રાખ્યું છે ! !"

https://downloadshiabooks.com/

ઈમામે એ સાંભળીને ફરમાવ્યું —

"ફુફીજાન ! આપ ગભરાવ નહીં, હું પોતે એને જવાબ આપીશ..."

તે પછી ઈબ્ને ઝિયાદને સંબોધીને ઈમામે જે કહયું તેનો સારાંશ—

"અરે, ઓ ઈબ્ને ઝિયાદ ! કતલની ધમકી તું મને આપી રહયો છે ! કતલ થવું એ તો અમારી આદતમાં છે ... તને ખબર છે કે શહાદત એ તો અમારે માટે ઈઝઝત છે..."

મતલબ કે શામમાં પણ ઈમામને કેટલાંયે મૌકાઓ મળ્યા; અને દરેક મૌકા પરથી આપે શકય તેટલો લાભ લીધો.

જેમ કે તેઓ જયારે કૈદમાં હતાં; ત્યારે કુફાનાં બજારમાં ઈબ્રાહીમ બિન તલ્હા બિન ઓબૈદુલ્લાહ તયમી સામે આવ્યો અને ઈમામને ચીઢવવા માટે કહયું —

"...બોલો અલી બિનલ હુસૈન ! આ લડાઈમાં ફતેહ કોની થઈ ! ! "

એનો કટાક્ષ એવો હતો કે સારૂ થયું તમારી હાર થઈ અને તમારા દુશ્મન કામિયાબ થયા...

ઈમામે કહયું —

https://downloadshiabooks.com/

“અત્યારે નમાઝનો સમય થઈ રહયો છે.. નમાઝ પઢો છો ? અઝાન આપો અને એકામત કહો, તેમને ખબર પડી જશે કે ફતેહ કોની થઈ !”

પૂછનાર કટાક્ષ કરનાર કુરૈશનાં ‘તીયમ’ ખાનદાનનો હોવાથી, બની હાશિમની શિકસ્થી કદાચ ખુશ થયો હોય; પણ જયારે તે મુસલમાન થઈ ગયો છે, તો અઝાન અને એકામતમાં “અશ્હોદો અન્ન મોહમ્મદન રસુલુલ્લાહ” કહેવું જ પડશે....

એટલે કે અમે એ જ મોહમ્મદ (સ.) નાં ફરઝન્દ અને વારસદારો છીએ., જેમના પર દુરૂદ મોકલ્યા વિના નમાઝ કબુલ થતી નથી; અને જયાં સુધી ઈસ્લામ કાયમ છે, ત્યાં સુધી અમો આલે મોહમ્મદ (સ.) નો ફખ્ર પણ બરકરાર રહેશે. ..

આટલો જ નાનકડો ફકરો, એક શખ્સને જવાબ આપતાં ઈમામે ફરમાવ્યો હતો અને કદાચ ધીમા અવાજે કહયો હતો, પણ ઈતિહાસમાં તેની ગું જ આજ સુધી સંભળાઈ રહી છે (અને સંભળાતી રહેશે.)

કેટલીક વખત એક જ ફકરો સંખ્યાબંધ લેખો, કિતાબો અને પ્રવચનોનાં કારણરૂપ બની જતો હોય છે.

પણ આ નાનકડા વાકયનું મુલ્ય કોણ આંકી શકે એવું હતું ’ એ પુછનાર પણ નહીં અને ‘તલ્હા’ પણ નહીં કે બીજો પણ કોઈ નહીં, એમાં રહેલા ભારોભાર અર્થને તે સમયે કોણ સમજી શકે એમ હતું ?

પણ ઈમામ જાણતાં હતાં કે આ એક નાનકડો ફકરો કહેવા માટે જ તેઓ શામ આવ્યા હતાં. આ મુસાફરીમાં તેઓએ આ નાનકડા ફકરા સિવાય કંઈ જ કહયું નથી. જે મકસદ તેમની નજર સામે હતો, તેને

https://downloadshiabooks.com/

હાંસિલ કરવા માટે આજ ફકરો પુરતો હતો, અને જે લોકો આજે પણ તેની અગત્યતાને સમજી શકતાં નથી, તેઓ પણ નજીકનાં ભવિષ્યમાં હુસૈનને મઝલુમ (અ.) અને તેમનાં અહલેબૈતનાં અજોડ તદબ્બુર (વિચક્ષણતા) ને માનતા થઈ જશે.

એક દિન બીજો મોકો ઈમામ ઝયનુલ આબેદિન (અ.) ને તે વખતે મળ્યો, જયારે દમિશ્કની મસ્જિદનાં દરવાજા પર અહલેબૈતને લઈ જઈને ઉભા કરી દેવામાં આવ્યા હતાં. કેદીઓને મોટેભાગે એ જ જગ્યાએ રાખવામાં આવતાં હતાં.

એક શામી બુઢ્ઢો તે સ્થળે આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો.—

"અલ્લાહનો શુક્ર છે કે તમે લોકો માર્યા ગયા.. ખુદાએ ફિત્નાખોરોનો ખાતમો કરી દીધો..."

આવું બોલ્યા પછી ઘણાં સમય સુધી અહલેબૈત (અ.) ને ગાળો ભાંડતો રહયો અને મનમાં આવે તેવું બોલતો રહયો...

ઈમામે તેને બકવા દીધો... ચુપચાપ સાંભળ્યા કર્યુ, જયારે તે બકતો બંધ થયો, ત્યારે તેને સંબોધીને ઈમામે શું કહયું હશે ? શું ધારો છો ?

ઈમામે તેને કંઈ જ ખરાબ કહયું નહીં, કોઈ જ અયોગ્ય વાત કરી નહીં; એને કોઈ ફરિયાદ પણ કરી નહીં કે ગાળો શા માટે ભાંડે છે ?

ઈમામ બીમાર હતાં, એ તો જાણીતી વાત છે; અને મુસાફરીમાં હતાં. કુફાથી દમિશ્ક સુધીના રસ્તે થાક પણ પુષ્કળ લાગ્યો હતો. ગમઝદા - મુસિબતઝદા હતાં અને એવા શહેરમાં આવ્યા હતાં કે જે

https://downloadshiabooks.com/

દુશ્મનનું કેન્દ્ર હતું. જયાંની ભીંતેભીંત અહલેબૈતની નિર્દોષતાની વિરોધી હતી.

પેલા શામી બુઢ્ઢાએ ગાળો ભાંડી, ખરાબ ખરાબ બકયો, અહલેબૈત પર જે મુસિબત પડી તેનાં પર પોતાની ખુશાલી જાહેર કરી... અને ખુદાનો શુક્ર પણ અદા કર્યો.

કોણ એવો હોય કે આવી બધી વાતથી વીફરી જાય નહીં., ગુસ્સાથી આગ થઈ જાય નહીં ! ઈંટનો જવાબ પથ્થરથી આપે નહીં ! ઈમામ જે પરિસ્થિતીમાં હતાં. તેમાં કોઈપણ પોતાનો કાબુ ગુમાવી દે એમ હતું ; પણ ઈમામે એક મેહરબાન હમદર્દ, તાલીમ આપનાર મોઅલ્લિમ તરીકે અને જાણે કશું જ બન્યુ નથી એવી રીતે એને પુછયું : શું તમે કુર્આન પઢો છો ?

એણે કહયું : હા.

આપે પુછયું : "અલ મવદ્દતો ફિલ કુર્બા" વાળી આયત નથી પઢી ?

"હા, કેમ ?"

"અલ્લાહ શાહેદ છે કે રસુલ (સ.) ના કરાબતદારો અમે જ છીએ... "

ઈમામે આ એક સવાલથી એના ઝમીર (અંતરઆત્મા) માં હલચલ પેદા કરી દીધી.

https://downloadshiabooks.com/

પછી ઈમામે પુછયું :- તમે કુર્આનમાં તે આયત પણ પઢી હશે, જેમાં ઝિલ કુર્બા' નો હક અદા કરવા માટે કહેવામાં આવ્યું છે ?

“હા, કેમ ?”

આપે ફરમાવ્યું : એ આયતનું સ્થાન પણ અમે જ છીએ.

પછી આપે પુછયું : તમે “આયત-એ-તતહીર” પઢી છે ?

“હા, કેમ ?”

આપે ફરમાવ્યું : “અમે જ તો તે ‘અહલેબૈત’ છીએ, જેમની તહારત ઈસ્મતની ગવાહી ખુદાએ આપી છે.

ઈમામની આ બસીરતફરોઝ ગુફતેગુ સાંભળીને શામીના પસ્તાવવાનો પાર ન રહયો, એણે તરત જ પોતાનાં બન્ને હાથ ઉંચા કરીને ત્રણ વખત દુઆઅ કરી; જેનાં શબ્દો હતાં—

“યા ઈલાહી, મારી તૌબા ? હું મારા શબ્દો પર પસ્તાવો જાહેર કરૂ છું. મારી તૌબા, હું આલે મોહમ્મદ (સ.) નાં દુશ્મનો અને અહલેબૈતનાં કાતિલે થી બેઝારી જાહેર કરૂ છું., તેઓ પર ફિટકાર વરસાવું છું .. પણ આ કેવી વાત કહેવાય ? મારી આ કેવી નાદાની કહેવાય કે હું કુર્આન પઢું છું, છતાં આ આયતો પર કયારેય ધ્યાન નથી આપ્યું ? મારો આ કેવો અંધાપો ? !”

ઈમામને એક વધુ મૌકો ત્યારે મળ્યો હતો કે જયારે યઝિદનાં દરબારમાં પહેલી વખત એહલેબૈતને રજુ કરવામાં આવ્યા.

https://downloadshiabooks.com/

ઈમામ કુફાથી અહીં આવ્યા ત્યાં સુધી ઝંજીરોમાં જકડાએલા હતાં. જયારે યઝીદનાં દરબારમાં એવી રીતે દાખલ થયા. ત્યારે તેઓએ કહયું —

"યઝીદ, તને ખુદાનાં સોગંદ, તું શું ધારે છે ? રસુલે ખુદા (સ.) અમને જો આવી હાલતમાં જુએ તો શું કહે ? !"

આ એક જ ફકરો એટલો બધો અસરકારક હતો કે તે સાંભળીને યઝીદે તરત જ ઝંજીર ખોલાવી નાંખી; એટલું જ નહીં, પણ તેની અસરથી દરબારમાં હાજર રહેલાઓ રડી પડયા. તેથીયે વધુ અસર એ વાતની હતી કે ઈમામે યઝીદને તેનું નામ લઈને સંબોધન કર્યુ હતું; અને બીજાઓની જેમ (દરબારનાં નિયમ અનુસાર) તેને 'અમીરૂલ મોમેનીન' કહયું નહીં હતું.

ઈતિહાસમાં એ વાત પણ નોંધાઈ ગઈ કે અહલેબૈત ઝંજીરોમાં જકડાયેલા હતાં, છતાં પણ યઝીદને 'અમીરૂલ મોમેનીન' નથી કહેતાં, તેની ખિલાફતને નથી માનતા, તેને રસુલ (સ.) નાં કહેવાતા 'જાનશીન' હોવાનો સ્વીકાર નથી કરતાં; એટલું જ નહીં, અહલેબૈતનાં કેદીઓમાંથી જે કોઈએ પણ યઝીદને પોકાર્યો છે, તો માત્ર તેનું નામ લઈને જ પોકાર્યો છે.

# દમિશ્કની મસ્જિદમાં બિમાર ઈમામનો ખુત્બો

શામ ખાતે ઈમામે આલી મકામને બહેતરીન મૌકો તે દિવસે મળ્યો, જયારે સરકારી ખુત્બો પઢનારે (ખતીબે) મિમ્બર પરથી હઝરત અલી ઈબ્ને તાલીબ (અ.) અને તેમનાં ફરઝન્દો બાબતમાં બદગોઈ કરી મોઆવિયા અને તેમનાં ફરઝન્દોની તારીફમાં કંઈ કેટલીયે ગુલબાંગો હાંકી..

https://downloadshiabooks.com/

ઈમામે યઝિદને કહયું : (શબ્દો ધ્યાનથી વાંચવાનાં છે.)

“.. મને પણ પરવાનગી આપવી જોઈએ કે આ લાકડાઓ ઉપર ઉભો થઈને હું પણ કંઈક કહું, જેથી ખુદા પણ ખુશ થાય અને સાંભળનાર માટે પણ અજર અને સવાબનાં કારણરૂપ બને...”

આટલા ટુંકા ફકરામાં પણ ઈમામે કેટલી ઉમદા વાત કહી દીધી. એમ કહેવું જોઈએ કે સમગ્ર ગુફતેગુનો ખુલાસો એક જ ફકરામાં સમાવી દીધો. પહેલા તો ઈમામે મિમ્બરને ‘લાકડાઓ’ તરીકે ઓળખાવ્યો. તેમનો મકસદ એવો હતો કે દરેક ચીજ, જેને ‘મિમ્બર’ નો આકાર બનાવી, તેનાં પર ભાષણ કરવામાં આવે, તે ‘મિમ્બર’ નથી કહેવાતું. ખરું જોતાં, મિમ્બરની અઝમત તો તેનાં પર ઉભી રહેનાર હસ્તીનાં દમથી હોય છે. આ લાકડાઓ તો મિમ્બરોનું અસ્તિત્વ (વુજુદ) મીટાવવા માટે રાખવામાં આવ્યા છે... આ ‘ખતીબ’ દુનિયાનાં બદલામાં દીન વેચી રહયો છે... કારણ કે તે ‘મખ્લુક’ ને ખુશ કરવા માટે ખાલિકને નારાજ કરી રહયો છે... એનું ઠેકાણું જહન્નમ જ હશે.

તે પછી ઈમામે કહયું ‘હું’ કંઈક એવી વાતો કરવા ચાહું છું, જેનાથી ખુદા ખુશ થાય. (જેનો અર્થ એ થયો કે) આ ‘ખતીબ’ જે કંઈ કહી રહયો હતો, તે ખુદાની નારાજગીનો સબબ છે.. હ. અલી બિન અબી તાલિબ (અ.) જેવી હસ્તીની બદગોઈથી અલ્લાહ કદી ખુશ થઈ શકતો નથી .. “હું કંઈક એવી વાતો કહેવા ચાહુું છું કે જે સાંભળનારાઓ માટે અજર અને સવાબ રૂપે હોય.” (એટલે કે પેલા ખતીબની વાતો સાંભળવી એ ગુનાહ અને બદબખ્તી સિવાય બીજું કંઈ જ નથી.)

https://downloadshiabooks.com/

આટલું સાંભળતાં જ લોકોએ આગ્રહ કર્યો કે અલી બિનલ હુસૈન (અ.) ને બોલાવા માટે પરવાનગી આપવામાં આવે..

યઝિદે ઈન્કાર કર્યો, ખચકાટ અનુભવનો રહયો.. પછી આનાકાની કરતાં કરતાં બોલ્યા : "આ એ લોકો છે કે, ઈલ્મ અને દાનિશ તેમની ગળગુથીમાં પડયા હોય છે.. તેમને જો બોલવાની પરવાનગી આપવામાં આવે, તો હું કદાચ રૂસ્વા થઈ જઈશ, તેવું કેમ ?"

પણ દરબારમાં લગભગ મોટા ભાગનાં લોકો આગ્રહ કરતાં રહયા .. બોલવા દો ! બોલવા દો ! છેવટે આગ્રહને વશ થઈ યઝીદે પોતાની સંમત્તિ મૌન રહીને દર્શાવી.

ઈમામે મિમ્બર પર પગ મૂકયો અને પછી એવી તકરીર કરી કે સાંભળનારાઓનાં દિલો ધ્રુજી ઉઠયા.. આંખોમાંથી આંસુ વહેતા થઈ ગયા અને ચીસો નિકળવા માંડી.

ઈમામે પોતાનાં ખુત્બામાં ઈસ્લામી નિઝામમાં અહલેબૈત (અ.મુ.) નાં અહમીયતને વાઝેહ કરી અને ફરમાવ્યું કે હક તઆલાએ અમને લોકોને છ (૬) નેઅમતોથી નવાજયા છે અને બીજાઓને મુકાબલે અમારી બહેતરીનાં બુનિયાદી થાંભલા સાત (૭) છે.

જે છ (૬) નેઅમતો અમને અતા કરવામાં આવી છે તે છે ૧. ઈલ્મ, ૨. હિલ્મ, ૩. જુદો-કરમ, ૪. ફસાહત, ૫. ગુજાઅત અને ૬. મોમીનીનની દિલી મોહબ્બત એટલે કે લોકોને જોરપુર્વક બળજબરીથી પોતાના અકીતમંદ અને તરફદાર નથી બનાવી શકાતા. એ તો અલ્લાહની મરજી કે મોમીનીન એમને મોહબ્બત કરે. તેમનાં દિલોને

https://downloadshiabooks.com/

કોઈ ફેરવી નથી શકતું અને ન તો એવું થઈ શકે છે કે તે કોઈ ગેરથી મોહબ્બત કરવા લાગે અને આરામથી દુશ્મની રાખે...

તે પછી આપે કહયું કે બીજાઓ પર અમે ઉપરવટ હોવાનાં જે બુનિયાદી સ્તંભો (સુતૂન) છે તે સાત છે —

— રસુલુલ્લાહ (સ.) અમારામાંથી છે.
— તેમનાં વસી અલી બિન અબી તાલિબ (અ.) અમારામાંથી છે.
— સય્યેદુશ શોહદા હઝરત હમઝા અમારામાંથી છે.
— આ ઉમ્મતનાં સિબ્તૈન હસન (અ.) અને હુસૈન (અ.) અમારામાંથી છે.
— આ ઉમ્મતનાં 'મેંહદી' અને 'કાઈમ' અમારામાંથી છે.

આ બધું અમારી પાસે છે. હવે આ બધા એઅઝાઝાતને અહલેબૈત (અ.) પાસેથી છીનવી લઈને પોતાનાં નામે જો યઝીદ ચઢાવી શકે તે પછી યઝીદ ઉલ્ઝે; બાકી જયાં સુધી આ સન્માનો (એઅઝાઝાત) અમારી પાસે છે, તો કોણ અમને બદનામ કરી શકે એમ છે ? અમને કેવી રીતે ગુમનામ બનાવી શકે છે ? અમારો જે હકક છે તે બીજાઓને શી રીતે મળી શકે એમ છે ? અને જે દિલો અમારી સાથે છે, તે કેવી રીતે બીજાઓ તરફ ધ્યાન આપી શકે એમ છે ?

આટલું કહયા પછી ઈમામે પોતાનો પરિચય કરાવવા માંડયો. અને દરબાર પર જયારે ઈમામ ખુદ છવાઈ જવા લાગ્યા, ત્યારે તેમને વધુ આગળ બોલતાં રોકવા માટે અઝાન આપવાનો હુકમ કરવામાં આવ્યો.

https://downloadshiabooks.com/

ઈમામને નછૂટકે ચુપકીદી અખ્ત્યાર કરવી પડી, પણ તેઓએ તે મૌકાથી પણ ફાયદો ઉઠાવ્યો. અઝાન દેનારે જયારે આ શબ્દો કહ્યા — ‘અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ’ ત્યારે ઈમામે પોતાનો અમારો પોતાનાં માથા પરથી ઉતારી લીધો અને બોલ્યા—

‘ઓ મોએઝઝિન ! તને એજ મોહમ્મદ (સ.) નાં સોગંદ છે, જરા ચુપ રહે...!’

અને તે પછી યઝીદ તરફ પોતાનું મ્હોં ફેરવીને કહયું —

“બોલ રસુલે અકરમ (સ.) તારા નાના થાય છે કે અમારા ? જો તું તારા પોતાનાં નાના છે એમ કહેશે, તો જુઠ્ઠુ બોલ્યો કહેવાશે; જા તુ એમ માને છે કે તેઓ અમારા નાના છે, તો પછી મારા વાલિદને કતલ શા માટે કરાવ્યા ? તેમનાં માલ-અસહાબ શા માટે લૂંટયા ? તેમનાં ખાનદાનની ખાતૂનોને શા માટે કેદ બનાવી ? ”

આ સવાલોએ દરબારમાં હલચલ મચાવી દીધી. સાંભળનારાઓમાં અફરાતફરી - દોડધામ મચી ગઈ, લોકો ઉભા થઈ ગયા અને એ રીતે આખો દરબાર વેરણ-છેરણ થઈ ગયો. લોકો ધાંધલ-ધમાલની બીકે ત્યાંથી વિખરાઈ ગયા.

# કુફા અને શામ ખાતે અહલેબૈતની મુસાફરી

ઈમામ અબુ અબ્દુલ્લાહિલ હુસૈન (અ.) ની મુકદ્દસ તેહરિક અને તેમની કોશીશો ઈસ્લામી તવારિખનું એક સોનેરી પ્રકરણ છે. એક વર્ષથી પણ ઓછી મુદત જાહેર રીતે ટુંકી મુદત હતી. પણ તે દરમિયાનમાં જે બનાવો બન્યા તેનાંથી ઘણી ઉંડી અને અનંત અસરો પડી હતી.

https://downloadshiabooks.com/

એ બનાવોની શરૂઆતનો સમય તે દિવસથી ઠરાવી શકાય છે કે જયારે હિ. સ. ૬૦ ના ૨જબ મહિનાનાં છેલ્લા દિવસોમાં અબુ અબ્દિલ્લાહિલ હુસૈન (અ.) મદીનાથી મકકા જવાનો કસ્દ કર્યો હતો; અને તેનો અંત અહલેબૈત મદીના પાછા ફર્યા તેને ગણવો જોઈએ.

અહલેબૈત મદીનામાં કયારે પાછા ફર્યા, તેની ચોકકસ તારીખની જાણ નથી અને એ વિષે પણ સાચી માહિતી મળતી નથી કે દમિશ્ક ખાતે એહલેબૈત કેટલો સમય રહયા હતાં અને કેટલી મુદતમાં શામથી મદીનાની મુસાફરી કરી, પણ એટલું ખાત્રીપુર્વક કહી શકાય કે ૨જબ મહિનામાં તેમની રવાનગીને હજી એક વર્ષ પણ નહીં થયું હોય કે ઈમામે ઝયનુલ આબેદિન (અ.) કૈદમાં અમુક મુદ્દત વિતાવ્યા પછી પોતાનાં ખાનદાન સાથે દમિશ્કથી મદીના પાછા તશરીફ લાવ્યા.

પણ આ વાત કોઈ રીતે માની શકાય એમ નથી કે અહલેબૈત શામથી ઈરાક આવ્યા અને ચેહલુમનાં દિવસે એટલે કે સફર મહિનાની વીસમીએ કરબલા પહોંચ્યા.

હિ. સ. ૬૦ નાં ૨જબ મહિનામાં અહલેબૈત મદીનાથી મકકા ગયા અને તે જ વરસનાં ઝિલહજજ મહિનામાં ઈરાક જવા રવાના થઈ ગયા. હિ. સ. ૬૧ માં ઈમામ (અ.) તેમના અસહાબની શહાદત પછી કૈદી તરીકે કુફા લઈ જવાયા. ત્યાંથી શામથી હુકમ આવ્યો કે તેમને દમિશ્ક મોકલી દેવામાં આવે. તેના અમુક સમય પછી એ બાબતની જાણ નથી કે કેટલી મુદત પછી મદીના ખાતે પાછા ફર્યા.

હકીકત એવી છે કે અહલેબૈતની કુફાથી શામ ખાતે રવાનગી, દમિશ્કમાં આગમન, ત્યાં વસવાટ, ત્યાંથી મદીના રવાનગી, તે મુકદ્દસ શહેરમાં આગમન. તેમાંથી કોઈની પણ સાચી તારીખ વિષેની માહિતી

https://downloadshiabooks.com/

નથી. ચોક્કસ રીતે જાણી શકાયું નથી પણ એવો અંદાજો થઈ શકે છે કે હિ. સ. ૬૧ નાં મોહર્રમની ૧૨ મી એ તેઓ કુફા પહોંચ્યા; અને લગભગ એક મહિનો એટલે કે સફર મહિનાનાં મધ્યથી થોડાક દિવસ બાદ સુધી ત્યાં કેદ રહયા. કદાચ ચેહલુમથી એક-બે દિવસ અગાઉ તેમને શામ રવાનાં કરવામાં આવ્યા; અને જેવી રીતે કે અમુક ઈતિહાસકારોએ લખ્યું છે તે મુજબ અબીઉલ અવ્વલનાં મધ્યમાં તેઓ દમિશ્ક પહોંચ્યા.

હવે તે વિષે કહી શકાય એમ નથી કે દમિશ્ક ખાતે કેટલો સમય નિવાસ રહયા અને ત્યાંથી રવાનગી કયારે થઈ અને કઈ તારીખે મદીના પહોંચ્યા. જો કોઈ વિશ્વાસપાત્ર સનદ એવી હોતે જેનાંથી જાણી શકાય કે ઈમામનાં ચેહલુમનાં મૌકા પર કરબલામાં હતાં, તો તે એ રીતે કહી શકાય કે એ બનાવ શામ જતી વખતનો હોવો જોઈએ, શામથી પાછા ફરતી વખતનો નહીં; અને બીજાઓએ લખ્યું છે તેમ, જો સાચું હોય તો સફર મહિનાની મધ્યમાં બે - ત્રણ દિવસ શામ મોકલી દેવા માટેનો જે હુકમ પહોંચ્યો હતો, તો બનવા જોગ છે કે તેઓ કરબલાનો રસ્તો પસાર થયા હોય અને વીસમી સફરે ત્યાં મૌજુદ હોય, અને પોતાના અઝીઝો શહીદોની મુકદ્દસ કબરોની ઝિયારત પછી દમિશ્ક જવા માટે રવાના થયા હોય; પણ એ સાચું છે કે તેને સત્તાવાર કહી શકાય એમ નથી. આથી યોગ્ય એ કહેવાશે કે અય્યામે આશુરા કે અરબઈનની મજાલિસોમાં એવા પ્રકારની વાતોનો કોઈ ઉલ્લેખ કરવામાં ન આવે; અને એ જ વાતોને ટાંકવામાં આવે કે જેને સત્તાવાર ગણવામાં આવે છે.

કેટલીક રીવાયતો એ વિષે છે તેમાં અહલેબૈતે લીધેલી મુલાકાત અને બીજાઓનો ઉલ્લેખ છે તે ભરોસાપાત્ર નથી, તેમ સૈયદ બિન તાઉસે કરેલ ઉલ્લેખને સત્તાવાર સમર્થન મળ્યું નથી.

https://downloadshiabooks.com/

# ઈમામ હુસૈન (અ.) ની તેહરિક ફેરફારથી રક્ષિત રહી છે

યાદ રાખવું જોઈએ કે હઝરત અબુ અબ્દિલ્લાહિલ હુસૈન (અ.) ની તહરિક, તવારિખનાં બીજા ઘણાં બનાવોનાં મુકાબલે તહરિફ (ફેરફાર) થી મેહફૂઝ (સુરક્ષિત) છે, આ વાકેઓ એટલો સ્પષ્ટ, રોશન અને અસાધારણ હતો કે તેની સામે અમીરૂલ મોઅમેનીન અબી તાલિબ (અ.) અને ઈમામ હુસૈન (અ.) નાં વિરોધીઓનાં માથાં પણ ઝુકી ગયા; અને તેમની ઝબાનોથી પણ તેહશીન અને આફરિન સિવાય કશું નિકળ્યું નહીં.

આ વિષય પર લખવાને જે કોઈએ પણ કલમ ઉપાડી હોય, તો ચાહે ઈતિહાસકાર 'તબરી' હોય કે 'અબુલ ફરજ અસફહાની' હોય; 'ઈબ્ને વાઝિહ' કાતિલ હોય કે ચોથી સદી હિજરીનાં આલીક શીઆ રહેનુમા શેખ મુફીદ (અ.ર.) હોય; બધાએ આ તેહરિકનાં સરબરાહની અઝમત, બુઝુર્ગી, શુજાઅત, મર્દાનગી, જુર્રિયત જવાંમર્દીની દાદ આપી છે.

હિ.સ. ૬૦-૬૧ માં અબુ અબ્દિલ્લાહની મોહિમ કંઈક એવી પરિસ્થિતીઓમાં સફળ થઈ કે જે લોકો ઈતિહાસમાં તહરિફ (ફેરફાર) કરવાથી જરાય અચકાતા નથી, તેઓ પણ તવારિખનાં આ મુકદ્દસ પ્રકરણમાં કોઈ ફેરફાર કે તબદીલી કરી શકયા નથી કે હ. ઈમામ હુસૈન (અ.) ની તેહરિકને કોઈ બીજો રંગ આપી શકયા નથી. લોકો તવારિખમાં તહરિફ કરવા કે કોઈની શખ્સીયતને બગાડવાની કોશીશ, ત્યારે જ કરવાની હિમ્મત કરી શકતા હોય છે કે જયારે એવું કરવામાં કોઈ પરિસ્થીતી તેમને માટે સાઝગાર– અનૂકુળ હોય. નહીંતર મોટેભાગે એવું પણ બને છે કે દુશ્મનો અને મુખાલિફોને પણ કોઈ

https://downloadshiabooks.com/

હસ્તીની બુઝુર્ગીનો એઅતેરાફ અને પારસાઈની તઅરીફ કરવી જ પડતી હોય છે.

હિ.સ. ૭ માં અબુ સુફિયાન ઉમવીની દુશ્મની એટલી હદ સુધી આગળ વધી હતી કે રૂમનાં કેસર સામે રસુલે ખુદા (સ.) ની બદગોઈ કરવાની હિમ્મત કરે. રસુલુલ્લાહ (સ.) ની અમાનત-દિયાનતદારીને છુપાવીને તેમને જુઠ્ઠાણાં ઉચ્ચારનાર અને પ્રતિભાપ્રેમી તરીકે ચીતરવા ઈચ્છતા હતાં; પણ એવું કરવાનો મૌકો તેમને મળ્યો નહીં અને પોતાની મસ્લેહતઅને તબીઅતનાં વલણની વિરૂધ્ધ રસુલે ખુદા (સ.) નાં તારીફ જ કરવી પડી. તેણે જે રીતે આપની અઝમતનો ઈઝહાર કર્યો, કોઈ મુસલમાન પણ તેથી બેહતર કરી શકતો નહીં હતો.

હિ. સ. ૬ નાં અંત અને ૭ નાં શરૂઆતનાં સમયમાં રસુલે ખુદા (સ.) એ અરબસ્તાનની આસપાસનાં બાદશાહો આસપાસનાં બાદશાહો અને સત્તાધિકારીઓને કાગળો લખ્યા, જેમાં તેઓને દીને ઈસ્લામ સ્વીકારવાની દાવત આપવામાં આવી હતી.

‘તબકાત’ નાં કર્તાએ લખ્યું છે તેમ, મોહર્રમ હિ. સ. ૭ માં ૬ કાગળો ૬ એલચીઓ સાથે લખીને મોકલ્યા. એ પત્રો લઈ જનારા હતાં—

હબશાનાં નજાશીને નામે પત્ર લઈ જનારા ઉમરૂ બિન ઉમય્યા હતાં.

પુર્વિય રૂમી સલ્તનતનાં કયસરને નામે પત્ર લઈ જનાર વાહિયા બિન ખલીફા કુલ્બી હતાં.

https://downloadshiabooks.com/

ઈરાનનાં બાદશાહ ખુશરૂ પરવેઝને નામે પત્ર લઈ જનાર અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમી હતાં.

ઈસ્કન્દરિયાનાં સત્તાધિશને નામે 'હાતિબ બિન અલી અબી બલ્તઆ' પત્ર લઈ ગયા હતાં.

શામનાં ઈલાકાને નામે પત્ર લઈ જનારા શુજાઅ બિન વહબ અસદી હતાં.

ગસ્સાની હાકેમ હારિસ બિન અલી શિમ્ર નામે પત્ર લઈ જનાર ઉર્સલીત બિન ઉમરૂ હતાં.

યમામાનાં સત્તાધિશને નામે પત્ર લઈને જનારા હુદા બિન અલી હનફી હતાં.

# અબુ સુફિયાને કરેલો પેગમ્બર (સ.) ની મહાનતાનો સ્વીકાર

વાહિયા બિન ખલીફા કુલ્બીએ, રૂમના કયસરને જયારે રસુલુલ્લાહ (સ.) નો પત્ર પહોંચાડયો, ત્યારે કયસરને કુતુહલ થયું અને સીરએ નબવીયહ, ઈન્સાનુલ ઓયુન, તારીખે તબરી અને કામિલ ઈબ્ને અસીરમાં લખ્યું છે તેમ, એણે હુકમ કર્યો કે —

"હિજ્જાઝવાળાઓમાંથી કોઈને મારી સામે રજુ કરો, જેથી મોહમ્મદ (સ.) ની બાબતમાં તેને પુછપરછ કરી શકું..."

https://downloadshiabooks.com/

તે જમાનામાં  અબુ સુફિયાન અને કુરેશીની એક જમાઅત, વેપાર અર્થે શામ ખાતે આવેલી હતી. તેમને કયસર પાસે લઈ જવામા આવ્યા. તેઓ દરબારમાં હાજર થતાં કયસરે કુરેશીઓને પુછયું —

“તમારામાંથી કોણ આ પેગમ્બરનો સૌથી નજીકનો સગો થાય છે ?”

અબુ સુફિયાને કહયું : “હું છું.”

[આ બનાવ એવો હતો કે તે સમયે કાફલામાં અબુ સુફિયાન સિવાય કોણ પણ અબ્દે મનાફનાં કબીલામાંથી નહીં હતું.]

કયસરે પુછયું : “મોહમ્મદ (સ.) સાથે તમારૂ શું સગપણ છે ?”

અબુ સુફિયાને કહયું : “મારા કાકાનાં બેટા છે...”

કયસરે કહયું : “નજીક આવી જાવ.”

તે પછી કયસરે હુકમ આપ્યો કે અબુ સુફીયાનનાં સાથીદારો તેમની પીઠ પાછળ ઉભા થઈ જાય ! અને પછી કયસરે પોતાનાં ભાષાંતરકારને કહયું કે અબુસુફિયાનનાં સાથીદારોને કહો કે, આ આદમીને તારી આગળ એટલા માટે બેસાડયા છે કે જયારે હું તેને પેગમ્બર વિષે પુછપરછ કરૂ અને જો તે કંઈ જુઠ્ઠુ બોલે, તો તમે લોકો જરાય ખચકાયા વિના તેનો રદિયો આપજો...

[આ બનાવ પછી અબુ સુફિયાને એમ કહયું હતું કે, જો મને બીક નહીં હોતે કે મારી પાછળ જેમને બેસાડવામાં આવ્યા હતાં, તેઓ કોઈ

https://downloadshiabooks.com/

રદિયો નહીં આપે, તો હું જરૂર જુઠ્ઠુ બોલતે... પણ મને ન છૂટકે બધું સાચું જ બોલવું પડતું હતું...]

કયસરે અબુ સુફિયાનને પુછયું :

"નબુવ્વતનો દાવો કરનાર આ શખ્સનું ખાનદાન કેવું છે ?"

અબુ સુફિયાન : અસ્લ-નસ્લથી શરીફ છે.

કયસર : આ અગાઉ તમારે ત્યાં કોઈ બીજાએ 'નબુવ્વત' નો દાવો કર્યો હતો ?

અબુ સુફિયાન : નહિં.

કયસર : તેમનાં બુઝુર્ગોમાં કોઈ થઈ ગયો છે ?

અબુ સુફિયાન : નહીં.

કયસર : સમજદારીમાં કેવા છે ?

અબુ સુફિયાન : તેમની સમજ-બુઝમાં કયારેય કોઈ ખામી-ઉણપ અમે જોઈ નથી.

કયસર : જે લોકોએ આ નવા ધર્મનો સ્વીકાર કરી લીધો છે, તે લોકો કેવા છે ? અશરાફ-પ્રતિભાવંત કે કમજોર અને ગરીબો ?

અબુ સુફિયાન : ગરીબો અને નિર્બળો.

https://downloadshiabooks.com/

કયસર : તેનાં અનુયાયીઓ વધતા જાય છે કે ઘટતા જાય છે ?

અબુ સુફિયાન : રોજ-બ-રોજ તેમની સંખ્યા વધતી જઈ રહી છે.

કયસર : તેનાં દીનથી કોઈ પાછું ફરી પણ ગયું છે ?

અબુ સુફિયાન : નહિં.

કયસર : કયારેક તે વચનભંગ અને કોઈ કોલ-કરારની વિરૂઘ્ધ પણ તેણે કાર્ય કર્યુ છે ?

અબુ સુફિયાન : હજી સુધી તો કંઈ જ નથી કર્યુ. અમે તાજેતરમાં તેની સાથે કોલ-કરારો કર્યા છે... આગળ શું થાય તેની ખબર નથી. [અહીં 'હુદયબીયહ' ખાતેની સુલેહ અંગેનો ઉલ્લેખ હતો.]

કયસર : તમે તેની સાથે કયારેક લડાઈ કરી છે ?

અબુ સુફિયાન : હા, કરી છે.

કયરસર : તેનું શું પરિણામ આવ્યું ?

અબુ સુફિયાન : કયારેય અમે વિજેતા થયા. તો કયારેક તે થયા. 'બદ્ર' ની જંગમાં તેમને કામિયાબી મળી હતી, પણ ત્યારે હું ત્યાં મૌજુદ નહીં હતો. બે વરસ પછી (એટલે 'ઓહદ' ની જંગમાં) અમે તેનાં શહેર પર હુમ્લો કર્યો હતો અને પેટ ફાડી નાંખ્યા હતાં, નાક-કાન કાપી નાંખ્યા હતાં.

https://downloadshiabooks.com/

કયસર : એ શું શીખવે છે ? અને કયા કાર્યો કરવાનો હુકમ આપે છે ?

અબુ સુફિયાન : એ કહે છે કે એક ખુદાની ઈબાદત કરો, તેની સાથે કોઈને ભાગીદાર ન કરો. અમે લોકો અમારી મુર્તિઓની પુજા કરીએ છીએ કે જે અમારા બાપ-દાદાના વખતથી ચાલી આવે છે, તે એવું કરવાની મનાઈ કરે છે અને તેનાં બદલે કહે છે કે નમાઝ પઢો, સદકો આપો, સાચું બોલો, પાક-દામની ઈખ્તેયાર કરો, કોલ-કરાર-વચનની પાબંદી કરો, દિયાનતદારીથી કામ લ્યો...

રસુલુલ્લાહ (સ.) ની શખ્સીયત બાબતમાં આટલી જ પુછપરછ, આટલી જ તેહકીક કયસરને પુરતી લાગી અને પછી તેણે અબુ સુફિયાનને સંબોધીને કહયું—

તમને જયારે મેં તેમનાં હસબ-નસબ (ખાનદાન) વિષે પુછયું, તો તમે મને કહયું કે તેઓ શરીફુન્નસબ છે, તો હંમેશા પેગમ્બરો શરીફ ખાનદાનનાં જ હોય છે. મેં જયારે પુછયું કે તેમના પહેલા તેમનાં ખાનદાનમાં કોઈએ નબુવ્વતનો દાવો કર્યો હતો ? તો તમે ના પાડી હતી. જો તમારા ખાનદાનમાં પણ કોઈએ એવા પ્રકારનો નબુવ્વતનો દાવો કર્યો હોત, તો હું એમ સમજતે કે તેઓ તકલીદ (અનુકરણ) કરી રહયા છે. પછી મેં તેમને પુછયું કે નબુવ્વતનો દાવો કરવા પહેલા તેઓ જુઠું તો બોલતાં નહીં હતા; તો તમે પોતે સ્વીકાર કર્યો કે એવી કોઈ બાબત બની જ નથી. આથી હું સમજી શકું છું કે લોકો પાસે જે જુઠુ નથી બોલતાં, તે ખુદા પર બોહતાન (આક્ષેપ) શા માટે મુકશે ? મેં તેમને પુછયું કે તેમનાં બાપ-દાદામાં કોઈ બાદશાહ થઈ ગયા છે ? તમે કહયું, નહીં; જો તેમનાં મોટેરાઓમાં કોઈ બાદશાહ હોતે, તો હું સમજતે કે તેઓ પણ બાદશાહતની લાલચ માટે ઉભા થયા છે; પછી મેં તમને પુછયું  કે તેમનાં અનુયાયીઓ માલદારો અને તાકતવાળાઓ છે

કે કમજોર અને ગરીબ ? તો તમે કહયું કે, મોટાભાગનાં ગરીબો અને કમજોરો છે. સાચી વાત છે, પેગમ્બરોનાં અનુયાયીઓ થનારા મોટે ભાગે ગરીબો જ હોય છે. (એટલે કે મઝદૂરો અને દબાએલો વર્ગ. તેનાથી વિરૂધ્ધ જે લોકો રાજય વ્યવસ્થા હેઠળ, જાએઝ-નાજાએઝ તરીકાથી દોલત કમાતા રહેતા હોય છે. તેઓ દરેક એવા ઈન્કિલાબનો વિરોધ કરતાં રહેતાં હોય છે, જેનાથી આધુનિક પરિસ્થિતી બદલાઈ જતી હોય છે.)

કયસરે પછી પુછયું હતું કે, તે (પેગમ્બર) ના અનુયાયીઓ રોજ ઘટે છે કે વધે છે, ત્યારે અબુ સુફિયાને કહયું હતું કે રોજ-બ-રોજ વધતા જાય છે; તો સાચા મઝહબમાં એવું જ બનતું હોય છે.

જયારે એમ પુછવામાં આવ્યું હતું કે દીને ઈસ્લામને બુરો સમજીને કોઈ ત્યજી પણ દે છે ? તેનો જવાબ એવો હતો કે એવો કોઈ બનાવ હજી સુધી બન્યો નથી, તો ઈમામનો એ જ હાલ હોય છે કે જયારે ઈમામ દિલમાં ઘર કરી લે છે, તો પછી આદમી તેનાથી કદી પણ બદદિલ નથી થતો.

જયારે એમ પુછવામાં આવ્યું હતું કે તેમની સાથે કોઈ જંગ થએલી છે ? ત્યારે કહેવામાં આવ્યું કે હા, થઈ છે; કયારેક તેઓ વિજયી થયા છે, તો કયારેક તેમનાં દુશ્મનો થયા છે; તો અલ્લાહનાં પેગમ્બરોનો એવો જ હાલ હોય, કયારેક તેઓને તકલીફ ઉઠાવવી પડતી હોય છે, પણ છેવટે ફતેહ અને કામિયાબી તેમને જ મળે છે.

એવું જયારે પુછવામાં આવ્યું કે તે પેગમ્બર કયા કામો કરવા માટેનો હુકમ આપે છે ? તો તેનો જવાબ એવો મળ્યો હતો કે તેઓ નમાઝ પઢવાનો, સદકો આપવાનો, પારસાઈ, પાક-દામની, વચન-પાલન, દિયાનતદારી વિગેરેનો હુકમ આપે છે.

https://downloadshiabooks.com/

કયસરે કહયું : હે અબુ સુફિયાન ! તમે પોતે એવું કબુલ કર્યુ છે તે પેગમ્બર મક્કાર  કે ધોખેબાજ નથી.. એ બધા સવાલોનાં જવાબોથી મને યકીન થઈ ગયું છે કે તેઓ એક સાચા પેગમ્બર છે...

આ એક મીશાલ હતી કે કયારેક કોઈ દુશ્મન પણ કોઈ શખ્સીયત સામે મજબુર થઈ જતો હોય છે હકીકતોમાં કોઈ ફેરફાર કરવાની હિંમ્મત કરી શકતો નથી.

# અમીરૂલ મોમેનીન (અ.) નાં કલેમાત

અમીરૂલ મોમેનીન હ. અલી (અ.) નાં જે અકવાલ સૈયદ રઝીએ (રિઝવાનુલ્લાહે અલયહે) ‘નહજુલ બલાગાહ’ માં જમા કર્યા છે, તેમાં હુસ્ને અખ્લાક, સુલુક (સદગુણો, સદવર્તાવ) વિષે એક કૌલ છે.—

અમીરૂલ મોમેનીને (અ.) ફરમાવ્યું —

સારાંશ : લોકો સાથે એવી રીતે પેશ આવો કે જો તમે મરી જાવ, તો તેઓ તમારી મૌત પર (તમને ગુમાવવા બદલ) રડી પડે અને તમે જીવતા રહો, તો તમારી તરફ ઝુકેલા રહે (તેમનાં સન્માનતા રહે) એટલે કે લોકો સાથેનો તમારો વર્તાવ એવો હોય કે તમે મરણ પામો તો લોકોને દુઃખ થાય, સદમો થાય, તેઓ આંસુ વહાવે અને જયારે તમે જીવતા હોવ, તો તમારા પર ફરેફતા હોય (તમારા ચાહક હોય) એટલે કે ઈન્સાન સદવર્તાવથી લોકોનાં દિલ જીતી શકે છે.

ફકત નેકી અને સદવર્તનથી લોકોનાં દિલોને તસ્ખીર (મુગ્ધ) કરી શકાય છે.

https://downloadshiabooks.com/

અમીરૂલ મોમેનીન (અ.) ની આ નસીહત પર તેમનાં માનવંતા ફરઝંદ ઈમામ હુસૈન (અ.) થી વધીને કોણ અમલ કરી શકે એમ હતું, કોણ પોતાની જીંદગીમાં અને પોતાની શહાદત બાદ લોકોને પોતાનાં ચાહનારા-પોતાનાં શયદા બનાવી શકે એમ હતું ?

મોહર્રમ હિ. સ. ૬૧ માં ઈરાકની સર-ઝમીન પર ફુરાત નદીને એક બનાવ બન્યો., જેમાં સંખ્યાબંધ બુઝુર્ગો, મુકદ્દસ હસ્તીઓએ શહાદત મેળવી. તે સમયે ઘણાં લોકો તેને એક સામાન્ય ઐતિહાસિક બનાવ સમજતાં હતાં અને કદાચ એવું માનતા હતાં કે ઈતિહાસનાં બીજા એવા સેંકડો બનાવોની જેમ આ બનાવ પણ અમુક વર્ષોમાં ઈતિહાસનાં પુસ્તકોનાં કોઈ ખુણામાં દટાઈ જશે અને એનું મહત્વ એક પુરાણી કહાણીથી વધુ નહીં રહે. પણ તેઓને એ માલૂમ નહીં હોય કે ઈમામ હુસૈન બિન અલી (અ.) ની શખ્સીયત ઝિંદા અને પાઈન્દા છે. તેમની નેહરિક જગતનાં ઈતિહાસનો એવો ઝીંદા અને અમર બનાવ છે કે કયારેય તે જૂનો થશે નહીં.

તે વખતે કેટલાંક લોકોનો કદાચ એવો ખ્યાલ હતો કે હુસૈન (અ.) નાં કાતિલોની જીત થઈ છે; અને આ બનાવથી માત્ર શહીદોનો જ કિસ્સો ખતમ નથી થઈ ગયો, બલ્કે હવે કોઈને પણ બની ઉમય્યાનો વિરોધ કરવાની હિમ્મત નહીં થાય. આગામી ઈતિહાસમાં હવે પછી ઈસ્લામમાં હ. અલી (અ.) અને તેઓની અવલાદનું નામ ઈઝઝત-માનથી નહીં લેવાય ! સમય પસાર થવા સાથે ઈમામ અને તેમનાં અસ્હાબોની શહાદતનો ઝખ્મ રૂઝાઈ જશે.. અને બીજી મુસિબતોની જેમ આ મુસિબત પણ ભૂલાઈ જશે; પણ ઈતિહાસકારે સાબિત કરી દીધું કે તે લોકો ભૂલ કરી રહયા હતાં કે જેઓ હિ. સ. ૬૧ માં આશુરાનાં બનાવને માત્ર મામુલી અને રાજકીય સંગ્રામ સમજી રહયા હતાં. તેઓની નજર મકસદની તે બુલંદી સુધી પહોંચી શકતી નહીં હતી કે જે

https://downloadshiabooks.com/

મકસદ ઈમામની નજર સામે હતો. તેઓ તે બનાવનાં આત્મા (રૂહ) સુધી પહોંચી શકે એમ નહીં હતાં.

જે મુશ્કેલી મોટા ભાગનાં લોકોની ગલતફેહમીનાં કારણરૂપ બને છે તે એ જ છે કે લોકો મળતી આવતી વાતો અને કામોમાં તમીઝ નથી કરી શકતા, ભલે તેમાં કેટલોય તફાવત હોય. લોકોએ ઘણી વેળા જોયું છે કે કોઈ શખ્સ હકકનાં નામ પર ઉઠયો, તે રાહમાં કુરબાનીઓ પણ આપી; પરંતુ છેવટે તેનાં ઈકદામની જરા પણ અસર થઈ નહીં અથવા તો અમુક લોકોએ વઅઝ-નસીહતોની નદીઓ વહાવી, હક્કની હિમાયત અને મઝલુમની તરફદારીમાં ફસાહત અને બલાગત જૌહર દેખાડયા, ખુદાથી ડરવાની તલ્કીન કરી, રોઝે જઝાથી ડરાવ્યા, અઝાબ અને સવાબની વાતો કરી; પણ ન તો લોકો પારસા (નેક) થયા કે ન તો તવારિખ પર કોઈ અસરની જમાવટ થઈ. તેથી ઘણી વખતે મર્દાને હક્કની વાતોને તેમનાં કામોને પણ ખુદગરઝી માની લેતાં હતાં. તેમની જદ્દો-જહદ અને ઈલાહી સૂચનો તરફ કશું ધ્યાન આપ્યું નહીં. જેમનો કૌલ અને અમલ ફકત ખુદા માટે હોય છે, એવાઓને પણ દુનિયાવાળા પોતાનાં જેવા સમજી લેતાં હોય છે કે જાણે તેઓ પણ લાલચનાં બંદાઓ જ હોય.

પણ ખુશીની વાત એ છે કે લોકો ભલે ભૂલ કરે, ઈતિહાસ ભૂલ કરતો નથી. અને ઝમાનો પસાર થતાં ગેરસમજો દૂર થઈ જતી હોય છે.

આજ ઈતિહાસકારે અમીરૂલ મોમેનીન હઝરત અલી (અ.) નાં ટુંકા ફકરાઓને બેહતરીન મઝહબી અને દીની નસીહતોનો દરજજો આપ્યો છે; અને બીજા ઘણાં ખલીફાઓની લાંબી લાંબી સત્વહિન (બે-રૂહ) તકરીરોને નઝરઅંદાઝ કરી દીધી છે.

https://downloadshiabooks.com/

બની અબ્બાસનાં ખલીફાઓમાંથી અત્રે નમૂનારૂપે મનસૂર દવાનનીકી તે નસીહતોનો ઉલ્લેખ કરીએ છીએ. જે એણે પોતાનાં બેટા મેંહદી અબ્બાસીને માટે લખી હતી.

ઈબ્ને વાઝિહ યઅકૂબીએ તેને આ રીતે નકલ કરી છે.

# મનસૂર દવાકીનીનું વસીયતનામું

'વઅકુબી' કહે છે : મનસૂરનાં બેટા મેહદીએ પોતાનાં બાપ, અબુ જઅફર મનસૂરનું વસીયતનામું, જાહેર સભામાં વાંચીને સંભળાવ્યું હતું. લખ્યું હતું કે —

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ.

આ વસીયત છે, બન્દએ ખુદા, અમીરૂલ મોમીનીનની પોતાનાં બેટા મોહમ્મદ મેંહદી વલીઅહદને માટે કે, જેને અમીરૂલ મોમીનીનને પોતાના પછી પોતાના વસી અને જાનશીન મુકર્રર કર્યો છે, તમામ મુસલમાનો અને ઝિમ્મીઓ પર અને હરમ અને બયતુલ માલ પર—

'—ઝમીન ખુદાની છે, જેને તે ચાહે છે તેને તેનો વારિસ બનાવે છે — સારો અંજામ પરહેઝગારોનો થશે.

અમીરૂલ મોમેનીન, તમને વસીયત કરે છે કે, જયાં પણ રહો તકવા–પરહેઝગારીને તજશો નહીં અને ખુદાનાં બંદાઓ માટેનાં ખુદાનાં એહકામોની ઈતાઅત કરો, જેથી મેહશરનાં દિવસે નદામત, પરેશાની, રૂસ્વાઈ થાય નહીં, જયારે મૌત આવશે ત્યારે નેકીઓની મોહલત નહીં મળે, તે વખતે તમારૂં ખાનદાન તમારા કોઈ કામમાં આવશે નહીં. તમે હશો અને તમારા અઅમાલ, તે વખતે તમારા

https://downloadshiabooks.com/

અઅમાલ જ તમારી સામે હશે. તમારા અંગો, અવયવો તમારા અઅમાલની ગવાહી આપશે. દરેક નેકી અને બદીની જઝા અને સઝા મળશે, તેથી અલ્લાહનાં ખૌફને તમારા ધ્યાનમાં રાખો– હંમેશા તેની જ ઈતાઅત કરો. દીનદારીની તૌફીક માંગો અને દીનનાં ઝરીએ ખુદાની નઝદીકી હાંસિલ કરો, પોતાનાં નફસની પુછપરછ કરતાં રહો, તેને હવસનું રમકડું બનાવી દેશો નહીં. કોઈ બુરાઈ માટે જીદ નહીં કરો; કારણ કે તમારા પર મોટી ઝિમ્મેદારી છે. તમને ગુનાહ પણ બીજા કરતાં વધારે થશે, કેમકે રૈયતનાં સરપરસ્ત તમે છો. નાના મામલાનો ફેંસલો પણ તમને જ આપવાનો હોય છે, એટલે દરેકને તમારે જવાબ આપવો પડશે. પોતાનાં ઉમ્માલ-કાર્યકરોનાં ઝુલ્મોની સજા પણ તમને જ ભોગવવાની રહેશે.

અલ્લાહની સામે સવાલોનાં જવાબ તમને જ આપવાનાં છે.... તમને જે મોકો મળ્યો છે તેને ગીનમત સમજો; દરેક સાથે ઈન્સાફ કરો, કોઈ પર ઝુલ્મ કરો નહીં અને રૈયતમાં સૌની સાથે એક સરખો વર્તાવ કરો...

...દીનદાર લોકોમાંથી પોતાનાં દોસ્તો અને સાથીદારોની પસંદગી કરો. મુસલમાનોને તેમનાં માલમાં જાએઝ હિસ્સો આપો. શહેરો અને ગામડાઓ પર ટેક્ષો ઓછા કરીને તેમની આબાદીમાં વધારો કરો. પોતાનાં હુસ્ને સુલુક અને ખુશતબીરીથી લોકોની ઈસ્લાહ કરો...

..સૌથી અગત્યની વાત એ છે કે સરહદોની હિફાઝતનો પુરો બંદોબસ્ત કરો અને તેનાં પર નઝર રાખો, જયાં જરૂરત હોય ત્યાં લશ્કરી ટુકડી તરત રવાના કરો. જિહાદ અને તેનાં દીનની હિમાયતમાં અલ્લાહ તઆલાથી કામિયાબીની દુઆ કરો...

https://downloadshiabooks.com/

....ફોજનો ખ્યાલ રાત-દિવસ રાખો. એ માહિતી રાખો કે ફોજી છાવણીઓ અને ચોકીઓ કયાં કયાં છે. ખુદાની મદદ પર જ ભરોસો રાખવો જોઈએ. તેની જ મદદ પુરતી છે.

આ છે અબ્બાસી ખલીફાની નસીહતોનો એક નમૂનો.

આ નમૂનો ઈબારતની રૂએ-શબ્દોની રૂએ ઘણો વખાણવા પાત્ર અને અસરકારક છે પણ તે છતાં ઈસ્લાલી તવારિખમાં દીની નસિહતો અને આસમાની હિકમતોની હરોળમાં તેને સ્થાન નથી.

'બની ઉમૈયા' અને 'બની અબ્બાસ' પોતાની તમામ દૌલત અને તાકાત છતાં એવા પ્રકારનાં વસીયતનામાઓથી કોઈ 'નહજુલ બલાગહ' કે 'સહીફએ સજ્જાદિયહ' રચી શકયા નથી કે ન તો 'તોહફુલ ઉકૂલ' જેવી કોઈ કિતાબ કે જે રસુલે ખુદા (સ.) અને અઈમ્મએ અતહાર (અ. મુ. સ.) ના વઅઝોનો મજમુઓ છે, તેવી તૈયાર કરી શકયા.

ઈતિહાસને વ્યકિતઓ અને તેમનાં કલામો પરખવા માટેની જે મખસૂસ કુદરત અને બસીરત હાસિલ છે. તેની બીના પર અમુક ખુત્બાઓ અને અકવાલોને ઝિંદાજાવીદ બનાવી દે છે અને જાહેરમાં તેના જેવા બીજા અકવાલોને રદ કરી દે છે, તે કાર્ય તવારિખનું છે જે સમય જતાં જેનું પરિણામ જણાઈ આવે છે.

## કરબલાની તેહરિક શા માટે નાકાબિલે ફરામોશ છે ?

આશુરાનો હાદેસો જયારે બન્યો તે વખતે ઘણી ઓછી સંખ્યા એહલેબૈત (અ.મુ.) અને હુસૈન (અ.) નાં શિઆઓની હતી, જેઓ તે બનાવની સાચી કદર કિંમતનો અંદાજ કાઢી શકતાં હતાં; હવે પછી

https://downloadshiabooks.com/

ઈતિહાસ પર તેની પડનારી અસરો પર ગુફતેગુ કરી શકતાં હતાં અને અમુક હદ સુધી લોકોની ગલતફેહમીઓ દૂર કરી શકતાં હતાં.

વિચાર કરતાં જણાય છે કે એ બનાવ તોંતેર (૭૩) મર્દોએ જાન આપ્યા, તેથી વજૂદમાં આવ્યો. જયારે ગમઝાદા, શોક પાળનારી ઔરતો અને બાળકોને કારણે તેની આકૃતિમાં રંગ-પુર્ણી થઈ. તૌફિક સતત ચાલુ રહેતાં આપણે જોયું કે અહલેબૈત (અ.મુ.સ.) ના બલીગ, ફસીહ, દિલેર તકરીર કરનારાઓએ લોકોનાં સીનામાં કેવી હલચલ મચાવી દીધી, દિલો હચમચી ગયા, ગલતફેહમીઓનાં પર્દા ચીરાઈ ગયા. લોકોની વિચારસરણી બદલાઈ ગઈ. આ બનાવની કદર-કિંમત તરફ તેઓનું ધ્યાન ખેંચાવ્યું અને દુશ્મનને હાથે એ બનાવમાં થનાર કોઈ ફેરફારનો મોકો છીનવી લીધો. દુશ્મનની પણ દરેક તકરીર-લખાણો, તેનું દરેક બેહુદાપણું કમીનાપણાની ઈતિહાસે નોંધ લીધી. ઈતિહાસમાં આશુરા અંગેની જે સ્પષ્ટ વાતો છે, જે સાચું ચિત્ર છે તેનું મૂળકારણ તે ખુત્બાઓ છે, જે ખુત્બાઓ ઈમામે મસ્જિદુલ હરામમાં, હિજાઝ અને ઈરાકનાં રસ્તામાં અને આશુરાનાં બીજા શહીદો, તેમ હ. ઈ. ઝયનુલ આબેદિન (અ.) અને અહલેબૈત (અ.મુ.સ.) નાં કેદીઓએ તેમનાં ખુત્બાઓમાં એ તસ્વીરને વધુ વ્યાપક રીતે સ્પષ્ટ કરી હતી.

પણ જયારે આ અમર ખુત્બા આપવામાં આવ્યા હતાં. તે વખતે બહુ ઓછા લોકોનું ધ્યાન તેની કદર-કિંમત અને અસર તરફ ગયું હશે. ફકત તકરીર કરનારાને જ પુરો અંદાજો હતો કે તેઓ શું કહી રહયા છો, શું કરી રહયા છે અને તેમની વાતોનું શું પરિણામ આવશે..

ઈમામ હુસૈન (અ.) ને પોતાને તે જ સમયથી બધી ખબર હતી., જયારે તેઓ મદીનાથી રવાના થયા હતાં. તેઓ જાણતા હતાં કે તેઓ શું કરી રહયા છે, કયાં જઈ રહયા છે અને તેમની તેહરિકની ઈસ્લામી જગત પર શી અસર થશે.

https://downloadshiabooks.com/

તે જ મુજબ તેમનાં શિઆ અને અહલેબૈત (અ.મુ.સ.) નાં બંદીવાનો પણ જાણતાં હતાં કે કયારે અને કયાં વાત કરવાની જરૂર છે.

જો કે ત્યારે તેઓનાં દિલો દુઃખથી ભરપૂર હતાં. તેઓ પર આપદાનાં પહાડો તૂટી પડયા હતાં; છતાં હકીકતો પરથી પડદા ખસેડતા જતાં હતાં અને દુશ્મનો માટે ઈતિહાસમાં કોઈ ચેડા કરવાનાં-કોઈ ફેરફારો કરવાનાં માર્ગો બંધ કરી દેતાં હતાં.

ઈતિહાસ પર આધારિત તે ખુત્બાઓની ગાઢ અસરથી ત્યારે મોટા ભાગનાં લોકો અજાણ હતાં.

જે લોકોએ ઝયનબે કુબરા (અ.), અમીરૂલ મોમીનીનની દુખ્તરનો ખુત્બો દમિશ્ક ખાતે સાંભળ્યો હતો, તેઓ તો આમ જ વિચારતા હતાં કે એક ગમઝાદા, શૌકમાં ડૂબેલી દુઃખી ઔરત જઝબાતનાં આવેગથી એવી વાતો કરી રહી છે; અને સમય વિતતાં થોડા થોડા સમય પછી એનાં જઝબાત ઠંડા પડી જશે અને પછી બધું ભૂલી જશે. આજની વાતો એના ધ્યાન પર પણ નહીં રહે. આ ટુંકી દ્રષ્ટીવાળાઓ હકીકતનાં ઉંડાણ સુધી પહોંચી શકે એમ નહીં હતાં કે આજે જે કંઈ હ. ઝયનબે કુબરા (અ.) ની ઝબાનથી નિકળી રહયું છે, તેને ઈતિહાસની ઝબરઝસ્ત કલમ તેનાં એકેએક અક્ષરને હંમેશ માટે સાચવી રહી છે...

અને ઈતિહાસની કલમે ફકત એ જ નથી સાચવ્યું કે જે અમીરૂલ મોમીનીનની દુખ્તરે કહયું હતું, પણ તે સાથે તે સમયનાં ખલીફાનાં તે અશઆર પણ સાચવ્યા છે કે જે હંમેશ માટે જડાઈ ગએલા છે.

હયરત છેકે અહલેબૈત (અ.મુ.સ.) નાં દુશ્મનોને ખુદાનો ખૌફ નહીં હતો અને રસુલે ખુદા (સ.) ની કોઈ શરમ જેવું નહીં હતું, એટલો

https://downloadshiabooks.com/

તો ખ્યાલ આવવો જોઈતો હતો કે, તેઓ જે કંઈ કહી રહયા છે અને જે કંઈ કરી રહયા છે તે બધું ઈતિહાસમાં લખાશે - કિતાબોમાં લખાશે અને દુનિયાનાં પુસ્તકાલયોમાં મેહફૂઝ રહેશે.

ઈમામે ઝયનુલ આબેદિન (અ.) અથવા ઝયનબે કુબરા (અ.) નાં કોઈપણ ખુત્બાને નાબૂદ કરવા, એ સિવાય કોઈ છુટકો નથી કે દુનિયાનાં તમામ કિતાબખાનાઓનો નાશ કરી નાંખવામાં આવે.

ઈતિહાસ એ આગળનાંઓ અને પાછળનાંઓનું અઅમાલનામું છે. ઈતિહાસ એક એવો અરીસો છે, જેમાં દરેક શખ્સ જેવો હતો તેવો જ દેખાય છે. શખ્સો ફના થઈ જતાં હોય છે, કોમો બદલાતી રહેતી હોય છે, પણ ઈતિહાસ પોતાની જગ્યાએ કાયમ છે; અને હોંશીયારીપુર્વક નેકી, બદી અને કોમોની ઉતાર-ચઢાવને નિહાળતો-નિગરાની કરતો રહે છે. હિસાબ-કિતાબમાં ઈતિહાસ ભૂલ નથી કરતો અને એકનાં ગુનાહનો બોજ બીજાની ગરદન પર નથી નાંખતો. ઘણાં લોકો કદાચ એમ સમજે છે કે ઝમાનો તવારિખી હકીકતો પર પરદો પાડી દે છે. પણ સાચું એ છે કે સમય વિતતાં તવારિખી હકીકતો ઉઘાડી થઈ જાય છે સમકાલિનોને સત્ય સમજવામાં જે મુશ્કેલી નડે છે, તે દૂર થઈ જાય છે અને તે પછીનાં આવનારા સમકાલિનોનાં મુકાબલે, તવારિખી હકીકતો દ્વારા સારી માહિતી મેળવી શકે છે. તે હકીકત (સંસોધન) ની રાહમાં સમય રૂકાવટરૂપ નથી બનતો, બલ્કે રૂકાવટોને દૂર કરે છે. નિઃસ્વાર્થ સંશોધકો માટે સંશોધનનો રાહ આસાન અને રોશન બનાવે છે. આપણા માટે આજે આશુરાનાં બનાવોની તેહકીક - સત્યતા તેરસો વર્ષની રૂએ વધારે આસાન છે. આપણી સામે તે મુશ્કેલીઓ નથી, જે હિ. સ. ૬૧ નાં લોકો સામે હતી; અને આગામી કેટલીયે સદીઓ વીતશે કે યુગો પલ્ટાશે, આ વાકેઆની તેહકીકની રાહમાં કોઈ રૂકાવટ નહીં હોય.

https://downloadshiabooks.com/

# કરબલાની તેહરિકની માનવંતી ખાતૂનો (સ્ત્રીઓ)

આ અગાઉ આપણે જાણી ચૂકયા છીએ કે આશૂરાની તવારિખ, તોંતેર (૭૩) વ્યકિતઓને પ્રતાપે અસ્તિત્વમાં આવી. આ બનાવમાં મુખ્યત્વે તેઓનો હાથ હતો. પણ એ ભૂલવું નહીં જોઈએ કે આ ગણનાપાત્ર અને અમર કારનામામાં સંખ્યાબંધ માનવંતી ખાતૂનોએ પણ ઘણો મોટો હિસ્સો લીધો હતો અને પોતાની કુરબાનીઓ આપી હતી; તે એટલે સુધી કે અમુક ખાતૂનો શહીદ પણ થઈ હતી. તેમનાં નામો ઈમામ અબુ અબ્દુલ્લાહ (અ.) ની ગૌરવપુર્ણ તેહરિકની તવારિખમાં હંમેશા ઈઝઝત અને માનથી લેવાતા રહેશે.

અત્રે એ માનવંતી ખાતૂનોનાં નામો અને કામોનો ઉલ્લેખ તવારિખી કમની દ્રષ્ટીએ કરીએ છીએ.

તેમાં સૌ પ્રથમ નામ ઝોહૈર બિન કય્ન બુજલ્લીનાં જીવન-સહચરીનું છે, જેઓએ એક અડગ પગલું ભરીને ઈસ્લામી તવારિખમાં ફખ્રને કાબેલ મુકામ પ્રાપ્ત કર્યુ છે.

કબીલા બની ફઝારહનો એક શખ્સ કહે છે કે —

અમે મક્કાથી ઈરાક ખાતે આવી રહયા હતાં. ઈમામ હુસૈન બિન અલી (અ.) પણ તે રસ્તે જઈ રહયા હતાં; પણ અમે ઈચ્છતાં નહીં હતાં કે કોઈ મંઝિલમાં અમારો અને તેમનો સાથ થઈ જાય. આથી જયારે તેઓ કોઈ મંઝિલથી રવાના થઈ જતાં, તો અમે ત્યાં પડાવ નાંખી દેતા, અને જયારે તેઓ કોઈ મંઝિલ પર આવીને ઉતરતાં, તો અમે ત્યાંથી રવાના થઈ જતાં.

https://downloadshiabooks.com/

પણ કંઈ ક એવો અકસ્માત-સંજોગ થઈ ગયો કે એક સ્થળે અમારો અને તેમનો ભેટો થઈ જ ગયો. એક કિનારા પર અમે તંબુઓ નાંખ્યા અને બીજા કિનારે તેઓએ તંબુઓ નાંખ્યાં. અમે ખાણું ખાઈ રહયા હતાં તેવામાં અચાનક ઈમામનો આદમી આવ્યો. એણે સલામ કરી કહયું : ઝોહય્ર બિન કય્ન ! તમને અબુ અબ્દુલ્લાહિલ હુસૈન બોલાવે છે...!

આ સંદેશો અમને ખરાબ પણ લાગ્યો અને અજાયબી પણ થઈ, પણ ઝોહય્રની ઘરવાળી દિલ્હમ બિન્તે ઉમરૂએ ઝોહય્રને કહયું : "... રસૂલે ખુદા (સ.) નાં ફરઝંદે તમને બોલાવવા આદમી મોકલ્યો છે - તમને બોલાવે છે, તો જરુર જાવ, કોઈ જ વાંધો નથી... શું કહે છે તે વાત સાંભળીને ચાલ્યા આવો.."

એ ખાતુનની આટલી વાત ખુબ અસર દેખાડી. તેનાં શૌહરનું નામ શોહાદાએ ઈસ્લામના બુઝુર્ગ તરીનોની ફેહરિસ્તમાં શામેલ થઈ ગયું,

ઝોહય્ર પોતાની પત્નીનાં કહેવા મુજબ ઈમામની ખિદમતમાં ગયા અને થોડીવાર પછી જયારે પાછા ફર્યા, તો ચેહરો ગુલાબની જેમ ખીલેલો હતો.

તેઓએ આવતાં જ કહયું કે મારો તંબુ પણ ઈમામનાં કેમ્પમાં લઈ જવામાં આવે..

ઝોહય્ર ઈમામની સાથે ગયા અને શહાદતનો શરફ મેળવ્યો. તેમની પત્નીને પોતાનાં સગાં-વ્હાલાઓને ત્યાં ચાલ્યું જવું પડયું.

https://downloadshiabooks.com/

પુસ્તક 'તઝકેરએ સિબ્ત' અનુસાર એક વધુ ફખ્ર આ ખાતુનને મળ્યો છે. ઝોહય્ર જયારે શહીદ થઈ ગયા, તો તેમની પત્નીએ પોતાનાં ગુલામને કહયું : જાવ, તમારા આકાને કફન પહેરાવી દો... ગુલામે આવીને જોયું, તો ઈમામની લાશ પણ કફન વિનાની હતી. એણે કહયું : એ શી રીત થઈ શકે કે હું મારા આકાને કફન પહેરાવું અને ઈમામને એમ જ રહેવા દઉં ! આથી પહેલા એણે ઈમામને કફન પહેરાવ્યું અને તે પછી પોતાનાં આકા ઝોહય્રને કફન પહેરાવ્યું,

એક બીજા ખાતૂન જેઓ પણ તેહસીન અને આફરિનનાં હકદાર છે. તેમની કુરબાની પણ ઈતિહાસે નોંધી છે. તેમનું નામ ઉમ્મે વહબ. તેઓ અબ્દુલ્લાહ બિન ઉમૈર કલબીની પત્ની થતાં હતાં.

આ અબ્દુલ્લાહ બિન ઉમૈરનો સબંધ "બની અલીમ" ની બિરાદરી સાથે હતો. તેઓ કુફાનાં રહેવાસી હતાં. તેઓએ જોયું કે કુફા નજીક નખીલા ખાતે એક લશ્કર એકઠું થઈ રહયું હતું ! તેઓએ પુછયું કે, "એ લશ્કર કયાં જઈ રહયું છે ? અને શા માટે જઈ રહયું છે ?"

લોકોએ કહયું : આ લશ્કર દુખ્તરે રસુલ ફાતેમા (અ.) નાં ફરઝન્દ હુસૈન (અ.) સાથે જંગ કરવા ઈરાક જ જઈ રહયું છે ! ! !

એ સાંભળતાં જ અબ્દુલ્લાહ બિન ઉમૈરે કહયું : અલ્લાહ જાણે છે કે મારી આરઝુ હતી કે ખુદાની રાહમાં મુશરેકો સામે હું લડું. હવે મારો વિચાર એવો થાય છે કે આ લોકોની સામે લડું, જેઓ રસુલ (સ.) નાં ફરઝન્દને કતલ કરવાનાં ઈરાદે જઈ રહયા છે, અને તેમાં કાંઈ ઓછો સવાબ નથી....

અબ્દુલ્લાહે રવાનગીનો નિર્ણય કરી લીધો અને પોતાની પત્ની ઉમ્મે વહબને તે બાબત વાત કરી. એની ઘરવાળીએ કહયું : તમે ઘણો

https://downloadshiabooks.com/

સરસ વિચાર કર્યો છે., અલ્લાહ તમારી મદદ કરે, મને પણ તમારી સાથે લઈ ચાલો...

અબ્દુલ્લાહ પણ રાતોરાત ત્યાંથી પોતાનાં પત્ની સાથે નિકળી પડયા. કદાચ ૮ મી મોહર્રમે કરબલા પહોંચી ગયા હતાં.

આશુરાની સવારે જયારે જંગની શરૂઆત થઈ, તો દુશ્મનો તરફથી ઉબેદુલ્લાહ બિન ઝિયાદનાં બે ગુલામો મેદાનમાં આવ્યા. આ તરફથી હબીબ બિન મઝાહિર અસદી અને બુરેર બિન ખઝીર તેમનો મુકાબલો કરવા તૈયાર થઈ ગયા. એ બન્નેને ઈમામે ફરમાવ્યું : તમે થોભી જાવ...!

એ જોઈ તરત જ અબ્દુલ્લાહ બિન ઉમૈરે ઈમામ પાસે પરવાનગી માંગી અને એકલા જ એ બન્નેનો મુકાબલો કર્યો. જોતજોતામાં એ બન્નેને જહન્નમ ભેગા કરી દીધા...

અબ્દુલ્લાહની પત્નીએ પોતાનાં શૌહરની આ દિલાવરીને જોઈને પોતે પણ તંબુમાંની એક લાકડી લઈને મેદાનમાં નિકળી આવી અને પોતાનાં હિંમતવાન શૌહરને સંબોધીને કહેવા લાગી : “મારા મા-બાપ તમારા પર કુરબાન.. રસુલેખુદા (સ.) નાં પવિત્ર ફરઝન્દોને માટે જાન કુરબાન કરવાનો આ જ સમય છે....”

આ હિમ્મતવાન ખાતુનનાં જોશ અને હોંસલાને જોઈને ઈમામે તેને ફરમાવ્યું : જઝાકલ્લાહ ..! પણ તમે ઔરત છો, ખયમામાં પાછા જાવ ! અને ત્યાં જ રહો ... ઔરતો પર જિહાદ નથી.

આશુરાનાં દિવસે શહીદ થનારાઓમાં અબ્દુલ્લાહ બિન ઉમૈર બીજા શખ્સ હતાં. પહેલા શહીદ મુસ્લિમ બિન અવસજા હતાં.

https://downloadshiabooks.com/

એક વધુ ખાતૂન જેમનું નામ આશુરાનાં બનાવો સાથે સંકળાયેલું છે. તેઓ છે રબાબ બિન્તે, અમ્રઅલ કય્સ, જેઓ ઈમામ (અ.સ.) નાં પુનિત પત્ની થતાં હતાં. ઈમામ (અ.) સાથે કરબલાની મુસાફરીમાં તેમનાં એક જ પત્ની હતાં. જયારે ઈમામે સજ્જાદ (અ.) નાં વાલિદ શહરબાનુ જેઓ ઈરાનનાં આખરી સાસાની બાદશાક યઝદે ગર્દના બેટી હતાં. તેનો લગભગ ચોવીસ વર્ષે અગાઉ વફાત પામી ચૂકયા હતાં.

હ. અલી અકબર (અ.) નાં માતા સાહેબા એટલે લયલા બિન્તે અબી મુર્રહ બિન ઉર્વહ બિન મસ્ઊદ સકફીનું નામ પણ કરબલાનાં બનાવોમા કયાંય આવ્યું નથી. તે બાબતે માહિતી નથી કે તેઓ ત્યારે જીવતાં હતાં કે નહીં., જઅફર બિનલ હુસૈન (અ.) નાં વાલેદા જેમનો સબંધ 'કઝાઆ કબીલા સાથે હતો, તેમનું નામ પણ આ બનાવોનાં સબંધમાં આવ્યું નથી. ફાતેમા બિન્તલ હુસૈન (અ.) નાં વાલેદા એટલે કે ઉમ્મે ઈસ્હાક બિન્તે તલ્હા બિન ઉબૈદુલ્લાહ તયમીનો ઝિક્ર પણ નથી. અલબત્ત, ફાતેમા કરબલામાં મૌજૂદ હતાં અને કુફા અને શામ પણ ગયા હતાં. ઈમામ (અ.) ની પુનિત પત્નીઓમાં ફકત એક જ બુઝુર્ગ ખાતુન એટલે કે રબાબ બિન્તે અમ્રઅલ કય્સ આ મુસાફરીમાં ઈમામનાં સાથે હતાં. તેમનાં વાલિદ અમ્રઅલ કય્સ ઈસાઈ હતાં. હ. ઉંમરની ખિલાફતનાં  જમાનામાં ખલીફાની પાસે આવીને ઈસ્લામ સ્વીકાર્યો હતો. તે જ દિવસે ખલીફાએ તેમને કઝાઆ કબીલાનાં અમીર તરીકે મુકર્રર કરી દીધા હતાં.

હ. રબાબથી ઈમામ હુસૈન (અ.) ને એક બેટી થયા હતાં. જે શકીના (અ.) અને એક ફરઝન્દ હતાં અબ્દુલ્લાહ, જે હજી દૂધ પીતા બાળક હતાં. તે આશુરાનાં દિવસે શહીદ થઈ ગયા. તેઓ (રબાબ) પોતાની બેટી શકીના સાથે કૈદમાં પણ ગયા હતાં.

https://downloadshiabooks.com/

ચોથા ખાતૂન, જેમનું નામ આ બનાવો સાથે લઈ શકાય છે અને આશુરાનાં દિવસે બપોર બાદ બનાવનાં ચિત્રાને ઉઘાડું પાડે છે, તે હતાં બક્ર બિન વાઈલ કબીલાનાં ખાતૂન; જેઓએ એક નાનકડો ફકરો ઉચ્ચારીને ઈતિહાસમાં દુશ્મનનાં કમીનાપણાને જાહેર કરી દીધું છે. તે ખાતૂનનો શૌહર ઈબ્ને સઅદનાં લશ્કર સાથે આવ્યો હતો. આ ખાતૂને જયારે જોયું કે ઈમામનાં ખયમામાં કુફાનાં લશ્કરીઓ ઘૂસી રહયા છે અને ખાતૂનોનાં કપડા સુદ્ધાં લૂંટી રહયા છે, તો તેઓએ બુલંદ અવાજે કહયું —

“...ઓ આલે બક બિન વાઈલ, શું તમે ઝિન્દા છો ! જુઓ, આ લોકો રસુલ (સ.) નાં ફરઝન્દના ખૈમાઓ લૂંટી રહયા છે ! આવો અને ખૂનનો બદલો લઈ લ્યો...!”

આટલો નાનકડો ફકરો કહીને એ ખાતૂને સ્પષ્ટ કરી દીધું કે દુશ્મનો કમીનાપણામાં કયાં સુધી પહોંચી ગયા હતાં.

આશુરાની તવારિખનું અવલોકન કરતાં આપણને એવી પણ ખાતૂનોનાં નામો મળે છે, જેઓ કમાલ ખુલુસથી ઈમામે અલી મુકામની એ અઝીમ તેહરિકમાં હિસ્સો લીધો અને હક્કની હિમાયતમાં અવાજ ઉઠાવ્યો. જયાં સુધી શહીદોને લાગે વળગે છે. તે બધા આલી મર્તબાવાળા હતાં પછી તે ‘હાશિમી’ હોય કે ‘ગેરહાશિમી’ પણ કોઈ બીજા મુકામ સુધી નથી પહોંચી શકતા કે જે મકામ તે તેહરીકનાં અગ્રણી ઈમામ હુસૈન (અ.) નો છે.

તેવી જ રીતે તે ખાતુનોમાંથી કે જેઓએ આ ભયંકર બનાવમાં ઉચ્ચ ચરિત્ર દેખાડયુ છે, તેમાંની કોઈ પણ ખાતૂન તે દરજજા સુધી પહોંચી શકે એમ નથી કે જે અમીરૂલ મોમેનીન (અ.) ની દુખ્તર હઝરત ઝયનબ (અ.) માટે મખ્સૂસ છે.

https://downloadshiabooks.com/

કેદી થઈ ગયા પછી હ. ઝયનબ (અ.) પોતાનાં ભાઈની જગ્યા જાણે સંભાળી લીધી હતી; અને આશુરાની 'અસ્ર' નાં સમયથી મદીના પહોંચવા સુધી એ જ પોગ્રામની તકમીલ કરી હતી. જે રીતે ઈમામ પોતાની શહાદતનાં સમય સુધી અમલ કરતાં રહયા હતાં. ઈમામે ફરમાવ્યું હતું કે, ઝિલ્લત અને બેબસી અમો અહલેબૈતથી ઘણાં દૂર છે. હ. ઝયનબ (અ.) એ તેની પર જ અમલ કર્યો અને તે તરબિયતનો હકક અદા કર્યો, જે તેઓ પોતાની વાલેદા ફાતેમા ઝેહરા (અ.) તરફથી મેળવી શકયા હતાં.

અમીરૂલ મોમીનીન (અ.) ની દુખ્તરથી એ જ તવક્કોઅ (સંભાવના) થઈ શકતી હતી કે તેઓ સબ્ર અને શુક્રથી કામ લે, કારણ કે તેમનાં માતા જનાબે ફાતેમા (અ.) અને નાની હ. ખદીજતુલ કુબરા જ હતાં. જેઓએ એમ જ કર્યુ. હતું. હ. ખદીજા કે જે સૌથી પહેલા રસુલે ખુદા (સ.) પર ઈમાન લાવ્યા હતાં. જેઓએ ઈસ્લામની દઅવતને આગળ વધારવા તકલીફો ઉઠાવી હતી અને 'બેઅસત' નાં પહેલા વરસથી લઈને દસ વરસ સુધી એટલે કે પોતાની વફાતનાં સમય સુધી દરેક આડા વખતમાં રસુલે ખુદા (સ.) નાં હમદમ અને ગમગુસાર રહયા હતાં.

એ જ હઝરત ખદીજાની નવાસી ઝયનબે કુબરા (અ.) હતાં. હુસૈન બિન અલી (અ.) એ જે કદમ ઉપાડયો હતો, તેમનો મકસદ દીનને વિકસાવવા અને દઅવતને ઝિંદા રાખવા સિવાય બીજો કંઈ જ નહીં હતો.

તો પછી જો દીને મુબીન અને કુરઆને મજીદને ખાતર ઔરતોને પણ કૈદી થવાનું હતું અને તે બહાને બજારો-ગુઝરગાહોમાં તકરીરો કરીને દુશ્મનનાં પ્રોપેગેન્ડાનો જવાબ આપવાનો હતો, તો પછી એવા

https://downloadshiabooks.com/

કાર્ય માટે અમીરૂલ મોમેનીન (અ.) નાં દુખ્તરથી વધીને કોણ યોગ્ય હોઈ શકતું હતું ?

હ. ઝયનબે કુબરાએ જાંનિશારીનો સબક રસુલે ખુદા (સ.) નાં સૌથી મોટા જાંનિસાર એટલે કે ખદીજતુલ કુબરા અને તેમનાં સૌથી મોટા હમદર્દ અને હામિ હ. અબુ તાલિબ (અ.) તરફથી વારસામાં મેળવ્યો હતો.

ઝયનબે કુબરા, જેઓ અલી બીન અબી તાલીબ (અ.) નાં બેટી અને ખદીજતુલ કુબરાનાં નવાસી હતાં. તેઓએ કુફાનાં બજારમાં એક ખુત્બો આપ્યો. જે તેઓનાં વાલિદે મોહતરમ અમીરૂલ મોમેનીન જેવો વિદ્વતાપુર્ણ હતો; એવું લાગતું હતું કે જાણે તેઓ અલી (અ.) ની ઝબાનથી બોલી રહયા હોય ! જોતજોતામાં લોકોને એવા ખામોશ કરી દીધા કે જાણે તેમનાં સીનાઓમાં તેમનાં શ્વાસો શ્વાસ અટકી ગયા હતાં.

અહમદ બિન અબી તાહિર બગદાદી (વફાત હિ.સ.-૨૮૦) પોતાની કિતાબ ‘બલાગતુન્નિસાઅ’ માં એ ખુત્બા બાબતની ત્રણ રિવાયતો બયાન કરેલી છે. જેમાંની એકની સનદ ઈમામ જઅફરે સાદિક (અ.) સુધી પહોંચે છે.

હ. ઝયનબ (અ.) નાં બહેન ઉમ્મે કુલસુમ (અ.) એ પણ કુફાનાં બજારમાં ખુત્બો આપ્યો.

[આ ઉમ્મે કુલસુમ (અ.) નાં વાલિદા ગિરામી જ. ‘ઉમ્મે વલદ’ હતાં. ઉમ્મે કુલસુમને ઉમ્મે કુલસુમ સુગરા પણ કહેવામાં આવતાં હતાં.]

https://downloadshiabooks.com/

આ બન્ને બહેનોએ પોતાનાં ખુત્બાઓમાં કુફાવાળાઓને ખુબ ઠપકો આપ્યો હતો, તેની લોકો પર એટલી બધી અસર થઈ હતી કે તેમની આંખોમાંથી આંસુઓ વહેતા થઈ ગયા હતાં અને ચીસો નિકળી ગઈ હતી. ઈમામનાં દુખ્તર હ. ફાતેમાએ પણ કુફાનાં બજારમાં ખુત્બો આપ્યો હતો; લોકો સાથે ગુફતેગુ કરીને તેઓની ભૂલ તરફ અને તેઓની બદ-કિસ્મતી તરફ ધ્યાન દોર્યુ હતું .

# ઈબ્ને ઝિયાદને હ. ઝયનબ (અ.) નો જવાબ

અહલેબૈતની ઔરતોએ ખુત્બાઓ ધ્વારા લોકોને માહિતગાર કર્યા પછી તેઓને ઈબ્ને ઝિયાદની મજલીસમાં ગુફતેગુનો મૌકો મળ્યો.

અમીરુલ મોમેનીન (અ.) ના દુખ્તર ખૂબ જ સીધા સાદા લિબાસમાં પોતાની કનીઝોની સંગાથમાં મજલીસમાં તશરીફ લાવ્યા અને મહેલનાં એક ખુણામાં બેસી ગયા.

ઈબ્ને ઝિયાદે પુછયું : પેલી ઔરત, જે પેલા ખુણામાં બેઠી છે એ કોણ છે ?

કોઈએ કશો જવાબ આપ્યો નહીં, ફરીથી જયારે એણે પુછયું તો હ. ઝયનબ (અ.) ની એક કનીઝથી કહેવાયું નહીં; એણે કડક અવાજે જવાબ આપ્યો : તેઓ દુખ્તરે રસુલ હઝરત ફાતેમા (અ.) ની બેટી ઝયનબ (અ.) છે....

હ. ઝયનબ પર તે સમયે ઘણી ભારે ઝિમ્મેદારી હતી. પહેલું તો એ કે તેઓ ધીરજથી-સહનશીલતાથી કામ લે, સબ્રનો પાલવ હાથમાંથી છુટવા દે નહીં; અને બીજું એ કે ઈબ્ને ઝિયાદની સામે તેની વાતોનો બરાબર જવાબ આપવાનો હતો, જેથી ઈબ્ને ઝિયાદ લોકોને ઠગી શકે

https://downloadshiabooks.com/

નહીં, લોકોમાં ગેરસમજ ઉભી કરી શકે નહીં; સાચી વાતને સારી રીતે રજુ કરવાની હતી.

ઈબ્ને ઝિયાદે કહયું : "ખુદાનો શુક્ર છે કે તમને લોકોને ઝલીલ કર્યા, તમારા આદમીઓ માર્યા ગયા; અને તમારૂ તાજુ જુઠ્ઠાણું ખુલ્લું પડી ગયું..."

કુફ્ર-ભરપુર એવા કલેમાત. કામિયાબીનાં નશામાં ચૂર ઈબ્ને ઝિયાદ બકી ગયો...

પણ બની હાશિમે તો એવું કોઈ જુઠ્ઠાણું કહયું નહીં હતું, તેમનું તાજુ જુઠ્ઠાણું શું એ જ હતું કે તેઓ એ જ કહી રહયા હતાં કે જે નબી મોહમ્મદ રસુલુલ્લાહ (સ.) કહી ગયા હતાં, શું એ કોઈ જુઠ્ઠાણું હતું ? પણ હવે હઝરત ઝયનબ (અ.) નો જવાબ સાંભળો; તેમણે તરત જ જવાબ આપ્યો :

"...ખુદાનો શુક્ર કે જેણે અમને પોતાનાં નબી મોહમ્મદ (સ.) થી ઈઝઝત બખ્શી અને અમને ગંદકીથી પાક-પવિત્ર કર્યા. જુઠું તો તે જ બોલતો હોય છે, જે 'ફાજિર' હોય છે, રૂસ્વા તે જ થતો હોય છે જે 'ફાસિક' હોય છે અને અલ્હમદોલિલ્લાહ, અમે તે નથી; એ કોઈ બીજાઓ જ છે..."

આ જડબાતોડ જવાબ અમીરૂલ મોમીનીન (અ.) દુખ્તરે, ઈબ્ને ઝિયાદનાંએ ગુસ્તાખીભરી ભાષાનો આપ્યો હતો કે જયારે એણે કહયું હતું : 'ખુદાએ તમારા ખાનદાન સાથે શું કર્યુ ?'

ઈબ્ને ઝિયાદ, એ રીતે જાણે અમીરૂલ મોમેનીન (અ.) ની દુખ્તરની હિમ્મત તોડી નાંખવા માંગતો હતો; અને એમ ઈચ્છતો હતો કે

https://downloadshiabooks.com/

તેમનો હોંસલો પસ્ત કરી દઈને તેમને પોતાની ખુશામદ કરવા તેયાર કરે ! જો કે એટલું સમજતો નહીં હતો કે અહલેબૈત પોતાનાં મામલાઓમાં હોંશિયાર હોય છે, તેઓ જે કાંઈ કહેતા હોય છે તે સમજી વિચારીને કહેતા હોય છે; અને તે મકસદને પુરો કરવાને કહેતા હોય છે કે જે તેમની નઝર સમક્ષ હોય.

"જોયું, ખુદાએ તમારા ખાનદાન સાથે શું કર્યુ ?" એવા સવાલના જવાબમાં હઝરત ઝયનબે કહયું :

"...ખુદાએ તેમને માટે શહાદત મુકદ્દર કરી હતી. એટલે તેઓ શહીદ થઈ ગયા.. અને હવે બહુ જલ્દી ખુદા તને અને તેઓને હિસાબ-કિતાબ માટે ભેગા કરશે, તો તેમની સામે જ ઝઘડાનો ફેંસલો થઈ જશે..."

આ જવાબ સાંભળી ઈબ્ને ઝિયાદ એટલો બધો વિફરી ગયો કે જો તેને ઉમરૂ બિન હરિસ ઠપકો આપે નહીં અને રોકતે નહીં, તો ઈમામની બહેનને કતલ કરી નાંખવાનો હુકમ એણે આપી દીધો હોત.

હ. ઝયનબ (અ.) એ તો પોતાની વાત કહી દીધી હતી અને એ પણ દર્શાવી દીધું હતું કે તે કેવો ફાસિક છે, કેવો ફાજિર છે; અને એહલેબૈતનું શું સ્થાન છે...

એકાદ મહિનો તે વાતને વિત્યો નહીં હોય, તેવામાં તે મજલિસ કરતાં પણ મોટી અને અગત્યની એક મજલીસમાં જવાનો સંજોગ થયો, વાત એવી હતી કે સામાવાળાઓ કુફાવાળાઓ કરતાં અહલેબૈતથી વધુ અજાણ-પરિચિત હતાં અને ઘણી મોટી ગેરસમજમાં ફસાએલા હતાં, તેથી જે વાત કહેવાની હતી તે વધુ જોર આપીને સ્પષ્ટ અને નિડરતા પુર્વક ચોખ્ખે ચોખ્ખી કહી દેવાની હતી. એટલે જરૂરી હતું કે ત્યાં

https://downloadshiabooks.com/

હિમ્મતપુર્વક બોલવામાં આવે- સ્પષ્ટ ચિત્ર દેખાડવામાં આવે. એ મજલીસ તે સમયનાં ખીલાફતનાં કેન્દ્ર એટલે કે દમિશ્ક ખાતે બોલવવામાં આવી હતી.

હ. ઝયનબે કુબરા (અ.) એ અહીં પણ ખુત્બો આપ્યો-ગુફ્તગુ કરી અને તે ખુત્બાને પણ પોતાની કિતાબ 'બલાગતુન્નિસાઅ' માં લેખક અહમદ બિન અબી તાહિર બગદાદી એ ઉતર્યો છે. એ લેખક લખે છે કે યઝીદની નઝર જયારે અહલેબૈતનાં કેદીઓ પર પડી ત્યારે તેઓની સામે આવીને ઉભા રહીને જોયા કર્યુ; પછી હુકમ આપ્યો કે પોતાની સામે ઈમામનું કપાયેલું માથું એક થાળમાં મૂકીને લાવવામાં આવે...

અને પછી પોતાનાં હાથમાં જે લાકડી હતી, તે લાકડી ઈમામનાં મુબારક દાંતો ઉપર  મારી અને કેટલાંક શે'ર બોલ્યો, જેનો સારાંશ એવો હતો કે —

.... આજે, આજે ..... મારા બાપ-દાદા જો જીવતા હોતે, તો જોતે કે આલે મોહમ્મદ (સ.વ.) નો કેવો અંજામ આવ્યો છે... અને એ જોઈને તેઓ કેટલા બધા ખુશ-ખુશ થઈ જતે ...

હ. ઝયનબે કુબરા (અ.) એવું સાંભળીને શી રીતે ચૂપ રહી શકે એમ હતાં ! એની એવી ઢબની વાતચિત અને તેની એવી હરકતોને કેવી રીતે નઝર  અંદાઝ  કરી શકે એમ હતાં ! ખાસ કરીને તો જયારે તે શખ્સ પયગંબર (સ.) ની જાનશીનીનો પણ દાવો કરી રહયો હતો અને તે સાથે જ પેગમ્બર (સ.) થી ઈન્તેકામ પણ લેવા ચાહતો હતો.

https://downloadshiabooks.com/

પેગમ્બરે (સ.) મકકાનાં જે મુશ્રેકીનને જગે બદ્રમાં કત્લ કર્યા હતાં. તેનાં બદલામાં આ શખ્સ ઈસ્લામનાં બુઝુર્ગોને કતલ કરી રહયો હતો.

એવા શખ્સની સામે ચુપકીદી રાખવાનો અર્થ એવો થતે કે શામનાં લોકો તેની વાતોને ગંભીરતાથી માની લેતે અને તેનાં પર વિશ્વાસ કરી લેતે, પણ એવા મૌકા પર ઝયનબે કુબરા (અ.) કેવી રીતે ખામોશ રહી શકે એમ હતાં ? તેઓએ જે કંઈ કહયું તે તેમની પોતાનાં ફર્ઝ સમજીને કહયું અને ખુદાએ પણ તેમની ગુફતેગુને મેહફૂઝ રાખી. આ એવી નેઅમત છે કે તે પર ખુદાનો શુક્ર અદા કરવો જોઈએ.

# તવારિખ ઘણી તાકતવર છે.

અમે આ પહેલા કહી ચૂકયા છીએ કે અહલેબૈતવાળાઓનો ખુત્બો અને તકરીરો ઝમાનાનાં હાથે મેહફૂઝ રહયા અને આજે પણ મોઅતબર કિતાબોમાં મૌજુદ છે. કરબલાનાં વાકેઆનાં ઈતિહાસ સબંધે સંપૂર્ણ માહિતીઓ ખુશકિસ્મતીથી મેહફૂઝ છે; તેમાં ઈમામ અને અહલેબૈતે મક્કામાં, હિજાઝ-ઈરાકનાતરસ્તે, કરબલામાં, કૂફામાં, શામમાં અને મદીનામાં જે ખુત્બાઓ આપ્યા હતાં. તે પણ છે અને તે ગુફતેગુ પણ છે કે જે જુદા જુદા લોકોની પુછપરછનાં જવાબમાં ઈમામ અને અહલેબૈતે કરી હતી. તે ‘રજઝ’ (યુદ્ધગીત) પણ છે, જે ઈમામે અને અસ્હાબે દુશ્મનોનાં મુકાબલામાં આશુરાનાં દિવસે બોલ્યા હતાં. આ બધું મોઅતબર કિતાબોમાં આપેલું છે.

એવી જ રીતે તે પત્ર-વ્યવહાર પણ છે, યઝિદ ઈબ્ને ઝિયાદને અને ઈબ્ને ઝિયાદે યઝિદને કર્યો હતો; તેમજ ઉંમર બિન સઅદ અને યઝિદ, તેમ ઈબ્ને ઝિયાદ અને મદીનાનાં હાકેમ વચ્ચેનો પત્ર-વ્યવહાર

https://downloadshiabooks.com/

અને આશુરાનાં બનાવ બાબત દરેક વિગત લંબાણપુર્વક બયાન કરી શકાય છે, તે પછી ‘મવાદ’ (વસ્તુ) ની જરૂર રહેતી નથી.

યઝીદે ઈબ્ને ઝિયાદને કાગળ લખીને, ઈરાકય્ન (કુફા અને બસરા) નો હાકેમ મુકર્રર કર્યો હતો ત્યારે લખ્યું હતું કે—

મને જાણવા મળ્યું છે કે મુસ્લિમ (અ.) [ઈમામનાં એલચી] મુસલમાનોમાં કૂટફાટ પડાવવા કુફા આવ્યા છે...

આથી જયારે મુસ્લિમ (અ.) ને ગીરફતાર કરવામાં આવ્યા અને પોતાની સામે રજુ કરવામાં આવ્યા, ત્યારે ઈબ્ને ઝિયાદે સખ્ત્નાઈથી ધુત્કારી કહયું હતું —“...ઓ ઈબ્ને અકીલ, આ શહેરનાં લોકો નિરાંતથી આનંદ ખુશાલીમાં હતાં, પણ તમે આવીને તેમાં ભાગલા પડાવ્યા.... અને તેમને એકબીજાનાં લોહીનાં તરસ્યા બનાવી દીધા...”

[આ શબ્દો યઝીદનાં હતાં, જે ઈબ્ને ઝિયાદે મુસ્લિમ (અ.) સામે દોહરાવ્યા હતાં.]

મુસ્લિમ (અ.) એ જવાબમાં કહયું હતું :

...... ના, એવી વાત નથી; હું લોકોમાં ફાટકૂટ પડાવવા આવ્યો નથી. બલ્કે અહીંનાં લોકોએ અમને કાગળો લખ્યા હતાં અને શિકાયત કરી હતી કે તારા બાપ ઝિયાદે તેમનાં પર ઝુલ્મો કર્યા છે અને કેટલાંય નેક લોકોને કતલ કરાવી નાંખ્યા છે. અમે ઈન્સાફ કાયમ કરવા માટે આવ્યા છીએ અને લોકોને કુર્આનની તઅલીમાત પર અમલ કરવાની દઅવત આપીએ છીએ...

https://downloadshiabooks.com/

આ શી રીતે બની શકે કે ઈતિહાસ યઝિદ અને ઈબ્ને ઝિયાદનાં ફકરાઓને નોંધે અને મુસ્લિમ (અ.) એ આપેલો ટુંકો જવાબ પણ ઉલ્લેખ કર્યા વિનાનો છોડી દે ? જો કે એટલા ટુંકા જવાબમાં જ ઝિયાદ જેવા બદનામે ઝમાના ઝાલિમની હુકુમતનો પર્દો ખુલી જાય છે. આવા સાચા જવાબોની નોંધ લેવામાં આવી ન હોત, તો આગામી પેઢીઓ એવો જ ખ્યાલ કરતે કે વાત સાચી હશે ! મુસ્લિમ (અ.) સુલેહ પસંદ નહીં, પર શરરપસંદ હશે... અને આ વાત કેટલી શકય અને ગેરમુમ્કિન છે.

ઈમામને યઝીદ કત્લ કરાવી શકે. તેમનાં સાથીદારોને શહીદ કરાવી શકે, અહલેબૈતને ગીરફતાર કરવી શકે; અને ઘણું બધું કરી શકયો પણ હતો; પણ ઈતિહાસનાં ચેહરાને વિકૃત કરવાનું તેનાં ગજાની વાત નહીં હતી.

ઈબ્ને ઝિયાદે કરબલાનાં બનાવ પછી પદ્ધતિસર લોકોને માહિતગાર કરવા, કુફાની જામેએ મસ્જિદમાં જઈને હજારોનાં મજમા સામે જે સંબોધન કર્યુ તેનાં ગુસ્તાખ શબ્દો જુઓ  એણે પોતાની તકરીરમાં કહયું —

“.... અલ્લાહનો શુક્ર છે, જેણે હક્ક અને હક્ક પરસ્તોની મદદ કરી, ‘અમીરૂલ મોમેનીન યઝિદ’ (મઆઝલ્લાહ) અને તેનાં હામીઓ કામિયાબ થયા અને ‘કઝઝાબ ઈબ્ને કઝઝાબ’ (મઆઝલ્લાહ) હુસૈન બિન અલી (અ.) અને તેમનાં સાથીઓ માર્યા ગયા..”

આવી તકરીરથી બનવા જોગ હતું કે અમુક સમય માટે લોકો શંકામાં પડી જતે અને એવો ખ્યાલ કરતે કે સમયનો હાકેમ, મુસલમાનોનાં મજમા સામે મસ્જિદમાં આટલું બધું જોર દઈને જે કંઈ કહી રહયો છે, તેમાં કંઈક તો હકીકત જરૂર હશે.. અને કેટલાંક ઓછી

https://downloadshiabooks.com/

સમજવાળા કે અજાણ્યા તો એવું જ સમજતે કે જયારે સમયનો હામેમ 'અલ્લાહનો શુક્ર છે, એવું કહીને જયારે બોલી રહયો છે, તો પછી તે સાચું જ હશે.. ખુદાએ ખૈર કરી કહેવાય કે હુસૈન બિન અલી (અ.) માર્યા ગયા ! ઠીક થયું ! સારૂ થયું ! પણ ...'

એ લોકો જેઓ મસ્જિદમાં ભેગા થયેલા હતાં, છુટા પડે કે વેરવિખેર થાય, તે પહેલા જ એક મુસલમાને પોતાની જાન પર ખેલીને ઈબ્ને ઝિયાદની બકવાસનો જવાબ તે જ વખતે આપ્યો.

શેખ મુફીદ (અ.ર.) અને તબરી લખે છે કે, હજી ઈબ્ને ઝિયાદની તકરીર ખત્મ થઈ ન હતી, ત્યાં તો 'અબ્દુલ્લાહ બિન અફીફ અઝદી ગામેદી' પોતાની જગ્યાએથી ઉભા થઈ ગયા.

આ અબ્દુલ્લાહ શિઈયાને અલીમાંથી હતાં. જંગે જમલમાં તેમની જમણી આંખ તેઓએ ગુમાવી દીધી હતી; અને જંગે સિફ્ફિનમાં તેમની ડાબી આંખ પણ તેઓ ખોઈ બેઠા હતાં અને પોતે નાબીના (અંધ) થઈ ગયા હતાં. તેમની કામગીરી એટલી જ હતી કે દરરોજ સવારે કુફાની મસ્જિદમાં આવી જતાં, દિવસભર નમાઝ અને ઈબાદતમાં મશ્ગુલ રહેતા અને ઘરે પાછા ચાલ્યા જતાં.

ઈબ્ને ઝિયાદની બદતમીઝી જયારે હદથી આગળ વધી ગઈ, તો અબ્દુલ્લાહ બિન અફીફે ઉભા થઈને કહયું—

"...ઓ ઈબ્ને મરઝાના કઝઝાબ ઈબ્ને કઝઝાબ તું છે.. તારો બાપ છે.. અને તે છે જેણે તને ઈરાકનો હાકેમ બનાવીને મોકલ્યો છે, અને તેનો બાપ છે.. તમે લોકો પેગમ્બર (સ.) નાં ફરઝન્દોને કત્લ કરીને હકક અને સદાકતનું નામ લ્યો છો ...! !"

https://downloadshiabooks.com/

"ઈબ્ને ઝિયાદ તો એવી ખુમારીમાં હતો કે તવારિખ પર પણ તેની હકુમત છે. એટલે ગુસ્સાથી અંગાર જેવો થઈ ગયો અને બરાડા પાડીને બોલ્યો : આને પકડીને મારી પાસે લાવો..."

એક શોર બર્પા થઈ ગયો. લોકોનાં જીવ અધ્ધર થઈ ગયા. એ બુઝુર્ગે જે કાંઈ કહયું હતું, તે સમજી વિચારીને કહયું હતું, જાન પર ખેલી જઈને કહયું હતું; અને ઈબ્ને ઝિયાદનાં જુલ્મોને ચલાવી શકાય એમ નહીં હતું, સચ્ચાઈ ચુપ રહી શકે એ મુમ્કીન નહીં હતું..

અને ઈબ્ને ઝિયાદે હુકમ કર્યો—

"આ સખ્શને શૂળીએ લટકાવી દો...!"

પણ અલ્લાહનાં એ સત્યચાહક બંદા આશુરાની તવારિખનું એક રોશન પ્રકરણ પોતાનાં લોહીથી લખીને જ ગયા હતાં.

પછી ઈબ્ને ઝિયાદે ઈમામ (અ.) નાં મુકદ્દસ ઉપર નઝર કરી, પછી હસ્યો; અને એવી રીતે પોતાનાં હાથમાંની સોટીથી ઈમામના મુબારક દાંત પર મારવા લાગ્યો. તે સમયે એક ઘરડા સહાબી, ઝૈદ બિન અકરમ ત્યાં હાજર હતાં. તેઓએ આ દ્રશ્ય જોયું અને રડી પડયા; રડતા રડતા બોલ્યા —

"ઓ...! તારી સોટી એ હોઠો પરથી હટાવ, ખુદાએ વાહિદનાં સોગંદ, મેં સેંકડો વખત રસુલે ખુદા (સ.) ને પોતાનાં હોઠ આ હોઠો પર મુકતાં જોયાં છે...!"

અને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગી ગયા.

https://downloadshiabooks.com/

ઈબ્ને ઝિયાદ કદાચ એવું ધારતો હતો કે પોતે 'મુસલમાન' પણ રહે અને રસુલે ખુદાનાં ફરઝન્દોને કતલ પણ કરે ! મુસલમાન રહીને ઈસ્લામનાં રક્ષકોને જુઠ્ઠા પણ કહે ! પોતે ઈસ્લામનાં પ્યારાઓનું ખુન પણ વહાવે અને તવારિખમાં મુસલમાન પણ પોતાને કહેવડાવે !

# યઝીદનાં દરબારમાં હ. ઝયનબ (અ.) નો ખુત્બો

હવે આપણે ઝયનબે કુબરા (અ.) ની એ તકરીર જોઈ જઈએ, જે તેઓએ યઝિદનાં દરબારમાં ફરમાવી હતી એ તકરીર પણ ત્રીજી સદીના ઈતિહાસનાં પુસ્તકોમાં નોંધાયેલી છે એ તકરીરનાં ઝિક્ર દરમ્યાનમાં તારીખની અગત્યતાની વાત આવી ગઈ.

કાફિર શાએર, અબ્દુલ્લાહ બિન ઝિબઅરી સહમીનાં કુફ્રની હાલતમાં લખાએલા કુફ્ર-આમેઝ અશઆર યઝીદ પઢી રહયો હતો. તેમાં તેનાં તરફથી પણ કરેલા ઉમેરામાં ખુલ્લે ખુલ્લું એવું કહી રહયો હતો કે —

.. મારા બાપ-દાદાઓનો ઈન્તકામ હું મોહમ્મદ (સ.) નાં ફરઝન્દોથી લેવા ચાહું છું.. જેઓ મોહમ્મદ (સ.) નાં સાથીઓનાં હાથે કતલ થયેલા છે, તેઓને બદલો લેવા માંગું છું...!

ખુમારીનાં ખુવાર યઝિદ અભિમાનપુર્વક જયારે બોલી રહયો હતો, ત્યાં તો હ. ઝયનબ બિન્તે અલી (અ.) ઉભા થઈ ગયા અને બોલવાનું શરૂ કર્યુ ; યઝીદનાં ત્રાણ વર્ષિય ઈતિહાસમાં એક એવું પ્રકરણ ઉમેરાયું, તેઓએ કહયું (અરબી શબ્દોમાં સારાંશ) -

https://downloadshiabooks.com/

.. ઓ યઝિદ, અલ્લાહ અને તેનાં રસુલે (સ.) સાચું કહયું છે કે જેઓ બુરા કામ કરે છે, તેમનો એવો અંજામ થતો હોય છે કે તેઓ ખુદાની નિશાનીઓને જુઠલાવવા લાગી ગયા જતાં હોય છે અને તેની મજાક ઉડાવતાં હોય છે, તેની અવગણના કરે છે, હલકા પાડે છે, અને જેવી રીતે 'જંગે ઓહદ' માં કેટલાંક મુસલમાનો શહીદ થવાથી મક્કાનાં બુતપરસ્તો ખુશ થઈને ગીતો ગાતા હતાં, તું પણ રસુલ (સ.) ના ફરઝન્દોની શહાદતથી ખુશ થઈને શાએરી કરી રહયો છે.. અને રસુલે ખુદા (સ.) થી વેર-ઈન્તકામ લેવાની વાતો કરી રહયો છે. અલ્લાહની આયતોને જુઠલાવનારની એવી જ હાલત હોય છે, તું અત્યારે એવી જ હાલત સુધી પહોંચી ગયો છે, જે તારા આઅમાલનાં ફળરૂપે છે; જે શખ્સ ગુનાહો કરવાનો આગ્રહ રાખે છે, તે કુરઆની ફેંસલા મુજબ એક દિવસે આયાતે ખુદાવંદીને જુઠલાવીને તેની મઝાકો ઉડાડવા લાગીને, જહન્નમનાં અઝાબનો હક્કદાર જ થતો હોય છે...

...યઝીદ !... તું જો એમ સમજતો હોય કે અમારે માટે તેં બધાં જ રસ્તા બંધ કરી દીધા છે છે, અમારૂ ધરતી-આકાશમાં કયાંય ઠેકાણું નથી, આજે અમને કેદીઓની જેમ આમથી તેમ લઈ જવામાં આવી રહયા છે, અમને તું ઝલીલ કરી રહયો છે અને તને તેથી ઈઝઝત મળવાની છે એમ તું સમજે છે, પણ તું એમ નથી સમજતો કે તને અલ્લાહ તરફથી ઢીલ આપવામાં આવી છે, અલ્લાહે તને ઢીલો દોર આપી રાખેલો છે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે—

... કાફિરોએ એવું નહીં સમજવું જોઈએ કે અમે તેઓને જે ઢીલ આપી છે, તેમાં તેઓનાં ગુનાહોમાં હજી ઉમેરો થાય, એને પછી બેશક તેમનાં માટે ભયંકર અઝાબ છે.

ઝયનબે કુબરા (અ.) એ તે પછી યઝિદને યાદ અપાવ્યું કે મકકાની ફતેહ વખતે હિ. સ. ૮ માં રસુલે ખુદા. (સ.) એ મકકાનાં

https://downloadshiabooks.com/

લોકો પર એહસાન કરીને સૌને આઝાદ કરી દીધા હતાં; યઝિદએ વખતે જેમને આઝાદી આપવામાં આવી હતી, તે લોકોની ઔલાદમાંથી છે. તેનાં મા-બાપ અને તેનાં દાદા અબુ સુફિયાન, તે આઝાદ કરેલાઓમાંથી હતાં. રસુલે ખુદા (સ.) એ, આ લોકોએ ભૂતકાળમાં કરેલા તેમનાં કાર્યોને નઝર અંદાઝ કરી દઈને તે સૌને આઝાદ કરી દીધા હતાં અને ફરમાવ્યું હતું - જાવ ! તમને સૌને છોડી મુકવામાં આવે છે.

રસૂલ (સ.) ની બેટીએ પોતાનાં ખુત્બામાં થોડુંક બોલ્યા પછી આ જ વિષયનો ઉમેરો કર્યો અને ભૂતકાળ યાદ અપાવ્યો હતો. તેમનાં શબ્દો હતાં—

.. ઓ આઝાદ કરેલાઓની ઔલાદ, આ કેવો ઈન્સાફ છે કે તું પોતાની ઔરતોને કનીઝો-દાસીઓને પર્દામાં રાખે છે અને રસુલે ખુદા (અ.) ની બેટીઓની બેપર્દગી કરે છે ? તેમને દુશ્મનોનાં હાથમાં છોડી દે છે. જેથી દુશ્મનોએ ઔરતોને ઊંટો પર બેસાડીને એક શહેરમાંથી બીજા શહેરમાં ફેરવતાં રહે અને એ નબીઝાદીઓને કોઈ પુછનાર હોય નહીં ..!

.. અમારો જે દુશ્મન છે, તે અમારા પ્રત્યે કિન્ના-વેર શા માટે નહીં રાખે, તું પહેલી નિડરતાં-બેબાકીથી કહી રહયો છે કે - "કાશ તારા બુઝુર્ગો, જેઓ બદ્રની જંગમાં માર્યા ગયા, તેઓ આજે મૌજુદ હોતે તો ..' તને અલ્લાહનો ખૌફ નથી.. તું અબુ અબ્દુલ્લાહ (હુસૈન (અ.) નાં દાંતો પર સોટી મારી રહયો છે ? શા માટે નહીં મારે ? તું આલે રસુલ (સ.) અને આલે અબ્દુલ મુત્તલિબ (અ.) નાં ઝગમગતા સિતારાઓનું લોહી વહાવી દઈને અગાઉથી જ શરમ-હયાથી હાથ ધોઈ ચુકયો છે, નિર્લજજ-બેશરમ થઈ ચુકયો છે.. પણ તારે જાણવું જોઈએ કે વહેલી તકે તને ખુદા પાસે જવાનું છે, તે વખતે તું એવી તમન્ના કરશે કે કાશ,

https://downloadshiabooks.com/

તું આંધળો અને બહેરો હોતે; અને એવું ન કહેતે કે - તારા બુઝુર્ગો માટે આજનો દિવસ કેટલો ખુશીનો છે...

તે પછી બિન્તે રસુલે (અલ્લાહની બારગાહમાં) કહયું : ખુદાયા ! જેઓએ અમારા પર ઝુલ્મ કર્યો છે, તેમની પાસેથી અમારો ઈન્તકામ લે.

તે પછી યઝીદને સંબોધીને તેઓએ ફરમાવ્યું —

...ઓ યઝીદ, તેં પોતે તારા હાથે જ તારી પોતાની કબ્ર ખોદી છે, વહેલી તકે તું રસુલે ખુદા (સ.) સમક્ષ જશે અને પોતાની આંખે જોશે કે ફરઝન્દાને રસુલ (સ.) બહિશ્તે બરીંમાં છે; અને એ ખુદાનો વાયદો છે કે (કુરઆની આયતનો સારાંશ) —

...જેઓ ખુદાની રાહમાં કતલ થએલા છે, તેઓને મુર્દા તરીકે કલ્પો નહીં; તેઓ ઝિંદા છે, તેમને ખુદાને ત્યાંથી રિઝક મળતું કહે છે...

ઓ યઝિદ ! ખુદા જયારે હાકેમ હશે અને હ. મોહમ્મદ (સ.) મુન્સિફ હશે, તે વખતે જેણે તને મુસલમાનો પર સત્તાધિશ કર્યો છે, તે તારા બાપને પુછપરછ કરવામાં આવશે; અને તે દિવસે તને માલૂમ પડશે કે ઝાલિમોને શી સજા મળે છે અને કોનો બુરો અંજામ થાય છે...

....ઓ ખુદાનાં દુશ્મન ! ખુદાના સોગંદ ! તને હું એટલો નીચ કમીનો સમજું છું કે તું એને પણ લાયક નથી કે હું તને મોઢામોઢ ઠપકો આપું; પણ શું કરૂ, મારા સીનામાં આગ ભડકી રહી છે, આંખો આંસુઓથી ઉભરાઈ રહી છે, તને ગંમે તેટલું બોલવાથી અમારા શહીદો કંઈ ફરીથી ઝીંદા થઈ નહીં જાય; મારા ભાઈ હુસૈન (અ.) ને

https://downloadshiabooks.com/

કતલ કરી દેવામાં આવ્યા છે અને અમને શેતાનનાં સાથીઓ-મુર્ખાઓની પાસે લઈ જઈને ફેરવી રહયા છે. જેથી ખુદાના અહકામોની બેહુરમતી થાય-અપમાન થાય; અને આ રીતે તેઓ તેની કીંમત વસુલ કરી શકે. તેમનાં હાથોમાંથી અમારું લોહી ટપકી રહયું છે, તેમના મોઢામાંથી અમારા ગોશ્તનાં રેશાઓ ઝરી રહયા છે.. પાક શહીદોની લાશો જાનવરોને હવાલે કરી દેવામાં આવી છે.. બનવાજોગ છે કે લોહી વહાવીને આજે તને કોઈ ફાયદો થઈ ગયો હોય, પણ કાલ હિસાબનાં દિવસે તને ખોટ જ ખોટ છે, તે દિવસે અઅમાલનો હિસાબ તને આપવો જ પડશે; તે દિવસે તું અને તારા પયરવકાર આપસમાં જ લડશો. તે દિવસે તમને માલૂમ પડશે કે તારા બાપે મારા માટે આ સિવાય બીજું કંઈ જ કર્યુ નહીં કે તને ફરઝન્દાને રસુલતે કતલ કરવાનો મૌકો કરી આપ્યો....

## "મોહમ્મદ (સ.) નાં ફરઝન્દોથી ઈન્તકામ લેવો છે; બાપ-દાદાનાં કત્લનો બદલો લઈશ."– યઝીદે કહયું.

અલ્લાહ શાહેદ છે કે અલ્લાહ સિવાય કોઈથી હું ડરતી નથી અને તેનાં સિવાય બીજા કોઈ પાસે શિકાયત કરતી નથી, પણ હવે તું કાંઈ પણ કરે, તારી આ રૂસ્વાઈનો દાગ કદી પણ ધોઈ શકાશે નહીં...

અંતમાં દુઃખ્તરે ઝેહરા (અ.) એ ખુદાનો શુક્ર કર્યો અને કહયું : શુક્ર છે તે ખુદાનો જેણે જન્નતનાં સરદારોને બહિશ્તે બરીમાં જગ્યા આપી. અલ્લાહ તેમનાં દરજજાઓ વધુ બુલંદ કરે, તેમના ફઝલ વધુ તેમનાં શામિલે હાલ થાય. ખુદા દરેક ચીજ પર કાદિર છે, શકિતમાન છે...

https://downloadshiabooks.com/

# તવારિખોનો ફાયદો

“...તિલ્ક ઉમ્મતુન કદ ખલત, લહા મા કસબત વ, લકુમ, મા કસબતુમ, વ લા તુસઅલૂન, અમ્મા કાન્ યઅલમૂન..”

આ આયત આ જ શબ્દોમાં ‘સુરએ બકરહમાં બે જગ્યાએ આવેલી છે, એક જગ્યાએ આયત ૧૩૩ પછી, જેનો મઝમૂન એવો છે કે —

... શું તમે તે વખતે મૌજુદ હતાં, જયારે હ. યઅકુબ (અ.) નો આખરી વખત આવ્યો અને તેઓએ પોતાનાં બેટાઓને કહયું કે, તમે મારા પછી કોની પરસ્તિશ કરશો ?

તેઓએ જવાબ આપ્યો કે અમે તે ખુદાએ વાહિદની પરસ્તિશ કરીશું, જેની આપ અને આપના બુઝુર્ગ ઈબ્રાહીમ (અ.), ઈસ્માઈલ (અ.) અને ઈસ્હાક (અ.) પરસ્તિશ કરતાં આવ્યા છે...

આ પછી બીજી એક આયત છે કે, આ તે બુઝુર્ગોની એક જમાઅત હતી જે ગુઝરી ચુકી, તેમનું કરેલું તેમનાં કામ આવશે અને તમારૂ કરેલું તમારા કામ આવશે, એ લોકોએ કરેલા કાર્યોની તમને કોઈ પુરસીસ નહીં થાય..

બીજી જગ્યાએ આ આયત ૧૪૦ નંબરની આયત પછી છે, જેનો તરજુમો આ મુજબ છે કે—

“ઈબ્રાહીમ (અ.) ઈસ્માઈલ (અ.), ઈસ્હાક (અ.) યઅકુબ (અ.) અને અસ્બાત યહુદી કે નસરાની હતાં ? ઓ મોહમ્મદ (સ.) કહી દેજો કે તમે વધુ જાણકાર છો કે અલ્લાહ ? આ કરતાં વધુ ઝાલિમ કોણ હશે,

https://downloadshiabooks.com/

જે એવી ગવાહીને છુપાવે કે જે ગવાહી તમને ખુદા તરફથી પહોંચી હોય ! અલ્લાહ તમારા અઅમાલથી અજાણ નથી."

આ પછી ફરીથી તે જ આયત છે કે, તે બુઝુર્ગોની એક જમાઅત હતી કે જે ગુજરી ચુકી, તેમનું કરેલું કાર્ય તેમને કામ આવશે અને તમે કરેલું તમારા કામ આવશે; અને તેમનાં કામ બાબત તમને કોઈ પુરસીસ નહીં થાય...

આશુરાનાં બનાવોની બાબતમાં અત્યાર સુધી અમે દિલેર, નેક જાંનિસાર, મોમીન-મુત્તકી હઝરતોનો ઝિક્ર કર્યો છે; અને અલ્લાહની રાહમાં તેમની અડગતા—નિર્ણય, ઠરેલતા, બહાદુરી, જુર્અત, હિમ્મત, સબ્રો-રિઝા અને અખ્લાકી બુલંદી પર રોશની નાંખી છે; એવી જ રીતે ગુનેહગારો, સરકશ, દરોગગો-મુફતરી લોકોનાં નામ પણ લીધા છે. તેઓની બદ-ફિતરતી, બદકારીઓ તરફ ઈશારો કર્યો છે. નેક અને સહમદતમંદ લોકો દરૂદ-સલામ મોકલ્યા છે, બદ-ખસ્લત લોકો પર નફરત પણ વરસાવી છે. એટલે કે ઈસ્લામમાં શહીદો અને હકકનાં રાહમાં જાન દેનારાઓ પર દરૂદ મોકલવા; જે લોકોએ બુઝુર્ગોની વિરૂધ્ધ તલવાર ઉંચકી, તેમને કતલ કર્યા, તેવાઓ પર લાઅનત કરવી એક મુસ્તહસન ફએલ—એક સારી વાત છે. પણ ફકત એટલી જ વાતથી દિન અને દુનિયાની ભલાઈ અને કામિયાબી હાસિલ નથી થઈ શકતી. આ પણ જરૂરી છે કે ફિક્ર અને અમલમાં નેક લોકોનો તરીકો ઈખ્તેયાર કરવામાં આવે અને બુરા લોકોનાં તરીકાઓથી દૂર રહેવામાં આવે, નહીંતર એ જ વાત થશે; જે ફરમાને ખુદાવંદી છે કે —

"તે એક જમાઅત હતી, જે ગુઝરી ગઈ. નેક અને ફરિશ્તા-ખસલત પણ ગુઝરી ગયા અને બદ-બાતિન બદ ખસલત પણ, તેઓએ જે કંઈ સારા કે બુરા કામો કર્યા હોય, તેનો બદલો તમને જ મળશે;

https://downloadshiabooks.com/

તેમને ન તો નેકોની નેકીનો બદલો અજ્ર મળી શકે છે, ન તો બુરાઓની બદીના તમે ઝિમ્મેદાર છો."

આ આયતની અહમીયત તરફ ધ્યાન દોરવા માટે તેને 'બકરહ' માં દશ આયતોથી પણ ઓછાનાં ફર્કથી દોહરાવવામાં આવી છે.

કોઈને ફકત એટલું જ કહીને સંતોષ માની નહીં લેવો જોઈએ કે હુસૈન બિન અલી (અ.) અને આપના અસ્હાબ અઝીમ ઈન્સાનો હતાં અને ઈબ્ને ઝિયાદ, યઝીદ અને તેઓનાં સાથીઓ બુરા અને બદકાર હતાં.

આ પણ મુમકીન છે કે કેટલાંક લોકો ઝબાનથી તો ઈમામ હુસૈન (અ.) ની રૂહે મુકદ્દસા પર દરુદ મોકલતાં હોય અને પોતાનાં તર્ઝે ફિક્ર અને તર્ઝે અમલની રૂઈએ ઈબ્ને ઝિયાદની પયરવી કરતાં હોય ! કેટલાંય લોકો છે, જે ભૂતકાળનાં બૂરા લોકો પર ટીકા કરે છે અને તેમને બુરા કહે છે, પણ તેઓ રફતાર અને કિરદાર (ચાલ-ચલગત) ની રૂએ એ જ બુરા લોકોની ચાલ અખ્તયાર કરે છે.

એમાં કોઈ શક નહીં કે અહલે હક્કની તાઈદ અને અહલે બાતિલની મુખાલેફત જે રીતે પણ હોય તે સારી છે. પણ એટલી વાતથી કોઈ નેક નથી બની જતો અને બુરાઓનાં ટોળામાંથી ખારિજ (બહાર) થઈ થતો નથી.

નેક તરીકે ગણવા એ જરૂરી છે કે તેમની રીત-ભાત (રવિશ) અખત્યાર કરવામાં આવે..

કુરઆન મજીદે થઈ ગયેલા પેગમ્બરોનાં કિસ્સાઓ અને આગળની કોમોની સરગુઝિશ્ત પરનાં બયાનમાં ખાસ ધ્યાન દોર્યુ છે.

https://downloadshiabooks.com/

એ કોમોની તવારિખ બયાન કરવાનો મકસદ એ છે કે મુસલમાન તે અમલો પર ચિંતન કરે, જેને કારણે અમુક કોમોને ઈઝઝત અને સરફરાઝી નસીબ થઈ અને કેટલીક કોમોને બદબખ્તી અને રૂસ્વાઈ મળી. એટલે કે અમલ કરવો જોઈએ, એ વાતો પર કે જેનાથી કોમોને સરબુલંદી અને સરફરાઝી મળી; અને બચવું જોઈએ, તેનાથી કે જેને કારણે અમુક કોમો અઝાબે ઈલાહીમાં ગીરફતાર ગઈને નાબૂદ ગઈ ગઈ; અને સારી રીતે સમજી લેવું જોઈએ કે, ખુદાએ લમ યઝલ, વ લા યઝાલ (અચળ અને અનંત) ની સુન્નત કદી બદલાતી નથી, જો કોઈ કોમ કોઈ કારણે સરફરાઝ થઈ. તો તે હંમેશા સરફરાઝીની મુજબ હશે અને જો કોઈ કોઈ કારણથી બદ-બખ્તીનો શિકાર થઈ, તો તે કારણ હંમેશા બદ-બખ્તીનું કારણ હશે...

# ઈલાહી સુન્નત, નાકાબિલે તગય્યુર અપરિવર્તનશીલ-અફર છે.

જયાં પણ કુર્આને મજીદમાં સુન્નતનો આવ્યો છે, તેનો અર્થ જરવિશ (રીત-પધ્ધતિ) નો છે. એટલે કે ખુદાનાં તે તર્ઝે અમલ કે જે ગુઝિશ્તા કૌમો સાથે રહેલો છે.

# “દુખ્તરે ઝેહરા (અ.) એ કહ્યું : શહીદોનું લોહી વહાવી આજે લાભ થયો હશે, પણ યઝીદ ! તું ખોટમાં છે.”

અલ્લાહ તઆલા દરેક જગ્યાએ ફરમાવે છે કે તેની સુન્નતમાં તગય્યુર (ફેરફાર) નથી થતો—ઈઝઝત અને સરબુલંદીનો એક તરીકો છે. જેને અલ્લાહ નથી બદલતો; બદ-બખ્તી બેચારગીનો પણ એક રસ્તો છે, જે નાકાબિલે તગય્યુર (અફર) છે.

https://downloadshiabooks.com/

સુરએ 'અહઝાબ' માં અલ્લાહ તઆલા ફરમાવે છે (જેનો સારાંશ છે) —

"તે લોકોમાં, જેઓ અગાઉ થઈ ગયા છે, અલ્લાહે પોતાનો દસ્તુર રાખ્યો છે અને તમને ખુદાનાં દસ્તુરમાં કોઈ તબદીલી મળશે નહીં."

મતલબ એ છે કે ગુનેહગારો અને મુનાફેકો બાબતમાં અલ્લાહનો દસ્તુર રહયો છે કે, તે ઈતમામે હુજ્જતને માટે પહેલા પેગમ્બરને મોકલે છે અને હક્ક અને બાતિલને પુરી રીતે સ્પષ્ટ કરે છે, ખુદા તેઓને હલાક અને નેસ્ત-નાબૂદ કરી દે છે અને જે લોકો ખુદા એને રસુલ (સ.) ને થાપ આપવાની કોશીશ કરે છે, નિફાક અને રિયાકારીનો રસ્તો ઈખ્તેયાર કરે છે, જેઓ ખુદાની સાથે હોય છે અને ખુદાનાં દુશ્મનોની સાથે પણ; રસુલ (સ.) ની સાથે મળીને માલે ગનીમતમાં હિસ્સો મેળવે છે, બીજા ફાયદા પણ હાસિલ કરે છે અને દુશ્મનોની સાથે મળીને તેમને માટે જાસુસી પણ કરે છે અને ફિત્ના ફેલાવે છે, તો ખુદા એવા લોકોને રૂસ્વા કરે છે. તેમને માટે દરેક તરફથી રસ્તો બંધ કરી દે છે, તેઓ ન તો અહીંના રહે છે, ન ત્યાંનાં રહે છે; એ જ અલ્લાહ તઆલાની સુન્નત અને દસ્તુર છે, તેમાં કોઈ તગય્યુર-કોઈ તબદીલી થતી નથી. એવું નથી બની શકતું કે, મક્ર અને નિફાક કયારેક રૂસ્વાઈ - બદનામીનું કારણ બને અને કયારેક નેકનામીનું.

સુરએ'બની ઈસ્રાઈલમાં એ જ વાત એવી રીતે જ કહેવામાં આવી છે.

https://downloadshiabooks.com/

સારાંશ : જેમને અમે તમારાથી અગાઉ રસુલ બનાવીને મોકલ્યા હતાં, તેમની સાથે પણ અમારો એ જ દસ્તુર રહયો  છે, અમારા કાયદામાં કોઈ તબદીલી તમને મળશે નહીં.

સુરએ 'અન્ફાલ' ની આયતમાં 'સુન્નત' નો લફઝ એ જ અર્થોમાં ઉપયોગમાં છે.

સારાંશ : એ કાફિરોને કહી દો કે જો તેઓ કુફ્રથી બાઝ આવી જશે, તો તેમનાં ગુનાહો માફ કરી દેવામાં આવશે, પણ જો તેઓ કુફ્ર પર જ અડગ રહેશે, તો આગળનાં કુફ્ફારોનાં હકકમાં અમારા દસ્તુર અને સુન્નત જારી કરેલા છે. (તેવા જ તેમને માટે હશે.) એટલે કે તેમને માટે એ જ પુરાણો કાયદો જારી થશે. જેવો અમારો દસ્તુર છે; જે રીતે તે લોકોને હલાક કરવામાં આવ્યા, આ લોકોને પણ હલાક કરવામાં કરી દેવામાં આવશે...

સુરએ 'હજર' માં આ વાત આ રીતે કહેવામાં આવી છે —

સારાંશ : એ લોકો ઈમાન નથી લાવતાં, એ દસ્તુર આગળનાંઓથી ચાલ્યો આવે છે...

એટલે કે મક્કાનાં કુફ્ફારો, જેઓ રસુલ (અ.) ની દુશ્મની કરવા હઠાગ્રહી છે અને ઈમાન નથી લાવતાં, તેમનો મામલો ઉઘાડો છે; અમે તેમની સાથે પણ એ જ વર્તાવ કરીશું, કે જેવો વર્તાવ તેમની આગળનાંઓની સાથે કર્યો હતો, જેઓ કુફ્ર પર હઠાગ્રહી હતાં.

સુરએ 'ફત્હ' ની ત્રેવીસમી આયત છે –

https://downloadshiabooks.com/

સારાંશ : તમારી સાથે એ કાફરો જો લડતે, તો જરૂર પીઠ દેખાડીને ભાગી જતે; પછી તેમને કોઈ સાથી કે મદદગાર મળતે નહીં. અલ્લાહનો એ જ દસ્તુર (સુન્નત) જે પહેલાથી ચાલ્યો આવે છે અને અલ્લાહનાં દસ્તુરમાં તમે કોઈ ફેરફાર નહીં જૂઓ.

એટલે કે મક્કાનાં મુશ્રેકીન જો 'હુદૈકીયહ' માં જંગ કરતે, તો તેમને કોઈ ફાયદો થતે નહીં., તેમને ભાગ્યા વિના છુટકો નહીં હતો. તેમનો કોઈ સાથી કે મદદગાર નહીં હોતે, અગાઉનાં કાફરો સાથે પણ એવું જ થયું છે, એ જ ઈલાહી સુન્નત છે, જેમાં કોઈ તબદીલી થતી નથી. ઈમાન અને કુફ્રનાં ઘર્ષણમાં કામિયાબી અહલે ઈમામનાં જ મુકદ્દરમાં છે.

સુરએ ફાતિરની ત્રેતાલીસમી આયતમાં ઈરશાદ થયો છે કે —

સારાંશ : અને બુરી તદબીરોનો વબાલ તેમનાં પર જ પડે છે, જેઓ એવી ચાલ ચાલે છે તો શું તેઓ એ જ દસ્તુરની ઈન્તેજારીમાં છે કે જે આગળનાંઓની સાથે થયો હતો. ! તમે આ ઈલાહી સુન્નતમાં કોઈ તબદીલી જોશો નહીં કે કોઈ ફેરફાર તેમાં તમને મળશે નહીં.

એટલે કે આ લોકો જેઓ બુતપરસ્તી નથી છોડતા અને એવી કોશીશ કરે છે કે પોતાની ચાલથી ઈસ્લામની તરક્કીમાં રૂકાવટો નાંખે, તેઓ પણ એ જ વર્તાવ ઈચ્છે છે કે જેવો આગળનાંઓની સાથે થયો છે, કારણ કે અલ્લાહની સુન્નત તો બદલાતી નથી.

સુરએ 'ગાફિર' ની ૮૫ મી આયતમાં છે કે –

સારાંશ : તો તેમને એવા વખતે ઈમાન લાવવાથી કોઈ ફાયદો નથી થયો, જયારે તેઓએ અમારો અઝાબ જોઈ લીધો છે, એ જ ઈલાહી

https://downloadshiabooks.com/

સુન્નત છે જે તેનાં બંદાઓમાં ચાલી આવેલી છે, તો તે વખતે કાફિર નુકશાનમાં રહી ગયા.

એટલે કે જે લોકોએ અમારા પયગમ્બરોને જુઠ્ઠા લાવ્યા અને તેમની મજાક ઉઠાવી, પછી જયારે અમે તેઓ પર અઝાબ મોકલ્યો, તે તેઓ અઝાબની સખ્તાઈથી ગભરાઈને કહેવા લાગ્યા કે, 'અમે ઈમાન કબુલીએ છીએ' પણ તેઓ ઈમાન ત્યારે લઈ આવ્યા હતાં, જયારે તેઓએ અઝાબ જોઈ લીધો હતો. તેથી એવા ઈમાનથી તેઓને કોઈ ફાયદો નહીં થયો, એ જ ઈલાહી સુન્નત છે.

આ તમામ આયતોનાં સમૂહથી એવું માલૂમ પડે છે કે અલ્લાહ તઆલા કોઈને ખાતર પોતાનો દસ્તુર અને કાયદો બદલતો નથી, કોઈને વિના કારણે સુર્ખરૂ નથી કરતો, કે, વીના કારણે ઝલીલ નથી કરતો, તેનું પણ કારણ હોય છે અને આનું પણ, ખુદાએ કોઈ કોમને એટલા માટે પેદા નથી કરી કે તે હંમેશા પાછળ રહે, નાદાર રહે .. ખુદાએ કોઈ કોમને એટલા માટે પેદા નથી કરી કે બીજાઓ પર પોતાનાં ઉપરવટપણું કાયમ કરે ! જેમને દૌલત, ઈઝઝત અને સરબુલંદી મળી છે, તેઓને પણ ઈલાહી કાનૂન હેઠળ મળી છે અને જેમનાં હિસ્સામાં બદબખ્તી અને રૂસ્વાઈ આવેલી છે, તે પણ કાયદા મુજબ જ છે.

# ઈલાહી કાનૂન પર હ. અલી (અ.) નો ખુત્બો

અમીરૂલ મુમેનીનીને (અ.) પોતાનાં એક ખુત્બામાં કે જે નહજુલ બલાગહમાં મૌજુદ છે, તેમાં ફરમાવ્યું હતું —

.. મારો ખ્યાલ છે કે એ લોકો તમારા પર વિજયી થઈ જશે, કારણ કે તેઓ અસત્ય (બાતિલ) પર હોવા છતાં, તેમનાંમાં ઈત્તેફાક

https://downloadshiabooks.com/

(એકત) છે અને તેઓ પોતાનાં હાકિમનાં ઈતાઅતગુઝાર છે, દિલપુર્વક તેના હુકમો પર અમલ કરે છે; તમે પોતાનાં ઈમામની નાફરમાની કરો છો. તેઓ પોતાનાં ઈલાકાનાં ફાયદાનો ખ્યાલ રાખે છે; તમે પોતાનાં ઈમામની નાફરમાની કરો છો. તેઓ પોતાનાં ઈલાકાનાં ફાયદાનો ખ્યાલ રાખે છે; અને તમે પોતાનાં ઈલાકામાં તબાહી મચાવો છો, તમારામાંથી કોઈ એકને લાકડાનો પ્યાલો પણ જો સુપુર્દ કરૂં તો ડરતો રહું છું કે કયાંય કોઈ તેનો હાથો જ ઉડાવી દે નહીં...!

આ શબ્દોમાં અમીરૂલ મોમેનીન (અ.) એ જ આયતોની તફસીર અને તશરીહ કરી છે અને બતાવ્યું છે કે ખુદાવંદી કાનૂન અને ઈલાહી સુન્નતથી સરતાબી મુમકીન નથી. તેઓ તેમનાં અસ્હાબને એક કહેવા ઈચ્છતાં હતાં કે તમે ફકત એ જ કારણે વિજયી નથી થઈ શકતા કે તમારા ઈમામ અલી (અ.) છે; અને બીજા ફકત એટલા માટે જ પરાજિત નથી થઈ શકતા કે તેમનો હાકિમ ખરાબ શખ્સ છે.

ગાલિબ અને મગલૂબ (વિજયી અને પરાજિત) થવા બાબત ખુદાઈ કાનૂન એવો નથી કે જે પક્ષ સાથે ઈમામે આદિલ હોય, તે વિજયી થઈ જાય, પછી ભલે તે પક્ષમાં એકતાનો આભાવ હોય, ભલે તેઓ પોતાનાં ઈમામની નાફરમાની કરતાં હોય, ઈમામને ફરૈબ આપતા હોય અને ખુદ પોતાનાં ઈલાકામાં તબાહી ફેલાવતાં હોય.

ઓહદની લડાઈમાં મુસલમાનોને એટલા માટે શિકસ્ત મળી હતી કે કેટલાંક મુસલમાનોએ રસુલે ખુદા (સ.) નાં હુકમનો વિરોધ કર્યો હતો. જો કે એ બધા મુસલમાન, ખુદા રસુલ (સ.) અને કુરઆન પર અકીદો ધરાવતાં હતાં; અને તેઓનાં મુકાબલે ખુદા અને રસુલ (સ.) નાં દુશ્મનો હતાં.

https://downloadshiabooks.com/

એવી જ રીતે આ પણ ઈલાહી સુન્નત નથી કે જો કોઈ સમૂહનાં આગેવાન કોઈ ઝાલિમ હોય, તો તેઓ જુથમાં ઈત્તેફાક-એકતા છતાં તેને કામિયાબી ન મળે, ઈલાહી કાનૂન એ જ છે કે પહેલું જૂથ પરસ્પર વિરોધ અને પોતાનો આગેવાનની નાફરમાનીને કારણે શિકસ્ત ભોગવશે અને તે તેનાં આગેવાનની તમામ ખુબીઓ છતાં તેનાં હાથમાંથી તાકત અને હકુમત નિકળી જશે; અને બીજુ જૂથ પોતાનો આગેવાન ઝાલિમ હોવા છતાં તરક્કી કરશે અને કામિયાબ થશે, કારણ કે ઈલાહી સુન્નત એ જ છે કે તે જ પક્ષ કામિયાબ અને વિજયી થાય છે, જેમાં બાહમી ઈત્તેહાદ હોય-પરસ્પર એકતા હોય, પોતાનાં આગેવાનનાં ફરમાંબરદાર હોય અને જે ખુલુસ અને દિયાનતદારી ધરાવતાં હોય...

હ. અલી (અ.) ચાહતાં નહીં હતાં કે પોતાનાં અસ્હાબને કોઈ ધોકામાં રાખવામાં આવે અથવા તેમને ખોટું કહેવામાં આવે કે, તમે બેફીકર રહો; કારણ કે તમારા ઈમામ અલી (સ.) છે ને, તો દુનિયા અને આખેરત તમારી જ છે.. જો તમે બદ-દિયાનત હોવ તો કોઈ વાંધો નહીં. તમારા ઈમામ અમીરૂલ મોઅમેનીન છે ને ! તમે ઈમામની જો તાઅત કરતાં નહીં હોય, તો પણ કંઈ તકલીફ નહીં પડે. કારણ કે હ. ઈ. અલી (અ.) મૌજુદ છે ને ? જો તમે તમારા હાથે તમારા ઘર ઉજાડી દો અને ફસદ ફેલાવો તો કંઈ ગમ કરવા જેવું નથી., તમારા હાકેમ અલી (અ.) છે ને ! એના હોવા છતાં તમને કોઈ નુકશાન પહોંચાડી શખ્શે નહીં...

બીજી બાજુ તમારા દુશ્મનોનાં આગેવાન એક ઝાલિમ શખ્સ છે. એટલે કંઈ પણ થાય. તેને જરુર શિકસ્ત, નાકામી, નામુરાદીનું મ્હોં જોવું પડશે; ભલે તેઓમાં ઈત્તેહાદ, ઈત્તેફાક તમારાથી વધારે હોય, ભલે તમારાથી વધુ દિવાનતદાર હોય, તમારાથી વધુ તેઓ હાકેમનાં

https://downloadshiabooks.com/

ફરમાંબરદાર હોય, તમારા કરતાં વધુ મુલ્ક માટે ફાયદાકારક - લાભદાયક હોય !

સ્પષ્ટ વાત છે કે અમીરૂલ મોઅમેનીન (અ.) એવા કોઈ પ્રકારની ગલતયબાની કરી ન શકે જે ઈલાહી સુન્નતથી વિરૂધ્ધ હોય, તેઓએ હંમેશા દરેક મૌકા પર પોતાનાં અસ્હાબને ઈલાહી સુન્નત અફર હોવા તરફ ધ્યાન દોર્યુ છે; હા, એ બનવાજોગ છે કે તેમનાં અસ્હાબ અને શીઆ એવી ગલતફેહમીમા મુલ્તેલા હોય; અને એમ સમજતાં હોય કે ઈલાહી સુન્નતને બદલી શકાય છે અને જે વાતોથી દુનિયાભરનાં બીજા લોકોને નુકશાન પહોંચ્યુ છે તે, તેઓને માટે ફાયદાકારક હોઈ શકે છે; અને જે કામોએ બીજાઓને કમજોર અને ઝલીલ કર્યા છે તે, તેઓને લીધે ઈઝઝત અને તાકત હાંસિલ કરી શકે છે..!

અમીરૂલ મોઅમેનીનને (અ.) એક બીજા ખુત્બામા 'જિહાદ' ની બાબતમાં ફરમાવ્યું—

... જિહાદને અણગમતું સમજીને તેનાથી પોતાનું મ્હોં જે ફેરવી લે છે, તેને અલ્લાહ તઆલા ઝલીલ કરી દે છે, તેનાં પર મુસિબતોનાં પહાડ તૂટી પડે છે, હકુમત તેનાં હાથમાંથી નિકળી જાય છે અને તેને ઈન્સાફ મળતો નથી...

## તેઓ બાતિલ પર હોવા છતાં તેમનામાં ઈત્તેફાક છે; તમે પોતાના ઈમામની નાફરમાની કરતાં રહો છો !

અહીં હઝરત અલી (અ.) એ રાહે ખુદામાં જિહાદ કરવાને અને સરહદોની હિફાજત કરવાને ફઝીલત અને સવાબનો તઝકેરો નથી કર્યો, એમ પણ નથી કહયું કે જે જિહાદ નથી કરતો અને પોતાનાં વતનનું રક્ષણ નથી કરતો તેનો હશ્ર કયામતના દિવસે એવો થશે;

https://downloadshiabooks.com/

અમીરૂલ મોમેનીનન (અ.) પોતાનાં બયાનમાં સવાબ અઝાબની વાત નથી કરી, તેઓએ ઈલાહી કાનૂન તરફ ધ્યાન દોર્યુ છે કે જે કોમ જિહાદની ફર્ઝ અદા નથી કરતી અને પોતાની સરહદોની હિફાજત નથી કરતી, તો પછી ભલે તે કોમનાં પેગમ્બર ખાતેમુલ અમ્બિયા (સ.) અને ઈમામ અમીરૂલ મોમેનીન (અ.) કેમ ન હોય; તે ઝલીલ, બેબસ અને કમઝોર થઈ જાય છે. હુકુમત તેનાં હાથમાંથી નિકળી જાય છે, કોઈ તેની સાથે ઈન્સાફનો વર્તાવ નથી કરતો,

એમ લાગે છે કે અમીરૂલ મોમેનીન (અ.) એ બાબતથી નાઉમ્મીદ થઈ ગયા હતાં કે લોકોને મઝહબી જઝબાતની બિના પર જિહાદ માટે તૈયાર કરવામાં આવે; તેથી તેઓએ કોમી જઝબાતનો સહારો લીધો અને ફરમાવ્યું કે —

... જો તમે આખિરતનો સવાબ મેળવવા જિહાદ પર તૈયાર નથી તો કમમાં કમ એ બુરા અંજામથી ડરો કે જે જિહાદ નહીં કરવાનાં સ્વરૂપમાં આવી પડશે, સુન્નતે ઈલાહી અફર છે, જો તમે આખેરતનો સવાબ નથી ચાહતા. તો પણ પોતાનાં ઈઝઝત અને આઝાદીનાં બચાવ માટે ઊઠ્ઠો અને પોતાનાં મુલ્કની સરહદો દુશ્મનનાં અવરોધથી બચાવો. કૌમોમાં પોતાની ઈઝઝત આબરુ ગુમાવો નહીં, દુશ્મનનેએ મૌકો આપો નહીં કે તમને બેબસ કરી દે...!

## 'ઝૂલ આશીરહ' ની દઅવત

રસૂલે ખુદા (સ.) ને જયારે દીને ઈસ્લામની જાહેર તબ્લીગ માટેનો હુકમ થયો અને આયત નાઝીલ થઈ (સારાંશ) —

..... તમારા નજીકનાં રિશ્તેદારોને ખુદાના અઝાબથી ડરાવો..

https://downloadshiabooks.com/

તો, આપે તે જ દિવસે વારંવાર પોતાનાં અઝીઝોને કહયું કે મારી રિશ્તેદારીનાં ભરોસે ખુદાની બંદઝીથી મ્હોં ફેરવશો નહીં અને સારી રીતે સમજી લો કે મામલો મારા હાથમાં નથી. સુન્નતે ઈલાહીની વિરૂધ્ધ, તમને હું ન કોઈ નફો કે નુકશાન પહોંચાડી શકું એમ છું કે ન કોઈ નુકશાનથી બચાવી શકું એમ છું. તમને જો કોઈ નફો પહોંચશે, તો એવી રીતે જ પહોંચશે જે અલ્લાહે મુકર્રર કર્યો છે; અને જો કોઈ નુકશાન પહોંચશે તે પણ ઈલાહી કાનૂન મુજબ હશે.. કોઈ એવો ખ્યાલ ન કરે કે 'કુરૈશ' ની કે, 'બની હાશિમ' ની, 'બની અબ્દે મનાફ' ની કે 'બની અબ્દુલ મુત્તલિબ' ની કે પછી મારી બેટી ફાતેમા (અ.) ની કે મારી ફોઈ સોફીયાની ભૂલોને નઝરઅંદાઝ કરી દેવામાં આવશે....

ઉપરોકત આયત ઉતરી ત્યારે આપે 'કુરેશ' ને ભેગા કરીને ફરમાવ્યું—

.. ઓ કુરેશીઓ ! તમે પોતાને દોઝખની આગથી પોતે જ બચાવો, કારણ કે તમારા નફા-નુકશાન કંઈ મારા હાથમાં નથી...

મતલબ કહેવાનો એ હતો કે નફો-નુકશાન સવાબ-અઝાબ માટે એક કાનૂન મુકર્રર છે. સાચું-સારૂં કામ કરશે તો ફાયદો થશે સવાબ મળશે; ખોટું કરશો તો નુકશાન થશે, સજા પામશો,

તે પછી ફરમાવ્યું —

... ઓ ઔલાદે કઅબ બિન લૂવી ! તમે પોતાને દોઝખની આગથી બચાવો, કારણ કે, તમારા નફા-નુકશાન મારા હાથમાં નથી... ઓ બની કુસય ! પોતાને દોઝખની આગથી બચાવો... હું તમને સવાબ અપાવી શકું એમ નથી કે અઝાબથી બચાવી શકું એમ નથી.., ઓ બની અબ્દે મનાફ ! તમે પોતાને ઈલાહી અઝાબથી

https://downloadshiabooks.com/

બચાવવાની કોશીશ કરો, કારણ કે એ મામલામાં હું કંઈ કરી શકું એમ નથી; ખુદાને માનશો તો બહિશ્તમાં જશો, મુશરીક રહેશો તો દોઝખી થશો, મારી પાસે એવી ચાવી નથી કે મારા મુશરીક સગાઓને ચોર દરવાજેથી બેહિશ્તમાં પહોંચાડું મને એવો હક્ક નથી કે પોતાનાં દોસ્તો, સગા વ્હાલાઓને તેમની ફરજોમાંથી માફી અપાવું કે જે ખુદા તરફથી સોંપવામાં આવી છે અને તેને તેઓ અદા કરતાં નથી... ઓ બની ઝોહરા બિન કુલાબ ! ખુદને અઝાબથી બચાવો...

... ઓ બની અબ્દુલ મુત્તલિબ ! એ કામ કરો કે જેથી અઝાબથી બચી શકો, મારા હાથમાં કંઈ જ નથી. ઓ બની હાશીમ .. ઓ બની અબ્દે શમ્સ ! ખુદાપરસ્તી કરો અને પોતાને અઝાબથી બચાવો .. ચાચા અબ્બાસ, આપ પણ પોતાને અઝાબથી બચાવો. ફોઈ સફિયા, આપ પણ પોતાનાં બચાવથી ફિકર કરો, કારણ કે હું આપને માટે કોઈ જ કરી શકું એમ નથી. ન તો દુન્યવી ફાયદો મારા હાથમાં છે ન તો આખેરતનો નફો.. ખુદા પર ઈમાન લાવો અને કહો, લાએલાહ ઈલ્લલ્લાહ .. તમારા નફા-નુકશાન મારા હાથમાં નથી., અલબત્ત. તમે મારા રિશ્તેદાર છો, હું તમારી સાથે અઝીઝદારીનો વર્તાવ જરૂર કરીશ..

જયારે રસુલુલ્લાહ (સ.) સાથે રિશ્તેદારી હોવી, તે ઈમાન અને નેક અમલની જગ્યા નથી લઈ શકતી; અને રસુલ (સ.) ની દુખ્તર માટે પણ જરૂરી છે કે, 'હુસ્ને આકેબત' માટે એ જ રસ્તો ઈખ્તેયાર કરે, જે બીજાઓ માટે જરૂરી છે, બલ્કે ખુદ રસુલે ખુદા (સ.) માટે ઈલાહી રિઝા હાસલ કરવી અને ઈમાન અને નેક અમલ સિવાય કોઈ રસ્તો નથી, તો પછી એ કેવી રીતે બનવા જોગ છે કે ઈમામ હુસૈન (અ.) ની શહાદત પછી આ બધી કુરઆની આયતો, નબવી હદીસો અને 'નહજુલ બલાગહ' નાં ખુત્બાઓ મનસુખ (૨૬) સમજી લેવામાં આવે; અને

બેહીશ્તમાં જવા, ઈમાન અને નેક અમલ સિવાયનો કોઈ બીજો રસ્તો નિકળી આવે !

શું એ બની શકે કે કરબલાનાં બનાવ પહેલાનો મુસલમાનોને સિદક અમાનત, ઈબાદત, વાજેબાતે શરઈની પાબંદી અને જુઠ્ઠાણાં, મયનોશી, વ્યાજ ખાવું વિગેરે હરામ કામોથી પરહેઝની જરૂર હતી, પણ હવે એ વાતો એટલી જરુરી ન રહે ? હવે એ મુમકીન છે કે ચાહે કોઈ જુલ્મ-સિતમમાં હુસૈન (અ.) નાં કાતિલો કરતાં પણ વધીને બાજી લઈ જાય, પણ ઈમામ અને અસ્હાબે ઈમામ પર દરૂદ-સલામ મોકલીને એવું ઈત્મીનાન ધરાવે કે હશ્રમાં પોતે એ જ બુઝુર્ગોની સાથે જ હશે ? હુસૈન (અ.) નાં અસ્હાબો તો રૂહાની અઝમત, ખુલૂસ, ઈમાન અને રાસ્તગોઈનાં પયકર હતાં. ઈમામનાં અસ્હાબોએ આપણને મોહબ્બત, ઈમાન જાંનિસારી અને તરફદારીનો અર્થ સમજાવ્યો છે, તેઓએ સંભળાવેલા રજઝ (યુદ્ધગીતો) આશુરાને દિવસે તેઓએ દુશ્મનને મુકાબલે જે બોલ્યા હતાં, તે તેઓની શખ્શીયત અને રૂહાની અઝમત પર રોશની પાડે છે; જે શખ્સ એમ કહે છે કે, “યા લયતની કુન્તો મઅકુમ ફ અકુઝો મઅકુમ” (કાશ, હું તમારી સાથે હોત, તો હું પણ કામિયાબ થયો હોત.) તેઓ જરા વિચારે અને દિલ પર હાથ રાખીને ઈન્સાફથી કહે કે તેઓનો આ ફકરો સાચા તરીકે ગણાતે કે જુઠ્ઠાણું ? શું તે શખ્સની એવી આરઝુ હોતે કે કાશ, પોતે આબિશ બીન શબીબ શાકેરીની સાથે હોતે અને તેમની જ માફક દુશ્મનનાં પથ્થરમારા વખતે માથા પરથી ટોપો અને જિસ્મ પરથી બખ્તર ઉતારી નાંખતે; અને હક્કની હિમાયતમાં તેનું જીસ્મ પથ્થરોથી છુંદી નાંખવામાં આવતે ! અથવા તો એણે કદી વિચાર્યુ જ નથી કે ઈમામનાં હરરાહીઓએ કેવા કારનામાઓ પાર પાડયા છે, કેવી હિમ્મત અને જુર્અતથી દુશ્મનનાં વાર સહયા છે, તે માટે તેમની હમરાહીની આરઝુ કરે છે, એ હાલમાં તેની ઝબાનથી જે શબ્દો નિકળે છે, તે હકીકતથી ઘણાં દૂર છે....

https://downloadshiabooks.com/

ઈમામનાં અસ્હાબોથી નુરાનીયત અને તેમનાં ઈમાન અને દરજજા પર હતાં કે તેઓ જે ઈમામની તસલ્લી માટે બોલતાં હતાં, તેમાં પણ યકીનનું નૂર ઝળકતું હતું.

# યકીનની મંઝિલ પર હુસૈન (અ.) નાં અસ્હાબો

તબરીએ લખ્યું છે કે, ઝોહરની નમાઝ બાદ ઝોહેર સખ્ત લડાઈ લડયા; તેઓ કહેતા જતાં હતાં કે, હું ઝોહય્યર બિન કય્ન છું... હુસૈન (અ.) ને મારી તલવાર વડે દુશ્મનોથી બચાવી રહયો છું...

ઈમામનાં ખભે હાથ રાખીને ઝોહય્યર કહેતા — ચાલો, આગળ વધીએ, આપ બદદિલ થશો નહીં. આપ તો હાદી છો અને મેંહદી છો.... આપને ડર કેવો ? આવો, આજે આપણે આપના નાના નબીએ કરીમ (સ.) ને મળીશું, આજે આપણે વાલિદ શેરે ખુદા અલીએ મુરતુઝા (અ.) ને, આપના ભાઈ હસન (અ.) ને, ચાચા જઅફરે તૈયારને અને આપના વાલિદનાં ચાચા હમઝા સાથે મુલાકાત કરીશું...

પોતાનાં ઈમામને ઝોહય્ર તસલ્લી આપી રહયા હતાં, તેઓ યકીનનાં એવા મર્તબા પર ફાએઝ હતાં કે તેઓ ઈમામને કહેતા રહેતા કે દિલગીર થવાની કોઈ વાત નથી..

અમીરૂલ મોમેનીન (અ.) ફરમાવતાં કે જો પર્દો હટાવી દેવામાં આવે, તો પણ મારા યકીનમાં ઉમેરો નહીં થાય. અમીરૂલ મોમેનીનનાં એક અનુયાયી ઝોહય્રને પણ અમુક હદ સુધી એ મુકામની નિકટતા પ્રાપ્ત થયેલી કહેવાય; કેમકે તેઓ જે કંઈ ઈમામ હુસૈન (અ.) ને કહ્યું, તે પરથી જણાય છે કે તેઓ કેટલા અકીદતમંદ અને જાંનિસાર હતા. ઈમામની સોબતમાં રહીને એ દરજજા સુધી પહોંચી ગયા હતાં.

https://downloadshiabooks.com/

# ઓહદની લડાઈમાં મુસલમાનોને શિકસ્ત એટલા માટે મળી કે તેઓએ હુકમનો વિરોધ કર્યો !

કે પર્દો હટાવી દેવામાં આવે, તો પણ તેમનાં યકીનમાં કોઈ ઉમેરો થઈ શકવાનો નહીં હતો.

એ જ યકીનની રોશની હતી. જેણે ઈમામના અસ્હાબોને દરેક આઝમાઈશમાં લગઝીશ (શરતચૂક) થી મેહફૂઝ રાખ્યા.

ઈમામનાં સાથીઓમાં નાફેઅ બિન હિલાલ જમલી હતાં. તેઓ દુશ્મન પર તીરો ચલાવતાં જતાં અને રજઝ (યુદ્ધગીત) પઢતા જતા... હું હિલાલ જમલી છું.. હું દીને અલી (અ.) પર છું..

એટલે કે તેઓ રણસંગ્રામમાં પણ અલી (અ.) નાં નામની તબ્લીગથી ગાફિલ નહીં હતાં. તેઓ અલી અ. નું નામ લેતાં રહેતાં અને તેઓની મદેહમાં મશગુલ રહેતા. એ રીતે તેઓએ ઉમર બિન સઅદનાં બારેક આદમીઓને કતલ કરી નાંખ્યા હતાં અને અનેકને ઝખ્મી કર્યા હતાં. અંતે તેમના બન્ને બાહુઓ કપાઈ તૂટીને નકામા થઈ ગયા એટલે દુશ્મનોએ તેમને ગીરફતાર કરી લીધા. પછી ઈબ્ને સઅદ પાસે તેમને લઈ જવામાં આવ્યા. ઈબ્ને સઅદે પુછયું : નાફેઅ બિન હિલાલ જમલી, તમે આ મુસિબત શા માટે વહોરી લીધી ?

ઈબ્ને સઅદનો ખ્યાલ એવો હતો કે એવું બોલીને, પોતે ‘નાફેઅ’ પર અસર પાડી શકશે; અને બીજાઓ જેમ પસ્તાવો જાહેર કરે છે તેમ ‘નાફેઅ’ પણ કરશે અને માફી માંગશે.

પણ નાફેએ કહયું, (તે વખતે તેમની દાઢીમાંથી લોહી વહી રહયું હતું) મારી નિયતથી ખુદા વાકેફગાર છે.. (તે પછી તેઓ હિમ્મતપુર્વક

https://downloadshiabooks.com/

બોલ્યા) .... સાંભળ ! તારા બાર આદમીઓને મેં કતલ કરી નાંખ્યા છે.. અને અનેકને ઝખ્મી કર્યા છે, પણ મને તેનો જરાય પસ્તાવો નથી અને મારા ખભા, મારા હાથ કપાઈ ગયેલા નહીં હોતે, તો મને તું ગિરફતાર પણ કરી શકતે નહીં...

ઈમામનાં સાથીઓમાં નાફેઅ પહેલા શખ્સ હતાં, જેઓને ગિરફતાર કરીને તેમની ગરદન કાપવામાં આવી હતી. મરતાં દમ સુધી તેઓ પોતાનાં ઈમામ અને યકીને કામિલને જાહેર કરતાં રહયા.

તેમનું માથું ઉતારી લેવા તલવાર ઉગામવામાં આવી, ત્યારે તેઓએ કહયું : અલ્લાહનો શુક્ર છે કે મારૂ જીવન કામિયાબ છે. દુનિયાનાં બદતરીન લોકોને હાથે મારું મૌત લખાયેલું હતું.

એવા હોંસલાઓ હતાં, એ લોકોનાં જેઓ પર સલામ મોકલીને આપણે કહીએ છીએ કે 'યા લયતના કુન્ના મઅકુમ, ફ નફૂઝ મઅકૂમ' (કાશ, અમે પણ તમારી સાથે હોતે, તો તમારી જેમ સરફરાઝ અને સુર્ખરૂ થતે.)

## કરબલામાં જેઓ શહીદ થયા તે આલે અબીતાલિબ

હિ. સ. ૬૧ માં ઈમામ હુસૈન (અ.) મદીનાથી મક્કા ગયા હતાં અને ત્યાંથી કુફાની નજીક પહોંચ્યા. તેઓએ દરેક જગ્યાએ લોકોને પોતાની હિમાયત અને હકકનાં રક્ષણ માટેની દઅવત આપી. તકરીરો કરી અને તે કારવાઈમાં લગભગ ૬ મહિનાથી વધુ સમય વીતી ગયો હતો, પણ મશહુર એમ છે કે તેમને ૭૨ કરતાં વધુ મુખલેસો મળ્યા નહીં; તેમાં પણ સત્તર તો 'અહલેબૈત' નાં જ શખ્સો હતાં. તેમાં બે શખ્સ તો ઈમામનાં ફરઝંદ હતાં. એટલે કે હ. અલી અકબર (અ.) અને એક દૂધ પીતા બાળક, ત્રણ જણા તેમનાં ભાઈ ઈમામ હસન (અ.) નાં

https://downloadshiabooks.com/

ત્રણ ફરઝંદો હતાં — હ. કાસિમ, હ. અબ્દુલ્લાહ અને હ. અબુબક્ર, ઈમામનાં ભાઈઓ તરીકે પાંચ શખ્સો હતાં, જેમાંનાં ચાર હ. અબ્બાસ, હ. અબ્દુલ્લાહ, હ. જઅફર અને હ. ઉસમાન - 'ઉમ્મુલ બનીન' નાં બેટાઓ હતાં; અને પાંચમાં મોહમ્મદ બિન અલી હતાં. હ. અબ્દુલ્લાહ બિન જઅફરનાં બે ફરઝંદો - જ. ઔન અને જ. મોહમ્મદ હતાં; અને હ. અકીલનાં પાંચ ફરઝન્દો હતાં – હઝરત જઅફર બિન અકીલ, હઝરત મોહમ્મદ બિન અકીલ, હ. મુસ્લિમ બિન અકીલનાં બે ફરઝંદો – હઝરત અબ્દુલ્લાહ અને હ. મોહમ્મદ અને એક મોહમ્મદ બિન અબી સઈદ બિન અકીલ.

આ સત્તરે શખ્સોનાં નામો 'ઝિયારતે નાહીયહ' માં આવ્યા છે.

આ ઉપરાંત ઈમામનાં સાથી લગભગ પંચાવનથી વધુ નહીં હતાં. શરૂઆતમાં જે કેટલાંક હતાં, તેમણે કુફા અને ઈરાકની પરિસ્થિતી સ્પષ્ટ થઈ ગયા પછી ઈમામનો સાથ છોડી દીધો હતો.

ઈમામ હુસૈન (અ.) ને ૬ મહિનાનાં ટુંકા સમયમાં બોંતેર રોશનઝમીર અને સાબિત કદમ સાથીઓ મળી આવ્યા હતાં. ઈમામને તે કરતાં વધારે જરૂર પણ કયાં હતી ? તેઓ કંઈ સામ્રાજય જીતવા માટે તો નિકળ્યા નહીં હતાં કે કોઈ લશ્કરની જરૂર પડે. ઈમામના મકસદ માટે એ જ બોત્તેર અઝીમુલ મરતબત શખ્સો હતાં, જેમાં એક બચ્ચુ પણ સામેલ હતું, અને એટલા જ પુરતાં હતાં. તે ઉપરાંત તે હિમ્મતવાન બુઝુર્ગ ખાતુનો હતી, જેઓએ દરેક હાલતમાં પોતાની વાત કહીને તબ્લીગનો હક્ક અદા કર્યો, મર્દોની ખિદમતો અંજામ આપી, ગામેગામ ફરીને આશુરાનાં બનાવોથી લોકોને આગ્રહ કર્યો.

પાણી બંધ કરી દેવું, ઘોડાઓ દોડાવી જવા અને દૂધ પીતા બાળકની કતલના બનાવો સંભળાવ્યા...

https://downloadshiabooks.com/

દમિશ્ક તેની આસપાસનાં લોકો છેલ્લા બેંતાલીસ વર્ષથી 'અહલેબૈત' વિષયક મોટા પ્રોપેગેન્ડાઓને કારણે ગુમરાહ થએલા હતાં, શામ પહોંચીને એ પ્રચારની બધી અવળી અસરોને નાબૂદ કરવાની મુશ્કેલ કામગીરી તેઓએ બજાવી. દમિશ્કનાં બજારોમાં, 'આયએ તતહીર' સંભળાવી અને રસૂલ (સ.) નાં અહલેબૈતનાં હક્કો સમજાવ્યા.

છેવટે તેઓ ગમગીન અને સોગવાર હોવા છતાં મુત્મઈન (સંતોષી) અને આસુદહ ખાતિર (નચિંત) થઈ મદીના ખાતે પાછા ફર્યા.

અહલેબૈતનાં અમુક શીઆઓને કદાચ આ શબ્દો – 'મુત્મઈન' અને 'આસુદહ ખાતિર' – ગમશે નહીં; પણ જો તેઓ આ કામિયાબીઓને નઝરમાં રાખશે કે જે કામિયાબીઓ અહલેબૈતને આ મુસાફરીમાં મળી છે અને જેનાં તરફ અમે આ પહેલા ઈશારો કરી ચુકયા છીએ, તો તેઓ સ્વીકારશે કે અહલેબૈતનાં જઝબાતની તઅબીર માટે આ શબ્દો અયોગ્ય-નામુનાસિબ નથી. અમારાથી પહેલા એવા જ પ્રકારનાં શબ્દો ખુદ અમીરૂલ મોઅમેનીન (અ.) નાં દુખ્તરે ઉચ્ચાર્યા છે અને અમે તે જ અઝીમુલ મર્તબત ખાતુનની પયરવી કરી છે, જેમનો દિલેરી અને સાફગોઈની મુસ્તનદ શહાદતો અમારી પાસે મૌજુદ છે.

સય્યદ ઈબ્ને તાઉસ (અ.ર.) ની રિવાયત છે કે :–

ઝિયાદે જયારે ઝયનબે કુબરા (અ.) ને કહયું : "જોયું, ખુદાએ તમારા ખાનદાનની સાથે શું શું કર્યું ?"

ત્યારે જ ઝયનબ (અ.) એ જવાબમાં કહયું કે –

https://downloadshiabooks.com/

"મેં તો એવી કોઈ બુરા વાત જોઈ નથી; એ લોકોની શહાદત મુકર્રર હતી, તેથી એ લોકો ખુલ્દે બરીંમાં ચાલ્યા ગયા, નજીકમાં જ અલ્લાહ તને અને તમને એકઠા કરશે, પછી ફેંસલો થઈ જશે, તને તારી માતા રડે, એ ઈબ્ને મર્જાના...!"

સલામ, તેં સાનીને ઝેહરા (અ.) પર કે જેઓ કેદની હાલતમાં હોવા છતાં એવી સાફગોઈથી કામ લીધું; અને તે પણ એવા શખ્સ સામે કે જેને અહલેબૈત સાથે વારસાગત દુશ્મની હતી. અલી (અ.) ની દુખ્તરનાં હોંસલા અને જુર્અતની આ મિશાલ તે ખુત્બાઓ કરતાં પણ વધીને છે, જે તેઓએ કુફા અને શામ ખાતે આપ્યા હતાં.

ઈન્સાનિયતનાં ઈતિહાસમાં એવી બીજી કઈ ઔરત હશે, જેનાં છ-સાત ભાઈઓ માર્યા જાય, તેમનો બેટો શહીદ થઈ જાય, તેમનાં ભત્રીજા અને પિત્રાઈઓ કતલ થઈ જાય. તે પછી તેમને તેમની બહેનો અને તેમનાં ભાઈઓની ઔલાહને એક સાથે કૈદ કરી દેવામાં આવે અને એવા અસીરીમાં હોવા છતાં પોતાનાં સાથવાળા અને પોતાનાં શહીદોનો બચાવ કરતાં રહે. તે પણ એવા શહેરમાં કે જે કદી તેમનાં પિતાનું 'દારૂલ હુકૂમત' હતું, જયાં તેઓ બાપની હુકુમતમાં લગભગ ચાર વર્ષ રહયાં હતાં !

પરંતું અફસુર્દગી અને અફસુર્દા દિલીનાં તમામ અસબાબ ભેગા થયા છતાં પોતાની મુસિબતોનો કોઈ ગિલા-શિકવા નથી કરતી; બલ્કે સાફ-સાફ કહે છે કે કોઈ પણ બાબત તવક્કોઅ (સંભવિતતા) ની વિરૂધ્ધ નથી થતી. જો અમારા પુરૂષો શહીદ થઈ ગયા હોય, તો તેઓ આવ્યા જ એટલા માટે હતાં. અલબત્ત, જો એવું થયું નહીં હોત, તો પરેશાનીની બાબત હતી. હવે જયારે તેઓએ તેમની મુકદ્દસ ફરજ બજાવી દીધી છે અને શહાદતની ઈઝઝતની હાંસિલ કરી લીધી છે, તો

https://downloadshiabooks.com/

મુનાસિબ એ જ છે કે એ કામિયાબી પર અલ્લાહનો શુક્ર અદા કરવામાં આવે...

# ઈસ્લામી તરબીયતનસ અસર

જંગે ઓહદમાં ઘણાં બધા મુસલમાનો શહીદ થઈ ગયા હતાં, એટલે સુધી કે ખુદ રસુલે ખુદા (સ.) ની વફાતની ખબર વહેતી કરી દેવામાં આવી હતી. 'વાકેદી' એ એવી રીવાયત કરી છે. એક અન્સારી ખાતુન હિન્દા બિન્તે ઉમરૂ બિન હિઝામ, મશહુર સહાબી જાબિર અનસારીની ફોઈ ઓહદ ખાતે આવી અને પોતાનાં શહીદો એટલે કે પોતાનાં બેટા ખલ્લાહ, પોતાનાં શૌહર ઉમરૂ બિન જમૂહ અને પોતાનાં ભાઈ અબ્દુલ્લાહ બિન ઉમરૂની લાશોને માટીના પાથરણા પરથી ઉપાડીને ત્રણેય શહીદોને એક ઊંટ પર મૂકી મદીના તરફ રવાના થઈ ગઈ.

એ બાઈને રસ્તામાં જ રસુલે ખુદા (સ.) ના અઝવાજ (પુનિત પત્નીઓ) સાથે મુલાકાત થઈ ગઈ. એ બાઈઓ રસૂલે ખુદા (સ.) ની શહાદતની ખબર સાંભળીને ઓહદનાં યુદ્ધ મેદાન તરફ જ જઈ રહી હતી અને ખૂબ જ બેચેન હતી. તેઓમાંનાં એકે પુછયું : 'કહો, હિન્દા, શી ખબર છે ?'

હિન્દાએ કહયું : ઘણી સારી ખબર છે. રસુલુલ્લાહ (સ.) ઝિંદા અને ખૈર-આફિયતથી છે; હા, તે સિવાય બીજી કોઈ પણ મુસિબત આવી પડે. તો તે સહન કરી શકાય એવી છે.

આ મુસલમાન ખાતુન પોતાનાં સગાઓની લાશોને મદીના ખાતે દફન કરવા લઈ જઈ રહી હતી. તેના ઈમાનની કુવ્વતને કલ્પી શકો છો ! એ કેટલી મહાન ઝબરદસ્ત ઈમામને ચાહનારી પૈગમ્બર પાક (સ.)

https://downloadshiabooks.com/

ની શયદાઈ ઔરત હતી.. તેનો હોંસલો કેટલો બુલંદ હોવો જોઈએ; એનું કહેવું હતું કે જો રસુલે ખુદા (સ.) ઝિંદા હોય, તો પછી ગમ કેવો ? આ ખુશખબરી પછી કંઈ ખબર આપણને ગમગીન કરી શકે એમ છે ?

એ ઔરતે વધુમાં કહયું કે ઓહદથી હું બીજી પણ ખુશખબરો લઈ આવી છું. એક તો એ છે કે કેટલાંક મુસલમાનોને શહાદતની સઆદત નસીબ થયેલી છે ; અને બીજી વાત એ છે કે આ આયત નાઝિલ થયેલી છે...

સારાંશ : ગુસ્સાથી વિફરેલા, રોષે ભરાયેલા કાફરોને અલ્લાહે પછડાટ ખવડાવી છે. તેમને કોઈ ફાયદો થયો નથી અને અલ્લાહે મુસલમાનોને વધુ ખૂન-ખરાબાથી બચાવી લીધા છે. અલ્લાહ કુદરતવાળો અને ઈઝઝતવાળો છે.

## રસુલ (સ.) ઝિંદા – ખૈરિયતથી હોય, તો પછી કોઈ મુસીબતનો ડર કે ચિંતા કરવાની વાત નથી.

કાફરોને કામિયાબી નથી મળી અને તેઓ પાછા જઈ રહયા છે ... એવો એ આયતનો ભાવાર્થ હતો. એ પછી એ હિન્દાને પુછવામાં આવ્યું કે તમે ઊટ પર શું લાદીને લઈ જઈ રહયા છો ?

જવાબમાં એણે કહયું : એક મારો ભાઈ છે, એક મારો બેટો છે અને એક મારા શૌહર છે, ત્રણેય શહીદ થઈ ગયા છે; તેમની લાશોને દફન માટે મદીના લઈ જઈ રહી છું...

'ઈબ્ને ઈસ્હાક' થી રિવાયત છે કે, ઓહદનાં એ જ જંગમાં, 'બની દિનાર' ની એક ઔરતનાં શૌહર, ભાઈ અને બાપ શહીદ થઈ ગયા હતાં, તેણીને જયારે પોતાનાં અઝીઝોની શહાદતની ખબર મળી,

https://downloadshiabooks.com/

તો એણે જે સવાલ પહેલો પુછયો તે એ જ હતો કે અલ્લાહનાં રસુલ (સ.) ખૈરિયતથી છે તેમને કાંઈ ખતરા જેવું નથી....

તેણીએ કહયું : ના, હું પોતે જઈને તેમને જોવા માંગું છું...!

અને પછી જયારે તેણીને ઈત્મીનાન થઈ ગયું ત્યારે એણે કહયું, તેઓ સલામત હોય તો પછી કોઈ મુસિબત આવી પડે, તેમાં ચિંતાની કોઈ વાત નથી.

એક ઔરત જે અગાઉ બુતરસ્ત અને ગુમરાહ હોય, તે ઈસ્લામી તરબિયત અને અને રસુલ (સ.) ની તઅલીમને પરિણામે ઈમાન, ઈખ્લાસ અને જાંનિસારીનાં એવા દરજજા પર પહોંચી શકે છે કે રસુલે ખુદા (સ.) ને ઝિંદા જોઈને બધા ગમ ભૂલી જાય છે અને તે સામે દરેક મુસિબતને તુચ્છ ગણે છે, તો વિચારવા જેવી વાત છે કે એ જ તરબીયત અને તાલિમની અલી (અ.) અને ફાતેમા (અ.) ની બેટી પર કેમ અસર નહીં પડે ? અને તે ઈમાન અને મરતબા પર કેમ નહીં પહોંચે ?

“ઔસ-ખજરહ” જેવા કબીલાઓઓની મુસલમાન ઔરતો એટલા દરજજે રૂહાની અઝમતનો જો ઈઝહાર કરી શકતી હોય, તો ઝયનબે કુબરા (અ.) ની રૂહાની બુલંદીનું શું કહેવું ? એટલે જ તો આટલી બધી મુસીબતો પછી પણ તેઓને કલ્બી ઈત્મીનાન અને રૂહાની સૂકૂન મળેલા હતાં. તેઓએ જે જવાબ આપ્યો હતો કે, “તેમની શહાદત થઈ ગઈ છે, તેમાં કોઈ બૂરી વાત મેં નથી જોઈ...”

એ જ રહસ્ય હતું – એ જ રાઝ હતો મુસલમાનોની અઝમત અને તેમની હેરતઅંગેજ તરક્કીનો આ ઈમામનાં નૂરની રોશની હતી કે જેણે દુશ્મની આંખોને ચોંકાવી દીધી, તેની શકિતઓને ઢીલી કરી નાંખી....

https://downloadshiabooks.com/

ઓહદનાં જંગમાં મુસલમાનોને સખ્ત નુકશાન વેઠવું પડયું; કેટલાંક મુસલમાનોનાં સગાઓ-અઝીઝો શહીદ થઈ ગયા.. એવું કદાચ કોઈ કહે અને કિતાબોમાં પણ લખાયેલું છે.

બદ્રનાં જંગમાં અલબત્ત ખૂબ કામિયાબી મળી; દુશ્મનનાં ઘણાં આદમીઓ માર્યા ગયા, ઘણાં ગિરફતાર થઈ ગયા, પરંતું આ વિચારસણી કે મુસલમાનોને માટે એને ઈસ્લામી તરક્કી માટે ઓહદનાં જંગ કરતાં બદ્રની જંગ વધુ નફાકારક નિવડી હતી, તો તેનું કારણ એવું હતું કે ઓહદનાં જંગની જે અસરો પડી હતી, તેને કારણે બદ્રમાં મુસલમાનોએ પોતાનાં બળનો વધુ સારી રીતે ઉપયોગ કર્યો હતો અને દુશ્મનને માલૂમ થઈ ગયું હતું કે જો મુસલમાનો ત્રણસો તેર પણ હશે અને તેમની પાસે છ બખ્તર અને સાત તલવારો હશે, તો પણ નવસો પચાસ જણનાં લશ્કરને ભારે પડી જશે, તો કેટલાંકને મારશે, કેટલાંકને કેદ કરશે અને બાકીનાંને ભગાડી દેશે; પણ કુરેશને હજી એવો ખ્યાલ પણ નહીં આવ્યો હોય કે કોઈ દિવસે જો મદીનાવાળાઓનાં સગાં-વહાલાઓ જો રાહે ખુદામાં શહીદ થઈ જશે તો તે ઔરતો, જેમનાં શૌહર, ભાઈ કે બેટાઓ જંગમાં માર્યા જશે, તો તેની ચિંતા નહીં કરતાં રસૂલે ખુદા (સ.) ની સલામતી માટેની ચિંતા કરશે અને તેમને ઝિંદા જાણીને મસર્રતનો ઈઝહાર કરશે; અને કોઈ દિવસ રસૂલ ખુદા (સ.) ઝખ્મી મુસલમાનોને જો દુશ્મનનો પીછો કરવાનું ફરમાવશે, તો તેઓ પોતાનાં ઝખ્મો પર પટ્ટીઓ બાંધીને એવી રીતે દોડી જશે કે જાણે તેમને કોઈ જ ઝખ્મો થયા જ નથી....

'જંગે ઓહદ' દુશ્મનને પ્રભાવિત કરવામાં 'જંગે બદ્ર' કરતાં પણ વધુ અસરકારક સાબિત થઈ હતી. ઓહદની કસોટીમાં મુસલમાનોએ બદ્ર કરતાં પણ વધુ કામિયાબી હાસિલ કરી.

https://downloadshiabooks.com/

ઘણે ભાગે એવું જોવામાં આવ્યું કે વિજય—ફતેહનાં મૌકા પર લોકો ખુબ જોશ-ઉત્સાહ દેખાડતા હોય છે, પણ જયારે હાર-શિકસ્ત થતી હોય છે ત્યારે બધો ઉત્સાહ ઠંડો પડી જતો હોય છે – હિમ્મત તૂટી જાય છે.

જંગે બદ્ર પછી દુશ્મનોને એવી જ ઉમ્મીદ હતી કે જો કોઈ ક દિવસ તેઓ મુસલમાનો પર વિજયી થઈ જશે અને અન્સારનાં અમુક આદમીઓ પણ જો માર્યા જશે, તો રસુલે ખુદા (સ.) ને મદદ કરનારાઓનો બધો જોશ ઠંડો પડી જશે; અને પછી તેઓ બદદિલ થઈને તેમનો સંગાથ છોડી દેશે.

આ વાત તો એ લોકોનાં ખ્યાલમાં પણ આવી શકતી નહીં હતી કે રસુલે ખુદા (સ.) પોતાની સાથે સિત્તેર જેટલા કેદીઓ અને પુષ્કળ માલે ગનીમત લઈને મદીના પાછા ફર્યા છે... તેમાં તેમનાં જાંનિસારોની શહાદત કદાચ સિત્તેરેક જણથી વધુની નહીં થઈ હોય.

જંગે ઓહદ પછી અન્સારી મર્દ અને ખાતૂનોનાં અકસુલ અમલ (વિપરિત કાર્ય) ની જે અસર કુફા અને શામમાં અહલેબૈતનાં તર્ઝે અમલ (કાર્ય પદ્ધતિ) ની થઈ.

અહલેબૈતની કાર્યપદ્ધતિ બિલકુલ અસંભવિત હતી, એવી કામના પણ કરી શકાતી નહીં હતી કે તેઓ  આટઆટલી મુસિબતો બરદાશ્ત કર્યા પછી પણ પોતાનાં માથાં ઉન્નત રાખાશે, દરેક જગ્યાએ ઠેર ઠેર તકરીરો કરશે અને વિજેતા - ફતેહ કરનાર દુશ્મનને નીચાપણું દેખાડશે.

આમ જનતાનાં વિચારોમાં ફેરફાર કરી નાંખવાને કારણે અહલેબૈતનાં અસીરો જયારે દમિશ્ક પહોંચ્યા, ત્યારે તેની અસર

https://downloadshiabooks.com/

'ખલીફા' પર એવી થઈ હતી કે પહેલા જ દિવસે એ બોલી ઉઠયો હતો કે ''ઈબ્ને મર્જાના પર ખુદા લઅનત કરે... જો તેની સાથે તમારા લોકોમાંની કોઈની કરાબત, રિશ્તેદારી હોતે તો તમારી સાથે કદી પણ એવો વર્તાવ નહીં કર્યો હોતે અને એવી અફસોસનાક હાલતમાં તેમને અહીં મોકલતે નહીં..''

## મદીનાનાં અન્સારોથી બઅયત

નબુવ્વતનાં તેરમા વર્ષે, મદીનાનાં અગ્રણી લોકોએ 'મિના' ખાતેનાં પ્રદેશમાં રસુલે ખુદા (સ.) ની બઅયત કરી. એ મૌકા પર અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ

## પરસ્પર વિચારોની આપ – લે કરી લો, નિર્ણય કરીને ફેંસલો કરી પછી જાઓં... સાફ ચોખ્ખી વાત સારી.

મૌજુદ હતાં. તેઓએ 'અહલે મદીના' થી અહદ લીધો કે તેઓ ખુદા (સ.) ની હિમાયત કરવામાં કોઈ સુસ્તી કરશે નહી.

અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબે પોતાની વાતચિત આ મુજબ શરૂ કરી હતી કે–

... ઓ ખઝરજવાળાઓ, હવે જયારે તમે લોકો મોહમ્મદ (સ.) ને તમારા પોતાનાં શહેરમાં લઈ જવા માટેની દઅવત આપવા આવ્યા છો, તો તમારે જાણી લેવું જોઈએ કે મોહમ્મદ (સ.) અમારા ખાનદાનમાં ખુબ જ માનવંતા - સન્માનીય છે. અમારામાં તેમનો એક ખાસ મુકામ છે. અમે બધા બની હાશિમ ચાહે તેમનાં પર બધા જ ઈમાન લાવ્યા હોય કે ન લાવ્યા હોય, તો પણ અમે તેનાં જાંનિસારો છીએ. હંમેશા તેમને માટે ઢાલ સમાન રહયા છીએ. પોતાનાં શહેરમાં,

https://downloadshiabooks.com/

પોતાનાં કબીલામાં મોહમ્મદ (સ.) ની મહાન ઈઝઝત છે, મોટું માન છે; હવે તેઓ તમારી સાથે જવા ચાહે છે, તો તમે બધા સારી રીતે વિચારી લ્યો કે જો તમે બધા તેમનો સંપૂર્ણ સાથ આપી શકતા હોવ, બધા જ આરબોને મુકાબલે જે કોઈ તેમની સામે લડવા આવશે, તેમની સામે અડગ, સાબિત કદમ રહી શકો તો જ આગળ વધજો-હા પાડજો. પણ જો તમને વહેમ હોય, અંદેશો હોય કે તમે સાથ નહીં આપી શકો, તમારા શહેમાં લઈ જઈને તેમને છોડી દેશો, તો બહેતર છે કે હમણાંથી જ તમારો જવાબ આપી દો, તમારો નિર્ણય કરી લો. તમે બધા પરસ્પર વિચારોની આપ-લે કરી લો. એક નિર્ણય કરીને ફેંસલો કરીને પછી જ અહીંથી જાઓ, કારણ કે સાફ-ચોખ્ખી વાત સારી હોય છે. ....

એ સાંભળીને એક બુઝુર્ગ સહાબી (જેનું નામ બરાઅ બિન મઅદૂર હતું.) તેઓએ કહયું :

"અમે તમારી વાત સાંભળી લીધી છે, જો અમારા દિલમાં બીજો કોઈ ખ્યાલ હોતે, તો અમે સાફ સાફ કહી દેતે.... અમે બધા એ વાત પર મક્કમ છીએ કે રસુલે ખુદા (સ.) નો અમે પુરેપુરો સાથ આપીશું અને ખુદાની રાહમાં જાન કુરબાન કરવાથી પણ પીછેહઠ નહીં કરીએ."

અબ્બાસ બિન ઉબાદા નામનાં શખ્સે કહયું : ઓ ખઝરજવાળાઓ, જાણો છો કે તમે કઈ બાબત પર મોહમ્મદ (સ.) ને બઅયત આપી રહયા છો ?

એ બધાએ કહયું : અમને ખબર છે...

તો સાંભળો- ફરીથી સાંભળો ! તમે લોકો એ વાત પર બયઅત આપી રહયા છો કે જંગમાં તમે મોહમ્મદ (સ.) ને સાથ આપશો. તમે તમારા જાન-માલની કુરબાની આપવામાં પણ પીછેહઠ નહીં કરો.. પણ

https://downloadshiabooks.com/

તમને એવો ડર લાગે, એવો અંદેશો થાય કે મોહમ્મદ (સ.) ને કારણે તમારી કોમનાં બુઝુર્ગો માર્યા જાય છે, તેમને કારણે તમારો માલ તમારા હાથમાંથી તમે ગુમાવી બેસો છો; અને તેથી તમે ગંમે તે સમયે તેમનો સાથ છોડી દેશો, તો પછી બહેતર છે કે બઅયત આપવાનો ખ્યાલ તમારા દિલમાંથી કાઢી નાંખો. આ તો દુનિયા અને આખેરતનો સવાલ છે. હા, તમે જો એમ સમજતા હોય કે જાન-માલની કુરબાની આપ્યા છતાં પણ તમે તેમને વફાદાર રહેશો, તો પછી તેમનો દામન હરગિઝ છોડશો નહીં, કારણ કે, દુનિયા અને આખેરતની ભલાઈ તેમાં જ છે...

આ વાતો સાંભળીને બધાએ એક જ અવાજે કહયું : અમે જાન-માલની કુરબાની આપવા સાથે રાજી-ખુશીથી બયઅત કરવા માટે તૈયાર છીએ.

આ પછી તેમાંનાં કોઈ કે પુછયું : અમે જો રસૂલે ખુદા (સ.) નાં વફાદાર છીએ, તો અમને શું મળશે ?

જવાબ મળ્યો : જન્નત.

ઈબ્ને ઈસ્હાકની રિવાયત મુજબ —

રસુલે ખુદા (સ.) એ પોતાની વાતચિતની શરૂઆત કુર્આન પાકની તિલાવતથી કરી, તે પછી ઈસ્લામ તરફ દઅવત આપી અને પછી ફરમાવ્યું –

"હું તમારી બયઅત એ શરત પર કબુલ કરૂ છું કે, તમે લોકો મારી હિમાયત એવી રીતે કરશો, જેવી રીતે તમારા બાલ-બચ્ચાંની હિમાયત તમે કરો છો."

https://downloadshiabooks.com/

બરાઅ બિન મઅરૂરે પોતાનાં હાથમાં રસુલે ખુદા (સ.) નો હાથ લઈને કહયું : કસમ છે તે હસ્તીનાં જેણે આપને નબીએ બરહક્ક બનાવીને મોકલ્યા છે, અમે આપનું એવી જ રીતે રક્ષણ કરીશું. જેવી રીતે અમે અમારી ઈઝઝતનું અને અમારી ખાતૂનોનું કરીએ છીએ.. ઓ અલ્લાહનાં રસુલ (સ.) અમારી બયઅત કબૂલ કરી લ્યો... અલ્લાહનાં સોગંદ, અમે જંગમાં અજમાવાયેલા લોકો છીએ અને પેઢી દર પેઢી એ તો અમારૂ કામકાજ રહેલું છે..

બરાઅ બિન મઅરૂરની વાતચિતને કાપી નાંખતાં, એક બુઝુર્ગ અન્સારી જેમનું નામ અબૂલ હયશમ બિન તયતહાન હતું અને જેઓ 'સિફ્ફિન' ના જંગમાં શહીદ થયા હતાં તેઓ બોલ્યા :

... ઓ રસુલે ખુદા (સ.) ! અમારા અને યહુદીઓ દરમ્યાન સબંધો છે, જે હવે કપાઈ જશે; (કારણ કે અમે ઈસ્લામ સ્વીકાર્યો છે.) તો હવે એવું ન થાય કે આપને ખાતર અમે અમારા જૂના નગરજનોને છોડી દઈએ અને જયારે અલ્લાહ આપને કામિયાબી આપી દે, તો આપ અમને છોડીને આપની કૌમ પાસે ચાલ્યા જાવ; અને અમે સહારા વિનાનાં થઈ જઈએ.

રસુલે ખુદા (સ.) એ મુસ્કુરાઈને ફરમાવ્યું : ના, એવું નહીં થાય, મારૂં લોહી એ તમારૂ લોહી છે; મારી ઈઝઝત એ તમારી ઈઝઝત છે; હું તમારો છું અને તમે મારા છો ; જેની સાથે તમે જંગ કરશો, તેની સાથે હું જંગ કરીશ; અને જેની સાથે તમારી સુલેહ હશે, તેની સાથે હું સુલેહ કરીશ.

એ સાંભળી સૌ અન્સારીઓ પોકારી ઉઠયા : અમને રસુલે ખુદા (સ.) ની બયઅત મંજૂર છે, અમે તે માટે તૈયાર છીએ; અને અમે

https://downloadshiabooks.com/

તેમજ અમારા બુઝુર્ગો જાન આપી દઈશું, અમારી સૌ માલમત્તા તેમનાં પર કુરબાન કરી દઈશું...

રસુલે ખુદા (સ.) ની પાસે તેમનો હાથ પકડીને અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ ઉભેલા હતાં, તેઓએ ચેતવણી આપતાં એ કબીલાવાળાઓને કહયું : ધીરે વાતો કરો, દુશ્મનોનાં જાસુસો પણ સાંભળતાં હશે... સૌથી પહેલા મોટી ઉંમરનાં લોકો સૌની આગળ રહે, તેમની સાથે વાત કરી લેવા દો; બયઅત લીધા પછી બધા વેર-વિખેર થઈ જાવ, દરેક શખ્સ પોતાની જગ્યાએ ચાલ્યો જાય..

બયઅત લેવા માટે સૌ પ્રથમ બરાબ બિન મઅરૂર આવ્યા. બીજા એક કથન અનુસાર અબૂલ હયસમ તયહાન પહેલા હતાં; અને એક કથન અનુસાર સૌથી પ્રથમ અસ્અદ બિન ઝરારહએ બયઅત આપી. તે પછી સિત્તેર શખ્સોએ રસુલે ખુદા (સ.) નાં હાથ પર બયઅત કરી.

એ સમૂહમાંથી રસુલે ખુદા (સ.) એ બાર ‘નકીબ’ દેઅરેખ રાખનારા પસંદ કર્યા, તેઓને ઝિમ્મેદાર ઠરાવ્યા કે તેઓ તેમની કૌમની હાલત પર નઝર રાખે.

એ રીતે ‘યસરબ’ શહેર કે જેનું નામ નબવી હિજરત પછી મદીનતુર રસુલ થઈ ગયું હતું, તે ઈસ્લામી દઅવતનું સૌથી મોટું કેન્દ્ર (મરકઝ) બની ગયું.

ઝિલહજ્જ, બેસઅતનાં ૧૩ માં વર્ષે મદીના તરફ મુસલમાનોની હિજરતની શરૂઆત થઈ.

બીજી બઅયત ‘અકબા’ પછી થઈ. જેમાં પંચોત્તેર શખ્સોએ બયઅત કરી.

https://downloadshiabooks.com/

કુરૈશને જયારે ખબર પડી કે 'ઔસ' અને 'ખઝરજ' કબીલાવાળાઓએ રસુલુલ્લાહ (સ.) સાથે કરાર કરી લીધા છે અને તેઓએ તેમને બયઅત આપી દીધી છે, ત્યારે કુરૈશવાળાઓએ નિતિ-રિતી વધારે કડક થઈ ગઈ અને તેઓએ મુસલમાનોને વધુમાં વધુ સતાવવાનું શરૂ કરી દીધું.

મુસલમાનોની ઝીંદગી મક્કા ખાતે અસહય થઈ ગઈ ત્યારે તેઓએ રસુલે ખુદા (સ.) પાસે હિજરત માટેની પરવાનગી મળી, આપે તેઓને મદીના જવાની ઈજાજત આપી અને કહયું : અલ્લાહે તમારે માટે ભાઈઓ અને અમાનની જગ્યાનો ઈન્તેઝામ કરી દીધો છે તમે તમારા અન્સાર ભાઈઓ પાસે ચાલ્યા જાવ.

આથી ધીરે ધીરે થોડા થોડા મુસલમાનો મદીના જતાં રહયા.. રસુલે ખુદા (સ.) અલ્લાહનાં હુકમનાં ઈન્તઝારમાં રહયા. તે જ સમય દરમ્યાન તેઓને કતલ કરી નાંખવાની તજવીજ પર કુરેશીઓ એકમત - સંમત્ત થઈ ગયા.

રસુલે ખુદા (સ.) ને કતલ કરી નાંખવાનો મનસૂબો કુરૈશવાળાઓએ સાચવેતીપુર્વક તૈયાર કર્યો હતો; પણ અલ્લાહે કંઈ જુદુ જ મંજૂર કરેલું હતું. પોતાનાં પૈગમ્બરને વતનથી દૂર એવા લોકો પાસે પહોંચાડવા માંગતો હતો. જેઓ બાપ, ભાઈથી વધુ મહેરબાન અને જાંનિસાર હોય.

રસુલે ખુદા (સ.) 'બેઅસત' નાં ચૌદમાં વર્ષનાં રબીઉલ અવ્વલની ચાંદ રાતે મક્કા ખાતેથી નિકળ્યા. રાતનાં 'ગારે સૌર' સ્થળે છુપાયેલા રહયા, પછી બે મુસલમાનો અને એક મુશરિક સાથે, જેને

https://downloadshiabooks.com/

રસ્તાનાં જાણકાર તરીકે મહેનતાણા પર સાથે લીધો હતો, મદીના જવા રવાના થયા.

બારમી રબીઉલ અવ્વલે, મદીનાનાં ‘કબા’ નામનાં મોહલ્લામાં તેઓ ઉતર્યા. મદીનાવાસીઓએ તેમનું પરજોશ સ્વાગત કર્યુ અને શહેર ખુશીનાં ગીતો સાથે ગુંજી ઉઠયું.

“વિદાઅ પહાડની તળેટીમાંથી ચાંદ નિકળી આવ્યો છે.. જયાં સુધી કોઈ પોકારનારો ખુદાને પોકારે ત્યાં સુધી અમારા ખુદાનો શુક્ર વાજિબ છે.”

## મદીના ખાતેનાં ઐતિહાસિક બનાવો.

તે દિવસોમાં મદીના શહેર ઐતિહાસિક બનાવો બનવા માટેનું જાણે સ્થળ હતું.

તે દિવસે, હિ. સ. ૨ માં જયારે ત્રણસો તેર મુસલમાનોએ ‘ગઝવ-એ-બદ્ર કુબરા’ માં મકકાનાં નવસો પચાસ મુશ્રેકીન પર ફતેહ હાસિલ કરી, તેમનાં સિત્તેરથી વધુ આદમીઓ કતલ કર્યા. તે ફતેહની ખુશખબર મદીનામાં પહોંચી અને રસૂલે ખુદા (સ.) અને મુસલમાનો પોતાનાં ઘરોમાં કામિયાબ થઈને પાછા ફર્યા.

તે દિવસ, હિજરી સન-૩ નાં શવ્વાલમાં મુસલમાનોએ મક્કાનાં ત્રણ હજાર મુસ્રેકીનનો મુકાબલો કર્યો, સિત્તેરથી વધુ મુસલમાનો શહીદ થયા; અને રસુલે ખુદા (સ.) અને મુસલમાન મુજાહીદો ગમઝાદા અને સોગવાર હાલતમાં મદીના ખાતે પાછા ફર્યા.

https://downloadshiabooks.com/

તે દિવસ, જયારે હિ.સ. ૪ માં ચાલીસ કે સિત્તેર બુઝુર્ગ સહાબાઓ 'બીરે મઊના' નામનાં સ્થળે શહાદત પામ્યા, તે બાબતનાં સમાચાર આવ્યા.

તે દિવસે, એ જ વર્ષમાં જયારે 'સરયએ અજીઅ' નામનાં સ્થળે નવ શખ્સોની શહાદતની ખબર આવી.

તે દિવસે, જયારે હિ. સ. ૫ માં ત્રણ હજાર મુસલમાનોએ જંગે ખંદકમાં દુશ્મનનાં બાર હજારનાં લશ્કર પર અથવા 'મસઊદી' નાં 'અત તન્બીહ વલ અશરાફ' માં લખ્યા મુજબ ચોવીસ હજારનાં લશ્કર પર ફતેહ મેળવી અને ગૈબી તાઈદથી દુશ્મનને પીછેહઠ કરવા પર રસુલે ખુદા (સ.) એ મજબૂર કર્યા.

તે દિવસે, જયારે ક્રમાનુસાર હિ. સ. ૨, ૪ અને ૫ હિજરીમાં બની કયનકાઅ, બની નઝીર અને બની કરીઝા પોતાનાં કરતુતે પહોંચ્યા અને મદીનાનું વાતાવરણએ વચનભંગી યહુદીઓથી પાક થઈ ગયું.

તે દિવસે, જયારે હિ. સ. ૭ માં મુસલમાનોએ ખયબરનાં યહૂદીઓ પર ફતેહ મેળવી અને તે શાનદાર ફતેહની ખબર મદીના પહોંચી.

તે દિવસે, જયારે જઅફર બિન અબી તાલિબ અને બીજા બધા મોહાજિરો, જેઓ ૧૩ વર્ષ અગાઉ હિજરત કરીને ઈસાઈ દેશ હબશા ચાલ્યા ગયા હતાં. તેઓ સહી સલામત પાછા ફર્યા.

https://downloadshiabooks.com/

તે વખતે રસૂલે ખુદા (સ.) એટલા બધા ખુશ થયા કે તેઓએ ફરમાવ્યું કે, "હું કહી નથી શકતો કે જઅફરનાં આગમનની મને વધારે ખુશી છે કે ફત્હે ખયબરની..."

પછી તે દિવસે, જયારે હિ.સ. ૮ માં જઅફર બિન અબીતાલિબ, ઝદૈ બિન હારેસા અને અબ્દુલ્લાહ બિન રવાહાની શામનાં મૂતા સ્થળે થયેલી શહાદતની ખબર મદીના પહોંચી.

પછી તે દિવસે કે જયારે રસુલે ખુદા (સ.) ત્રીસ હજાર મુસલમાનો સાથે 'તબુક' ની લડાઈમાંથી સહી-સલામત પાછા તશરીફ લાવ્યા કે જે ખૂબ ખતરનાક મુસાફરી હતી.

તે દિવસે, જયારે હિ.સ. ૮ નાં રમઝાનમાં રસુલે ખુદા (સ.) એ મકકા ફતેહ કર્યું. તે અઝિમ વિજયની ખબર મદીના પહોંચી, તો ખુશાલીની લ્હેર દોડી ગઈ  અને હંમેશ માટે અરબ રાષ્ટ્રમાંથી બુત-પરસ્તીની પથારી લપેટાઈ ગઈ.

તે દિવસે, જયારે હિ.સ. ૧૧ ની શરૂઆતમાં રસુલે ખુદા (સ.) ની વફાત થઈ ગઈ; અને મદીનાનાં તમામ લોકો ગમઝાદા અને સોગવાર થઈ ગયા.

આ બનાવો પછી પણ આપની વફાત બાદ મદીનાંએ એવા અગત્યનાં તવારિખી બનાવો જોયા છે, જેનાથી ઓછા-વત્તા અંશે મુસલમાનોની સિયાસી અને સામુદાયી જીંદગી પર અસર પડતી રહી.

https://downloadshiabooks.com/

# મદીના વાસીઓને ૬ મહિના પછી ઈમામ હુસૈન (અ.) અને સાથીઓની શહાદતની ખબર મળી.

તે એટલે સુધી કે હિ. સ. ૬૧ આવી લાગ્યો અને ૬ મહિનાની પુછતાછ પછી બની હાશિમ અને મદીનાનાં મુસલમાનોને ઈમામ હુસૈન (અ.) અને તેમનાં જાંનિસાર સાથીઓની શહાદતની ખબર મળી. ફરી એક વખત રસુલે ખુદા (સ.) ની વફાતનો નકશો નજર સામે આવી ગયો.

# ઈમામ હુસૈન (અ.) ની કતલ પર ઈબ્ને ઝિયાદે વ્યકત કરેલી ખુશાલી.

શેખ મુફિદ અને તબરી લખે છે કે જયારે હુસૈન બિન અલી (અ.) ની કતલ પછી તેમનું મુબારક માથું ઔબેદુલ્લાહ બિન ઝિયાદ પાસે લાવવામાં આવ્યું, ત્યારે એણે અબ્દુલ મલેક બિન અબિલ હારિસ સલીમને બોલાવ્યો અને હુકમ કર્યો કે તરત જ મદીના રવાના થઈ જાય અને મદીનાનાં હાકેમ ઉમરૂ બિન સઈદ બિન આસને જઈને ખુશખબર સંભળાવે કે હુસૈન બિન અલી (અ.) કતલ થઈ ચુકયા છે...

કેવા અચંબાની વાત છે કે રસુલ ખુદા (સ.) ની વફાતનાં પચાસ વર્ષની અંદર જ મુસલમાનોની ગફલત એટલી હદ સુધી પહોંચી ગઈ કે રસુલ (સ.) નાં ફરઝન્દો અને અઝીઝોની કતલની ખબર એક ખુશખબર તરીકે શહેરનાં હાકેમને મોકલવામાં આવી રહી છે કે જયાં રસુલે (સ.) હિજરત કરી હતી. જયાં તેમનું મદફન છે...

આ ખબર મદીના લઈ જવા માટે અબ્દુલ મલેક બિન અબી હારિસ ખચકાઈ રહયો હતો. તેને ઈમામનાં અઝીઝો-સબંધીઓથી શરમ

https://downloadshiabooks.com/

આવતી હતી, એણે માફી માંગીને એમ ઈચ્છયું કે તેને આ કામ સોંપવામાં ન આવે, પણ ઈબ્ને ઝિયાદના હાથમાં તાકત હતી; અને ઈમામને કતલ કરાવ્યા પછી પહેલા કરતાં પણ એ વધારે ઉદ્ધત થઈ ગયો હતો. એણે અબ્દુલ મલેકને ધમકી આપતાં કડક થઈને કહયું : તને આ ખુશખબર આપવા મદીના જવું જ પડશે. અમુક પૈસા પણ તેને આપ્યા અને કહયું કે, બહાનાબાજી કરવાનું છોડી દે.. તરત રવાના થઈ જા, તારો ઉંટ જો રસ્તામાં નકામો થઈ જાય, તો પણ બીજા ઊંટની વ્યવસ્થા કરજે, તારે જવું જ પડશે....

ઈબ્ને ઝિયાદ એટલું સમજતો નહીં હતો કે આ રીતે આ શખ્સને આગ્રહ કરવામાં એનું પોતાનું જ નુકશાન થવાનું છે. ઈમામ (અ.) ની શહાદતની જેટલી તફસિલો વિગતો  લોકો સુધી પહોંચશે, તે ઈતિહાસનું એક અંગ બની જશે, અને યઝીદની રૂસ્વાઈમાં વધારો થશે. એ પોતે જ પોતાની ઝિલ્લત અને બદનામીની ખબર ઠેર ઠેર પહોંચાડી રહયો હતો.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે —

“આ લોકો અલ્લાહ અને મુસલમાનોનો ફરેબ આપે છે. પણ હકીકતમાં પોતાને જ તેઓ ઠગે છે. છતાં સમજતાં નથી.”

તેઓ એવું માનતા હોય છે કે અલ્લાહને ધોકો આપવામાં કામિયાબ થઈ જશે અને મોઅમેનીનને પોતાની ચાલબાજીમાં લઈ લેશે, પણ ખરું જોતાં તેઓ પોતાનાં સિવાય બીજા કોઈને ઠગી શકતા  નથી. તેઓ સમજતાં નથી કે એવી ફરેબકારીમાં ખુદ તેમનું પોતાનું નુકશાન છે. ઈબ્ને ઝિયાદ જાણતો નહીં હતો કે તવારિખમા તેનું નામ કેવી ઝિલ્લતથી લેવાશે અને તવારિખનો ફેંસલો તેનાં માટે શું હશે ? અને હુસૈન બિન અલી (અ.) અને તેમનાં સાથીઓનાં નામો તવારિખમાં

https://downloadshiabooks.com/

કેવા ઉજજવળ હશે ? તેમની તેહરિક અને જદદો-જહદ, ઈન્સાનિયતની તવારિખમાં કેટલાં ઉચ્ચ સ્થાન પામશે.

અબ્દુલ મલેક સલમી, ઈબ્ને ઝિયાદનો વિરોધ કરી શકે એમ નહીં હતો; એટલે તેનાં હુકમ મુજબ તે મદીના જવા રવાના થયો અને બનતી ઉતાવળે ત્યાં પહોંચી ગયો.

મદીનાવાસીઓએ જોયું કે ઈરાકથી એક કાસિદ આવેલો છે, એટલે તેઓ સમજી ગયા કે જરૂર ઈરાકનાં બનાવોની ખબર લાવ્યો હશે.

અબ્દુલ મલેકને જોઈને એક કુરેશીએ (એનું નામ જણાયું નથી) પુછયું : કહો ! ઈરાકનાં શા સમાચાર છે ?

તેને જાણવું હતું કે હુસૈન બિન અલી (અ.) અને ઉમરી ખિલાફત વચ્ચેની કશમકશનું શું પરિણામ આવ્યું ? હવે ત્યાં કોની હકુમત છે ? અને ખલીફા વિરૂધ્ધ કુફાવાસીઓની જદદો-જહદ કયાં સુધી કામિયાબી રહી છે ?

જવાબમાં અબ્દુલ મલેકે કહયું : સાચી ખબર અમીરની પાસેથી મળશે, જે કંઈ થયું છે તેની માહિતી અમીર પોતે આપશે...

અકલમંદો માટે એટલો ઈશારો પુરતો હતો, તેઓ સમજી ગયા કે અમીરને માહિતી આપવામાં આવશે, એટલે તે તો યઝીદનો નિમાયેલો શખ્સ છે અને પાછો ઉમવી પણ છે, તો એનો અર્થ એ થયો કે હુસૈન બિન અલી (અ.) ની નિતિને રોકી દેવામાં આવી છે અને યઝીદ અને આલે અબી સુફિયાનની અગ્રેસરતા પાકી થઈ ગઈ છે. એટલો ટુંકો જવાબ સાંભળીને તે કુરૈશી સમજી ગયો કે એમ લાગે છે કે હુસૈન બિન

https://downloadshiabooks.com/

અલી (અ.) કતલ થઈ ગયા છે, આથી એ એટલું જ બોલ્યો : "... ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન ..."

અબ્દુલ મલેકનું કહેવું છે કે, હું જયારે ઉમરૂ બિન સઈદ આસ ઉમવીની પાસે પહોંચ્યો, ત્યારે એને પણ ઈરાકની પરિસ્થિતી વિષે કોઈ ખબર નહીં હતી. એણે ગભરાટમાં પુછયું : કહો, ઈરાકથી શી ખબર લાવ્યા છો ?

મેં કહયું : એવી ખબર લાવ્યો છું કે જે સાંભળીને અમીર ખૂશ ખૂશ થઈ જશે; એ ખબર એ છે કે હુસૈન બિન અલી (અ.) કતલ થઈ ગયા છે અને ઝઘડો ખતમ થઈ ગયો છે.

ઉમરૂ બિન સઈદ ઉમવી આ સમાચાર સાંભળીને ખુશ ખુશ થઈ ગયો, ફૂલ્યો સમાતો નહીં હતો; એ કહેવા લાગ્યો —

"જાવ, લોકોને તેમનાં મરણનાં સમાચાર સંભળાવી દો.."

ત્યાંથી હું બહાર નિકળ્યો અને બુલંદ અવાજે મેં એલાન કર્યુ કે, "હુસૈન બિન અલી (અ.) ઈરાકમાં શહીદ થઈ ગયા છે..."

એ સાંભળીને 'બની હાશિમ' ની ખાતૂનોએ અલ્લાહનાં સોગંદ, એવી રીતે આહોઝારી કરી કે મેં કયારેય પણ એવું રૂદન સાંભળ્યું નહીં હતું...

**તેઓ માનતા હતાં કે ખુદા અને મોઅમીનને ઠગવામાં પોતે સફળ થશે, પણ પોતે જ નુકશાનમાં રહ્યા.**

https://downloadshiabooks.com/

એ આશુરાનાં વિલાપને સાંભળીને ઉમરૂ બિન સઈદે એક જોરદાર ખડખડાટ હાસ્ય કર્યુ, એનું એવું માનવું હતું કે આ વિલાપએ હ. ઉસ્માન બિન અફફાન પર રૂદનનાં બદલા રૂપે છે. એટલે કે હાશેમી ખાતૂનો જે રીતે વિલાપ કરી રહી છે, તેવી જ રીતે ગઈ કાલે ઉમવી ખાતુનો હ. ઉસમાનનો વિલાપ કરી રહી હતી.

યઝિદ અને ઝિયાદ જે ગેરસમજમાં પીડાતાં હતાં, એ જ ગેરસમજમાં ઉમરૂ બિન સઈદ પીડાઈ રહયો હતો; એ લોકો હુસૈન બિન અલી (અ.) ની કતલને હ. ઉસ્માનની કતલ સાથે જોડીને એવું જાહેર કરવા માંગતા હતાં કે અલી બિન અબીતાલિબ (અ.) અને તેમનાં બેટા હઝરત ઉસ્માનનાં કતલમાં ખરડાયેલા હતાં. જયારે હકીકત એ હતી કે હ. ઉસ્માનને માટે તેમનો કિરદાર નસીહત, મોહબ્બત અને ખેરખ્વાહીનો હતો. એ લોકોએ તો ફિત્નાને દબાવવા પુરી કોશીષ કરી હતી અને જયારે હ. ઉસમાનને ઘેરો ઘાલવામાં આવ્યો હતો, ત્યારે માલ-સામાન, પાણી વિગેરે પહોંચાડવાનું કામ હ. અલી (સ.) અને તેમનાં ફરઝન્દોએ કર્યુ હતું.

ઉમરૂ બિન સઈદએ જ જુઠ્ઠાણાંથી પીડાઈ રહયો હતો અને પોતાની બદનામીમાં ઉમેરો કરી રહયો હતો. એણે મસ્જીદે નબવીમાં જઈ મિમ્બર પર ચઢીને ઈમામની શહાદતનું એલાન કર્યુ; પણ અહલેબૈતવાળાઓ જેવી રીતે દરેક મૌકા પર દુશ્મનોનાં જુઠ્ઠાણાં — આક્ષેપોનાં જવાબમાં હકીકતનો ઈઝહાર કરી રહયા છે, તેવી જ રીતે મદીનાનાં તે હાકેમને એક ખાતુને જે જવાબ આપ્યો હતો, તેને ઈતિહાસનાં પાનાઓએ સંગ્રહી રાખેલો છે.

એ મૌકા પર હ. અકીલ બિન તાલિબનાં ઘરાનાની એક બેટી, બીજી હાશેમી ખાતુનોને સાથે લઈને રસુલે ખુદા (સ.) નાં મરકદે

https://downloadshiabooks.com/

મોતહહર પર આવી અને કબ્રને લપેટાઈને બે અશઆર પઢયા અને ખાતુનોને પઢાવ્યા. તેમાં આશુરાની તવારિખનો ખુલાસો જાણે બયાન કરી દીધો. એ અશઆર આ મુજબ છે.—

.. તમે લોકો જેમને કતલ કરીને ખુશ થઈ રહયા છો, તે જ હુસૈન ઈબ્ને અલી (અ.) નાં નાના કયામતનાં દિવસે તમને પુછશે કે તમે લોકો તો ઉમ્મતનાં આખર લોકો (આખિરૂલ ઉમમ) હતાં; તમે લોકો મારી ઔલાદ સાથે મારા પછી કેવો સુલુક કર્યો કે તેમનાં મર્દોને તો લોહીમાં નવડાવીને કતલ કરી નાંખ્યા અને તેમની ઔરતો અને બચ્ચાઓને કૈદ કરી લીધા..!

## મદીના ખાતે પાછા ફરેલા એહલેબૈત (અ.)

આ રીત મદીનાવાસીઓને ઈમામની શહાદતની ખબર થઈ; હવે એ લોકો ઈન્તજારીમાં હતાં કે અહલેબૈતનાં કેદીઓ કયારે પાછા ફરે છે. છેવટે તે ઐતિહાસિક દિવસ પણ આવી ગયો.

ઈમામ ઝયનુલ આબૈદિન (અ.) અને તેમનાં હમરાહી મદીના નજીક આવીને સવારીઓ માંથી ઉતર્યો, ખાતુનોને ઉતારી. પછી એક આદમી મોકલ્યો કે જે મદીના જઈને ઈમામનાં આગમનની ખબર આપે.

એ આદમીનું કહેવું છે કે હું મદીનામાં મસ્જિદે નબવી પાસે જઈ પહોંચ્યો અને મારા રૂંધાએલા રડતા અવાજે મેં પોકાર કર્યો કે —

... ઓ યસરબવાસીઓ ! તમે અહીં શહેરમાં બેઠા બેઠા શું કરી રહયા છો .... હુસૈન (અ.) કતલ થઈ ગયા, તેમનાં ગમમાં મારૂ રડવાનું હું રોકી નથી શકતો, મારા આંસુઓ ખાળી નથી શકતો..!

https://downloadshiabooks.com/

એ કાસિદ આટલું કહેવાને પુરતું સમજતો નહીં હતો, એ ઈચ્છતો નહીં હતો કે આટલી વાતથી મકસદ પુરો થઈ જાય છે. એ નહીં ઈચ્છતો હતો કે લોકો પણ રડવા લાગે, આહોઝારી કરે, વિલાપ કરે, નૌહાસરાઈ કરે. એ ચાહતો હતો કે કરબલાનાં વાકેઆ બાબત એક વધુ સનદ તૈયાર થઈ જાય. જેથી હવે પછી આવનારાઓ માટે આશુરાની તવારિખની સંપૂર્ણ માહિતી મળી જાય, ઈમામ હુસૈન (અ.) ની તેહરિકનાં ઉચ્ચ મકસદને લોકો બરાબર સમજી શકે..

અબુ અબ્દુલ્લાહ, ઈમામ હુસૈન (અ.) ની તેહરિક ફકત અઝાદારીની મજલિસો યોજીને સવાબ કમાવા માટે નહીં હતી, ફકત એક અસરકારક બનાવ કે પ્રસંગ નહીં હતો, ફકત મેમ્બરો પર મઝહબી તકરીરો કરવા માટેનો વિષય નહીં હતો, રોવા-રડાવવા પુરતો જ તેનો મકસદ નહીં હતો. ઈમામ હુસૈન (અ.) ની તેહરિકની તવારિખ, ઈસ્લામની તવારિખનું એક જીવંત અને ઝગમગતું પ્રકરણ છે, જેની અસલ રૂહ, મુળ આત્મા પર ચિંતન - મનન કરવાની જરુર છે.. એ કોઈ એવો વિષય નથી કે બીજા વિષયો સાથે માત્ર તેનો ઉલ્લેખ કરી દેવામાં આવે. તેની કિંમત અનેક ગણી વધારે છે.

એ કાસિદે મદીનામાં આવીને પોતાની દર્દનાક તકરીરથી ઉમવી ખિલાફતને હંમેશને માટે રૂસ્વા કરી દીધી. રસુલે ખુદા (સ.) ની કબ્ર પાસે પહોંચીને એણે ફરિયાદ કરતાં કરતાં કહયું —

રસુલ (સ.) નાં ફરઝન્દ કતલ થઈ ગયા, આ બદનિયત કાફિર - સિરત લોકોએ ફરઝન્દે રસુલ (સ.) ને કતલ કરી નાંખ્યા. તેમનાં મુબારક જિસ્મને ખાક અને ખુનથી ખરડી દીધું, તેમનાં નૂરાની સરને ભાલા પર ચઢાવી દીધેલું છે...

https://downloadshiabooks.com/

... ઓ યસરબવાસીઓ ! ઈમામનાં અહલેબૈત, ઈમામ વગર જ શહેરનાં પાદર સુધી આવી પહોંચ્યા છે, તેઓએ શહેરની બહાર જ પોતાનો ઉતારો રાખ્યો છે...

એ સાંભળતાં જ શહેરનાં તમામ લોકો શહેરની બહાર ટોળે ટોળા થઈ દોડવા લાગ્યા. ઘસારો ખૂબ થઈ જતાં અફરા તફરી ફેલાઈ ગઈ. ઈમામ ઝયનુલ આબેદિન (અ.) એ જોયું કે આખુ શહેર અહીં ઉમટી આવ્યું છે. શરૂઆતમાં સૌને આપે હાથનાં ઈશારાથી ખામોશ કર્યા.. લોકોનો ઘોંઘાટ ઓછો થયો એટલે ઈમામે એ વાત જરૂરી સમજી કે લોકોને આટલા બધાં સમયની મુસાફરીની રૂદાદ સંભળાવી દેવી જોઈએ; પણ તેઓ એટલા બધા થાકેલા, શણેવાર, ગમઝાદા અને બિમાર હોવાથી આપનું ગળું રૂંધાઈ રહયું હતું, રડવું સતત ચાલુ હતું. આંસુઓને આપ રોકી શકતાં નહીં હતાં.

આ અગાઉ અમે જણાવી ચૂકયા છીએ કે અહલેબૈત (અ.મુ.સ.) શામમાં હતાં. ત્યારે જ યઝિદની બેબસી, એની પડતીની નિશાનીઓ દેખાવી શરૂ થઈ ગઈ હતી. એહલેબૈતને પોતાની કામિયાબીનું પાકું યકીન અને ઈત્મીનાન હતું જ. કેદીઓને કેદમાંથી જલ્દી છુટકારો આપી દેવામાં આવ્યો હતો અને તેઓને દમિશ્ક મોકલી દેવામાં આવ્યા. દમિશ્કનાં લોકોએ તેમની સાથે ખુબ માનપુર્વકનો વર્તાવ કર્યો હતો.

અને તબરીએ લખ્યું છે તેમ, મોઆવિયાનાં ખાનદાનની ઔરતો વિના સંકોચે હાશેમી ખાતૂનોની પાસે આવી હતી અને હસૈને શહીદ (અ.) નો પુરસો આપ્યો હતો. ખલીફાનાં મહેલમાં ત્રણ દિવસનો શોક પળાયો હતો. અઝાદારીની મજલિસ બપાં થઈ હતી.

https://downloadshiabooks.com/

# નોઅમાન બિન બશીર

અહલેબૈતને શામથી પાછા લઈ જવા તેમની સાથે કોઈ દિયાનતદાર નેક આદમી હોવો જોઈએ. એવી ચર્ચા ઉભી થતાં નોઅમાન બિન બશીર નામનાં શખ્સને સાથે મોકલવામાં આવ્યા હતાં.

શેખ મુફીદ (અ.ર.) ની રિવાયત મુજબ તેમ 'અખ્બારૂદ દિવલ' નાં કથન મુજબ નોખમાન બિન બશીર ત્રીસ આદમીઓ સહિત, અહલેબૈતની સાથે શામથી મદીના ગયા હતાં. તેઓ રસ્તામાં અહલેબૈતની ખિદમત કરતાં હતાં, તેઓનું માન-સન્માન જાળવતાં હતાં. અને તેઓને રસ્તામાં કોઈ તકલીફ પડે નહીં તેનો ખ્યાલ રાખતાં હતાં.

મુસાફરી દરમ્યાન નોઅમાન બિન બશીરે અહલેબૈતની ખિદમત એટલી નમ્રતા અને અદબપુર્વક કરી હતી કે જયારે તેઓ મદીનાં પહોંચ્યા, ત્યારે કેદીઓમાં શામેલ એક ખાતૂને પોતાનાં વિચારો દર્શાવતાં હ. ઝયનબ (અ.) ને કહયું હતું : આ શખ્સે આપણે સાથે ઘણો સારો વર્તાવ કર્યો હતો. તેને ઈનામ આપી દેજો... પછી નોઅમાન બિન બશીરે કોઈપણ બદલો સ્વીકારવાનો ઈન્કાર કરતાં કહયું હતું કે મેં જે કંઈ ખિદમત કરી છે, તે ખુદાની ખુશ્તૂદી અને રસુલ ખુદા (સ.) સાથેનાં આપ સૌનાં સબંધો નિકટતાઓને ધ્યાનમાં રાખીને કરી છે.

આ શખ્સ નોઅમાનનો પિતા બશીર બિન સઅદ ખિઝરજી હતો, જેણે બની સાએદાનાં 'સકીફા' માં હ. અબુબક્રની બયઅત કરી હતી; તે એટલા માટે કે તેનાં મકસદ અલ્લાહની રિઝાનો નહીં હતો., બલ્કે એક બીજો શખ્સ સઅદ બિન ઉબાદા ખિઝરજીને કયાંક ખિલાફત મળી જાય નહીં. એટલા માટે એણે બયઅત કરી લીધી હતી. કારણ કે, તે

https://downloadshiabooks.com/

શખ્સ પ્રત્યે તેણે અણગમો હતો; અને બીજા મોહાજિરિને પણ એમ જ કર્યુ હતું. ખુદ નોમાન તે લોકોમાંથી હતો કે જેઓએ અલી બિન અબિતાલિબ (અ.) ની બયઅત કરી નહીં હતી., એનું કારણ એ હતું કે કૂફાનાં લોકો હ. અલી (અ.) નાં તરફદારો હતાં અને કુફાવાળાઓ સાથે તેને બનતું નહીં. હ. ઉસ્માનનાં કતલ પછી અને હ. અલી (અ.) ખલીફા થઈ જવા પછી તે શામ ચાલ્યો ગયો હતો. જંગે સિફ્ફિનમાં મોઆવિયા સાથે હતો. કહેવાય છે કે સિફ્ફિનનાં જંગમાં અન્સારોમાંથી બે જ સહાબીઓ મોઆવિયાની સાથે હતાં – એક હતો સલેમા બિન મુખલિદ અને બીજો આ નોઅમાન. જેણે અહલેબૈત સાથે મુસાફરીમાં સદવર્તાવ કર્યો હતો, અને તેનાં એવા સદવર્તનને કારણે દરેક મુસલમાન તેને કદરદાની નજરે જુએ છે.

અહલેબૈત મદીના નજીક પહોંચી ગયા હતાં. એ જ મદીના કે જે હિજરતની શરુઆતમાં એટલે કે પાછલા ૧૧ વર્ષથી રસુલ (સ.) અને આલે રસુલ (સ.) નું રહેઠાણ રહી ચૂકયું હતું. જયાંનાં રહેવાસીઓ એટલે કે અન્સારો જેઓ 'ઔસ' અને 'ખઝરજ' કબીલાઓ સાથે સબંધો ધરાવતાં હતાં. તેઓએ રસુલુલ્લાહ (સ.) માટે મોટી કુરબાનીઓ આપી હતી. એ જ શહેર જેણે પોતાનાં દરવાજા રસુલ (સ.) માટે ખોલી નાંખ્યા હતાં, જયારે બીજા બધા દરવાજા બંધ થઈ ચૂકયા હતાં.

# આસુરાની તવારિખની સનદ

આશુરાનો ઈતિહાસ હવે પુર્ણ થવાની તૈયારીમાં છે. ત્યારે જે કેટલીક અગત્યની વાતો રહી ગઈ હતી તેનો ઉલ્લેખ કરી લેવો યોગ્ય લેખાશે.

આશુરાની તવારિખનાં સિલસિલામાં એક કિંમતી હવાલો જે સનદનું કામ આપે છે, તે છે ઈમામ ઝયનુલ આબેદિન (અ.) નો

https://downloadshiabooks.com/

ખુત્બો, જે તેઓએ દમિશ્કની રાજધાનીમાં હિ. સ. ૬૧ માં આપ્યો હતો. આ ખુત્બો દમિશ્કની જામે મસ્જિદમાં આપવામાં આવ્યાનું કહેવાય છે. ઈમામ ઝયનુલ આબેદિન (અ.) ને એક યોગ્ય મળ્યો હતો, તેનો તેઓએ બેહતરીન રીતે ફાયદો લીધો.

આ શહેરમાં ઈમામ ઝયનુલ આબેદિન (અ.) ની તકરીરની ખુબ જ જરૂરી હતી. કારણ કે દમિશ્ક શહેર મુસલમાનોએ જયારથી ફતેહ કર્યુ હતું તે વખતથી લઈને એહલેબૈતનાં કેદીઓ ત્યાં પહોંચ્યા, એટલે લગભગ છેલ્લા ૪૬ વર્ષથી સતત બની ઉમૈયાની અસર હેઠળ હતું. ત્યાંની ઈસ્લામી હકુમત પર અહલેબૈતનાં પુરાણાં દુશ્મનો એટલે ઉમવીઓનું જ હંમેશા વર્ચસ્વ રહયું હતું.

## હ. સજ્જાદ (અ.) એ તે હકીકતો પરથી પર્દો ઉંચકયો, જેનાથી દમિશ્કવાસીઓ ઘણાં વર્ષોથી અજાણ હતાં.

હ. અબુબક્રની વફાતના ચાર દિવસ અગાઉ હિ. સ. ૧૩ માં મુસલમાનોએ ખાલિદ બિન વલીદની આગેવાનીમાં દમિશ્કનો ઘેરો ઘાલ્યો હતો.

હ. ઉંમર ખલીફા થયા પછી તેઓએ ખાલિદ બિન વલીદને બરતરફ કરી દીધો. ખાલિદની જગ્યાએ અબુ ઔબૈદાએ લઈ લીધી. એક વર્ષ અને કેટલાંક સુધી દમિશ્કને ઘેરો ચાલુ રહયો.

હિ. સ. ૧૪ નાં રજબમાં મુસલમાનો દમિશ્કને ફતેહ કરવામાં કામિયાબ થયા. દમિશ્કની આગેવાની અમુક મુદ્દત સુધી યઝીદ બિન અબુ સુફિયાન પાસે રહી. હિ. સ. ૧૭ માં પ્લેગનાં રોગચાળામાં યઝિદનું મરણ થતાં, હ. ઉંમરે યઝીદનાં ભાઈ મોઆવિયાને દમિશ્કનાં અમીર તરીકે મુકર્રર કર્યો.

https://downloadshiabooks.com/

હિ. સ. ૧૭ થી હિ. સ.૩૫ સુધી, અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.) ની ખિલાફતની શરૂઆત સુધી શામની હકુમત સળંગ રીતે મોઆવિયાનાં હાથમાં રહી. હઝરત અલી (અ.) અને ઈમામ હસન (અ.) ની પંચવર્ષિય ખિલાફતનાં સમયમાં પણ એ જ પરિસ્થિતી રહી અને દમિશ્ક અહલેબૈત સાથીની દુશ્મનીનાં અડ્ડા તરીકે બની રહયું. હિ. સ. ૪૧ માં ઈમામ હસન (અ.) એ જયારે પોતાનાં હાથ ખેંચી લીધા પછી દમિશ્કને ઈસ્લામી હકુમતની રાજધાની તરીકે બનાવી દેવામાં આવ્યું અને પછી હી. સ. ૬૧ સુધી આગળ કરતાં વધીને બની હાશિમની અહલેબૈતની દુશ્મનીનાં કેન્દ્રરૂપ રહયું.

હિ. સ. ૬૧ માં હ. ઈ. ઝયનુલ આબેદિન (અ.) નું ગમે તે પ્રકારે ત્યાં જવાનું થયું, તો તેમને મૌકો મળ્યો કે લોકો સાથે વાતચિત કરે અને તે હકીકતો પરથી પર્દો ઉંચકે, જે ૪૬ જેટલા વર્ષોથી દમિશ્કવાળાઓને નજરે છુપાયેલી હતી.. ઈમામને એ તકરીરનો મૌકો એમને એમ મળી ગયો નહીં., પણ ઘણી તકલીફો સહન કર્યા પછી મળ્યો હતો., પણ તે પુરતો હતો.

આથી વધીને બેહતર શું હોઈ શકતું હતું કે અમીરૂલ મોઅમેનીન હ. અલી (અ.) અને ઈમામ હુસૈન (અ.) નાં ફરઝન્દ, ખલીફાનાં કારણે જ દમિશ્ક આવે અને જે મિમ્બર પરથી તેમનાં માનવંત વડીલોને ભાંડવામાં આવતાં. બદનામ કરવામાં આવતાં, તેના પ્રચારની ખબર લઈ નાંખે; અને એક જ તકરીરમાં તે લોકોનાં રંગઢંગને બદલી નાંખે. જેઓ વર્ષોથી હક્કથી દૂર ગુમરાહીમાં પીડાતા હતાં. શામવાસીઓએ તો આ અગાઉ એ મુકદ્દસ બુઝુર્ગોનાં નામો પણ ભાગ્યે જ સાંભળ્યા હશે...

https://downloadshiabooks.com/

કહેવાય છે કે ત્યારે શામવાળાઓને એ પણ ખબર નહીં હતી કે ઈસ્લામમાં "સૈયેદુશ શોહદા" નો પ્રથમ ઈલ્કાબ હ. હમઝા બિન અબ્દુલ મુત્તાલિબનો હતો કે બીજા કોઈનો ? એ લોકો એ જાણતાં નહીં હતાં કે રસુલે ખુદા (સ.) એ હ. હસન - હુસૈન (અ. મુ. સ.) ને જન્નતનાં સરદારો તરીકે ફરમાવ્યા છે.

મતલબ કે હઝરતે સજ્જાદ (અ.) ને આ મૌકો મળ્યો નહીં હોતે, તો બની ઉમૈયાની ખિલાફતનાં અંત સુધી, એટલે હિ. સ. ૧૩૨ સુધી અહલેબૈતનાં બુઝુર્ગોની અઝમતની કોઈ જાણકારી દમિશ્કવાળાઓને મળી હોતે નહીં.

બની ઉમૈયાની હકૂમતમાં હ. અલી બિન અબીતાલિબ (અ.) નાં દોસ્તોએ ઘણાં દુ:ખો સહન કર્યા હતાં. ઘણી મુસિબતો સહન કરી હતી, તે તો ખતમ થઈ ગઈ હતી. પણ હઝરતે સજ્જાદ (અ.) ની તકરીરોની અસર હંમેશ માટે કાયમ રહી ગઈ. સાચું તો એ છે કે તે તકરીરો માટેનું યોગ્ય વાતાવરણ બુઝુર્ગ સહાબી હ. અબુઝર ગફ્ફારીની કોશીશોથી અગાઉથી જામી શકયું હતું.

શામ ખાતે અહલેબૈતનાં આગમનથી અને તેમની વાતો સાંભળીને લોકોનાં દિલોમાં એ બધી યાદ તાજી થઈ ગઈ. જેમાં અબુઝરે હિમ્મતપુર્વક અમીર મોઆવિયાની ગેરરિતિઓનો સામનો કર્યો હતો.

હ. અબુઝર સાચાબોલા, દિલેર અને ઈમાનદાર શખ્સ હતાં. જયારે તેમને એમ લાગ્યું કે ખિલાફતનાં દરબારે જે રસ્તે જવું જોઈએ, તે રસ્તે નહીં જતાં ખલીફા આડા રસ્તે ફંટાઈ રહયા છે; એટલે હઝરત અબુઝરે તે બાબતનો મુકાબલો કર્યો. તેની ટીકા કરી અને ખલીફાનાં હાઝીર - ગાયબને બજારોમાં, ગલીઓમાં ઠેર ઠેર તેનાં પર એઅતેરાઝ

https://downloadshiabooks.com/

કર્યો. આથી હ. અબુઝરને જો એવા પ્રકારેની તેહરિકોનાં અગ્રણી તરીકે વર્ણવવામાં આવે તો કંઈ ખોટું નથી. રસુલ (સ.) નાં સહાબીઓમાં તેઓ તવારિખી તરતીબનાં લિહાઝથી બીજા કરતાં આગળ હતાં.

પરિણામે હ. અબુઝરને દેશનિકાલ કરવામાં આવ્યા. તેઓએ ઘણી તકલીફો સહન કરી અને મદીનાથી દૂર "રબઝહ" નામનાં સ્થળે કોઈ મદદગાર વિહોણી હાલતમાં વફાત પામ્યા; પણ તેઓ એવી દશામાં પણ ખામોશ બેઠા નહીં, જયાં સુધી થઈ શકયું – 'અમ્ર બિલ મઅરૂફ' અને 'અહ્ય અનિલ મુન્કર' કરતાં રહયા.

મોઆવિયા સર્વ સત્તાધિશ થયા પછી પણ બીજા કેટલાંક લોકોએ હ. અબૂઝરનું કાર્ય ચાલુ રાખ્યું. એમાં એક ઉલ્લેખનિય નામ હજર બિન અદી કુન્દીનું છે, તેમને જે કંઈ કહેવું હતું તે બરાબર કહેતા રહેતા. હુકુમતનો મુકાબલો ખૂબ હિમ્મત અને દિલેરીથી કરતાં. ઈસ્લામનાં નામ પર જયારે હ. અલી (અ.) ની વિરૂધ્ધ પ્રચાર થતો. ગાળ-ગલોચ કરવામાં આવતી, એટલું જ નહીં પણ એ કાર્યને જાણે ઈબાદતનું એક અંગ બનાવી દેવાયું અને 'મઝહબી ફર્ઝ' રૂપે તેને ગણવામાં આવ્યું; ત્યારે તેનો સામનો કરતાં કરતાં છેવટે તેઓએ પોતાનો જાન આપી દીધો હતો. હજર બિન અદી દમિશ્ક જવા ઈચ્છતાં હતાં, પણ ત્યાં તેઓ પહોંચી શકયા નહીં. એ સ્થળ નજીકનાં એક સ્થળ 'મિર્જ અઝરાઅ' મુકામે તેમને કતલ કરાવી દેવામાં આવ્યા હતાં.

હ. અબૂઝર હોય કે હ. હજર બિન અદી હોય કે તેમનાં બીજા સાથીદારો હોય, ઉમવી હકુમતનાં સતત ૪૦ વર્ષ જેટલા પ્રોપેગેન્ડાનાં તેઓ એટલા અસરકારક અને પુરતાં જવાબરૂપ બની શકતાં નહીં હતાં, જેટલા ખુદ અહલેબૈતનાં લોકો જયારે આ શહેરમાં આવીને લોકોને મળ્યા અને તેમની બધી ગફલતફેહમીઓ દૂર કરી હતી.

https://downloadshiabooks.com/

બની હાશિમનાં ગણતરીના શ્રેષ્ઠ શખ્સોએ ઈસ્લામ અને આલમનાં મુસલમાનોની જે કિંમતી ખિદમતો અંજામ આપી છે, તે એક જીવંત પુરાવારૂપ હતી. તેઓએ 'બની ઉમૈયા' ની રસૂલે ખુદા (સ.) અને મુસલમાનોની શર્મનાક દુશ્મનીનો પર્દો ચીરી નાંખ્યો.

તેથી જ તો ઈમામે ઝયનુલ આબેદિન (અ.) મિમ્બરથી આરાસ્તા દરબારને ગનીમત સમજાવ્યા. જયાં તેમનાં વાલિદ ઈમામ હુસૈન (અ.) ની અને અમીરૂલ મોઅમેનીન હ. અલી (અ.) ની બદગોઈ કરવાની મજલીસ યોજવામાં આવી હતી., તેમાં આપ શરીક થયા હતાં.

દરબારનો 'ખતીબ' મિમ્બર પર આવ્યો, હમ્દ-સના પછી હ. અલી (અ.) અને ઈમામ હુસૈન (અ.) ની વિરૂધ્ધની ખુબ ઝબાનદરાઝી કરી, મોઆવિયા અને યઝિદની તઅરિફમાં હદ ઉપરાંત બકવાસ કરી, દરેક સારી વાતને તેઓ સાથે જોડી દીધી, જાણે એ બન્ને બાપ-બેટા 'ફઝીલતો' ના ઝરણાં સમાન હતાં ! લોકો પાસે જે કંઈ હતું તે 'અબુસુફિયાન' વાળાઓએ જ અર્પણ કરેલું હતું. દીન-દુનિયાની ભલાઈ એ બને પર જ મૌકુફ હતી અને ખુદાની રિઝા હાંસિલ કરવાનો એકમાત્ર ઝરીઓ એ જ બન્ને હતા, લોકોએ તેઓનું જ અનુકરણ કરવું જોઈએ....

મિમ્બર પરનો ખતીબ આવું બધું બોલીને ઈમામને સંભળાવે અને એવા સમયે આપને બોલવા દેવામાં આવે તો એવો મોકો શી રીતે જવા દેવામાં આવે ?

અલી બિલન હુસૈન, ઈમામ ઝયનુલ આબેદિન (અ.) એ નિડરતાથી દિલેરીપુર્વક બુલંદ અવાજે ફરમાવ્યું —

https://downloadshiabooks.com/

“ઓ બદબખ્ત ખતીબ.. ! શા માટે મખ્લૂક ખુશ કરવા માટે ખાલિકની નારાઝગી હાસિલ કરી રહયો છે... ! તારૂ ઠેકાણું જહન્નમમાં જ હશે.. તને ખુદાનો સાચો પયગામ ખુદાની મખલૂક સુધી પહોંચાડવો જોઈએ. મખલૂકની ખુશામદ કરવામાં કોઈ એવી વાત ઝબાન પર ન લાવ કે જે ખુદાની નારાઝગીનાં કારણરૂપ બને, કુરઆને મજીદનાં આ ખુદાવંદી ફરમાન પર પુરુ યકીન રાખ.”

તે પછી આપે સુરએ ‘કાફ’ ની ૧૬ મી આયત સંભળાવી, જેનો સારાંશ છે –

... અમે ઈન્સાનને પેદા કર્યો છે અને અમે જાણીએ છીએ કે તેના દિલમાં શું ખ્યાલાતો આવતાં હોય છે.. અમે તેની ગરદનની રગથી પણ તેની વધુ નજીક છીએ. આઅમાલ લખનારા ફરિશ્તા તેને જમણે-ડાબે બેઠા રહેતા હોય છે, એ મોઢામાંથી કોઈ શબ્દ બહાર પાડે ત્યાં તો દેખરેખ રાખનારા ફરિસ્તા તૈયાર જ હોય છે...

અલ્લાહનું આ ફરમાન છે. ઈમાપ ઝયનુલ આબેદિન (અ.) પણ ખુદા તરફથી તે માટે ધ્યાન દોરે છે કે ઈન્સાનનાં દરેક સારા-નરસા અમલ લખવામાં આવતાં હોય છે. કોઈ ઈન્શાનને ખુશ કરવા અલ્લાહનાં મઝહબને ભુલી જવું નહીં જોઈએ અને આજે તમે જે ઈન્સાનને તાકતવર સમજી રહયા હોય તે કંઈ પણ નહીં કરી શકે, તે દિવસને ભૂલવું નહીં જોઈએ.

ઈમામ ઝયનુલ આબેદિન (અ.) ખતીબને ઠપકો આપીને તેને અર્થ વગરની ખોટી વાતો માટે ધમકાવ્યા પછી યઝીદ તરફ જોઈને આપે ફરમાવ્યું –

https://downloadshiabooks.com/

.... જો સંમત્તિ મળે તો (જયાં ખતીબ ઉભો હતો) આ લાકડીઓ પર ઉભો રહીને કંઈક કહું.. જેનાથી ખુદા પણ ખુશ થાય અને તેનો સવાબ અને અજ્ર સાંભળનારા પણ મેળવી શકે.

ઈમામ (અ.) ને જે કહેવું હતું તે આપે એક ટુંકા ફકરામાં કહી દીધું. આ ફકરામાં ઘણાં બધાં કટાક્ષો છુપાયેલા છે. પહેલા તો તેઓએ 'મિમ્બર' એવો શબ્દ નથી કહયો, 'લાકડીઓ' તેમ કહયું. જેમાં કહેવાનો મકસદ એવો હતો કે મિમ્બરનું રૂપ આપી દેવાથી કોઈ લાકડીઓ મિમ્બર નથી બની જતી, એટલે કે મિમ્બરનો જે મુળ મકસદ છે તે ખુલ્લો થાય છે.. જો કોઈ ખતીબ બનીને મિમ્બર જેવી દેખાતી ચીજ પર બેસે અને 'ખિતાબ' કરે તે કંઈ મોબલ્લિગે દિન નથી કહી શકાતો, એવા કેટલાંક ખતીબો તો દુનિયાને ખાતર દિન વેચી રહયા હોય છે; મખ્લુદની ખૂશનુદી હાસિલ કરવા અલ્લાહનાં ગઝબને દાવત દેતા હોય છે તે દોઝખી છે. હ. અલી (અ.) જેવી હસ્તીની બદગોઈ કરવાથી ખુદા ખુશ નથી થઈ શકતો, તેમ યઝીદ જેવાનાં વખાણથી ખુદાને રાજી નથી કરી શકતો.

ઈમામે (અ.) જયારે યઝિદની સંમત્તિ માંગી, એટલે દરબારનાં તમામ લોકોએ તે માટે આગ્રહ રાખ્યો. યઝીદ તે માટે ઈન્કાર કરતો રહયો. તેથી વધુ ને વધુ આગ્રહ થવા લાગ્યો.

યઝિદે ઈન્કાર કરતાં કરતાં કહયું : તમે લોકો નથી જાણતાં, આ તે લોકો છે જેઓ બાળપણથી ઈલ્મ અને દાનિશનાં વાતાવરણમાં પરવરિશ પામ્યા છે.. જો હું તેમને મૌકો આપું તો મને ઝલીલ કરી નાંખશે...

પણ લોકોનાં ઘોંઘાટને આગ્રહ વધી જતાં યઝીદને ચુપ થઈ જવું પડયું.

https://downloadshiabooks.com/

ઈમામે તે ઉંચી જગ્યાનાં સ્થાન પર કદમ મૂકયો અને પછી જે રીતે ગુફતેગુ કરી તેનાથી લોકો સ્તબ્ધ થઈ ગયા-આવાક થઈ ગયા, તેમનાં મોઢેથી ચીસો નિકળી પડી, આંસુઓનાં પુર જાણે વહેવા લાગી ગયા.

ઈમામ સજ્જાદ (અ.) એ ઈમામ હુસૈન (અ.) નાં ઈસ્લામી નિઝામ અને અહલેબૈતનાં મર્તબા પર રોશની નાંખી અને તેમની ફઝિલતો અને મનક્રબતો પર્દો ઉપાડયો.

આ સિલસિલામાં ઈમામે એક અકલી (બૌદ્ધિક) કાયદાનો પણ લાભ લીધો, જેના પર સૌ અકલમંદો સંમત્ત છે. કાયદો એવો છે કે જે શખ્સ રેહબરી અને પેશવાઈનો દરજજો હાસિલ કરવા ચાહતો હોય, તેને માટે જરૂરી છે કે તે બીજાઓ કરતાં સારો - બેહતર હોય અને તેની એવી શ્રેષ્ઠતાને કારણે જ તેને રાહબર તરીકે પસંદ કરવામાં આવે એ જ બિના પર કાયદાની બિના પર કુર્આને પાકે સુરએ 'યુનુસ' ની આયત ૩૫ માં ફરમાવ્યું છે (સારાંશ)—

... જે શખ્સ હક્કનો રસ્તો દેખાડતો હોય, તે વધુ ઈત્તેબાઅને લાયક છે કે પછી તે જેને બતાવ્યા વગર ખુદ રસ્તો સુઝે નહીં...

આ આયતમાં કોઈ દલીલ બયાન કરવામાં નથી આવી.

મતલબ એ છે કે કોમનો રાહબર તે હોવો જોઈએ, જે બીજાઓને મુકાબલે રાહથી વધુ વાકેફ હોય, પણ જે પોતે રેહબરીનો મોહતાજ હોય તે બીજાઓની રેહનુમાઈ શું કરવાનો હતો ? આંધળો આંધળાન. રસ્તો નથી દેખાડી શકતો. મક્કાનાં મુશ્રેકીન રસુલે ખુદા (સ.) ને પૈગમ્બર માનતાં નહીં હતાં, તેઓ કહેતા હતાં કે ખુદા તરફથી કોઈ

https://downloadshiabooks.com/

પૈગમ્બર જો આવવાનો જ હોય, તો તે માટે કોમનાં કોઈ મોટાની પસંદગી થવી જોઈએ...

એ લોકો કોઈ મોટા શખ્સની બાબતમાં ગલતફેહમીનાં શિકાર હતાં. તે લોકો મોટાનો અર્થ એ રીતે કરતાં હતાં કે જેની પાસે ઘણી બધી દૌલત હોય, માલ-મિલકત હોય, ઘણાં બધાં બેટાઓ હોય, ભાઈબંધો હોય, ખૂબ તાકત હોય, જેને કારણે તેઓ પોતાની મોટાઈ અને બરતરીનો સિકકો બીજાઓ પર જમાવી શકે.

એ લોકોનું કહેવું હતું કે જયારે અમો ‘અહલે હિજાઝ’ માટે, ખુદાને કોઈ પૈગમ્બર મોકલવો હતો, તો મક્કાનાં મોટા નામવરો જેવા કે વલીદ બિન મુગીરહ મખઝુમી કે પછી તાઈફનાં સરદાર ઉર્વહ બિન મસઉદ સકફી જેવાઓને કેમ ન મોકલ્યો ?

એ લોકોનું કહેવું હતું કે કુર્આન એ બન્ને વસ્તીઓમાંનાં કોઈ મોટા આદમી પર શા માટે ઉતર્યુ નહીં ? (સુરએ ઝખરફ)

મક્કાનાં મુશરેકીન આટલું તો સાચું કહી રહયા હતાં કે આસમાની કિતાબ હિજાઝનાં કોઈ મોટા આદમી પર નાઝિલ થવી જોઈતી હતી, પણ તેમની ભૂલ એ હતી કે તેઓ વલીદ કે ઉરવહ જેવાઓને મોટા આદમી સમજતાં હતાં. તેમની નજરે મોટાઈ અને બરતરીનો દારોમદાર દૌલત - તાકત અને અન્ય ભૌતિક વિશિષ્ટાઓ (માદદી ઈમતિયાઝાત) પર હતો.

તેઓન્ની નજરે રૂહાની અઝમત, મકારિમે અખ્લાક અને બીજી ઈન્સાની ફઝીલતોની કોઈ ગણના નહીં હતી. તેઓ આ વાતને સમજી શકતાં નહીં હતાં કે હિજાઝ તો શું આખી દુનિયાનાં સૌથી મોટા માનવી હ. મોહમ્મદ (સ.) ની સરખામણીએ વલીદ ઉર્વહની શું હસ્તી છે ?

https://downloadshiabooks.com/

ઈમામ ઝયનુલ આબેદીન (અ.) એ પોતાનાં ખુત્બામાં તે અસબાબ પર રોશની નાંખી કે જેની બિના પર એક શખ્સને બીજા શખ્સ પર અને એક કૌમને બીજી કૌમ પર બરતરી અને ફઝિલત હાસિલ થાય છે. તેઓએ દર્શાવ્યું છે કે બીજાઓ કરતાં આલે મોહમ્મદ (સ.) બરતર છે અને તેમની આ બરતરીને કોઈ છીનવી શકે એમ નથી, કોઈ તેમની બરાબરી કરી શકે એમ નથી. કારણ કે આ બરતરી તેઓને ખુદાએ આપેલી છે. ખુદા એ જ તેઓને મુસલમાનોની તઅલીમ, તરબીયત અને હિદાયત આપવા માટે ચુંટેલા છે.

ઈમામ સજ્જાદે (અ.) હિમ્મતપુર્વક, સાફ સાફ શબ્દોમાં જે તકરીર ફરમાવી તેઓ સારાંશ કંઈક એવો હતો કે–

.. ઓ લોકો, અમને છ ખુબીઓ અતા થયેલી છે અને છ શખ્સીયતોને કારણે અમને બીજાઓ પર બરતરી હાસિલ છે. જે ખુબીઓ અમને અતા થયેલી છે, તે આ મુજબ છે :

(૧) ઈલ્મ, (૨) ફય્યાઝી, (૩) ફસાહત, (૪) શુજાઅત, (૫) બુર્દબારી (સહનશકિત) અને (૬) મોમીનોમાં મકબુલીયત; એટલે કે મોઅમેનીનનાં દિલોમાં અમારી મોહબ્બત છે. તે મોહબ્બત તેઓનાં દિલોમાં ખુદાએ નાંખેલી છે. તેને બળપુર્વક, જોર-જબરજસ્તીથી હાસિલ કરી શકાતી નથી; બળજબરીએ કોઈને અકીદમંદ બનાવી શકાતા નથી..

ઈમામ ખુદાની મરજી બાબત યઝીદને દર્શાવવા માંગતાં હતાં કે ઈમાનદાર લોકો જ અમારી સાથે મોહબ્બત કરે છે. એવા લોકો બીજાઓને પસંદ કરી શકતાં નથી. અમને દુશ્મન માની શકતા નથી.

https://downloadshiabooks.com/

તે પછી વધુમાં આપે ફરમાવ્યું : અમને એટલા માટે ફઝિલત હાસિલ છે કે નબી મોહમ્મદ (સ.) અમારામાંથી છે, તેમનાં વસી અલી બિન અબીતાલિબ (અ.) અમારામાંથી છે., હઝરત જઅફરે તૈયાર અમારામાંથી છે. હ. હમઝા બિન અબ્દુલ મુત્તલિબ અમારામાંથી છે. આ ઉમ્મતનાં સિબ્તૈન એટલે કે હસન અને હુસૈન (અ.મુ.સ.) અમારામાંથી છે. આ ઉમ્મતનાં મેંહદી એટલે કે સાહેબે ઝમાન-બારમા ઈમામ (અ.) અમારામાંથી છે. હવે જયારે આવી પરિસ્થીતી છે, તો યઝિદે પ્રથમ તો જો થઈ શકે તો આ માન-મર્તબા અમારી પાસેથી ઝુંટવી લઈને પોતાનાં નામે ચઢાવી દે.. એટલે બીજા શબ્દોમાં તેનાંથી થઈ શકે તો તવારિખને બદલી નાંખે, જેથી અમારા મરતબા તેને મળી જાય અને તેની બદનામી અને બેદીની ફરામોશ થઈ જાય. એવું જો તેનાથી બની શકે તો અમારી સાથે ઉલઝે-ગેરવર્તાવ કરે, નહીંતર જયાં સુધી આ સન્માનો અમને મળેલા છે અને બની હાશિમનાં નામવરો જેમ કે હ. અબુતાલિબ (અ.) તેમનાં ભાઈ હ. હમઝા, તેમનાં બેટાઓ હ. અલી (અ.) અને હ. જઅફર, અમીરૂલ મોઅમેનીનનાં ફરઝન્દો હ. હસન (અ.) અને હ. હુસૈન (અ.) ઈસ્લામનાં સાચા ખિદમતગુજારો છે, તો પછી અમને કોઈ શી રીતે બદનામ કરી શકે છે ? સૌથી વધીને ખુદ રસુલુલ્લાહ (સ.) હાશિમી છે. અમારો હક્ક બીજા કોઈને શી રીતે મળી શકે છે ? લોકોનાં દિલો જે અમારી સાથે છે તે શી રીતે ફરી જઈ શકે છે ?

ઈમામ સજ્જાદ (અ.) ની એવી એવી દલાલોથી ગભરાઈ ગયેલો યઝીદ ઊંચો-નીચો થઈ રહયો હતો. છેવટે એણે વિચાર્યુ કે ઈમામને બોલતાં બંધ કરી દેવાની એક જ તરકીબ છે. એટલે તરત જ અઝાન આપવા માટે મોઅઝઝીનને હુકમ કર્યો. અઝાનને માન આપવા ઈમામ ખામોશ થઈ ગયા, પણ તેઓને તરત જ એક વધુ મૌકો મળી ગયો. મોઅઝઝિને જયારે કહયું કે, “અસ્હદો અન્ન મોહમ્મદન રસુલુલ્લાહ” ત્યારે ઈમામે પોતાનાં માથા પરથી અમામો ઉતારીને ફરમાવ્યું : ઓ

https://downloadshiabooks.com/

મોઅઝઝિન, તને એ જ પેગમ્બરની કસમ, થોડોક થોભી જા ! અને પછી યઝીદની સામે જોઈને બોલ્યા —

"ઓ, યઝિદ ! બોલ, આ રસુલે ખુદા (સ.) તારા દાદા કે મારા ? જો તું એમ કહેતો હોય કે તારા, તો સૌ કોઈ જાણે છે કે તુ જુઠ્ઠુ બોલી રહયો છે; પણ જો તું એમ માનતો હોય કે તેઓ મારા દાદા છે, તો મારા વાલિદને તેં શા માટે કતલ કર્યા ? તેમનાં અહલેબૈતને શા માટે લૂંટયા ? તેમની ખાતૂનોને શા માટે કૈદી બનાવી ?

આટલું ફરમાવી ઈમામે પોતાનાં પહેરણને ફાડી નાંખતાં બોલવાનું રાખ્યું અને દરબારમાં ધમાલ મચી ગઈ. ઘોંઘાટ વધી ગયો. લોકો શોરબકોર કરતા થઈ ગયા. અફરાતફરી થઈ ગઈ અને આપમેળે દરબાર વિખેરાઈ ગયો.

## ઈમામે સજ્જાદ (અ.) નાં એક વધુ ખુત્બાની વિગત.

ઈમામ હુસૈન (અ.) જે રીતે જાણતા હતાં કે તેઓ શું કરી રહયા છે, કયાં જઈ રહયા છે અને જે કંઈ કહી રહયા છે તેનું પરિણામ શું આવશે. એવી જ રીતે બધા અહલેબૈતને પણ મુકમ્મિલ બસીરત હાસિલ હતી. જયાં તેમને બોલવા જેવું લાગતું હતું ત્યાં બોલતાં હતાં. પોતાનાં તમામ રંજ-ગમ અને પરેશાનીઓ ભુલાવી દઈને હકીકતોને એવી રીતે ખુલ્લી પાડતા કે પછી તેમાં કોઈ ફેરબદલીની ગુંજાઈશ નહીં રહેતી. હા, જો કે તે વખતનાં લોકો એ તકરીરોની અહમિયત અને તેમનાં મકસદની ગેહરાઈને ઉદ્દેશનાં ઉંડાણથી વાકેફગાર નહીં હતાં. કેટલાંક એવું માનતા કે ગમની શિદ્દતને લીધે ઈમામ જઝબાતી થઈ રહયા હતાં. તકરીરો કરતાં "વાવયલા" કરતાં હતાં; અને સમય વીતતાં તે બધું શાંત, ઠંડું પડી જશે !

https://downloadshiabooks.com/

પણ તવારિખે ઈમામનાં ખુત્બાઓને મેહફૂઝ રાખ્યા. એટલું જ નહીં, પણ યઝિદની સામે હિમ્મતપુર્વકની કરેલી વાતચિતને પણ સાચવી રાખ્યા હતાં.

દમિસ્કમાં ઈમામ ઝયનુલ આબેદીન (અ.) જે અશઆર પઢયા હતાં, તે પણ સચવાયેલા છે અને પછી યઝીદે જે બકવાસ કરી હતી, તે પણ નોંધાયેલી છે.

ઈમામે ફરમાવ્યું હતું : હું મક્કા અને મિનાનો ફરઝન્દ છું... હું ઝમઝમ અને સફાનો ફરઝન્દ છું. પોતાની ચાદરમાં જેણે 'હજરે અસ્વદ' ને ઉપાડયો તેમનો ફરઝન્દ છું...

તવારિખનાં પાનાઓ પર એ પણ લખાયેલું છે, જે યઝીદે બકવાસ કરી હતી; જેમ કે—

.. બની હાશિમે એ બહાને લોકોને બેવકૂફ બનાવીને હકૂમત કરવા ઈચ્છયું હતુ... નહીંતર (અલ્લાહ તરફથી) કોઈ ખબર કેવી કે કોઈ વહ્ય શાની ઉતરવાની હતી ?

યઝિદને જો ખુદા અને રસુલની શરમ નહીં હતી, તો શું એ તવારિખની તાકાતથી પણ ડરતો નહીં હતો ? તેને એવી બીક નહીં હતી કે પોતે જે કંઈ કરી રહયો છે તે ઈતિહાસમાં પણ લખાઈ જશે...!

લોકો જતાં-આવતાં રહેતા હોય છે, કૌમો બદલાતી રહેતી હોય છે, પણ કૌમોની પ્રગતિ કે અધોગતિ કે હકુમતોનાં બદલાઈ જવાથી તવારિખ પર કોઈ અસર નથી પડતી. તવારિખ પોતાની જગ્યાએ કાયમ રહે છે. તે વ્યકિતઓ અને કૌમોનાં નેક અને બદ અઅમાલની દેખરેખ કરતી રહે છે અને એકનો કસુર બીજાને માથે નથી નાંખી દેતી.

https://downloadshiabooks.com/

સુરએ 'બકરહ' ની આયતનો સારાંશ છે કે —

"...તે એક જમાઅત હતી, જે ગુઝરી ચુકી; તેમનું કરેલું તેમને કામ આવશે અને તમારું કરેલું તમારા કામમા આવશે; અને એ લોકોએ જે કંઈ કર્યુ, તેની પુછપરછ કંઈ તમને કરવામાં આવવાની નથી..."

અમીરૂલ મોઅમેનીન (અ.) નાં દુખ્તર હ.ઝયનબે કુબરા (અ.) એ પોતાની તે તકરીરમાં [જેનો એક ભાગ અગાઉ અમે આપી ચૂકયા છીએ] પહેલા તો યઝીદને આખેરતનાં અઝાબથી ડરાવ્યો અને પછી દુનિયા અને તવારિખનાં હિસાબ તરફ તેનું ધ્યાન દોર્યુ.

તેઓ એ જ કહેવા ઈચ્છતા હતાં કે, ઓ યઝીદ ! તું જો ખુદાથી નથી ડરતો અને યવમુલ હિસાબ પર ઈમાન નથી ધરાવતો કે પછી તારા કરેલા ગુનાહોને પરિણામે તારૂ ઈમાન જતું રહયું હોય તો ભલે, પણ ઈતિહાસનાં હિસાબથી તો ડર !

હ. ઝયનબે કુબરાની નઝર સામે તે જ મતલબ હતો. તેઓએ જયારે કહયું હતું કે, "યઝીદ ! તું તારી ચાલાકીઓ કરતો જા, તારાથી જે કાંઈ થઈ શકે તેની કોશીશ કરી જો, ખુદાનાં સોગંદ, અમારી સાથે જે વર્તાવ તેં કર્યો છે, તારા એ સુલુકની રૂસ્વાઈનો દાગ કદી પણ ધોવાઈ શકવાનો નથી, તારી આ બદનામીઓ કદી પણ નેકનામીઓ તરીકે બદલાવાની નથી."

દુખ્તરે ઝેહરા (અ.) એ યઝીદને તવારિખની તાકત તરફ ધ્યાન આપવા કહયું, તોતાની બદનામીઓ અને રૂસ્વાઈ બાબત હોંશિયાર રહેવાને કહયું; પણ યઝીદ તો અકલથી હાથ ધોઈને બેઠો હતો. એણે

https://downloadshiabooks.com/

હ. ઝયનબ (અ.) ની ગુફતેગુથી કોઈ ફાયદો નહીં ઉઠાવ્યો, એણે એવો પણ અંદાજો નહીં બાંધ્યો કે આગળ જઈને ઈતિહાસ શું કહેશે ?

યઝીદની અક્કલ જો નષ્ટ થઈ નહીં હોતે, તો એ સમજી શકયો હોત કે અલ્લાહનાં રસુલ (સ.) નાં ફરઝન્દ અને તેમનાં નામવર અઝીઝોને કતલ કરીને તે મુસલમાનો પર હકુમત કરી નથી શકતો, માની લઈએ કે તેં આટલી વાત સમજી શકતો નહીં હતો, પણ એટલું તો એણે વિચાર્યુ હોત કે તે ખુલ્લે ખુલ્લી રીતે ઈસ્લામ પર હુમલો નથી કરી શકતો. રસુલે ખુદા (સ.) નાં ફરઝન્દોથી ઈન્તકામ લેવાની વાતો નહીં કરતે, આસમાની વહય અને બની હાશિમની પૈગમ્બરીથી ઈન્કાર નહીં કરતે.

દુખ્તરે ઝેહરાએ પોતાનાં ખુત્બાનાં અંતમાં ખુદાનો શુક્ર અદા કરતાં કહયું હતું કે

..... તેં ખુદાનો શુક્ર કે જેણે જન્નતનાં જવાનોનાં સરદારોનો અન્જામ, મગફેરત અને રહેમત ઠરાવ્યો, જેણે જન્નતને તેઓની આરામગાહ બનાવી, અલ્લાહ તઆલા, તેમનાં દરજજાઓ બુલંદ કરે, તેમને પોતાનાં ફઝલ અને રહેમતોથી વધુ અને વધુ નવાઝે, તે દરેક ચીઝ પર કાદિર છે.

એ જ ખુત્બાઓ હતાં. જેણે યઝીદને મજબૂર કરી દીધો હતો. (ભલે તે જાહેર રીતે પણ હોય) કે તે ‘ઈબ્ને ઝિયાદ’ થી પોતાની બેઝારીનો ઈઝહાર કરે —

કહેવાય છે કે અહલેબૈતને મદીના રવાના કરતી વખતે, યઝિદ, ઈમામ ઝયનુલ આબેદિન (અ.) ને બોલાવ્યા અને તેમને કહયું કે :

https://downloadshiabooks.com/

... ખુદા લઅનત કરે, ઈબ્ને મરજાન પર, જો તમારા વાલિદ સાથે મારી મુલાકાત થઈ જતે તો જે કંઈ તજવીજ તેઓ પેશ કરતે, તેને કબુલ કરી લેતે અને બનતાં સુધી તેમને હું કતલ થવા દેતે નહીં, પણ મુકદ્દરમાં એવું હતું કે એવું થાય., મારી ખ્વાઈશ છે કે જયારે પણ કંઈ જરૂરત જેવું હોય તો તમે મદીનાથી મને લખજો !

[કેવી નીચતા - કેવી બદમાશી !] યઝિદ આ વાતો કોઈ નેક નિય્યતથી કરી નહીં હતી. 'ઈબ્ને ઝિયાદ' નો તે આભારી હતો કે એણે ઈમામ અને તેમનાં સાથીઓને કતલ કરી નાંખ્યા હતાં. એણે પોતે ઈબ્ને ઝિયાદનાં કાગળનાં જવાબમાં 'અહલેબૈત' નાં કૈદીઓ બાબત લખ્યું હતું કે લોકોને શામ મોકલી આપો !

યઝીદે ઈબ્ને ઝિયાદ પર (ઈબ્ને મરજાના પર) લઅનત જે કરી હતી તે તો ફકત રાજકીય ચાલ અને આમ જનતાનાં દબાણનાં પરિણામરૂપ હતું, ઈમામ ઝયનુલ આબેદિન (અ.) શામનાં બઝારમાં એક શામીનાં જવાબમાં જે તકરીર કરી હતી અને જે આયતો તિલાવત કરી હતી, તેની એ અસર હતી, તે એટલે સુધી કે ખાસ દારૂલ ખિલાફત (રાજધાની) દમિશ્ક અને ખુદ ખિલીફાનાં પોતાનાં ઘરમાં 'મજલીસે અઝા' યોજાય હતી, શામી ખાતુનો પણ કરબલા ખાતેના ભયાનક - ભયંકર બનાવથી માહિતગાર થઈ ચૂકી હતી, અને મોહર્રમ હિ. સ. ૬૧ પુરો થવા અગાઉ જ મોટા ભાગનાં ઈસ્લામી દેશોમાં સૈયેદુશુ શોહદાની શહદતની ખબર પહોંચી ચુકી હતી અને લોકોને સાચી બાબતોની માહિતી મળી ગઈ હતી. ખિલાફતની ગર્જના-ચમકારા જયારે ઠંડા પડી ગયા તો લોકોને ભાન થવા લાગ્યું — તેઓ ઈમામને મદદ કરી શકયા નહીં તે માટે ખુદ પોતાને ઠપકો આપતાં અને પસ્તાવો કરતાં થઈ ગયા, કુફાવાસીઓએ ઈમામની શહાદત અગાઉ, ઈમામને તેમને ત્યાં આવવા દઅવત આપી હતી. તેની ભૂલનો એહસાસ થવા લાગ્યો. ફિત્નાનાં વાદળો જયારે છંટાવા લાગ્યા ત્યારે સમય ચુકી ગયા પછી,

https://downloadshiabooks.com/

તક જતી રહયા પછીનો અફસોસ કરવા મંડી ગયા. ઈમામ (અ.) ને તેઓએ કતલ થવા દીધા અને જે મહાન નુકશાન થયું હતું તેનું તેમને ભાન થવા લાગ્યું, પણ હવે જે કંઈ થઈ ગયા પછીનો પસ્તાવો, અહોઝારી કરવામાં એ નુકશાન ભરપાઈ થઈ શકે, ત અશકય હતું.

અમીર મોઆવિયાને જ એક જ વેળા કહેવું પડયું હતું કે – હ. અલી બિન અબી તાલિબ (અ.) પછી હવે ઝમાનો વાંઝીયો થઈ ગયો છે. ઝમાનો એવો કોઈ વીર હવે પેદા નથી કરી શકતો.

એવી જ રીતે ઈમામ હુસૈન (અ.) જેવા ઈમામ પૈદા થવા પણ મુમકીન નથી. કારણ કે જો એવા જ 'વાલેદૈન' (મા-બાપ) હોય અને એવું  જ અસ્મત-તહારતનું ઘર હોય, તો ઈમામ હુસૈન (અ.) જેવા ફરઝન્દ વુઝુઅમાં આવે. વહેલે કે મોડે દરેક નુકશાની ભરપાઈ થઈ શકે પણ એવી શખ્સીયતોનાં બદલાની ભરપાઈ કયાંથી થઈ શકવાની હતી ? એવાઓ વુઝુદમાં ખાવે, અનૂકૂળ વાતાવરણ પેદા થવાનો હવે કોઈ ઈમકાન છે જ નહીં.

# મદીના પાછા ફરતાં ઈમામે  આપેલો ખુત્બો.

ઈમામ ઝયનુલ આબેદિન (અ.) એ મદીનાની બહાર જે ખુત્બો આપ્યો હતો અને જે મુકદ્દસ મુસાફરીની રૂદાદ મદીનાવાસીઓને બયાન કરી હતી. તેમાં તેઓએ પણ બહુ ઓછા વાકયોમાં બનાવોનો ખુલાસો રજુ કર્યો હતો. કારણ કે તેઓ બનેલા બનાવો પર હવે રંજ અને અલમનાં ઈઝહાર કરવા ચાહતાં નહીં હતાં., પણ લોકોને તેની અસર જરૂર થાય એમ ઈચ્છતાં હતાં, તે ઉપરાંત 'અહલેબૈત' નાં દુશ્મનોને શરમિન્દા કરીને તેમનાં ઝુલ્મોને જ ખુલ્લા કરવા ઈચ્છતાં હતાં. તેઓનું ટુંકું બયાન આ શબ્દોમાં હતું —

https://downloadshiabooks.com/

...... અલ્લાહની હમ્દ, અલ્લાહનો શુક્ર હર હાલતમાં છે. અમને મોટી મુસીબતોમાં મુબતેલા કરવામાં આવ્યા... ઈસ્લામમાં ઘણો મોટો ફિત્નો પડી ગયો છે. ઈમામ હુસૈન (અ.) એટલે કે મારા વાલિદ અબુ અબ્દુલ્લાહ અને તેમનાં અઝિઝો અને સાથીઓ કતલ થઈ ચુકયા છે. તેમની ખાતૂનો અને તેમનાં ફરઝન્દો કૈદી બનાવી લેવામાં આવ્યા છે. શહેરે શહેરે ગામે ગામે મારા વાલિદનાં સર મુબારકને ભાલા પર ફેરવવામાં આવ્યું છે અને આ એક એવો બનાવ છે કે અજોડ છે, એના જેવા બીજો કોઈ બનાવ નથી, એવો કોઈ દાખલો નથી. હે, લોકો..! અમારી સાથે કેવો વર્તાવ કરવામાં આવ્યો હતો, તે જાણો છો ? અમારી સાથે કાફરો - મુરતદો જેવો વર્તાવ કરવામાં આવ્યો છે જો કે અમે કોઈ ગુનો કર્યો નહીં હતો. કોઈપણ અપરાધ અમારાથી થયો નથી. અમે ઈસ્લામથી કોઈ બેવફાઈ કરી નથી. આ લોકોએ જે કંઈ કર્યુ છે તે કેવું કેવું કર્યુ છે અને તે પણ કોની સામે ! કે રસુલે ખુદા (સ.) નાં જ "અહલેબૈત" સામે કર્યુ છે અને એ ઝૂલ્મોનું વર્ણન શું થઈ શકે, જયારે ઈમામનાં જ સર મુબારકને નેઝા પર ચઢાવીને ઠેર ઠેર ફેરવ્યું છે...

ઈમામ સજ્જાદ (અ.) એ ખુત્બો ખત્મ કર્યો અને અહલેબૈત મદીના ખાતેનાં પોતાનાં મકાનોમાં આવી ગયા. તેઓએ રાહે હક્કમાં સાબિત કદમી અને જાંબાઝીનું માન હંમેશ માટે હાંસિલ કરી લીધું હતું. તેઓનાં દુશ્મનોનાં નામો ઝાલિમો અને જાબિરોની ફેહરિસ્તમાં નોંધાઈ ગયા હતાં. તેમનાં એઅઝાજ તેમની ઈઝઝત અને દુશ્મનની બદનામી અને ઝિલ્લત ઈતિહાસનો હિસ્સો બની ચુકયા હતાં...

તવારિખને કોઈ ભુંસી નથી શકતું.

બની હાશિમની નેકનામીને કોઈ મટાડી નથી શકાતું.

દુશ્મનોની રૂસ્વાઈ અને બદનામીનાં દાગ ધોઈ શકાય એમ નથી.

https://downloadshiabooks.com/

અહલૈબેતની ગુફતેગુ  તે તકરીરો  જે તેઓ મદીનાથી મક્કા અને મકકાથી ઈરાક, ઈરાકથી શામ, શામથી મદીના સુધી કરી તે તવારિખનાં પાનાઓ પર નોંધાયેલી છે, હવે તવારિખને બદલી શકાય એમ નથી. રાહે ખુદાનાં શહીદો અને બાતિલ પરસ્તોનાં કરતૂતો જાહેર થઈ ગયા છે. તવારિખ મુખલિસ અને દંભ વિનાનાં મર્દોની ખિદમતોને નઝરઅંદાઝ નથી કરતી, હકીકતોને છુપાવતી નથી.

તવારીખ કોઈની બુઝુર્ગી પાકદામની પર હાથ નાંખતી નથી. જયાં સુધી ઈતિહાસની સાક્ષી મૌજુદ છે – હુસૈન બિન અલી (અ.) ની તહારત–અસ્મત, તેમનાં ઈમાન, તકવા, તેમની દીનદારી - ખુદા પરસ્તીમાં શકની કોઈ ગુંજાઈશ નથી, તે મુજબ તેઓનાં દુશ્મનોની સિતમગીરી, ઝુલ્મ, ખુદ પરસ્તી પર કોઈ શંકા જેવું રાખી શકાય એમ નથી. ખોટું લખનારા જુઠ્ઠુ બોલનારા ગંમે તેવી કલમો ગંમે તેવું લખે કે પોતાની ઝબાનથી ગંમે તેવા અફસાના ઘડે, તેઓ તવારિખનો નકકી અને છેવટનો ફેંસલો હવે બદલી શકે એમ નથી અને જયાં પણ કોઈ શક જેવું લાગે તો તે જ મોહકમ ફેંસલાની રોશનીમાં દૂર કરી શકાય છે.

## જાબિરનું કરબલા ખાતે આગમન

મદીનાથી કરબલા સુધી ઈમામ હુસૈન અબુ અબ્દુલ્લાહ (સ.) ની મોતહહર કબ્રની ઝિયારત માટે આવનાર પહેલા શખ્સ હતાં. જાબિર, બિન અબ્દુલ્લાહ અન્સારી.

તેઓ જે દિવસે આવ્યા, તે દિવસે સફર મહિનાની વીસમી હતી અને તેને ઝિયારતે  અરબઈન તરીકે માનવામાં આવી છે.

https://downloadshiabooks.com/

શેખ તુસી (અ.ર.) એ પોતાની કિતાબ - "મિસ્બાહલ મોતહજજિદ" માં લખ્યું છે કે, જાબિર મદીનાથી ઝિયારત માટે કરબલા પહોંચ્યા, ત્યારે ઈમામની શહાદતનાં ચાલીસામાંના દિવસે પહોંચ્યા હતાં અને તે પછીથી 'ઝિયારતે અરબઈન' (ચાલીસમું) ની સુન્નતની શરૂઆત થઈ હોવી જોઈએ.

એમ કહેવાય છે કે જાબિર બન્ને આંખે "નાબીના" મઅઝુર થઈ ચુકયા હતાં.

# રોઝે અરબઈન

શોહાદાએ કરબલાનાં ચેહલૂમનાં મૌકા પર અબુ અબ્દુલ્લાહ અલ-હુસૈન (અ.) અને શોહાદાએ વાકેઅ-એ-તિફની ઝિયારત મુસ્તહબ છે. તેથી જ અરબઈનનાં દિવસે આજુ બાજુથી આવેલા મુસલમાનો અને શીઆઓને કરબલાનાં મુકદ્દસ શહેરોમાં ઘણો હુજુમ (ગરદી) થાય છે. લોકો, તે બુઝૂર્ગો પર કે જેઓએ હકક પરસ્તી અને જાંબાઝીનો ઉચ્ચમાં ઉચ્ચ મુઝાહેરો કર્યો છે. તેમનાં પર દરૂદ-સલામ મોકલે છે. પોતપોતાની ઝબાનોમાં અને પોતપોતાનાં શબ્દોમાં ઝિયારતોની રસ્મો અદા કરે છે. એ બુઝુર્ગોને શહાદતનાં મેદાનમાં જે બુલંદ મકસદ ખેંચી લાવ્યો હતો તેને ખ્યાલમાં રાખે છે. દુઆ કે ઝિયારત એ જ તરીકાથી પઢાવી જોઈએ કે જે રસુલે ખુદા (સ.) અને અઈમ્મએ તાહેરિન (અ.) થી મન્કૂલ છે.

જો કે દુઆઓનાં મામલામાં એ જ દુઆઓને (તરહજી) વધુ મહત્વ આપવું જોઈએ કે જે કુર્આને મજીદમાં આવેલી છે.

**[ સંપૂર્ણ ]**

https://downloadshiabooks.com/